પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક


જૂન
૨૦૦૦
વર્ષ ૭૩

કુમાર

સળંગ
અંક
૮૭૦

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી : ધીરુ પરીખ



ભારતની વસ્તી ઈ.સ. ૨૦૦૦ • આશીર્વાદ કે અભિશાપ ?



અગાશીમાં અંગના • ઔરંગઝેબના સમયની આ મોગલ ચિત્રશૈલીની કૃતિમાં વચ્ચે ઢળતી બેઠેલી નાયિકાની વિરહદગ્ધ અવસ્થાનું ચિત્રણ કરવામાં આવ્યું છે. ગ્રીષ્મની ઉકળાટભરી શાન્ત રાત્રિમાં પિયુવિરહનો આંતરિક ઉકળાટ અનુભવતી તેને દર્શાવાઈ છે. એની બે પરિચારિકાઓ એનો દાહશમન કરવા મથે છે. નાયિકાના વિકલ મનોભાવને તેનો હાથનો ઉગ્ર લાંક સચોટતાથી વ્યક્ત કરી રહે છે. ભૂરા સ્વચ્છ આકાશમાં અસ્તવ્યસ્ત વધેલાં વૃક્ષો તે નાયિકાની ચિત્તાવસ્થાને પોષક છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૩મું | અંક ૬

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

જૂન ૨૦૦૦

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૭૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ, નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦. અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' ડિસેમ્બર ૧૯૯૯ના અંકમાં 'રાષ્ટ્રની સંપત્તિ', 'પદ્મલક્ષ્મી પરિવાર'-માંથી લીધેલી બોધકથા આપણી સંસ્કૃતિના સૂત્રધારો માટે ગંભીર ચેલેન્જરૂપ છે. પણ આપણી મહાન સંસ્કૃતિના સૂત્રધારોની 'Hypocritical' નીતિમાંથી બહાર આવવાનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી.

ભૂતકાળના ઇતિહાસના અનુભવો એમ કહે છે કે, જે સંસ્કૃતિ સમયને અનુરૂપ પોતાના હૃદયને નહિ, પણ કપડાંને બદલતી નથી રહેતી તે લાંબા ગાળે વિનાશના પંથે પહોંચે છે.

છેલ્લાં સો જ વર્ષમાં દુનિયાંએ શિક્ષણ-ક્ષેત્રમાં, ટેક્નોલૉજિમાં, બ્રહ્માંડશાસ્ત્રમાં, વાહનવ્યવહાર, ટેલિફોન, વગેરેમાં જે પ્રગતિ કરી છે તે છેલ્લાં હજારો વર્ષોમાં પણ તે કરી નથી શકી. તેની સામે આપણી સંસ્કૃતિના સૂત્રધારોએ સો વર્ષમાં તેમની 'Hypocritical' નીતિમાં શા ફેરફારો કર્યા? ખરેખર તો કશા જ નહિ. અને જે ફેરફારો થયા છે તે એવાં લોકોએ કર્યા છે જેઓ સંસ્કૃતિના સૂત્રધારો નથી. અને જેમ જેમ પ્રજા સારી દુનિયાને ઘેર બેઠા જોઈ શકશે, અભણ પ્રજા પણ જોઈ શકશે. સમજતાં થશે તેમ તો ઊંચ-નીચ, નાત-જાતના ભેદભાવો ભુલતા જશે, આંતરજ્ઞાતીય લગ્નવહેવારો વધતા જશે ત્યારે આપણી મહાન સંસ્કૃતિના સૂત્રધારોની 'Hypocritical' નીતિના શું હાલ થશે?

- જે.સી. ઝવેરી (હૉંગકૉંગ)

'કુમાર' ફેબ્રુઆરી ૨૦૦૦ના અંકમાં 'માધુકરી' વિભાગમાં વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી વિશેના લેખમાં તેમના ગુરુ અને પ્રખ્યાત પુરાતત્ત્વવિદ ભગવાનલાલ ઇન્દ્રજી કે જેઓ પ્રશ્નોરા બ્રાહ્મણ હતા તેનો ઉલ્લેખ જરૂરી લાગે છે. પુરાતત્ત્વની સાથે ભગવાનલાલ ઇન્દ્રજીને વનસ્પતિઓ અને આયુર્વેદ અંગે ખૂબ જ ઊંડું જ્ઞાન હતું. પુરાતત્ત્વના કામ અંગે ભગવાનલાલના મદદનીશ તરીકે જયકૃષ્ણ તેમની સાથે જોડાયા. ભગવાનલાલે અનેક વનસ્પતિઓનો પરિચય જયકૃષ્ણને કરાવ્યો અને બહુ ટૂંકા સમયમાં જયકૃષ્ણ અનેક વનસ્પતિઓને ઓળખતા થઈ ગયેલા. તેમના મુંબઈના વસવાટ દરમિયાન ભગવાનલાલે જયકૃષ્ણનો પરિચય એક બોટનિસ્ટ સાથે કરાવેલો અને એ પછી જયકૃષ્ણે વનસ્પતિશાસ્ત્રમાં અદ્ભુત કામ કર્યું. તેમના અન્ય એક ગુરુ આયુર્વેદાચાર્ય પ્રાણશંકર પટ્ટણી હતા તેવી નોંધ જયકૃષ્ણજીએ કરી છે.

'સંગીતશાસ્ત્ર-૩૪', ડૉ. હસુ યાજ્ઞિકની આ લેખશ્રેણી ખૂબ જ સરસ રહે છે. ધ્રુપદ ગાયકીના સંદર્ભમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં શ્રી આદિત્યરામજી વ્યાસ (૧૮૧૯થી ૧૮૮૦) મૃદંગવાદક, સંગીતકાર અને કીર્તનકાર થઈ ગયા અને ધ્રુપદ ધમારનો એક અનોખો ઘરાનો આપતા ગયા છે. ૨૦મી સદીમાં શાસ્ત્રીય-સંગીતમાં પંડિત ઓમકારનાથજી માટે ગુજરાત ગૌરવ લઈ શકે તેમ છે તેવું જ અગત્યનું કામ ૧૯મી સદીમાં આદિત્યરામજી કરતા ગયેલા. ઉચ્ચ કોટીના સાહિત્ય સાથે 'સંગીતાદિત્ય' નામનો લખાએલો ગ્રંથ ઑગસ્ટ ૧૮૮૯માં તેમના પુત્ર લક્ષ્મીશંકરભાઈએ પ્રસિદ્ધ કરેલો. આજે તો તે અપ્રાપ્ય છે. આદિત્ય ઘરાનાની પરંપરાના પ્રસિદ્ધ થયેલા સંગીતકારોમાં માસ્ટર વસંતના પિતાશ્રી આદિત્ય ઘરાનાના હતા તેવી નોંધ જોવા મળે છે, તો આજના સમયના ખૂબ જ જાણીતા સંગીતકારો શ્રવણકુમાર રાઠોડ (નદીમ-શ્રવણ ફેઇમ), રૂપકુમાર રાઠોડ, વિનોદકુમાર રાઠોડ, (ચત્રભુજ રાઠોડનાં સંતાનો) સદાશિવ પવાર જેવાનો સમાવેશ થાય છે. આપણા સુપ્રસિદ્ધ કવિ 'સ્વપ્નસ્થ' એ આદિત્યરામજીના પૌત્ર થાય. સૌરાષ્ટ્ર રાજ્ય હતું ત્યાં સુધી આદિત્યરામ જયંતી ઊજવવામાં આવતી હતી. મહાદ્વિભાષી રાજ્યની રચના સાથે તે બંધ થયું. આદિત્યરામજી સાવ વિસરાઈ ગયા છે. ડૉ.હસુભાઈ યાજ્ઞિકને નમ્ર વિનંતી કે ગુજરાતના આ ભુલાતા જતા સંગીતકારનો પરિચય આપણને આપે.

- પીયૂષ પારાશર્ય (ભાવનગર)

જાન્યુઆરી ૨૦૦૦ના 'કુમાર'ના અંકમાં ડૉ.પ્ર.ચુ. વૈદ્યના 'પસ્તીનાં પાનાં'માંની કાવ્યપંક્તિઓના અનુસંધાને એપ્રિલ ૨૦૦૦ના 'કુમાર'ના અંકમાં શ્રી દિનુભાઈ દવેએ Tennysonના The Charge of the Light Brigade માંની પંકિતઓ તેમની સ્મૃતિમાંથી ટાંકી. આગળની પંક્તિઓ પણ નીચે પ્રમાણે આપી છે :

There was not to ask 'why?'
But to do and die.
Cannos to the right of them
Cannos to the left of them
Cannos in the front of them
But into the valley of Death
Rode the six hundred

હવે મે, ૨૦૦૦ના અંકમાં શ્રી ચીનુભાઈ ગી. શાહે તેમની દૃષ્ટિએ, શ્રી દિનુભાઈ દવેની ભૂલ સુધારી આમ લખ્યું છે : There's not to question why?
There's but to do and die.

કવિ Tennysonની The Charge of the Light Brigadeમાં પંક્તિઓ, જે ઉપરની ત્રણેય વ્યક્તિઓએ પોતાનાં સમજણ કે સ્મૃતિને સહારે લખી કે સુધારી છે તેમાં દોષો રહી ગયા છે.

કવિતાની મૂળ પંક્તિઓ આ રહી :
Cannon to right of them,
Cannon to left of them,
Cannon in front of them
અને
Theirs not ot make reply,
Theirs not ot reason why,
Theirs but to do and die.
Into the valley of Death
Rode the six hundred.
(their's જોઈએ - તંત્રી)

- વિષ્ણુભાઈ નંદલાલ પાઠક (અમદાવાદ)

વૃક્ષો, માણસ અને કુદરત / *જયન્ત પાઠક*

(શિખરિણી • સૉનેટ)

હવાને ઝોંકે શાં ખરખર ખરે પીત પરણો!
પડ્યા વાંકે જાણે વળગી જ રહેલાં - તરુવરો
ઉઘાડાં થૈ ઊભાં વરવું રૂપ ધારી સ્થિર તમે
બધા ટ્હૌકાઓને નિજભીતર ઉતારી દઈને,
ઉતારી દૈ વાઘા ફરફર વસંતી સમયના
ભરી ડાળીઓમાં જગતભરની સૌ નીરસતા
ધરી વૈરાગીનું ચીવર કકરું, રુક્ષ શરીરે
રસોત્સોને ઊર્ધ્વાભિમુખ સહુ ઉતારી ભીતરે.

અરે વૃક્ષો! રુક્ષો! તમથી ન જુદી મારીય ગતિ :
હું યે સુક્કા ઠૂંઠા સમ, નરી જુઓ જાડ્યમુરતી,
ગયાં ઊડી ગીતો, નરી નીરસતાની અવસ્થિતિ;
ગયો શું મૂળેથી રસકસ સદાનો?... ઉરભીતિ.

હું જાણું કે પીળા પરણની પૂંઠે અરુણ કુમળી કૂંપળ ફૂટે;
પરંતુ ક્યાં એવો ક્રમ-નિયમ રે અમ મનુજ કાજે કુદરતે?!

કવિતા *લાભશંકર ઠાકર*

(મનહરની ચાલ)

અવાજની કણી
સૂક્ષ્મ
શોધવામાં
લયભરી
ભયભરી
ઘોંઘાટમાં
ઊતરી છે.
ડૂબી જશે?

દૂર હતું તે દીઠું / *વિનોદ ગાંધી*

(ગાન)

પાસેનું પરખાયું નહીં ને દૂર હતું તે દીઠું,
નિજમાં અગ્નિ તેમ છતાં તું શોધે કાષ્ઠનું પીઠું?
મોતી માટે જાળ નાખીને
તટ પર બેસી રહેતો,
મત્સ્ય કાજ મરજીવો થઈને
દરિયા અંદર વહેતો,
અક્ષત વસ્તુ આઘી એને મળશે માત્ર અજીઠું,
પાસેનું પરખાયું નહીં ને દૂર હતું તે દીઠું.
મહેલનો મહિમા કરવા માટે
બાળી દીધું ઝૂંપડું,
ચાંદીમાંથી કરી ચાળણી
સોનામાંથી સૂપડું,
મોટો દરિયો ખારોખારો, ઝીણું ઝરણું મીઠું,
પાસેનું પરખાયું નહીં ને દૂર હતું તે દીઠું.

વૃક્ષો, માણસો અને કુદરત : સૉનેટના અષ્ટકમાં પાનખરની વૃક્ષસ્થિતિનું વર્ણન કર્યા બાદ ષટ્કમાં તેને પડછે કાવ્યનાયક નિજની પાકટ વય-અવસ્થા મૂકી બન્નેમાં રહેલો ભેદ કાવ્યાન્તે સ્ફુટ કરે છે કે વૃક્ષ પર તો વસંત આવતાં ફરી કૂંપળ ફૂટી શકે છે, પણ માણસના જીવનમાં એવું ક્યાં શક્ય છે ? અને આમ વાત કરુણગર્ભ બને છે. કવિતા : ઘોંઘાટ અને કવિતાના તીક્ષ્ણ સૂક્ષ્મ અવાજની સહોપસ્થિતિ દ્વારા શબ્દની કલા વિષેની ચીંતા અહીં પ્રકટ થઈ છે. દૂર હતું તે દીઠું : મનુષ્યની કરુણતા એ છે કે તે પાસેનું સબળ હોય છે તેને નિહાળી શકતો નથી. અને દૂરની અશક્યવત્ વાત માટે ફાંફાં મારી વ્યર્થ દોડતો રહે છે! માધે! યુગોયુગોથી : કૃષ્ણવિરહમાં ડૂબેલી ગોપકન્યાના મનોભાવોને અને મૂંઝવણને કલ્પનામયતાથી રજૂ કરતું ગીત. શોધે મને : પંડની શોધ અને પ્રતિબિંબની વળતી શોધ એમાં અટવાતું માનવીનું આયખું અને તેની નૈરાશ્યભરી ચિન્તાવસ્થાનું બયાન કરતી ગઝલ. - ધી.પ.

માધે! યુગોયુગોથી / *યશવંત ત્રિવેદી*

(ગાન)

મારાં અશ્રુજળથી કોતરતી જઉં જમુના
ઝાંખી થઈ ગઈ લતા માધવી, ઝાંખી થઈ બીજલેખા
માધે! આવીશ કહીને આવ્યો નહીં તું,
ઓગળતી ગઈ કપૂર જેવી કાય ન રૈ કૈં ધૂપસળી શી રેખા.

મારે ન'તું થવું વૃષભાણ-કુમારી, ન'તું જોઈતું રિદય કુંવારું,
નહીં કુંવારી લાણગીઓની કુંજ!
હું સસીમ કિયાં જૈ ભરીશ તારાં ધસમસતાં આ જમુનાનાં પૂર?
કિયે કમલ હું ગોપીશ તારો પુંજ?

સ્તનની દીંટ ઉપર લો ચંદ્રબિંબ થડકે
હે માધવ! મારે અધર લખીશ તું ક્યારે આ શ્રીલેખા?
માધે! આવીશ કહીને આવ્યો નહીં તું
ઓગળતી ગઈ કપૂર જેવી કાય ન રૈં કૈં ધૂપસળી શી રેખા.

ભરતી ચઢી રહી છે મારાં સ્તનમંડલમાં, પંખી જેવાં નેણ
પીધેલાં ડોલે લેટે માધવને શ્રીરૂપ
માધે! યુગોયુગોથી કદંબને થડ ભીડી લીધું તેં, અધર અને
લોચન તો જાણે ચૂપ.

ઘૂઘરિયાળી કટિમેખલા, કંગન રણકે ઘૂઘરિયાળાં
કઈ સોયથી ત્રોફીશ મારે રુદિયે મોર તણી તું રેખા?
મારાં અશ્રુજળથી કોતરતી જઉં જમુના
ઝાંખી થઈ ગઈ લતા માધવી, ઝાંખી થઈ બીજલેખા!

શોધે મને / *જગદીશ ધનેશ્વર ભટ્ટ*

(ગઝલ)

હું મને શોધ્યા કરું ને આયનો શોધે મને.
આથમેલી સાંજનો એ ડાયરો શોધે મને.

ચાલવું વા દોડવું વા હાંફના શ્વાસો ગણું?
સાથમાં હોવા છતાં પણ કાફલો શોધે મને.

પાથરેલી જાળમાં આવી ગયું આ આંગણું,
આપદાએ આંતર્યો ત્યાં આશરો શોધે મને.

સાવ સૂકી રેતમાં પગલું પડે ભીનાશનું,
સ્નેહભીનાં ઝાંઝવાં પણ આગવાં શોધે મને.

હામ હિકમત હીરલાથી કાળજું છે સાબદું,
ચાલતી વણઝારમાં સોદાગરો શોધે મને.

કેટલા આરોહ કે અવરોહને આંબ્યા કરું?
સૂર કે લય તૂટવાનો ધ્રાસકો શોધે મને.

બંધ છે મેડી વજીફા વાટિકા ને બારણું,
ઉર-વિદારક આહથી એ આગળો શોધે મને.

—— માનવ થાઉં તો ઘણું ——

દીવાદાંડીરૂપ બની ગયેલ ડૉ. દસ્તુર

—— સુધીર દેસાઈ ——

હમણાં જ થોડા દિવસો પૂર્વે ડૉ.રઘુવીર દવેની પુસ્તિકા 'સ્ટેથોસ્કોપ' વાંચી. વિચારવલોણું પરિવાર તરફથી પ્રકાશિત થઈ છે. એમાં એક બહુ જ સરસ પ્રસંગ છે. આ પ્રસંગને માટે 'બહુ સરસ' શબ્દો પણ ફિક્કા લાગે છે મને.

આ ડૉ. રઘુવીર દવેએ પોતાની જ વાત લખી છે. એક દિવસ બાજુના શહેરમાં ગયા હતા ત્યાં એક યુવતી રસ્તામાં મળી ગઈ. એણે ડૉક્ટર સામે સ્મિત વેર્યું. પણ ડૉક્ટરને ઓળખાણ ન પડી અને એણે કહ્યું, 'ભૂલી ગયાને ડૉક્ટર સાહેબ! હું કુસુમ.'

એનો રૂપાની ઘંટડી જેવો અવાજ સાંભળતાં જ એમને એ આખોયે પ્રસંગ યાદ આવી ગયો. ત્યારે એ હાઉસમેનશિપ કરતા હતા. હૉસ્પિટલનો રાઉન્ડ પૂરો કરીને બીજા કામે એ લાગે તે પહેલાં જ 'ઇન્ટરકૉમ' ઉપર અવાજ સંભળાયો : 'એક પેશન્ટ આવેલ છે. તમારા યૂનિટની ઈમરજન્સી છે.'

ડૉક્ટરને મનમાં થયું, સવાર ઈમરજન્સીથી પડી એટલે આખો દિવસ આમ જ જવાનો. હૉસ્પિટલના પોર્ચમાં ગયા તો ત્યાં અઢાર-વીસ વર્ષની સપ્રમાણ બાંધો ધરાવતી અતિ રૂપવાન કહી શકાય એવી યુવતી. 'શું થાય છે, બહેન?'

બહેન બંધ આંખો કરીને પડેલાં. સ્ટ્રેચરમાં ફરતા ત્રણ-ચાર સંબંધીઓ.

'પેટમાં સખત દુઃખાવો ને ઊલટીઓ થાય છે.'

પૂરી તપાસ કરી પણ કારણ સમજાયું નહીં. બહેનને દાખલ કરી 'ઇન્ટ્રાવિનસ ફ્લ્યૂઈડ' શરૂ કરી દીધું. પછી તો બીજા દિવસ સુધી વાત વિસારે પડી. સવારે ડૉ.દસ્તુર રાઉન્ડમાં આવ્યા.

'ઇઝ ધેર એનિથિંગ ટુ બી સીન?'

'ના સાહેબ, ખાસ કંઈ નથી. પણ એક એડમિશન છે. સત્તરેક વર્ષની છોકરી છે. પેટના દુઃખાવા અને ઊલટી માટે દાખલ કરી છે.'

'ચાલ દીકરા, ઊભા ઊભા જોઈ લઈએ.'

આમ કહીને ડૉ. દસ્તુરે વૉર્ડમાં આવી દર્દીને જોવા માટે સિસ્ટર પાસે પથારી ફરતા પડદા નખાવી દીધા.

એ પછીની ડૉ. દસ્તુરની તપાસે પુસ્તકોમાંથી શીખેલા જ્ઞાનને બિલકુલ નિષ્કામ અને શુદ્ધ ભાવે આચરી બતાવેલું જોયું ત્યારે હું વિસ્મયથી આભો બની ગયો.

સિસ્ટરે સરળ તપાસ કરવા માટે દર્દીનાં કપડાં ઢીલાં કર્યાં. ડૉ.દસ્તુરે સ્નેહ અને વ્હાલથી વાત કરતાં કરતાં દર્દીનું બ્લાઉઝ ખુલ્લું કરીને છાતી તપાસી. ન જોયા જુવાન અપરિણિત મુગ્ધાના મોં પર શરમના શેરડા કે ન જોઈ આનાકાની. એક યોગીમાં જ સંભવી શકે એવા નિષ્કામ ભાવથી ડૉ. દસ્તુરે કુસુમને તપાસી. ત્યારે કૉલેજમાં બધું જ ભણ્યો હોવા છતાં હું પહેલો પાઠ અહીં શીખ્યો કે કામ અને રાગના તદન નજીકનાં સંપર્કમાં વારંવાર આવવા છતાં એનાથી જરા પણ વિચલિત થયા સિવાય જો કોઈ પૃથ્વી પર રહેતું હોય તો તે દર્દીનો તબીબ જ છે. કામ અને મોહ વિષે ભગવાન શ્રીકૃષ્ણથી માંડીને મોહનદાસ કરમચંદ ગાંધી સુધીના મહાનુભાવો કંઈ કંઈ લખી ગયા છે, એને જીવનમાં ઉતારવા માટે કંઈ કેટલાયે મનુષ્યોએ જીવન ખર્ચી નાખ્યાં છે.

યોગીઓ તો હિમાલયની ગુફામાં રહે છે, જ્યારે ડૉ. દસ્તુર જેવા યોગી કેટલી સ્વાભાવિકતાથી એ તપ આચરી બતાવે છે, એ આજે ડૉ.રઘુવીરે જોયું. એમણે જોયું કે કેટલા નિખાલસ ભાવથી એણે બ્લાઉઝ ખુલ્લું કર્યું. આવી રૂપસુંદરીના અંગોને જાણે કોઈ નિર્જીવ વસ્તુને સ્પર્શતા હોય એવા શુદ્ધ ભાવથી palpate કર્યા. Palpation એ દર્દીની તબીબી તપાસના ચાર મહત્ત્વના પાયામાંનો એક પાયો છે.

'જો દીકરા, આ pregnant લાગે છે. કદાચ હું ખોટો હોઉં, પણ તું સગાંવહાલાં પાસેથી વાત જાણી લેજે. And if she is pregnant.....' ડૉ. દસ્તુરે કહ્યું.

'Sir... તો...' મેં અચકાતાં પૂછ્યું.

'તો આ સરનામું લખી લે. અને કહેજે કે if they wish. she can get rid of her unwanted pregnancy'

મને આ પ્રસંગમાં એ રીતે પણ રસ બહુ પડ્યો કે આ પ્રસંગના લેખક પાછા પોતે ડૉક્ટર છે અને તે વખતની એમની વિચારપ્રક્રિયા બહુ જ સરસ રીતે મૂકી છે. આગળ જોઈએ.

'મારે માથે આભ તૂટી પડ્યું. ઘડી પહેલાં હું આ જ ડૉક્ટરને યોગીઓ અને સાક્ષાત્ ઈશ્વરની સાથે સરખાવી રહ્યો હતો એ જ ડૉક્ટરની આ બીજી બાજુ! થયું કે કાળાં કરતૂતો ઑક્ટોપસ જેવાં છે. એના પગ ગમે ત્યાં ફેલાયેલા હોય છે. વિચારોનું ચક્ર જબરદસ્ત વેગ પકડે એ પહેલાં જ એ બોલ્યા,

'જો દીકરા, હું કદાચ ખોટો પણ હોઉં. પણ એક વાત યાદ રાખજે. આપણે અને આપણા બાપદાદાએ નક્કી કરેલા moral આ પોટીને મારી નાખવા ન વપરાય. Moralમાં માનવાવાળા માટે સાચો અને સીધો રસ્તો તો એ જ છે કે પેલા નાલાયકને શોધી કાઢીને આ દીકરી સાથે પરણાવી દે. પણ એવી પંચાતમાં કોઈ ઊતરે ખરું?' અને પેલો બાપનો બેટો હવે આનો હાથ ઝાલે ખરો? આપણા moral બી એવા કે એમાંથી એક પક્ષને ફાંસી ચડાવી દેવાનો? તો, દીકરા, જે દિવસે બધાંને આ વાતની ખબર પડશે એ દહાડે આવી નાલ્લી પોરીના મોં પર બધાં થૂંકશે, પોરી બિચારી આપઘાત કરશે અને પેલો નાલાયક માટીડો વળી કોઈ બીજી શોધી કાઢશે. માટે દીકરા, યાદ રાખજે, never judge others with your

(અનુસંધાન પૃ.૩૩૭)

सूत्रसार

વિશાળતાનો આભાસ પણ છેતરી જાય!

રાધેશ્યામ શર્મા

બાઈબલના 'ન્યૂ ટેસ્ટામેન્ટ'માં જડાયેલા આ વિખ્યાત ઉદ્‌ગારનું અર્થઘટન અનેક રીતે થયું છે. આન્દ્રે મોર્વાએ તો આના ઉપરથી 'સ્ટ્રેટ ઈઝ ધ ગેટ'નામની નવલકથા પણ આલેખી છે.

વિશાળ મહેલ અને મહાલયના પ્રમાણમાં જ એનાં મુખ્ય દ્વાર અને દરવાજા હોવા ઘટે. આ આપણી સ્વાભાવિક માન્યતા છે.

કલ્પના કરો કે મકાન મોટું, પહોળું, પથરાયેલું હોય અને પ્રવેશદ્વાર સાવ સાંકડું હોય તો કેવું વરવું લાગે?

સ્થાપત્યની દૃષ્ટિએ સપ્રમાણતાનો સિદ્ધાંત પણ અહીં સચવાવો જોઈએ કે મકાનના માપમાં જ દરવાજો હોય.

પરંતુ જો એવું ના હોય અને દરવાજો સાંકડો હોય તો પ્રવેશદ્વાર કેવું લાગે?

મસમોટા ગજરાજમાં સ્થિત ઝીણી આંખ જેવું! અથવા બારણામાં બેસાડાયેલા ચાવીના છિદ્ર શું!

દરવાજો સાંકડો વટાવી અંદર જાઓ ને થાય કે ભલે આટલું વટાવ્યા પછી મોકળો માર્ગ કે પહોળો રસ્તો આવશે પણ ના, રસ્તો પણ પાછો દરવાજા જેટલો સાંકડે નીકળે ત્યારે કેવી લાગણી થાય?

પણ મૅથ્યૂ મર્મી છે. રૂપક અને ઉપમાનું આલંબન લઈ તે કહે છે કે, આ સાંકડા દરવાજામાંથી અને સંકુચિત પંથેથી પરવરનારા થોડાક વીરલાઓને જ જિન્દગી તરફ જવાનું સૌભાગ્ય સાંપડશે!

વિશાળ જીવન તરફ જવું જ હશે તો આ સંકીર્ણ દરવાજા અને સાંકડી કેડી પરથી ચાલીને જતાં શીખવું પડશે. ભાવિ જીવનની આ જ કસોટીભરી આકરી અને અકારી શરત છે.

સાંકડું અને સંકીર્ણ હશે તે જ વિશાળ અને સંકુલ સમૃદ્ધ જિન્દગી પ્રતિ દોરી જશે. જૂજ લોકો જ આવા પ્રવેશદ્વાર અને પંથે જવાનું જોખમ વેઠી, જીવન સાથેની મુલાકાત પાર પાડી શકે. જે દુષ્કરને પાર કરી શકે, જે અસાધ્યને સિદ્ધ કરી શકે એના કંઠમાં જ જીવનસુંદરી સ્વયં વરમાળા આરોપશે!

તો પ્રશ્ન થાય કે પહોળા દરવાજા અને મોકળા મારગ છે જ નહીં અહીં? ત્યારે મૅથ્યૂ બોલ્યા છે :

પહોળો દરવાજો છે અને
રસ્તો વિશાળ
જે દોરી જાય સર્વનાશ ભણી...

જેટલું પહોળું છે, જે કાંઈ વિશાળ વરતાય છે એનાથી છેતરાઈ જવું સહેલું છે, અને એક વાર આભાસની ઓઝટમાં આવી પડ્યા તો તમારું સત્યાનાશ નક્કી છે. વિનષ્ટિથી બચી નહિ શકો.

આ કોના જેવું છે? તીર્થસ્થાનોનાં મહિમાવાન ક્ષેત્રોમાં

દરવાજો સાંકડો છે અને
રસ્તો સંકુચિત
જે દોરી જાય જિન્દગી ભણી...

સંત મૅથ્યૂ

પાપપુણ્યની બારી જેવું! જે પાપની બારી છે તે જ પુણ્યની બારી છે. આવી બારીઓ સાંકડી જ હોય છે. આવી સંકીર્ણતામાંથી નીકળવા માટે જાડાઈ નહિ ચાલે, સંકડાઈને જ બારીને પાર કરી શકશો, નહીંતર બારી-બારણાં વચ્ચે જ ફસાઈ રહેશો! નહીં આ બાજુ નીકળાશે, નહીં પેલી કોર! પાણીથી પાતળા અને હવાથી હળવા થઈને જ ચૈતન્યસ્ફૂર્ત જીવન પ્રતિ ગતિ કરી શકાશે, અન્યથા નહિ.

સદ્‌ગુરુ હાકુઈન પાસે એક સરદાર (નામે નોબુશેખ) વટબંધ ધસી આવ્યો ને બોલ્યો : 'શું ખરેખર સ્વર્ગ અને નર્ક જેવું કશું છે ખરું?' 'તમે કોણ છો?' ગુરુએ પૂછ્યું.

'હું સમુરાઈ સરદાર છું.' સરદાર બોલ્યો.

'તું અને સૈનિકસેનાપતિ! કઈ જાતના રાજાનો તું રક્ષક હોઈશ? તારો ચહેરો તો એક ભીખારી જેવો છે!'

રાતાપીળા સરદારનો હાથ શમશેર ઉપર ગયો. આ જોઈ હાકુઈન કહે, 'તો તારી ભેટમાં તલવાર પણ છે! મારું મસ્તક વાઢવા માટે આ તલવારની ધાર કટાયેલી છે.'

ત્યાં તો પેલાએ તલવાર તાણી. એટલે ગુરુ બોલ્યા : 'જોઈ લે! આ ઊઘડ્યા નરકના દરવાજા!'

ગુરુવચનથી ચેતેલા સરદારે શમશેર મ્યાનમાં નાખી ઉન્નત મસ્તક હાકુઈનના ચરણે ઝુકાવ્યું.

સત્વરે ગુરુ ઉવાચ : 'જોઈએ! આ ઊઘડ્યાં સ્વર્ગનાં દ્વાર!'

આ રીતે બંને દરવાજા કેટલા નિકટ છે - સ્વર્ગનરકના! નહીં? □

અનુ.। માનવ થાઉં તો ઘણું ।પૃ. ૩૩૬થી

yardstick and from your angle. ભૂલી જા, દીકરા, બધું. દુનિયા તને જુવાનની આંખે દેખાય છે એવી સીધીસાદી નથી.' આટલું કહી ડૉક્ટર દસ્તુર પગથિયાં ઊતરીને કારમાં બેસીને ચાલ્યા ગયા. ડૉક્ટરને આ આખોયે પ્રસંગ યાદ આવી ગયો.

'ચાલો મારા ઘેર, ડૉક્ટરસાહેબ!'

'ના બહેન, આજ તો નહીં આવી શકું. ફરી કોઈ વાર જરૂર આવીશ.'

'ચાલોને, ડૉક્ટરસાહેબ. મારા પતિ પણ ડૉક્ટર છે. અહીં ગામમાં પ્રૅક્ટિસ કરે છે.'

ડૉક્ટર લખે છે, 'મારા વિસ્મયમાં આનંદ ભળી ગયો.'

પ્રસંગ આટલો જ, પણ અહીં આપણને મૂઠી ઊંચેરા માનવીનાં દર્શન થાય છે. આવી વાતો સમાજમાં વારંવાર ચર્ચાય તો? તો લોકો એક જુદી દૃષ્ટિથી પરિસ્થિતિને જોતાં થાય. ને કેટલાંય આપઘાત થતા અટકી જાય. □



ગરવા ગુજરાતી, સંનિષ્ઠ સારસ્વત અને મૂર્ધન્ય વિવેચક

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

જેમની જન્મશતાબ્દીનું આ વર્ષે છે

ડૉ. નરોત્તમ વાળંદ

આજથી પોણોસો વર્ષ પહેલાંનો સમય. સભાના મંચ પરથી એક વિદ્વાન જુવાન વ્યાખ્યાન આપતો હતો. માથે સુઘડ સફેદ ફેંટો, બદનના અંગરખા પર લાંબો કોટ, નીચે ધોતિયું, પગમાં સફેદ મોજાં અને દોરીવાળા બૂટ પહેરેલો આ જુવાન ગોળ ચશ્માંની પાછળ ચળકતી વેધક આંખો વડે શ્રોતાસમૂહ પર નજર ફેરવતો હતો. પાતળો, ઊંચો, ઘઉંવર્ણો દેહ, ગંભીર મુખમુદ્રા, મક્કમ હોઠ અને ઊંડા ચિંતનથી કંઈક ભારે લાગે એવાં આંખનાં પોપચાં વારે વારે ઊંચાં કરીને બોલતો હતો. હાથમાં વ્યાખ્યાનના કાગળો હતા, છતાં ભાગ્યે જ તેમાંથી વાચન કરતો. વક્તવ્યની છટા એવી કે મુખમાંથી સરસ્વતીનો પ્રવાહ અસ્ખલિત રીતે વહેતો હતો. એ જમાનો એવો હતો કે માઇકનો વપરાશ જૂજ થતો. તેમ છતાં શ્રોતાસમૂહ શાંત ચિત્તે આ વ્યાખ્યાન સાંભળતો હતો. આ વિદ્વાન વક્તા તે પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી.

એમનો જન્મ વિ.સં. ૧૯૫૫ના જેઠ વદ ૧૨ના રોજ એટલે કે ઈ.સ. ૧૮૯૯ની ૪થી જુલાઈએ બાજ ખેડાવાળ જ્ઞાતિમાં ઉમરેઠમાં થયો હતો. પિતાનું નામ રણછોડલાલ પ્રાણનાથ ત્રિવેદી અને માતાનું નામ જેઠીબાઈ હરિપ્રસાદ ભટ્ટ. માતાપિતાનું તેઓ એકનું એક સંતાન એટલે લાડકોડથી ઊછરેલા. શરીરનો બાંધો નાજુક એટલે અવારનવાર માંદા પડી જાય. નાનપણમાં પ્લેગ અને ટાઇફૉઈડની બીમારીઓમાંથી તેઓ માંડ માંડ ઊગરી ગયેલા. માતા જેઠીબાઈ જમાના પ્રમાણે સંસ્કારી હતાં. પ્રેમાનંદનું 'નળાખ્યાન' આખું તેમના મોઢે હતું. પિતાને રેવન્યૂ (મહેસુલ) ખાતામાં નોકરી એટલે તેમની વારંવાર બદલી થતી. તેથી બાળક વિષ્ણુપ્રસાદે પ્રાથમિક કેળવણી બોરસદ ને ઠાસરામાં તથા માધ્યમિક કેળવણી કપડવંજ અને નડિયાદમાં લીધેલી. તેમનામાં વિદ્યાપ્રેમનાં બીજ નાનપણથી જ રોપાયાં હતાં. નડિયાદમાં ભણતા હતા ત્યારે તેમણે સમાજ, રાજકારણ અને સાહિત્યના વિષયોની ચર્ચા કરવા 'સાત ભાઈઓનું મંડળ' નામે વિવાદસભા શરૂ કરેલી. શાળાના અભ્યાસકાળ દરમિયાન તેમની સાહિત્યપ્રીતિ જાણીને તેમના શિક્ષકોએ 'વિદેહ ગુજરાતી સાક્ષરો' અને 'સરસ્વતીચંદ્ર ભાગ૧-૨' એ બે પુસ્તકો એમને ભેટ આપેલાં.

નડિયાદની સરકારી શાળામાં અભ્યાસ કરીને ૧૯૧૬માં તેઓ મૅટ્રિક થયા અને તેમની અભ્યાસનિષ્ઠાને કારણે તેમને ભાઉસાહેબ દેસાઈ સ્કૉલરશિપ મળી. તે પછી તેમણે અમદાવાદની ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ૧૯૨૦ લગી તેઓ આ કૉલેજના વિદ્યાર્થી રહ્યા. અભ્યાસ દરમિયાન 'પ્રેરિત'ની સંજ્ઞાથી તેમણે લેખો લખ્યા, જે તે સમયનાં સાહિત્યસામયિકો 'વસંત', 'સાહિત્ય' આદિમાં પ્રસિદ્ધ થયા. એ સાથે તેમણે સંસ્કૃત, અંગ્રેજી અને ગુજરાતી સાહિત્યનું આકંઠ રસપાન કર્યું. આ અરસામાં તેઓ તેમના અધ્યાપક આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવના સંપર્કમાં આવ્યા. તેમનું શિષ્યત્વ વિષ્ણુભાઈના સાહિત્યસંસ્કારને ઉજમાળી ગયું. આનંદશંકરનો સંસ્કારવારસો વિષ્ણુપ્રસાદે પચાવ્યો અને આગળ જતાં દીપાવ્યો. ૧૯૧૮માં, ૧૯ વર્ષના વિષ્ણુપ્રસાદે આચાર્ય આનંદશંકરના પ્રમુખપદે યોજાયેલી સભામાં 'સરસ્વતીચંદ્ર' વિષે અંગ્રેજીમાં વ્યાખ્યાન આપીને પોતાની વિવેચનશક્તિનો પહેલો પરિચય કરાવ્યો. કૉલેજમાં દોઢેક વર્ષ લગી વિષ્ણુભાઈને પોતાના પ્રિય ગુરુ આનંદશંકર પાસે અભ્યાસ કરવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો. ૧૯૨૦માં તેઓ સંસ્કૃત અને અંગ્રેજી વિષયો સાથે બી.એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા અને ગુજરાત કૉલેજમાં દક્ષિણા ફેલો નિમાયા. ૧૯૨૧ના જાન્યુઆરીમાં સુરતની એમ.ટી.બી. કૉલેજમાં અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતીના અધ્યાપક તરીકે તેમની નિમણૂક થઈ. ૧૯૨૩માં તેમણે એમ.એ.ની પરીક્ષા સંસ્કૃત અને ગુજરાતી વિષયો સાથે બીજા વર્ગમાં પાસ કરી. તે સાથે જ એમ.એ. તથા

પીએચ.ડી.ના ગુજરાતી વિષયના તેઓ અધ્યાપક અને માર્ગદર્શક બન્યા. સુરતની સાર્વજનિક એડ્યુકેશન સોસાયટીના તેઓ આજીવન સ્વયંસેવક બન્યા અને આ સંસ્થામાં જીવન સમર્પિત કરી દીધું.



ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૧મા અધિવેશનના વરાયેલા પ્રમુખ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તથા સૌ. શાન્તાબહેન કલકત્તા આવી પહોંચ્યાં ત્યારે હાવડા રેલવે સ્ટેશને સ્વાગત સમિતિના હોદ્દેદારો સાથે.

૧૯૧૫માં તેમનું લગ્ન તારામતી પ્રાણશંકર મહેતા સાથે થયેલું. તેમનાથી તેમને બે સંતાનો થયેલાં. પરંતુ વિધિની વક્રતા એવી કે ૧૯૨૬માં એ બેય સંતાનો થોડા થોડા સમયને અંતરે મૃત્યુ પામ્યાં. એથી વિષ્ણુભાઈના હૃદયને ભારે આઘાત લાગ્યો, જેની તેમના સ્વાસ્થ્ય પર અસર પડી. અધૂરામાં પૂરું, ૧૯૩૩માં તેમનાં પત્ની તારામતીનું અવસાન થયું અને તેમનો સંસાર સાવ ઉજ્જડ બની ગયો. ૧૯૩૪માં તેમણે ભારે હૈયે, શાન્તાગૌરી માણેકલાલ ભટ્ટ સાથે બીજું લગ્ન કર્યું. વિધિએ થોડીક અમીદૃષ્ટિ કરી અને તેમનું પ્રસન્ન દામ્પત્યજીવન દૃષ્ટાન્તરૂપ બની રહ્યું. એમના સંસારમાં વસંતિકા નામે એક માત્ર પુત્રી આપીને વિધિએ વસંત વિલસાવી.

૧૯૩૮થી આયુષ્યના અંત લગી વિષ્ણુપ્રસાદ નર્મદ સાહિત્યસભાના પ્રમુખપદે રહ્યા. સુરતમાં સાહિત્યનો કોઈ પણ જાહેર કાર્યક્રમ એ વખતે નર્મદ સાહિત્યસભાના ઉપક્રમે ગોઠવાતો. સામાન્ય રીતે વિષ્ણુપ્રસાદ જ પ્રમુખસ્થાને હોય, વક્તા ગમે તે હોય કાર્યક્રમનું સમગ્ર આકર્ષણ વિષ્ણુભાઈનું વક્તવ્ય રહેતું. એ ધીમે અવાજે બોલે ત્યારે એમના શબ્દો સાંભળવા કાન સરવા રાખવા પડે, કારણ કે એ જમાનામાં માઇકનો વપરાશ બહુ નહોતો થતો. તેઓ વિચારી વિચારીને બોલે. યોગ્ય શબ્દ જ વાપરવાનો એમનો આગ્રહ એટલે ધીરે ધીરે બોલે. પત્રકારો એમના શબ્દો પકડવા મથે અને કાર્યક્રમના અહેવાલમાં તે જ શબ્દ મૂકવા આગ્રહ રાખે.

એ વખતે નર્મદ સાહિત્યસભાનું મકાન ચંદાવાડીના પહેલા માળે આવેલું હતું. કાર્યક્રમમાં વિષ્ણુપ્રસાદ પારસી ગાડીવાળાની વિક્ટોરિયામાં આવતા. તેમની સાથે પ્રા.વિજયરાય વૈદ્ય અને પ્રા.વ્રજરાય દેસાઈ હોય. વિષ્ણુપ્રસાદ અને વિજયરાય મોટી બેઠક પર હોય અને સામે નાની બેઠક પર વ્રજરાય હોય. પ્રા. હીરાલાલ કાપડિયા આ વિક્ટોરિયાને 'પ્રમુખશ્રીના રથ' તરીકે ઓળખાવતા. શ્રોતાઓ સમક્ષ તેઓ 'પ્રમુખશ્રીનો રથ આવી ગયો' એમ કહે ત્યારે શ્રોતાઓ રમૂજ સાથે આ સમાચાર વધાવી લેતા. આ સાહિત્યસ્વામીઓ ચંદાવાડીમાં પધારે અને ત્યાંથી વિદાય લે એ દૃશ્ય સંસ્કારપ્રેમી સુરતવાસીઓ પ્રેમાદરથી જોતા હતા.

૧૯૨૪માં 'ભાવનાસૃષ્ટિ'થી વિષ્ણુપ્રસાદની સાહિત્યોપાસનાનો આરંભ થયો ગણાય. તે પછી એમની કલમે વિવેચન અને નિબંધક્ષેત્રે ખેડાણ કર્યાં. ૧૯૩૮થી એમની વિવેચનસાધના વ્યવસ્થિત, સ્વસ્થ અને એકાગ્ર બની. એમના વિવેચનગ્રંથોમાં વિવેચના (૧૯૩૯), પરિશીલન (૧૯૪૯), અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય (૧૯૫૦), ઉપાયન (૧૯૬૧), ગોવર્ધનરામ : ચિંતક અને સર્જક (૧૯૬૩) અને સાહિત્ય સંસ્પર્શ (૧૯૭૯) છે. ભાવનાસૃષ્ટિ (૧૯૨૪), દ્રુમપર્ણ (૧૯૮૨), આશ્ચર્યવત્ (૧૯૮૭) અને ઉત્પ્રેક્ષા (૧૯૮૯) - એ એમના જીવન તથા ધર્મચિંતનને લગતા નિબંધસંગ્રહો છે. આ ઉપરાંત ગુજરાત સાહિત્યસભા દ્વારા ૧૯૩૯ના ગ્રંથસ્થ લલિત સાહિત્યની સમીક્ષા (૧૯૪૦) પણ તેમણે કરી છે. તેમણે 'આફ્ટરનૂન બિયૉન્ડ ધ રીવર વાત્રક', 'હિમ' (સ્તુતિસ્તોત્ર) વગેરે અંગ્રેજી કાવ્યો પણ રચ્યાં હતાં. તેમાનાં થોડાંક કાવ્યો 'પી.ઈ.એન.' સાહિત્ય સંસ્થાના મુખપત્રમાં પ્રકટ થયેલાં.

૧૯૪૬માં મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં તેમણે જે વ્યાખ્યાનો આપ્યાં, તે ૧૯૫૦માં 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય'ના નામે ગ્રંથસ્થ થયાં. તેમના

વનપ્રવેશ નિમિત્તે 'પરિશીલન' સંગ્રહ પ્રકટ થયો, તેને ૧૯૫૫માં ૧૯૪૫-૪૯ના સમયગાળાનો નર્મદચંદ્રક એનાયત થયો. ૧૯૬૦માં તેમની ષષ્ટીપૂર્તિ ઊજવાઈ. તે પ્રસંગે તેમના તથા તેમને વિષેના લેખોનો ગ્રંથ 'ઉપાયન' પ્રકટ થયો, તેને દિલ્હીની સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો. તેમના 'સાહિત્ય-સંસ્પર્શ'ને કલકત્તાની ભારતીય ભાષા પરિષદે ૧૯૮૨માં ભુવાલકા પુરસ્કાર એનાયત કર્યો તથા 'દ્રુપપર્ણ'ને ભારતીય વિદ્યાભવન, મુંબઈએ ૧૯૮૨માં રાજાજી પુરસ્કાર એનાયત કર્યો. આમ, તેમનાં પુસ્તકો સાહિત્યકીય પુરસ્કારને પાત્ર થતાં રહ્યાં છે. ભારત સરકારની સાહિત્ય અકાદમીમાં તેઓ ગુજરાતી ભાષાના પ્રતિનિધિ સભ્ય વર્ષો લગી રહ્યા હતા.

એમના પ્રિય ગ્રંથકાર તે ગોવર્ધનરામ. તે ઉપરાંત નરસિંહરાવ, ન્હાનાલાલ, બળવંતરાય, વર્ડ્ઝવર્થ, કીટ્સ, થેકરે તથા પ્રાચીનોમાંથી શંકરાચાર્યની તેમના પર ઘણી અસર હતી.

તેમણે સુરતમાં જ સ્થિર રહીને પોતાનું સમગ્ર જીવન સાહિત્યોપાસનામાં જ વિતાવ્યું હતું અને બ્રાહ્મણત્વના આદર્શને ચરિતાર્થ કરી બતાવ્યો હતો. તેમની સાહિત્યોપાસના આનંદલક્ષી હતી. સંપૂર્ણ માનવત્વને સિદ્ધ કરવાના યોગરૂપે હતી. એક સારસ્વત તરીકે તેઓ એક જીવન્ત ચિંતક પણ હતા. તેથી જ કાકાસાહેબ કાલેલકરે વિષ્ણુપ્રસાદને 'સાહિત્યના પહેરેગીર' કહ્યા હતા. તેમની વિવેચનપ્રવૃત્તિને અનુલક્ષીને ગુજરાત સાહિત્ય-સભાએ તેમને ૧૯૪૪માં 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત કર્યો હતો. ૧૯૭૪ના ઑક્ટોબરની ૧૩મી તારીખે તેમને દિલ્હીની સાહિત્ય અકાદમીની ફેલોશિપ એનાયત થઈ. ૧૯૯૦માં તેમને ગુજરાત રાજ્યનો રૂપિયા એક લાખનો 'નરસિંહ મહેતા અંવૉર્ડ' તથા ૧૯૯૧માં રૂપિયા એક લાખનો 'ગૌરવ પુરસ્કાર' એનાયત થયો.

ગુજરાતી સાહિત્ય પરિષદે પણ તેમની સાહિત્યપ્રતિભાને પારખીને તેમનું બહુમાન કર્યું છે. ૧૯૪૧ના ઑક્ટોબરમાં મળેલા ૧૪મા (અંધેરી) અધિવેશનમાં ભાષાવિજ્ઞાન વિભાગના પ્રમુખ. ૧૯૪૯ના જાન્યુઆરીમાં મળેલા ૧૭મા (જૂનાગઢ) અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ. ૧૯૬૧ના ડિસેમ્બરમાં મળેલા ૨૧મા (કલકત્તા) અધિવેશનના પ્રમુખ, ૧૯૬૫માં મળેલા ૨૩મા (સુરત) અધિવેશનમાં સ્વાગત પ્રમુખ અને ૧૯૮૩ના ડિસેમ્બરમાં મળેલા ૩૨મા (સુરત) અધિવેશનમાં તેઓ ઉદ્ઘાટક હતા.

તેઓ ૧૯૨૧માં એમ.ટી.બી. કૉલેજમાં જોડાયા અને ૧૯૬૧માં નિવૃત્ત થયા, ત્યાં સુધીનાં ૪૦ વર્ષ તેમણે એકધારું અધ્યાપનકાર્ય કરીને જ્ઞાનયજ્ઞ કર્યો હતો. તેમણે કારકિર્દીની શરૂઆત ભલે સુરતની કૉલેજમાં કરી, પરંતુ ટૂંક સમયમાં જ તેમની શૈક્ષણિક સિદ્ધિઓની સુવાસ ભૌગોલિક સીમાડા ઓળંગીને ગુજરાતભરમાં પ્રસરી હતી. તેઓ અંગ્રેજીના અને સંસ્કૃતના અઠંગ અભ્યાસી હતા. અંગ્રેજી તથા સંસ્કૃત શિષ્ટ ગ્રંથોના વાચને તેમના જ્ઞાનકોશને ભર્યો ભર્યો રાખ્યો હતો. એ કોશ તેમણે તેમના જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ સમક્ષ નિઃસંકોચપણે ખોલી નાખ્યો હતો. એમની પાસેથી શિક્ષણ લેવાનો જેમને અનેરો લાભ મળ્યો છે તેઓ સમૃદ્ધ બન્યા છે. વિદ્યાર્થીઓ માટે વિષ્ણુપ્રસાદ વટવૃક્ષ જેવા હતા. કેટલાય વિદ્યાર્થીઓએ તેમની છાયામાં વિસામો લઈને જીવનવિકાસ સાધ્યો છે. એક અધ્યાપક તરીકે તેમણે વિવિધ યુનિવર્સિટીઓમાં પ્રતિનિધિત્વ કરીને જ્ઞાનની લ્હાણી કરી હતી. ગુજરાત યુનિવર્સિટીની સેનેટના અને વડોદરા યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના તેઓ સભ્ય હતા. મુંબઈ, ગુજરાત અને વડોદરા એમ ત્રણેય યુનિવર્સિટીઓમાં તેઓ ગુજરાતીની અભ્યાસ સમિતિના સભ્ય તરીકે રહી ચૂક્યા હતા. ૧૯૭૧માં આ વિદ્યાપુરુષને ડી.લિટ્.ની માનાર્હ પદવી એનાયત કરીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સ્વયં કૃતાર્થ થઈ હતી.

વિષ્ણુપ્રસાદ વિવેચનની સૃષ્ટિના વૈષ્ણવજન હતા. તેઓ પૂર્વગ્રહથી પીડાતા નહોતા, તેમ પક્ષપાતથી પર હતા. કોલાહલથી દૂર રહીને તેઓ તટસ્થ રીતે પ્રવાહનું અવલોકન કરતા. રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે કેટલાક વિવેચકો કમળના વનમાં કુહાડો લઈને ફરે છે, પરંતુ વિષ્ણુપ્રસાદ તો કમળના વનમાં ભ્રમર થઈને ફરતા હતા. સાહિત્યની કોઈ પણ કૃતિ વિષે તેમની વિવેચના એક સહૃદય મિત્રની રહેતી, છિદ્રાન્વેષીની નહિ. વિવેચનને તેઓ 'ધરમનો કાંટો' ગણતા. કદીયે આત્યંતિક વિધાનો કરવાં નહિ, ક્ષણિકનો ક્યારેય પુરસ્કાર ન કરવો અને શાશ્વત મૂલ્યોની શ્રદ્ધાને અવિચળ રાખવી એ એમનો ધ્યેય હતો. એમના વિવેચનમાં ક્યાંય કૃત્રિમતા કે ઉછાંછળું પાંડિત્યદર્શન ડોકાતું નથી. વાણીનો વ્યર્થ વિલાસ તેમને ઈષ્ટ નહોતો. એકેએક શબ્દને તેઓ કસી કસીને વાપરતા, વેડફતા નહિ.

જીવનના અનુબંધમાં સાહિત્યને જોવા-તપાસવાનો તેમનો ઉપક્રમ રહેતો. તેઓ સાહિત્યને જીવનથી ભિન્ન ગણતા નહિ. આથી તેમનાં વિવેચનોમાં જીવનના મર્મોનું ચિંતન મોટો ભાગ રોકે છે. તેમનાં વિવેચનોમાં પાશ્ચાત્ય અને ભારતીય સંપ્રત્યયોનો સમન્વયપૂર્વક વિનિયોગ થયો છે. તટસ્થ દૃષ્ટિ, સંતુલિત અભિપ્રાય અને રસની ઊંડી પરખથી કરેલાં તેમનાં વિવેચનો એ ક્ષેત્રે માનદંડરૂપ રહ્યાં છે. સાક્ષરવર્ય ગોવર્ધનરામ ત્રિપાઠીની કૃતિઓ પરનાં તેમનાં અભ્યાસપૂર્ણ વિવેચનોએ તો એ મહાન સાહિત્યસ્વામીની પ્રતિભાને ઉજ્જ્વળ યશ અપાવ્યો છે.


જેમણે પોતાના આયુષ્યના ચાર દાયકા લગીનો જીવનનો શ્રેષ્ઠ સમય સુરતમાં વ્યતીત કર્યો હતો, તે પરમ સારસ્વત અને મૂર્ધન્ય વિવેચક વિષ્ણુપ્રસાદની ષષ્ટીપૂર્તિનો સમારંભ સુરતનાં નગરજનોએ તા.૨૭મી નવેમ્બર, ૧૯૬૦ના દિને ઉમળકાથી કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપદે ઊજવ્યો હતો.

ગત શતકમાં કવિ નર્મદે સુરતને જે બૌદ્ધિક દીપ્તિ આપી હતી, તેવી જ દીપ્તિ આ શતકમાં વિષ્ણુપ્રસાદે આપી. એ એક ઐતિહાસિક ઘટના ગણાય. આ સૌજન્યશીલ સાક્ષર સ્વભાવે સંકોચશીલ એટલા બધા કે સમારંભમાં સત્કારના વળતા જવાબમાં એમણે કહ્યું હતું : 'આપ સમજી શકો છો કે આ પ્રસંગ વ્રીડા ઉપજાવે એવો છે, સંકુલ છે. આમાંથી કોઈ રીતે ભાગી જવાય તો સારું એમ થયું. પણ તટસ્થભાવી રહેવાનો પ્રયાસ કર્યો ને માન્યું કે કોઈ વિષ્ણુપ્રસાદ નામના માણસ વિષે વાત થાય છે ને એમાં ભાવક તરીકે રહ્યો છું.'

વિષ્ણુપ્રસાદ જીવનને કલાના દૃષ્ટિકોણથી અને કલાને જીવનના દૃષ્ટિકોણથી તપાસતા હતા. તેમનું વિશાળ, ઉદાર અને નિર્મળ હૃદય હંમેશાં નિરપેક્ષ મૈત્રીભાવપૂર્ણ રહેતું. માનવસંબંધમાં તેમજ વિવેચન-પ્રવૃત્તિમાં તેમણે મૈત્રીભાવની પવિત્રતા જોઈ હતી. તેથી જ તેમણે તેમના નિવાસસ્થાનનું નામ 'મૈત્રી' રાખ્યું હતું. ભગવદ્ગીતાને તેમણે આત્મસાત્ કરી હતી. તેથી જ પોતે સમસંવેદનશીલ અને સંસ્કારી જીવ હોવાને કારણે વૈશ્વિક જીવન સાથે લિપ્ત છતાં અલિપ્ત જીવન ગુજારતા હતા. કર્મકૌશલના તથા સમત્વના અર્થમાં તેઓ જીવનમાં અને સાહિત્યમાં યોગી હતા. એમનું જીવન તટસ્થ સાક્ષીનું, ચિંતકનું અને પ્રયોગશાળામાં કામ કરતા વિજ્ઞાનીનું, કોલાહલ વિનાનું હતું. જેઓ કોલાહલથી પર છે, પ્રવાહપતિત થતા નથી, એમને ગોવર્ધનરામે મનીષી કહ્યા છે. વિષ્ણુપ્રસાદ એવા મનીષી હતા. સત્ય પ્રત્યેની એમની નિષ્ઠા એમના જીવન અને લેખનમાં પ્રતિબિંબિત થતી હતી.

વિષ્ણુભાઈ એટલે વિવેક. સ્વતંત્ર છતાં સૌમ્ય, મધુર મતદર્શન કરાવવાની તેમનામાં આવડત હતી. સ્વમતને ફેરવ્યા વિના સામાના મતની કદર કરવાની ઉદારવૃત્તિ તેમનામાં હતી. પોતે જાતજાહેરાત અને પરનિંદાથી અળગા રહ્યા હતા. તેઓ સામી વ્યક્તિની એટલી બધી ઝીણી કાળજી રાખતા કે કોઈનો પણ કાગળ આવે તો તેનો વિવેકપૂર્વક જવાબ આપતા, પરંતુ ટાળતા નહિ. હૃદયની ઉષ્મા અને સુષ્માની પ્રતીતિ કરાવતો તેમનો પત્ર સામી વ્યક્તિને અચૂક સમયસર મળતો. મોટે ભાગે તેઓ પોસ્ટકાર્ડનો ઉપયોગ કરતા. ઝીણા અક્ષરોમાં બધી વિગતો ઠાંસીઠાંસીને સમાવવાનો તેઓ પ્રયત્ન કરતા. થોડુંક બાકી રહી ગયું હોય તો, પોસ્ટકાર્ડમાં આગળ-પાછળ જે જગા બાકી રહી ગઈ હોય તેનો ઉપયોગ કરી લેતા. કદાચ, હજીયે વધારે વિગત આપવાની હોય તો એક પોસ્ટકાર્ડના અનુસંધાનમાં બીજું કાર્ડ લખતા. પોસ્ટકાર્ડ એ અનેકો સાથેના પ્રેમમય વ્યવહારનું એમનું પ્રિય સાધન હતું.

આમ તો, વિવાદમાં એ ઊતરે નહિ, પરંતુ જ્યારે સમગ્ર પ્રજાજીવનને ક્ષુબ્ધ કરી નાખે એવો કોઈ મોટો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તેઓ ચૂપ બેસી રહેતા નહિ. ૧૯૪૯ના જાન્યુઆરીમાં જૂનાગઢમાં કનૈયાલાલ મુનશીના પ્રમુખપદે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૧૭મું સંમેલન યોજાયું હતું. તેમાં શિક્ષણના માધ્યમ તરીકે હિંદી ભાષા રાખવાની ભલામણ કરતો ઠરાવ ચર્ચા માટે આવ્યો. મુનશીએ હિંદી ભાષાની જોરદાર હિમાયત કરી, ત્યારે વિષ્ણુપ્રસાદે આશ્ચર્ય થાય


વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ઉત્તરાવસ્થાએ

તેવી દૃઢતાથી માતૃભાષા જ બોધભાષા થઈ શકે તેવી નિર્ભીક છણાવટ કરી. તેમના નેતૃત્વ નીચે કેટલાક સારસ્વતોએ માતૃભાષા ગુજરાતીનો પક્ષ લેવા હિંમત દાખવી. ગુજરાતની સરહદે આવેલા ડાંગની ભાષા મરાઠી છે, ગુજરાતી નથી. એટલે ડાંગનો મહારાષ્ટ્રમાં સમાવેશ થવો જોઈએ એવો પ્રચાર રાજકારણીઓ દ્વારા થવા લાગ્યો ત્યારે વિષ્ણુપ્રસાદે ડાંગની ભાષા વ્યાકરણ, ઉચ્ચારણ અને વ્યવહારની દૃષ્ટિએ ગુજરાતી જ છે એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો. ગઝલ એ વિદેશથી આવેલો, પરંતુ આપણે ત્યાં વિકસેલો એક સુંદર કાવ્યપ્રકાર છે. ગુજરાતી કવિતામાં તે અભિવ્યક્તિનું એક સમર્થ વાહન બન્યો છે. આમ છતાં, ગઝલને નામે જ્યારે જોડકણાં રચાવા લાગ્યાં ત્યારે વિષ્ણુભાઈએ દૃઢતાથી પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. તેમને ગઝલ પ્રત્યે કોઈ જ વાંધો નહોતો, પરંતુ તેના કવિતાતત્ત્વની બાદબાકી કરીને તેને 'વાહ, વાહ'ના ખુશામતિયા ઉદ્ગારોથી વધાવી લેવાતી સામાન્ય સભારંજની પદ્યરચના બનાવી દેવાતી હતી, તેની સામે તેમનો વાંધો હતો. એવું જ સાહિત્યમાં ઍબ્સર્ડ તત્ત્વના આગ્રહો વિશે તેમને જે લાગ્યું તે તેમણે નિઃસંકોચપણે લખેલું. એમ કરતાં તેમણે ટીકાઓ અને વિરોધો પણ વહોરેલાં. જીવનમાં કે સાહિત્યમાં કશુંક અભદ્ર કે કુત્સિત તત્ત્વ પ્રવેશે ત્યારે વિષ્ણુભાઈ, પોતાની સામે થતો વિરોધ નોતરીને પણ સ્પષ્ટ અભિપ્રાય આપતા.

ઉત્તરવયે, શારીરિક અસ્વસ્થતાને કારણે તેઓ બહાર કશે જતા નહિ એટલું જ નહિ, 'મૈત્રી'ના કૉમ્પાઉન્ડની બહાર પણ નીકળતા નહિ. છેલ્લાં વર્ષોમાં 'મૈત્રી'ના ઓરડામાં જ આસન જમાવીને રહ્યા. આ એમનું સાહિત્યતપ હતું, સાહિત્યસાધના હતી. ભૌતિક રીતે 'મૈત્રી'નો ઓરડો એ જ એમનું જગત હતું. સુરતમાં જ કોઈ સભામાં એમને લઈ જવાના

(અનુસંધાન પૃ.૩૪૫)

શાળ વહેલી પડી

— હરિત પંડ્યા —

એની નજર સામેની દીવાલ પરની ઘડિયાળ પર સ્થિર થઈ. ધીમી ગતિએ ઘડિયાળના ડાયલ પર સરકતા રહેતા કાંટાને જોયા કરવાનું એને ગમતું.

હમણાં સાતના ટકોરા થશે ને મા દવા લઈને આવશે. એ દવા આપવામાં મોડી પડી હોય એવું ક્યારેય બન્યું નથી. એને ખબર છે તોય શું કામ આ બધી માથાકૂટ કર્યા કરતી હશે! એને ડૉક્ટરના કહેવા પર વિશ્વાસ નહીં બેસતો હોય? જોકે એને ડૉક્ટરનું કહેવું સાચું લાગતું હોય તોય એ મને નિયમિત દવા આપ્યા કરે એવી છે. એનું સૂત્ર તો कर्मण्येवाधिकारस्ते... ખરું ને!

પણ આજે મને જરાક ઠીક લાગે છે, રોજના કરતાં. એટલે ડૉક્ટરની ધારણા ખોટી પડવાની કે પછી બુઝાવાને આરે આવેલા દીવાના છેલ્લા ઝબકારા જેવું હશે?

ત્યાં માએ એના રૂમમાં પ્રવેશ કર્યો.

માનો ચહેરો કેવો લેવાઈ ગયો છે! એ ચહેરા પરનું પરિચિત હાસ્ય જોયે દિવસો થઈ ગયા. ને મા ક્યારેક હસે છે ત્યારે કેવું નર્યું બનાવટી હસે છે!

માએ બે હાથનો ટેકો દઈને એને બેઠી કરી, ને પાછળ તકિયો ગોઠવી આપ્યો. આટલી ઊઠબેસમાંય એનું સમગ્ર અસ્તિત્વ હલબલી ઊઠ્યું. એનાથી આછી ચીસ પડાઈ ગઈ. તકિયે ગોઠવાતાં એનાથી મા સામે જોવાઈ ગયું. માની આંખોમાં ભીનાશ લીંપાઈ ગઈ હતી. માએ મોં ફેરવી લીધું, ને પછી પકડાઈ ગયેલા ગુનેગારની જેમ મૌન ધારીને એના પલંગની ચાદર ઠીક કરવામાં લાગી ગઈ.

અક્ષયપાત્ર જેવી માની આંખોમાંથી આંસુનો ખજાનો ખૂટતો જ નથી. આવું દિવસમાં કેટલી વાર રડી પડતી હશે એ! જો કે મારી હાજરીમાં તો ક્યારેક જ. દવા પતી એટલે માએ મોસંબીનો રસ પિવડાવવા ગ્લાસ ઉપાડ્યો. બધું નળી વાટે જ પેટમાં જતું હતું, એટલે ખાટા-મીઠાનો તો પ્રશ્ન જ નો'તો.

'બસ મમ્મી.'

'બેટા, આટલા માટે શું રહેવા દે છે! પી જા. તે જરા આધાર રહે.'

'હવે નહીં પીવાય.' કહી એણે માનો ગ્લાસવાળો હાથ દૂર હડસેલી દીધો.

આટલું બોલતાંય એને કષ્ટ પડ્યું - ગળામાં જાણે કોઈ કરવતી ફેરવતું ન હોય.

પેટમાં નાખેલું બધું એમનું એમ પડ્યું રહેતું. સીસાના ગઠ્ઠાની જેમ. પેટેય કેવું કઠણ થઈ ગયું છે!

'બેટા, આવું શું કરે છે!' મા કાકલૂદી કરતી રહી, પણ એણે તો મોં જ ફેરવી લીધું, પછી માનું બાપડીનું શું ચાલવાનું હતું!

એટલામાં ભાભી ક્યાંક કામે એના રૂમમાં આવ્યાં. એ હવે બધાંનાં પગલાં પારખી શકતી હતી. એણે ભાભી સામે જરા જોઈ લીધું. માને મોસંબીના રસના ગ્લાસ સાથે પલંગ પર બેઠેલી જોઈને જ ભાભીનું મોં બગડી ગયું હતું.

'આગ્રહ કરીને ખવડાવ-ખવડાવ કરીને તમારે તમારી દીકરીને વધારે માંદી પાડી દેવી છે?' કહી ભાભી એમનું કામ પતાવીને પગ પછાડતાં પછાડતાં બહાર ચાલ્યાં ગયાં.

મારા તરફની લાગણીથી પ્રેરાઈને ભાભી આમ બોલતાં હશે, કે મારી માંદગી પાછળ થતો આવો બધો ખર્ચ એમને ખૂંચે એય સ્વાભાવિક છે. છેલ્લા ત્રણ મહિનાથી તો મારો ને માનો બધો ખર્ચ ભાઈ-ભાભીને જ વેઠવો પડે છે ને! ને મા પાસે તો શું છે? પપ્પા હતા ત્યાં સુધી તો એમના પેન્શનમાંથી અમારા ત્રણનું ગાડું ગબડતું. પણ એમના ગયા પછી પેન્શનની રકમ અડધી થઈ ગઈ. તોય ખાસ વાંધો ન આવત, આ માંદગી આવી પડી ન હોત તો. શરૂના ત્રણેક મહિના તો એટલે જ ગામના ડૉક્ટરની દવા કર્યે રાખેલી. પણ એમની દવાથી કશો ફેર પડેલો નહીં; ઊલટાની તબિયત વધારે લથડતી ગઈ. એટલે પછી અહીં શહેરમાં આવ્યા વિના છૂટકો ન થયો. અહીંના ડૉક્ટરે તો તપાસીને ધડાકો જ કર્યો! જો કે મને તો બહુ મોડી ખબર પડેલી.

ભાભીને ડૉક્ટરના રિપોર્ટની જાણ થએલી ત્યારે, શરૂઆતમાં તો એ ભારે ભાવાવેશમાં આવી ગએલાં ને રડમશ અવાજમાં આશ્વાસન આપતાં કહેવા માંડેલાં, 'મમ્મી, તમે જરાય ગભરાશો નહીં. જરૂર પડ્યે જાતને વેચીનેય અમે મમતાબહેનની સારવાર કરાવીશું.'

'વહુ બેટા, તમારે જ બધું કરવાનું છે ને! તમારા સિવાય મારે બીજું છેય કોણ!' માએ કહેલું.

બાજુના રૂમમાં જ બેસીને બધાં વાતો કરતાં એટલે એને ઘણીબધી વાતો સાંભળવા મળતી. ભાભીની વાત સાંભળીને એ ચોંકી ઊઠેલી. ડૉક્ટરના રિપોર્ટમાં એવું તે શું હશે કે મારી સારવાર માટે એમને જાત વેચવાની તૈયારી બતાવવી પડી?

પછી તો દવાની આડઅસરને લીધે માથાના વાળ ધીમે ધીમે ખરવા માંડેલા. બાકી મારા વાળ તો...! ને ચામડીનો રંગ પણ બદલાવા માંડેલો, એટલે મને ખ્યાલ આવી ગએલો કે...

પણ ભાભીએ એવું કહેલું ત્યારે એમને ખ્યાલ નહીં કે મારી દવા ને સારવાર પાછળ એમને ખરેખર જાત વેચવાનો વારો આવશે. પહેલાં તો એ મારા રૂમમાં રોજ દસ-બાર આંટા મારી જતાં ને ત્યારે હું જાગતી હોઉં તો મારી સાથે વાતેય વળગતાં, 'કેમ લાગે છે હવે? શું જોઈએ છે? રાત્રે ઊંઘ આવી'તી કે?' એવું બધુંય પૂછતાં, પણ પછી તો દિવસો જતા ગયા એમ એમનાં આંટાફેરાય ઓછા થતા ગયા. આજ-કાલ તો બે-ત્રણ દિવસે માંડ એકાદ વાર એમનું મોં જોવાનું મળે છે. ને ત્યારેય, હું જાણે એમને ભરખી જવાની ન હોઉં

એમ ઝટપટ કામ પતાવીને બહાર ચાલ્યાં જાય છે, કશું બોલ્યાં કર્યાં વિના. હા, મને કોઈ સલાહ-સૂચના આપવાની હોય ત્યારે જરૂર બોલે. પણ એય શું કરે! આવી માંદગીથી તો ભલભલાં થાકી જાય.

પણ મારા આ દર્દની જાણ માને અગાઉથી નહીં થઈ હોય? હું કોલેજના પહેલા વર્ષમાં દાખલ થઈ તે જ વર્ષથી મને ખાવા-પીવાનું ગળે ઉતારતાં તકલીફ પડતી હતી, ને એટલે મારાથી પેટ ભરીને ખવાતુંય નો'તું. એ જ કારણે હું દૂબળી પડતી જતી હતી. મેં માને વાત કરેલી. એ તો, શરદીને લીધે હશે, કે પછી ગળામાં સોજો હશે, એમ ધારીને ગામના ડૉક્ટરની પાસે મને લઈ ગયેલી, ને એમના કહ્યા મુજબની દવા આપતી રહેલી. પછી તો પોતાના માથા પરનો બોજ હલકો કરવા એણે મૂરતિયાની શોધ પણ આરંભી દીધી. ને એ મળતાં મારાં લગ્ન પણ ઝટપટ ગોઠવી દીધાં. લગ્ન પહેલાં કોઈ સારા ડૉક્ટરને બતાવ્યું હોત તો ગૌરાંગની જિંદગી ન બગડત. લગ્ન પછી હું સાસરે ગઈ તે પિયરથી મળેલી નાની-મોટી વસ્તુઓ ભેગી આ માંદગીય સાથે લઈને ગએલી. મેં ગૌરાંગને શું સુખ આપ્યું! ત્યારે તો એ મને ખૂબ ચાહતો ને માને આશ્વાસન આપતો રહેતો. 'મમ્મી, એ તો બધું મટી જશે. તમે લગીરે ચિંતા ન કરશો. અમે છીએ ને!'

પણ પછી દવાખાનાના રોજના આંટાફેરા, ને ડૉક્ટરો ને દવાનાં બિલોથી એય થાકી ગયો.

'તું થોડા દિ' મમ્મી પાસે રહી આવ. ત્યાં તને પૂરતો આરામ મળશે. ને આ દવા ચાલુ રાખજે. હું અવારનવાર ખબર કાઢતો રહીશ તારી. ને તબિયતમાં થોડોઘણો સુધારો જણાતાં તને તેડી જઈશ' એક દિવસ ગૌરાંગે મને કહ્યું, ને બીજે દિવસે એ મને માને ઘેર મૂકી ગયો.

અહીં શહેરમાં ભાઈને ત્યાં આવીને નિષ્ણાત ડૉક્ટરને બતાવ્યું, ત્યાં તો આ નીકળ્યું. પછી તો ગૌરાંગ માટે, મને તેડવા આવવાનો પ્રશ્ન જ નથી રહેતો ને!

શરૂમાં તો ગૌરાંગ પણ અઠવાડિયામાં બે-ત્રણ વાર મળવા આવી જતો, ને ત્યારે થોડા-ઘણા પૈસા પણ આપતો જતો, ને વાતો પણ કેવી મઝાની કરતો!

'તું જરા સારી થઈ જાય પછી આપણે બે એકાદ હિલ સ્ટેશન પર મહિનો હવાફેર માટે જઈશું.' આવું બધું એ કહેતો રહેતો. એની હાજરીમાં મારું અડધું દુઃખ ઓછું થઈ જતું. એ ક્યારેક મારે માથે કે વાંસે હાથ ફેરવતો ત્યારે તો મારે બત્રીસે કોઠે દીવા પ્રકટી ઊઠતા.

પછી તો એની મુલાકાતો ઓછી થતી ગઈ. એના આવવાને દિવસે હું કાગને ડોળે એની રાહ જોયા કરતી. મોડી રાતેય કોઈનું સ્કૂટર ખખડે ત્યારે, એ આવ્યો હશે એમ ધારીને હું બારી બહાર ડોકાતી ને સ્કૂટરનો અવાજ શમી ગયા પછી પણ ક્યાંય સુધી ઠાલી શેરીને જોયા કરતી.

છેલ્લે પંદરેક દિવસ પર એ આવેલો ત્યારે મારા હરખનો પાર નહીં રહેલો. મારું ચાલત તો પલંગમાંથી છલાંગ મારીને હું એને ગળે વીંટળાઈ ગઈ હોત, ને એને...! પણ ઓરડામાં પ્રવેશતાં જ એનો ભાવશૂન્ય ચહેરો જોઈને મારો હરખ શમી ગયો. 'મને ફાળ પડી, શું થયું હશે? નોકરીમાં કશી મુશ્કેલી ઊભી થઈ હશે કે પછી ઘરમાં કોઈની સાથે ઝગડો થયો હશે? કદાચ મારે કારણે જ એને ઘરનાં સાથે બોલવાનું થયું હશે. મારે કારણે ઘરમાં કોઈની સાથે ઝગડો ન કરવાનું હું એને કહીશ.'

એ મારા પલંગ પાસેની ખુરશીમાં બેઠો ને પછી ધીમા અવાજે એણે મને કહેવા માંડ્યું... એની વાત સાંભળીને હું તો હેબતાઈ જ ગઈ. મારાં સાતેય વહાણ સાગરમાં ડૂબી ગયાં હોય એવું મને લાગ્યું. થોડાક દિવસો પહેલાં તો એ હિલસ્ટેશને મને લઈ જવાની વાત કરતો હતો. ત્યાં એકાએક... આ વાત ક્યાંથી...?

એ તો ઠંડે કલેજે બોલતો રહ્યો, પણ આગળ કશું સાંભળવાની સૂઝબૂઝ નો'તી રહી. થોડી વારે સહેજ સ્વસ્થ થયા પછી મેં એને પૂછ્યું, 'કાગળિયાં લાવ્યા છો?'

જવાબમાં એણે પાકીટમાંથી ત્રણ-ચાર કાગળો કાઢીને મારી સામે ધર્યાં.

મને બેઠી કરવા માટે એણે લંબાવેલો હાથ મેં દૂર હડસેલી દીધો. ને હતું એટલું જોર ભેગું કરીને હું એક ઝાટકે બેઠી થઈ ગઈ.

'મારે ક્યાં સહી કરવાની છે?'

'અહીં' કહી એણે ચોકડીનું નિશાન કરેલી જગા બતાવી.

મેં કાગળો વાંચ્યા વિના જ સહી ઘસડી નાખી. હવે મારી પાસે ગુમાવવા જેવું રહ્યું શું હતું તે એ બધું વાંચવા બેસું!

સહી કરતાં મારો હાથ ધ્રૂજતો હતો. પણ એ તો એકાદ પ્રતિષ્ઠિત સજ્જનની સહી સાક્ષી તરીકે કરાવી લેશે એટલે વાંધો નહીં આવે.

એણે અગાઉ માને ને ભાઈને વાત કરી રાખી હશે. મા બિચારી શું કરે, એનો રૂપિયો જ ખોટો હતો ત્યાં!

એના ગયા પછી હું આખો દિ રડ્યા કરી. દૂધ, કોફી, ફ્રૂટ-જ્યૂસ બધું લેવાની ના ભણી દીધી. દવા સુધ્ધાં તે દિવસે ન લીધી.

બીજે દિવસે ગૌરાંગે મારો સામાન મોકલાવી આપ્યો. મેંય તે જ સાંજે એની બધી વસ્તુઓ પાછી મોકલાવી દેવાનું માને કહી દીધું.

મારો રોષ ઓછો થયા પછી મેં ફરી દવા ને ખોરાક લેવાનું શરૂ કર્યું. ગૌરાંગ હજી મનમાંથી ખસતો નો'તો. પણ હવે મને એની દયા આવતી હતી. એય શું કરે! આવો સંબંધ ખેંચ્યે રાખવાનો શો અર્થ હતો! જો કે એને આવું દર્દ થયું હોત તો મેં એની જેમ કર્યું હોત? કંઈ નહીં તો છેવટે લોકલાજે એને વળગી રહી હોત. કૉલેજમાં હતી ત્યારે એક પિક્ચર જોએલું એ યાદ આવી ગયું. એમાં બે પ્રેમીઓની વાત હતી.

છોકરી કેન્સરથી પીડાતી હોય છે ને એ હવે થોડાં દિવસોની જ મહેમાન છે એ વાતની જાણ છોકરીના પ્રેમીને થાય છે ત્યારે એ છોકરીના પિતા પાસે લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. છોકરીનો પિતા પોતાની દીકરીના દર્દ વિષે એને વાત કરે છે ને લગ્ન નહીં કરવા સમજાવે છે.

'બેટા, મારી દીકરી ઝાઝા દિવસો કાઢવાની નથી. એટલે તને કહું છું કે એની સાથે લગ્ન કરવાની જિદ છોડી દે.'

'પિતાજી મારી સાથે લગ્ન કરવાની એની ઇચ્છા અધૂરી ન રહી જાય એટલા માટે જ હું એની સાથે લગ્ન કરવા માગું છું. એની અંતિમ ઇચ્છા પૂરી થતાં એ સુખેથી મરી તો શકેને!

મારા કિસ્સામાં તો એથી ઊલટુ થયું. વાર્તાના વિશ્વમાં ને વાસ્તવિક જગતમાં આટલો ફેર.

થોડા દિવસ પછી એને ખબર પડેલી કે ગૌરાંગ થોડા પૈસા એની દવા ને સારવાર માટે આપતો ગયો હતો.

કદાચ ભાઈ-ભાભીએ કહ્યું પણ હોય અથવા એ વાત એમણે એક શરતરૂપે પણ મૂકી હોય. ગૌરાંગે પૈસા મારા હાથમાં મૂક્યા હોત તો એ નોટો મેં એના મોં પર જ પછાડી હોત.

પણ ગૌરાંગે આમ શા માટે કર્યું હશે! એને ખબર તો હતી કે... તો પછી આવી ઉતાવળ કરવાની શી જરૂર હતી? એને એમેય હોય કે માંદગી કદાચ લંબાય ને દવા-દારૂનો ખર્ચ પણ એને ઉપાડવાનો થાય એના કરતાં... તે જેટલું વધારે મોડું થાય એટલાં એનાં બીજાં લગ્નના પ્રોસ્પેક્ટ્સ ઓછા થતા જાય ને! ચાલો, એને જે ઠીક લાગ્યું તે સાચું.

એણે વળી ઘડિયાળ સામે જોયું. સમયની પગલીઓનો ટક ટક અવાજ ઓરડામાં પડઘાઈને ચોમેર ઘૂમરાતો હતો.

એટલી વારમાં તો મિનિટ કાંટાએ એક આખું ચક્કર પૂરું કરી નાખ્યું હતું. મા એના કામમાંથી સમય કાઢીને દીકરીના રૂમમાં એક આંટો મારી ગઈ.

'તારે કશું જોઈએ છે?' માએ એને પૂછ્યું

એણે માથું ધુણાવીને ના પાડી. માથું ધુણાવવાનું ય બોલવા જેટલું જ કષ્ટકર લાગતું હતું એને.

'ને આમ આંખો ફાડીને ઘડિયાળ સામે ના જોયા કરીશ. આખો વખત આંખો બંધ કરીને ભગવાનનું નામ લીધા કરવાનું' કહી મા જતી રહેલી. એ માને ઓરડાની બહાર જતી જોઈ રહી.

આ ત્રણેક મહિનામાં તો મા કેવી થઈ ગઈ છે! કેવી ઓશિયાળી ઓશિયાળી થઈને ફરે છે. મા કદી કોઈના અહેસાનમાં આવે નહીં. ઘરમાં ખાંડ ખૂટી ગઈ હોય તો મોળી ચા પીવાનું પસંદ કરે. પડોશીને ત્યાંથી વાટકી ખાંડ લેવા એ ન જાય. આ પહેલાં મા કદી ભાઈને ત્યાં એક-બે દિવસથી વધારે રોકાઈ નથી. ને જ્યારે ભાઈને ત્યાં જાય ત્યારે ખાલી હાથે ક્યારેય ન જાય. મારે ખાતર માને ભાઈ-ભાભીને પનારે પડવું પડ્યું. માથાવાઢ જેવું લાગતું હશે એને તો. જો કે એ કોઈને બોજારૂપ થાય એવી નથી. અહીં આવી એના બીજા જ દિવસથી એણે ભાઈના ઘરનું મોટા ભાગનું કામ ઉપાડી લીધું છે. ભાભીની નાની-મોટી હરકતો એ મન પર લેતી નથી. તે દિવસે ભાભીની ગેરહાજરીમાં એણે મારે માટે ઘઉંના લોટની પાતળી રાબ બનાવેલી ને ભાભીને એની જાણ થએલી ત્યારે ભાભી એને કેવું કેવું બોલેલાં! તોય એણે સાચો એક હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નો'તો. ભાઈએ પણ ભાભીને કશું કહેલું નહીં. ભાભી આગળ એમનું કશું ચાલે નહીં પછી શું થાય! ત્યારનું માનું મન ખાટું થઈ ગયું છે ને છાનુંછાનું રડ્યાં કરે છે. એ એના ભગવાનને કદાચ વિનવતી હશે કે હું વહેલી... ને એટલાં માટે જ મેં તે રાત્રે ઊંઘની ગોળીઓ જરા વધારે પ્રમાણમાં લઈ લીધેલી. પણ જરૂર કરતાં ઓછી લેવાઈ હશે તે... બીજે દિવસે માએ મને બરાબરની લઈ નાખેલી. 'તારે અમારી આબરૂના ધજાગરા બાંધવા છે? ને તારાં ભાઈભાભીને કેવું લાગે? તેઓ આટઆટલું કરે છે તોય તું તો એમને અપજશ જ અપાવવા બેઠી છે ને આવું કરીશ તો તારા આવતા સાત ભવ બગડશે ભૂંડી. એવું બધું કહેતી રહેલી. આપણે તો મૂંગે મોંએ એ બધું સાંભળ્યા જ કરેલું. ભાભીએ પણ કહેવામાં કશું બાકી નહીં રાખેલું. જો કે અંદરખાનેથી એ કદાચ જુદું જ વિચારતાં હશે.

એને જો કે આવતા ભવોની પડી નો'તી. એને તો આ જ ભવની ચિંતા હતી.

તે દિવસનો મારો પ્રયાસ એળે ગયો ન હોત તો મા તો આ બધાંમાંથી છૂટત. જો કે આમેય ઝાઝો ફેર નથી પડવાનો. મારે ક્યાં લાંબું ખેંચવાનું છે! મને મૃત્યુનો ડરેય નથી લાગતો, પણ આ બધું છોડીને જવાનું મનેયં નથી થતું. માને જેવાં છે તેવાં ભાઈભાભી ગૌરાંગ.... આ બધાં ફરી ક્યાં મળવાનાં ને વતનના ગામનું એ ફળિયું, ને એ ફળિયામાં સહેલીઓ સાથે ગાળેલા દિવસો...ને આ બારી બહારની મારી નાનકડી દુનિયા... બારીના ઉપરના ભાગમાંથી તો આકાશનો નાનકડો ટુકડોય દેખાય છે. આકાશના એ ટુકડામાંય કેટકેટલા રંગો પુરાતા મેં જોયા છે.

ને સામેના બ્લૉકની અગાશી પર કેટલાં પક્ષીઓ ભેગાં થાય છે! રોજ સાંજે કાગડા, કાબરો ને કબૂતરો હોય જ. ક્યારેક બે-ચાર બુલબુલોય આવી ચડે છે. અગાશીના નળના ભૂંગળામાં માળો બાંધવા કાબર અને ખિસકોલી વચ્ચે તો રોજ લડાઈ જામે.

ને વહેલી સવારથી તે મોડી રાત સુધી અવનવા અવાજોથી ધબકતી રહેતી આ શેરી બાર-પંદર ચૅનલો દર્શાવતા ટી.વી.ના પડદા કરતાંય વધારે વૈવિધ્યસભર દૃશ્યો આ બારી મને રોજ બતાવતી રહી છે. આ બધું જોવાનું-માણવાનું મને ફરી ક્યારે મળવાનું! આ બધું મારે થોડુંક વધારે માણી લેવું છે, આ જ ભવમાં. આવતા ભવમાં મને શ્રદ્ધા નથી. એ બધી વાતો તો મને નર્યો બકવાસ લાગે છે. માણસ ગયું એટલે ગયું. બસ વાત પતી ગઈ. પણ પછી એના આત્માનું શું થતું હશે? મારા

આત્માનું શું થશે? પણ આત્મા જેવું કંઈ હશે ખરું? શી ખબર?

જો કે, ભાઈને તો આ બધામાં પૂરી શ્રદ્ધા એટલે તો તે દિવસે એ એક ભજનમંડળીને બોલાવી લાવેલા, મારા આત્માને શાંતિ મળે ને એની સદ્‌ગતિ થાય એટલા માટે. આત્માની શાંતિની વાત તો બાજુએ રહી, બે કલાક સુધી એમણે ખેંચેલા રાગડાઓએ મારું માથું ભમાવી નાખેલું. એ બધાંને ઘરની બહાર તગેડી મૂકવાનું મન થઈ આવેલું. પણ પછી ભાઈને ખરાબ લાગશે એમ વિચારી માંડી વાળેલું ને આંખો મીંચીને એ રાગડાઓનો ત્રાસ સહેતી રહેલી.

હમણાં નવ વાગશે એટલે મા સ્પંજનો સામાન લઈને આવશે. મારે નહાએ કોણ જાણે કેટલા દિવસ થઈ ગયા! સૂતાંસૂતાં રહેવાને કારણે પીઠ પર બધે ભાઠાં પડી ગયાં છે. એ તો મા પાઉડરનો મારો રાખે છે તે સારું છે. તોય દુર્ગંધ આવે છે એ ભાઠાંમાંથી. માને નહીં લાગતી હોય દુર્ગંધ?

અરે! પણ આ અંદર કશુંક તૂટતું હોય એમ લાગે છે. ને મારો શ્વાસ કેમ શારડીની જેમ ગળાને સારે છે ને આ હાથપગની નસો શાથી ખેંચાવા માંડી? ને છાતી પર તો જાણે મણમણનો ભાર વરતાવા માંડ્યો. ને એકસાથે કેટલી બધી શૂળો અંદર ભોંકાવા માંડી! ઊલટી થઈ જશે કે શું? પિકદાની માટે માને બૂમ મારું પણ ગળામાંથી અવાજ જ નીકળતો નથી. કોઈ રાક્ષસી પંજો મારો ટોટો પીસી નાખતો હોય એવું લાગે છે. ને મગજમાંય કેવું ઘમસાણ મચ્યું છે. પણ મા હજી કેમ ન આવી? નવ તો... અરે પણ ઘડિયાળ ક્યાં અદૃશ્ય થઈ ગઈ. હવે તો સામેની દીવાલ પણ દેખાતી નથી .ધીમે ધીમે આખો ઓરડો અંધારાથી ભરાઈ ગયો. બારીએ પણ આંખ મીંચી દીધી. રાત વહેલી પડી ગઈ કે શું? પણ હજુ તો... પણ હજુ તો નવેય... ઓહ!

બરાબર નવ વાગે મા એના ઓરડામાં આવી. પણ એને હવે સ્પંજની જરૂર રહી નો'તી. □

અનુ.] **વિષ્ણુપ્રસાદ ત્રિવેદી** [પૃ.૩૪૧થી

હોય તો એમને અગાઉથી માનસિક રીતે તૈયાર કરવા પડતા. સભામંચનાં પગથિયાં પણ તેઓ ચડી શકતા નહિ, તેથી તેમને ખુરશીમાં બેસાડી, ખુરશી ઊંચકીને લઈ જવી પડતી.

ઘણી વાર તેઓ ઘરના પ્રવેશદ્વારે બાંધેલા હીંચકે સવાર-સાંજ ઝૂલતા હોય. હીંચકાની ગતિમાં જાત અને જગતનું જાણે કે અનુસંધાન થતું. હીંચકે ઝૂલતાં ઝૂલતાં રાજકારણ, ધર્મ, જીવન, તત્ત્વજ્ઞાન, પંખીના અવાજ, ઋતુઓનાં પરિવર્તન, વ્યાધિના ઉપચાર - એમ વિવિધ વિષયોની ચર્ચા કરતા. એ રીતે સમગ્ર જીવનને આવરીને અખિલ વિશ્વ સાથે તેઓ સુમેળ સાધતા.

થોડાંક વર્ષ પર તેમનાં પત્ની શાંતાબહેનનું મોટર ન્યૂરોનના રોગથી અવસાન થયું તેથી વિષ્ણુભાઈ હચમચી ગયા હતા. એવામાં તેમની એકની એક પુત્રી વસન્તિકાબહેનના પતિ નિકુંજભાઈ ભટ્ટનું યુવા વયે કિડનીના રોગથી અવસાન થયું ત્યારે તો તેઓ ખરેખર ભાંગી પડ્યા હતા. એવા સંયોગોમાં વસંતિકાબહેને તેમને સાચવી લીધા હતા અને પૂરી નિષ્ઠાથી સારસ્વત પિતાની સેવા કરતાં હતાં. વિષ્ણુભાઈને શારીરિક પંગુતા એટલી બધી આવી ગઈ કે નહોતું ચાલી શકાતું કે નહોતી નિત્યક્રિયા જાતે થઈ શકતી. દિવસ આખો પથારીમાં જ કાઢવો પડતો. સૂતાં થાકે ત્યારે બેસે અને બેસતાં થાકે ત્યારે સૂએ. તેમને બોલતાં પણ ભારે કષ્ટ પડતું હતું. માંદગીને કારણે એ પથારીવશ હતા ત્યારેય એમની સાહિત્યોપાસના કદી મંદ કે બંધ પડી નહોતી. એ તકિયે અઢેલીને સૂક્ષ્મદર્શક કાચની સહાયથી વાંચતા અને પોતાની જ્ઞાનપિપાસા સંતોષતા. છેવટ સુધી એમની સ્મૃતિ તીક્ષ્ણ અને મેધા દીપ્તીવંત રહી હતી. છેલ્લા દિવસો સુધી આવેલા પત્રોના ભલે ટૂંકા પણ જરૂરી ઉત્તરો આપતા હતા. તકિયે અઢેલીને પલાંઠી વાળીને બેઠા હોય ત્યારે તેઓ યોગી સમા લાગતા. આપણા સારસ્વતો માટે તેમને મળવા જવું એ તીર્થયાત્રા જેવું ગણાતું.

૧૯૯૧ના જુલાઈની ૪થી તારીખે ૯૨ વર્ષ પૂરાં કરીને તેમણે ૯૩મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. શરીર હવે કામ આપતું નહોતું. કેવળ આત્મશ્રદ્ધાથી જીવતા હતા. તા.૧૦મી નવેમ્બર, ૧૯૯૧ના રોજ રવિવારે પ્રાતઃકાળે તેમણે દેહત્યાગ કર્યો. પૂરાં ૯૨ વર્ષના તેમના આયુષ્યે ૨૦મી સદીને લગભગ પૂરી આવરી લીધી હતી. સમગ્ર સદીને વ્યાપીને જીવ્યા હોય તેવા સાહિત્યકાર તેઓ હતા. તેમનો જીવનપટ પંડિતયુગ, ગાંધીયુગ, અનુગાંધીયુગ અને આધુનિક યુગ પર્યંત વિસ્તરેલો હતો. પંડિતયુગના છેલ્લા પ્રતિનિધિ તરીકે - ગૌરવભર્યા અવશેષરૂપે - ગાંધીયુગમાં પંડિતયુગનું સાતત્ય જાળવી રાખી, ગુજરાતની વર્તમાન વિદ્વત્તાનું મોં તેમણે ઊજળું રાખ્યું છે. વિષ્ણુભાઈ પરમ સારસ્વત અને ઋષિતુલ્ય વિદ્યાપુરુષ હતા. એમની આ જન્મશતાબ્દીએ એમનું તપોમય જીવન આપણી નવી પેઢીને પ્રેરણારૂપ બની રહો. □



સંમુખ સાગરમઠ-૧૪
દૈવી ધામ

— પ્રીતિ સેનગુપ્તા —

યામ્ડ્રોક જળાગારના કિનારા પરના મેદાન સરખા ઢોળાવ પર માંડ આઠેક ઈંચ ઊંચા છોડવા અહીંતહીં ઊગ્યા હતા. એમાં ક્યાંક ક્યાંક ખીલ્યાં હતાં ઝીણકાં જેવાં ફૂલ. કઠોર હવામાનને ખમી જઈને, તક મળતાં જ, નિખરી ઊઠતું નિસર્ગનું આ વહાલસોયું રૂપ હતું. ઘણા વધારે પ્રમાણમાં ત્યાં પાષાણ વિખેરાયેલા હતા. લાગે તો રાખોડી પથરા જ, પણ ખરેખર તો કાષ્ઠ, લોહ, સ્ફટિક વગેરે તત્ત્વોના અસ્મીભૂત થયા પછીનું એ સ્વરૂપ હતું. બહુલક્ષ વર્ષોની વય હતી એ પાષાણોની. ખૂબ નાજુક ફૂલ-છોડ અને અતિપ્રાચીન શિલાખંડોની સહોપસ્થિતિ દ્વારા શું નિસર્ગની વિસ્મયકર લીલા પ્રદર્શિત નહોતી થઈ રહી?

નિસર્ગને હંમેશાં અક્ષુબ્ધ અને અક્ષત જ છોડવાની હોય છે. દરેક સાચો પ્રવાસી એ નિયમ જાણે છે, ને એને અનુસરે છે. અમે એક પણ પત્તું તોડ્યું નહીં, એક પણ પથ્થર ઉપાડ્યો નહીં. પ્રકૃતિની અવનવી માયા જોઈ હરખાતાં બસમાં આગળ વધ્યાં.

થોડાં ઘરોનું એક જૂથ પસાર થયું. વાડાની દીવાલોની ઉપર સૂકાં છાણાં સરસ વ્યવસ્થિત રીતે ગોઠવી મૂકેલાં. ગાય તથા યાકના છાણમાંથી એ બનાવેલાં. બળતણ તરીકે વપરાય, ને લાંબા શિયાળા દરમિયાન થોડી હૂંફ માટે પણ એ વપરાતાં જ હશે. જેને ગામ પણ ના કહેવાય એવા નાના આ વાસમાં પાછું એક મંદિરેય હતું.

જરા જ દૂર નીકળતાં એવું સુંદર દૃશ્ય આવ્યું કે અમે બસ ફરી ઊભી રખાવી. લીલચટ્ટાક ઢોળાવો કમનીય હતા. દૂરથી લગભગ સપાટ મેદાન લાગે. અસંખ્ય ગાયો અને યાક પ્રાણી ત્યાં ચરતાં હતાં. તાજું ઘાસ બધે છવાયેલું હતું, અને અગણ્ય રૂપાળાં પીળાં ફૂલ મુક્તપણે મહાલતાં હતાં. દૂરથી બધું હવામાં લહેરાતું લાગે, ને પાસે જતાં એ પ્રફુલ્લકર બને. અમે જેવાં ઊતર્યાં કે તરત પશુપાળ છોકરાં દોડતાં પાસે આવી ગયાં. એક છોકરી પેલાં ફૂલો જેવી જ રૂપાળી હતી, ને એક છોકરો ટોપી પહેરેલો સારો લાગતો હતો. એમના ફોટા પાડવા બધાં તત્પર થયાં, પણ પૈસા વગર ના પાડવા દે. આ સિવાય પણ હાથ તો તરત લંબાઈ જ જાય. આટલા ઓછા પ્રવાસીઓ તિબેટમાં જાય છે, તોયે આ છોકરાં હાથ લાંબા કરવાનું, પૈસા માગવાનું શીખી ગયાં છે? ને આપીએ પણ ખરાં, પણ એ માટે ઝપાઝપી થઈ જાય. મારા હાથ પર બધાં તૂટી જ પડ્યાં. જોર તો એવું કર્યું કે હું હાથ ખસેડી લઈ ના શકી. છેલ્લે ચલણી નોટ ખેંચી ગઈ એક સૌથી કદરૂપી છોકરી, જેના ફોટા કોઈએ પાડ્યા પણ નહોતા.

પ્રકૃતિને તો અક્ષુબ્ધ છોડી પણ શકાય, પરન્તુ પ્રજા પર આગંતુકોની અસર પડ્યા વગર રહેતી નથી. સાવ ખોટી ટેવો એમને પડતી જાય છે. જેમ કે પૈસા માગવાની આ ટેવ, જ્યારે કે એમનાં જીવનમાં પૈસાનું કશું કામ નથી.

દૂર દૂર, સામી તરફ રહેલા અત્યુચ્ચ ગિરિવરો પર બરફ હતો. વાદળાં ઊંચકાય તો બધો દેખાય. અમે હતાં ૪,૦૦૦ મીટર પર, ને જતાં હતાં એ જ દિશામાં. દોઢ કલાકે છેવટે જળની એ ભુજા પૂરી થઈ. તેનું યે કારણ એ કે એની વચ્ચેથી રસ્તો બનાવ્યો, ને તેથી સુકાવા માંડ્યા એના છેડા. ત્યાં આગળ કાંપની માટીમાંથી ઈંટો બનાવવાનું કામ ચાલતું હતું. સૂકવવા મૂકેલી ઈંટો સુઘડ નાના પિરામિડના આકારે ગોઠવી રાખેલી હતી. કામ કરનારા હતા માંડ છ-સાત જણ. હંમેશાં આમ જ બને - ગામ કે વાસ જાય પછી કેટલીયે વારે કોઈ દેખાય. માંડ બે-ત્રણ જણ, ને તેય ક્યારેક જ. બહુધા તો કોઈ દેખાય જ નહીં - સિવાય કે ઊંચાં મેદાનો અને આભને અડતા પર્વતોનો અનંત વ્યાપ.

પાછું એ સરોવર શરૂ થયું - બીજા એક બાહુના સ્વરૂપે. તળાવમાંથી છૂટો પડી ગયેલો એ ખંડ હતો. એની આસપાસ પણ કામો તો ચાલતાં જ હતાં, ને થોડાં વધારે જણ દેખાતાં હતાં - ઘેટાં ચરાવતાં, લીલ ભેગી કરતાં, કપડાં ધોતાં, તૂટેલી ડાળીઓ બળતણ માટે ભેગી કરતાં. એક વૃદ્ધ તકલી લઈને કાંતતાં હતાં - ઘાસમાં બેઠાં બેઠાં, બીજા એક માણસની સાથે વાતો કરતાં કરતાં!

આવાં મૃદુ ગ્રામીણ દૃશ્યો પછી દેખાયેલું લશ્કરી થાણું આંખને કઠ્યું. ખૂબ મોટું 'રેડાર' ત્યાં મૂકેલું હતું, અને થોડા ચીની સૈનિકો આંટાફેરા કરતા હતા. નાગાર્ત્સે નામનું ગામ આવી લાગ્યું હતું. બપોરે એક વાગેલો. બસ ઊભી રાખીને ચાલક અને યુ જાલ તો જમવા બેસી ગયા. એક વીશી હતી - અંધારી. મોટા વાડકામાં માંસના શોરબા જેવું કશું મળતું લાગ્યું. આપણાથી તો ત્યાં કશું ખાવાનો વિચાર પણ ના થાય, પણ અમે બધાંએ ચા મંગાવી ખરી. એમની ગળી ચા આપણી ફીક્કી ગુજરાતી ચા જેવી લાગે, પણ એ પ્રદેશની



આછેરા ઘાસવાળા ઢોળાવો પર ઘેટાંના ટોળાનું ધ્યાન રાખતી બાલિકા

ખાસિયત 'બટર-ટી' છે. ચીની ચાની પત્તી, મીઠું, યાકના દૂધનું માખણ અને ગરમ પાણી ભેગું કરીને એ બનાવાય. સારી લાગે! મને તો ભાવી - જાણે શાકાહારી શોરબા, કે આપણી રાબ. વીશીની અંદર ને બહારના નાના વાડામાંની લાકડાની બેઠકો પર બેસીને ખાઈ રહેલા ગ્રામજનો કશી દખલ કર્યા વગર, ધીરજથી અમારી હાજરી સ્વીકારી રહ્યાં.


બહાર, એક રસ્તાના લાગતા ગામમાં બીજા બહુ લોકો નહોતા. બે-ત્રણ ઘર-દુકાનોનાં બારણાં પાસે ઊભેલાં સ્ત્રીપુરુષો સરળ ભાવે આમારી સામે હસ્યાં. નાના છોકરાઓ સંકોચ પામ્યા વગર પાસે દોડી આવ્યા. મને કેમેરાનું બહુ કુતૂહલ હતું, ને એની 'આંખ'માંથી એમને જોવું હતું. વારાફરતી એ દરેકને મેં એ તક આપી. એમની અનભ્યસ્ત આંખોને એ નાની બારીમાંથી કશું દેખાયું હશે ખરું?

નાગાર્ત્ઝે ગામ વળોટ્યા પછી ઘણા લાંબા કાળ સુધી સપાટ જેવાં મેદાન હતાં, ને આસપાસ હતા મુખ્યત્વે સૂકા, બરડ જેવા પર્વતો. હિમમંડિત શૃંગોની બરાબર વચ્ચે અજીબ 'ઉપરછલ્લી' હરિતતા, ને એ બધા પર ઝગઝગતો તડકો. તિબેટનો આ લાક્ષણિક શસ્ય-ગ્રામીણ પ્રદેશ હતો - વિકીર્ણ, નિષ્કંપ, અતિપ્રસ્તારિત. આનંદ-ચંચળ હતું મારું હૈયું!


સુચિત્રિત હોય એવા આ પરિસરમાં છૂટાં છૂટાં ઘરોની એક વસાહત આવી. બહાર વીજળીના થાંભલા અને તાર દેખાયા. છેક અહીં સુધી વીજળી પહોંચાડી હતી ખરી, પણ ઘરોની અંદર હશે કે નહીં તે કોણ જાણે! પાછળ એક ભેખડના ઢોળાવ પર પથ્થરો ગોઠવીને મોટા મોટા અક્ષરે 'ઓમ મણિપદ્મે હુમ્'નું વિરચન હતું - આમ તો તિબેટી લિપિમાં હતું, પણ બૌદ્ધ ધર્મનું સૌથી વધારે જોવા મળતું એ સૂત્ર છે, ને નેપાલ, ભુતાન, સિક્કિમ વગેરેમાં પણ એ સર્વત્ર લખાયેલું જોયું છે. 'કમળ ઉપર વિરાજમાન મણિરત્ન' તરીકે બુદ્ધનું નામ ભક્તો સર્વદા પુનરાવર્તિત કરતા રહે છે. છતાં, આવી અસીમ વિવિક્તિની મધ્યે પ્રદર્શિત થયેલું એ પ્રાર્થનાસૂત્ર વિસ્મિત કરી ગયું.

પછી વળી રેતાળ, પથરાળ, ખડકાળ ભૂ-ભાગ - સૂકો ભઠ્ઠ કહીએ એવો. છતાં એમાં થઈને કલકલ વહેતી નાનકડી નદી ખરી. તેથી જ તો લોકો વસ્યાં હોયને નજીકમાં. પાણીના લિસોટા તો પર્વતોને સળે સળે દેખાય, પણ ત્યાં પાણી સરકવાનું ફક્ત બરફ ઓગળે ત્યારે. એ સિવાય, બસ, સૂકો અણસાર રહેવાનો.

મુગ્ધ થઈને હું વિચારું - 'એટલા બધા પહાડો છે, એટલા પાસે છે, એટલા ઊંચા છે. આખું પરિમાણ જ જુદું છે - અતિબૃહદ્. ઓહ એટલું ભિન્ન, એટલું રુક્ષ, એટલું ભયાદર-પ્રેરક.' ને પછી એમાં ઋજુ વિરોધ રચતી વહી જાય ચપળ, સુંદર,



ૐ મણિપદ્મે હુમ્



તિબટના સૂકા પહાડોની વચમાં હિમાચ્છાદિત નોઝિન્કાન્ગા પર્વત

તન્વી એક સ્રોતસ્વિની. એના કિનારા પાસે ઘાસ હોય, ઝાડવાં હોય, યાક ચરતાં હોય. સાવ નાનો એક છોકરાને રખેવાળી કરતો જોઉં, ને પ્રશ્ન થાય કે 'ક્યાં રહેતાં હશે એ બધાં? ક્યાંય એક્કેય રહેઠાણ તો દેખાતું નથી?'

પર્વતો હતા તદ્દન ભૂખરા, સૂકા ને પાષાણી. એમનાં શિખરો પર હતો સ્વચ્છ, ધવલ, હિમપાત. કેટલીયે હિમ-નદીઓ - થીજેલી, 'લટકતી.' દૃશ્યપટમાં સતત એક હૃદ્ય વિરોધ - સૂકા ને ભીનાની વચ્ચે, પાષાણ-કર્કશ અને હિમ-મૃદુની વચ્ચે. છાયાને પ્રકાશની રમત પણ સતત ચાલતી રહી હતી - નિતાંત રમણીયતા પર. છીછરી નદી, લીલા ઢોળાવો, છેક ઊંચે તીક્ષ્ણ ત્રિકોણાકારો, જેના પર હતો રૂપેરી બરફ, જેના પર તિર્યક પતન થતું હતું સૂર્યકિરણોનું. નિર્બંધતતાનું અસાધારણ પરિમાણ હતું. અમે કારોલા ઉચ્ચમાર્ગ પર હતાં - ૫,૦૧૦ મીટર પર. ખ્યાલ પણ ના આવે. પર્વતો ઊંચા, ખીણો ઊંચી, મેદાનો પણ ઊંચા. વળી, બસની બહાર નીકળો ત્યારે બહુ ઠંડી પણ ના લાગે, ને શ્વાસ લેતાં તકલીફ પણ ના પડે. પણ અલબત્ત, સહેજ જલદી ચાલો, ને ઢોળાવ પર પગ માંડો કે તરત જ હાંફ ચડે!

નોઝિન્કાન્ગા પર્વત ૭,૨૨૫ મી. ઊંચો ને એટલો બધો સમીપે. શું અદ્ભુત! શું અનન્ય દર્શન! 'અરે, સામે જ. આ હાથ લંબાવું, ને આંબી જાઉં. ૫,૨૦૦ મી. પર તો રસ્તો જ હતો. ચડવાના તો બીજા બેએક હજાર જ રહ્યાને?' સાવ ગાંડું જ કહેવાયને આ મનને! સાવ ઘેલું જ વળી.

આ ચિત્તહર આવિર્ભાવને નિહાળવા, એના ફોટા લેવા અમે બસમાંથી ઊતર્યાં કે ક્ષણોમાં જ થોડાં પહાડી લોકો ભેગાં થઈ ગયાં. ઓળ્યા વગરના વાળ જટિયાં થઈ ગયેલા, નાનાંમોટાં બધાંના નાક નીતરતાં હતાં, અને બધાંનાં કપડાં કાળાં જેવાં જ. ધોવા ના પડે. ને કદાચ બદલવાં માટે બીજી જોડ હશે પણ નહીં. લાંબા પહેરાશની ધૂળમિશ્રિત વાસ આસપાસ ઘુમરાતી રહી. ઢોળાવો પર ચડતાં-ઊતરતાં પછી જણાયું કે જરા દૂર, નોઝિન્કાન્ગાની હિમમાણ-કાળમીંઢ પ્રાચીરની ઓથે,

(અનુસંધાન પૃ.૩૪૮)

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

ત્રીજી માર્ચે (૨૦૦૦) આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન હરદનલ્લી દેવગોડા દ્વારકા આવ્યાં. સાથે ગુજરાત રાજયના કોઈ પ્રધાન કે જામનગર જિલ્લાના કોઈ જિલ્લા પંચાયત પ્રમુખ કે કલેકટરશ્રી આવ્યા નહોતા. ખંભાળીઆ વિભાગના અમારા ડેપ્યુટિ ક્લેકટરશ્રી હાલાણી આવ્યા હતા. દિલ્હીથી સ્પેશ્યલ પ્રોટેક્શન ગ્રુપના ડેપ્યુટિ ડાઈરેક્ટર જનરલ તેમની સાથે અગિયાર રક્ષકોને લઈને આવ્યા હતા. દેવગોડા સાથે ત્રણ ગુજરાતી મિત્રો. તેમાં એક રાવલ ગામના મુખ્યાજી થાનકી હતા, જ્યાં દેવગોડાએ બીજે દિવસે નાસ્તો કર્યો હતો.

મારે તેમને આ વિસ્તારમાં ઐતિહાસિક મહત્ત્વ સાથે મંદિરો દેખાડવાનાં હતાં. ઔપચારિક ઓળખ પછી તેઓ મંદિરમાં આવતાં પહેલાં ન્હાયા, કપડાં બદલ્યાં અને શ્રી દ્વારકાધીશજી મંદિરમાં દર્શન કરવા આવ્યા. પૂરી શ્રદ્ધાથી તેઓએ શ્રીચરણની પૂજા કરી અને રક્ષકોની મનાઈ છતાં મંદિર ઉપર ચડવા તૈયાર થયા. પહેલે માળે તેમણે કોઈએ આ મંદિરનો જીર્ણોદ્ધાર તેના પુત્રની સ્મૃતિમાં કરાવ્યો હતો, તે ખરોષ્ટી લિપિમાં લેખ વાંચ્યો. ખરોષ્ટી લિપિ છેલ્લાં ત્રેવીસસો વર્ષથી લખાતી નહોતી, તેની તેમને ખબર હતી. ત્યાર પછી બ્રાહ્મી અને દેવનાગરી લિપિમાં સંસ્કૃત શાસ્ત્રો લખાયાં તે વાત પણ તેઓ જાણતા હતા.

પાંચમે માળે સરસ્વતીના યંત્રનું શિખર અને મંદિરમાં પશ્ચિમે આવેલ માત દેવકિજીના મંદિરનું શિખર તથા પશ્ચિમમાં મંદિરથી ૩૦૦ મીટરથી વધારે દૂર સમુદ્રકિનારે આવેલ અગ્નિ-નારાયણના મંદિરના શિખરના કલશ એક જ સીધી રેખામાં આવેલા જોઈ પુરાતન સૂત્રધારો (સ્થપતિ) પ્રત્યે તેમણે ઊંચી લાગણી પ્રકટ કરી જણાવ્યું કે 'ત્યારે થિઓડોલાઈટ જેવાં યંત્રો નહોતાં છતાં આ ત્રણે મંદિરના શિખરના કળશો એક મિલિમીટર જેટલાએ રેખા બહાર નથી.'

હું તેમના એન્જિનીઅરિંગ જ્ઞાન વિષે ચમક્યો. ત્યાં તેમણે શિખર ઉપર જવા ઇચ્છા પ્રકટ કરી, જ્યાં જરાકે ચુકાય તો પડી જવાય અને પકડવા કાંઈ આધાર નહોતો. તેમણે મને કહ્યું - 'તમે જણાવ્યું કે તમે ૭૦ વર્ષના છો તો હું તમારાથી ઉમ્મરે ચાર વર્ષ યુવાન છું. અને તમારી માફક એન્જિનીઅર છું, મને ઊંચાઈનો ડર નથી.'

સંરક્ષકોની મનાઈ છતાં તે સાવચેતીપૂર્વક મંદિરના સભાગૃહના શિખર ઉપર (ઊંચાઈ ૨૪ મીટર) દરિયાની સપાટીથી ૩૩ મીટર (લગભગ ૧૧૦ ફૂટ) સખત પવન છતાં ચડ્યા. મને તો મહાવરો હતો, અહીં નાનપણથી આ મંદિર ઉપર વારંવાર ચડવાનો! પણ તેઓ ઉપર તો આવ્યા અને તે શિખરની પ્રદક્ષિણાયે કરી.

નીચે અમે લક્ષ્મીજીના મંદિરમાં દર્શન કરતા હતા ત્યારે મેં પ્રાર્થના કરી : 'યા દેવી સર્વભૂતેષુ લક્ષ્મીરૂપેણ સંસ્થિતા નમસ્તસ્મૈ નમસ્તસ્મૈ નમસ્તસ્મૈ નમોનમઃ' આમ મોટેથી હું બોલતો રહ્યો અને 'લક્ષ્મીરૂપેણ' પછી 'સિદ્ધિરૂપેણ' અને પછી 'પૂર્ણતારૂપેણ' એમ વચ્ચે બોલી છેવટે બોલ્યો : 'યા દેવી સર્વભૂતેષુ મુક્તિરૂપેણ સંસ્થિતા નમસ્તસ્મૈ નમસ્તસ્મૈ નમસ્તસ્મૈ નમોનમઃ'

પ્રાર્થના પછી દેવગોડા કહે - 'માતા લક્ષ્મીજીને સિદ્ધિ, પૂર્ણતા કે મુક્તિરૂપે નમસ્કાર કરીએ તેમાં કશી ભૌતિક સિદ્ધિની ઇચ્છા આવે છે. આપણી સાધારણ મનુષ્યોની શક્તિ બહાર આપણે માગવું શા માટે જોઈએ? આપણે તો એમ કહેવું જોઈએ કે 'યા દેવી સર્વભૂતેષુ 'ચિત્તશાંતિ'રૂપેણ સંસ્થિતા નમસ્તસ્મૈ નમસ્તસ્મૈ નમસ્તસ્મૈ નમોનમઃ' હું તેમની પ્રાર્થનાથી ડોલી ગયો.

મને કહે : 'શ્રીકૃષ્ણ પ્રભુની શ્રીમૂર્તિ સામે તેમની માતા શ્રી દેવકીજીની મૂર્તિ પ્રાચીન શિલ્પકારે મૂકી છે, એ મને સ્પર્શી ગયું. આપણે તો શ્રીમતીજીને સામે રાખીએ છીએ' એમ કહી તેઓ હસ્યા.

'એટલે તો તેઓ ભગવાન કહેવાય છે ને?' મેં કહ્યું.

દેવગોડા આ યાત્રામાં ફક્ત એકલા જ આવ્યા હતા.

અનુ.] સંમુખ સાગરમઠ [પૃ. ૩૪૭થી

તળેટીમાં બે કાળા તંબુ હતા. એ જ હતાં આ લોકોનાં રહેઠાણ. જિપ્સિ જેવી જાત હશે, ને ઋતુ પ્રમાણે અન્યાન્ય સ્થાને રહી પડતાં હશે, એવું લાગ્યું. ઉપરાંત, એક રક્ષા-સ્થાનકરૂપે એમણે રંગીન, બૌદ્ધ પ્રાર્થના-ધ્વજોની પંક્તિ પણ બાંધી દીધી હતી. ખરેખરા અર્થમાં ધર્મની ભાવના વ્યક્તિમાં સ્વયંસ્ફૂર્ત હોય છે, અને ભક્તિ-રીતિની સમજૂતી આપવાની હોતી નથી.

મારે માટે પણ એ સ્થાન પવિત્ર હતું, કારણ કે એ મહાગિરિની બાજુમાંનો સૂર્યમુખર, રજતોજ્જ્વલ એક પર્વત નખશિખ કૈલાસના આકારનો હતો. દરેક સુંદર સ્થાન દૈવી ધામ હોય છે, તે મેં જાણ્યું છે, ને પ્રમાણ્યું છે. મનનો આ સ્થાયી અભિગમ છે, ને તેથી દરેક સફર યાત્રા સમાન હોય છે.

સામે વહેણે જતી નદી છૂટી ગઈ, અને બીજી સાથે જવા માંડી. નીચાણ પર જતાં હિમાચ્છાદિત શૃંગો પણ પાછળ રહી ગયા. પહાડો ફરીથી પથરાળ - ટુકડે ટુકડે ખરતા રહેતા હોય તેવા થયા. પણ બાર-પંદર માઈલ ગયા પછી પાછું જોયું તો નોઝિન્કાન્ગા 'સા' - એટલે કે 'પર્વક' - નો પૃષ્ઠભાગ દેખાતો હતો. અસંભવ-બૃહદ્ હતો એ, અને અતિપ્રચુર બરફથી આવૃત્ત. એનો ટોચનો ભાગ પહોળો સપાટ હતો. અરે, વાહ! અગ્રમુખથી કેટલો જુદો આકાર હતો આ. અકલ્પ્ય રીતે કુદરતે એ મહોચ્ચ ગિરિરાજની કાયાપલટ કરી હતી. એ જોવાનું સૌભાગ્ય અમને મળ્યું. એનો જ હર્ષાવેગ મનમાં સંઘરવાનો હતો.

ફોટા લેવા ફરી અમે એક ઘડી માટે જ ઊભાં રહ્યાં. ગ્યાંગ્ઝે હજી બીજા એકસો કિ.મી. દૂર હતું. (ક્રમશઃ)



ભારતની વસ્તી એક અબજની

રમેશ બી. શાહ

અગિયારમી મે, ૨૦૦૦ના રોજ ભારતની વસ્તી ૧૦૦ કરોડના આંક પર પહોંચી ગઈ! આજે જેને ભારત ગણવામાં આવે છે તેની વસ્તી ૧૯૦૧માં ૨૩.૮૩ કરોડ હતી. વીસમી સદીના અંતે તે ચાર ગણાથી અધિક થઈ છે. ઈ.સ. ૧૬૫૦માં ભારતીય ઉપખંડની વસ્તી ૧૦થી ૧૨ કરોડ હોવાના અંદાજો છે. ૧૯૦૧માં ભારતીય ઉપખંડની વસ્તી ૨૮.૫ કરોડ હતી. આમ, ૩૫૦ વર્ષમાં આ વિસ્તારની વસ્તીમાં ફક્ત ૧૬ કરોડનો વધારો થયો હતો. તેની તુલનામાં ૧૯૯૧થી ૨૦૦૦ના દસકામાં કેવળ ભારતની વસ્તીમાં જ ૧૬ કરોડનો વધારો થવા પામ્યો છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં થયેલા વસ્તીવધારાને તેમાં ઉમેરીએ તો એ આંકડો ઘણો મોટો થાય.

વીસમી સદીમાં ભારતમાં થયેલા વસ્તીવધારાને સમયગાળાની દૃષ્ટિએ બે વિભાગોમાં વહેંચવામાં આવે છે. સદીના પૂર્વાર્ધમાં દેશની વસ્તીમાં ૧૨.૨૭ કરોડનો વધારો થયો હતો, ઉત્તરાર્ધમાં ૬૩.૯૦ કરોડનો વધારો થયો છે. સદીના પૂર્વાર્ધમાં ભારતની વસ્તીમાં વાર્ષિક સરેરાશ ૨૫ લાખનો વધારો થયો હતો, સદીના ઉત્તરાર્ધમાં ૧૨૮ લાખનો વધારો થવા પામ્યો છે. સદી દરમિયાન દેશની વસ્તીમાં જે કુલ વધારો થવા પામ્યો છે તેમાં સદીના ઉત્તરાર્ધનો હિસ્સો ૮૪ ટકા છે. હજી ૨૧મી સદીમાં ભારતમાં ઊંચા દરે વસ્તીવધારો ચાલુ રહેવાનો છે. બાળકોને જન્મ આપી શકે એવા વયજૂથમાં (૧૫થી ૪૯) પ્રવેશેલી કે પ્રવેશનારી સ્ત્રીઓ જન્મી ચૂકી છે. ઈ.સ. ૨૦૧૬માં ભારતની વસ્તી ૧૨૫ કરોડનો આંક વટાવી જશે એવો અંદાજ છે. વીસમી સદીના આરંભે દેશમાં જે કુલ વસ્તી હતી તેટલી તો આપણે ૨૧મી સદીના પ્રથમ દોઢ દસકામાં જ ઉમેરી લેવાના છીએ.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં થયેલો વસ્તીવધારો અપૂર્વ અને નાટ્યાત્મક ગણી શકાય એવો મોટો છે તે સાચું, પરંતુ વસ્તીના ક્ષેત્રે ભારતમાં કશું અસાધારણ કે અદ્વિતીય બન્યું નથી. ભારત કેવળ વૈશ્વિક પ્રવાહોને અનુસર્યું છે. વીસમી સદીના આરંભે વિશ્વની વસ્તી ૧.૬ અબજ હતી, સદીના અંતે તે છ અબજથી અધિક થઈ જશે. આમ, સમગ્ર વિશ્વની વસ્તી પણ વીસમી સદી દરમિયાન ચાર ગણી થઈ છે. વીસમી સદીના પૂર્વાર્ધમાં દુનિયાની તેમજ ભારતની વસ્તી વાર્ષિક સરેરાશ ૦.૮ ટકાના દરે વધી હતી, ઉત્તરાર્ધમાં વિશ્વની તેમજ ભારતની વસ્તીમાં બે ટકાથી અધિક દરે વધારો થવા પામ્યો છે.

આ સદીના પૂર્વાર્ધમાં ભારતની 'અતિ વસ્તી' ચર્ચાનો એક અગત્યનો અને લોકપ્રિય મુદ્દો હતો. એ જમાનામાં કેટલાક લોકો એમ માનતા હતા કે ભારતની વિશિષ્ટ સામાજિક પ્રથા અને ધાર્મિક માન્યતાઓને કારણે ભારતમાં જન્મદર ઊંચી સપાટી પર ટકી રહે છે અને તેથી વસ્તી ઊંચા દરે વધે છે. ભારતમાં સ્ત્રીઓમાં સાર્વત્રિક લગ્નપ્રથા, નાની વયે થતાં લગ્નો, સંયુક્ત કુટુંબની પ્રથા, પુત્રેષણા વગેરેને ઊંચા જન્મદરનાં કારણો તરીકે રજૂ કરવામાં આવતાં હતાં. દુનિયાના અન્ય ગરીબ દેશોમાં આ બધાં જે કારણો હાજર ન હોવા છતાં એ દેશોમાં પણ જન્મદર ઊંચી સપાટી પર હતો. તેમની વસ્તી ભારત જેટલા કે તેનાથીયે ઊંચા દરે વધી છે અને વધી રહી છે. આ અનુભવનો સૂચિતાર્થ સ્પષ્ટ છે : ભારતમાં ઊંચા દરે થઈ રહેલા વસ્તીવધારા માટે તેની વિશિષ્ટ સામાજિક કે ધાર્મિક પરંપરાઓ જવાબદાર નથી. વિભિન્ન સાંસ્કૃતિક પરંપરા ધરાવતા દેશો વસ્તીવધારાની બાબતમાં ભારે સામ્ય ધરાવે છે.

દેશમાં થતો વસ્તીવધારો મહદંશે દર વર્ષે જન્મતાં બાળકો અને મૃત્યુ પામતી વ્યક્તિઓ વચ્ચેનો તફાવત હોય છે. શાસ્ત્રીય પરિભાષામાં તેને જન્મદર અને મૃત્યુદર કહેવામાં આવે છે. દર વર્ષે દર હજારની વસ્તીએ થતા જન્મોને જન્મદર અને થતાં મૃત્યુને મૃત્યુદર કહેવામાં આવે છે.

ભારત સહિતના દુનિયાના અન્ય તમામ વિકાસશીલ દેશોમાં છેલ્લા પાંચ દાયકા દરમિયાન મૃત્યુદરમાં ઝડપથી ઘટાડો થયો છે, જ્યારે જન્મદરમાં ધીમી ગતિએ ઘટાડો થયો છે. ભારતની વિગતો ટાંકીને મુદ્દાને સ્પષ્ટ કરીએ.

૧૯૦૧થી ૧૯૧૧ના દસકામાં દેશમાં જન્મદર ૪૯.૨ અને મૃત્યુદર ૪૨.૬ હતો. આમ, વસ્તીવૃદ્ધિનો કુદરતી વાર્ષિક દર ૦.૬૬ હતો.

૧૯૪૧થી '૫૧ના દસકામાં જન્મદર ઘટીને ૩૯.૯ અને મૃત્યુદર ઘટીને ૨૭.૪ થયો હતો. તેથી વસ્તીવૃદ્ધિનો વાર્ષિક કુદરતી દર વધીને ૧.૨૫ ટકા થયો હતો. આમાં નોંધપાત્ર બાબત એ છે કે ૫૦ વર્ષના ગાળામાં દેશમાં મૃત્યુદરમાં ૩૬ ટકાનો ઘટાડો થયો હતો, તેની સામે જન્મદરમાં લગભગ ૧૮ ટકાનો ઘટાડો થયો હતો.

ભારતમાં ૧૯૯૭માં જન્મદર ૨૭.૨ હતો, જ્યારે મૃત્યુદર ૮.૯ હતો. આમ, સદીના ઉત્તરાર્ધમાં દેશમાં જન્મદર ૩૨ ટકા ઘટ્યો, જ્યારે મૃત્યુદર ૬૮ ટકા ઘટ્યો. તેને પરિણામે વસ્તીવૃદ્ધિનો વાર્ષિક કુદરતી દર બે ટકાની ઉપર ગયો.

દેશમાં અને દુનિયામાં મૃત્યુદરમાં ઝડપથી મોટો ઘટાડો થવાનાં કારણો જાણીતાં છે. તબીબી વિજ્ઞાને સાધેલી પ્રગતિને પરિણામે મોટી સંખ્યામાં મૃત્યુ નિપજાવતા રોગોને અંકુશમાં લઈ શકાયા છે. હવે કૉલેરા, પ્લેગ, ફ્લ્યૂ, ક્ષય, શીતળા

ઇત્યાદિને કારણે મોટી સંખ્યામાં મૃત્યુ થતાં નથી. દુષ્કાળની સ્થિતિમાં ભૂખમરાથી લોકો મોટી સંખ્યામાં મૃત્યુ પામે તે હવે ભૂતકાળની બાબત બની ગઈ છે.

તબીબી વિજ્ઞાનની જે પ્રગતિએ લોકોના સરેરાશ આયુષ્યમાં મોટો વધારો કરી આપ્યો છે, એ તબીબી વિજ્ઞાને ઓછાં બાળકોને જન્મ આપવા માટેની સામગ્રી પણ પૂરી પાડી છે, પરંતુ પાંચેક દસકાની કુટુંબનિયોજનની ઝુંબેશ પછીયે તેનો લાભ ૫૦-૬૦ ટકાથી અધિક કુટુંબો લેતાં નથી. લોકોના આ વર્તનનો ફલિતાર્થ સ્પષ્ટ છે : સારી તંદુરસ્તી સાથે લાંબું જીવવાનું બધાંને ગમે છે. તેથી તેઓ તે હેતુ માટે તબીબી સારવાર મેળવવા તત્પર રહે છે, તે માટે તેમને પ્રેરવા પડતાં નથી, પરંતુ દેશનાં બધાં કુટુંબોને ઓછાં બાળકોને જન્મ આપવાનું લાભદાયી જણાતું નથી, તેથી તે માટે તેમને પ્રેરવાં પડે છે અથવા ફરજ પાડવી પડે છે. દેશને વસ્તીવધારો બોજારૂપ લાગે છે પણ દેશનાં બધાં કુટુંબોને, કુટુંબમાં વધતી સંખ્યા બોજારૂપ લાગતી નથી. તેથી દુનિયાના તમામ દેશોમાં મૃત્યુદરની તુલનામાં જન્મદર ધીમી ગતિએ જ ઘટ્યો છે.

ભારતમાં છેક ૧૯૫૨થી કુટુંબનિયોજન માટેની નીતિ સત્તાવાર રીતે સ્વીકારવામાં આવી છે. સત્તાવાર રીતે કુટુંબનિયોજનનો કાર્યક્રમ અપનાવનાર ભારત વિકાસશીલ દેશોમાં પ્રથમ હતું. પરંતુ એ નીતિનું અપેક્ષિત પરિણામ આપણને મળ્યું નથી. છેલ્લા લગભગ ચાર દસકાથી વસ્તીવૃદ્ધિના દરને ઘટાડીને એક ટકા પર લઈ આવવાનું લક્ષ્ય આપણે નજર સમક્ષ રાખતા આવ્યા છીએ. પરંતુ હજી સુધી આપણે એ લક્ષ્ય પર પહોંચ્યા નથી. કુટુંબનિયોજનના કાર્યક્રમની પાછળ ઘણું મોટું મૂડીરોકાણ આપણે કર્યું છે અને માનવસંસાધનો પણ મોટા પ્રમાણમાં રોક્યાં છે. પરંતુ વસ્તી ઊંચા દરે વધી રહી હોવાથી છાપ એવી ઊભી થાય છે કે એ કાર્યક્રમ નિષ્ફળ નીવડ્યો છે. સરકારી રાહે કુટુંબનિયોજનનો કાર્યક્રમ અમલમાં ન મુકાયો હોત તો પણ ઉપલા વર્ગનાં તેમજ શિક્ષિત કુટુંબો ઓછાં બાળકોને જન્મ આપવાનું પસંદ કરત જ, સમાજના નીચલા વર્ગનાં અને અશિક્ષિત કુટુંબો સરકારી કાર્યક્રમ છતાં વધુ બાળકોને જન્મ આપવાનું ટાળતાં નથી એ આપણો અનુભવ છે. આ તર્ક પ્રતીતિકર જણાતો હોવા છતાં યથાર્થ નથી.

દુનિયાના અનેક દેશો એક અનુભવમાંથી પસાર થયા છે. આર્થિક વિકાસ સાથે સંકળાયેલાં સામાજિક પરિવર્તનોની પ્રક્રિયામાં આરંભમાં પ્રજનનદર વધે છે અને તેથી કેવળ મૃત્યુદરના ઘટાડાને કારણે જ નહિ, પ્રજનનદરના વધારાને કારણે પણ વસ્તીવૃદ્ધિનો દર વધતો હોય છે. ભારતમાં જૂજ પ્રાદેશિક અપવાદોને બાદ કરતાં એવું બન્યું નથી. સંયુક્ત રાષ્ટ્રસંઘની એક એજન્સી દ્વારા ભારતની વસ્તી અંગે કરવામાં આવેલા એક અભ્યાસમાં આ પ્રમાણે નોંધ કરવામાં આવી છે : 'દંપતીઓનો કુદરતી પ્રજનનદર, જે કુટુંબનિયોજનના કાર્યક્રમના અભાવમાં જોવા મળ્યો હોત, તે ૧૯૫૧થી '૮૧ દરમિયાન વાસ્તવમાં વધ્યો હતો. એ પ્રજનનદર પરિણિત સ્ત્રીઓમાં લગભગ નવ જેટલો હોત. ભારતમાં યુગોથી પરંપરાગત રીતે પ્રજનનદરને નીચે રાખતા જે નિષેધો કામ કરતા હતા તે હળવા થઈ જવાથી કુદરતી પ્રજનનદર વધ્યો હોત.' આમ, દેશમાં અપનાવવામાં આવેલા કુટુંબનિયોજનના કાર્યક્રમે ગર્ભિત (potential) રીતે મોટા વસ્તીવધારાને રોક્યો છે એ તેની સફળતા છે. [પ્રજનનદર એટલે ૧૫થી ૪૯ વર્ષની વયની સ્ત્રીઓ દીઠ જન્મતાં બાળકોની સરેરાશ સંખ્યા. તેને કુલ પ્રજનનદર કહેવામાં આવે છે. ૧૯૮૨માં દેશમાં પ્રજનનદર ૪.૫ હતો, જે કુટુંબનિયોજનના અભાવમાં હોત તેના કરતાં ઘણો ઓછો હતો.]

અહીં સુધી આપણે ભારતને એક એકમ ગણીને વસ્તીવૃદ્ધિની ચર્ચા કરી છે, પરંતુ વસ્તીની બાબતમાં દેશમાં જે પ્રાદેશિક વૈવિધ્ય જોવા મળે છે તેના પરત્વે આપણે દુર્લક્ષ સેવી શકીએ નહિ. ૧૯૮૧થી '૯૧ના દસકામાં ઉત્તર પ્રદેશમાં ૨૫ ટકાથી અધિક વસ્તીવધારો થયો હતો, જ્યારે કેરળની વસ્તીમાં ૧૪ ટકાનો વધારો થયો હતો, અને તામિલનાડુમાં ૧૫ ટકાનો વધારો થયો હતો. દેશની વસ્તીમાં 'બિમારુ' તરીકે ઓળખાતાં રાજ્યોનો હિસ્સો ૪૦ ટકા છે. તેથી ભારતમાં વસ્તીવૃદ્ધિનાં વલણો ઘણે અંશે એ 'બિમારુ' રાજ્યો નક્કી કરી રહ્યાં છે. કુટુંબનિયોજનના કાર્યક્રમને ઓછામાં ઓછી સફળતા 'બિમારુ' રાજ્યોમાં મળી છે. ['બિમારુ' રાજ્યોમાં બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે.]

દેશમાં પ્રજનનદર ૨.૧ પર પહોંચે એ પછી થોડાં વર્ષોમાં વસ્તીવૃદ્ધિ અટકી જાય છે. સમગ્ર ભારતમાં ૧૯૮૨માં સરેરાશ પ્રજનનદર ૪.૫ હતો તે ઘટીને ૧૯૯૨માં ૩.૬ થયો હતો, પરંતુ કેરળમાં તે ૧૯૯૨માં ૧.૭ થઈ ગયો હતો, જ્યારે તામિલનાડુમાં ૨.૨ અને આંધ્ર પ્રદેશમાં ૨.૮ થયો હતો. આમ, દક્ષિણનાં રાજ્યોમાં પ્રજનનદર ઝડપથી ઘટ્યો છે, પરંતુ 'બિમારુ' રાજ્યોમાં તે ઊંચી સપાટી પર ટકી રહ્યો છે, જો કે ૧૯૮૭થી '૯૨માં બિહારના શહેરી વિસ્તારોમાં તે ગણનાપાત્ર પ્રમાણમાં ઘટેલો માલૂમ પડ્યો હતો.

પ્રજનનદર ઘટવાના દૃષ્ટિબિંદુથી દેશનાં રાજ્યોને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય તેમ છે. વિભાગ-૧માં આંધ્ર, ગોવા, કેરળ અને તામિલનાડુનો સમાવેશ થાય છે, જ્યાં પ્રજનનદર ઝડપથી ઘટ્યો છે અને તે વસ્તી સ્થિર થઈ જાય તેવી સપાટી (replacement level) પર આવી ગયો છે અથવા પાંચેક વર્ષમાં આવી જશે.

વિભાગ-૨માં એવાં રાજ્યોનો સમાવેશ થાય છે જેમાં પ્રજનનદરનો ઘટાડો મોટો છે, પરંતુ એટલો મોટો નથી કે

(અનુસંધાન પૃ.૩૫૩)

ભારતનાં રાજ્યો-૪



કર્ણાટક

ડૉ. જયકુમાર ર. શુક્લ

કર્ણાટક મહારાષ્ટ્રની દક્ષિણે, આંધ્ર પ્રદેશની પશ્ચિમે તથા તમિળનાડુ અને કેરલના ઉત્તરે આવેલું રાજ્ય છે. તેની પશ્ચિમે ૨૬૦ કિ.મી.નો અરબી સાગરનો કિનારો આવેલો છે. તેનું ક્ષેત્રફળ ૧,૯૧,૭૯૧ ચોરસ કિ.મી. તથા ૧૯૯૧ની ગણતરી મુજબ ૪,૪૯,૭૭,૨૦૧ની વસતી છે. તેમાં ૮૫.૫ ટકા હિન્દુ તથા ૧૧.૭ ટકા મુસલમાનો વસે છે. રાજ્યમાં શહેરી વસતી ૩૧ ટકા લોકોની છે અને ૫૬ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે. રાજ્યના ૩૮,૬૪૬ ચો.કિ.મી. વિસ્તારમાં જંગલો આવેલાં છે. રાજ્યમાં કુલ વીસ જિલ્લા છે. મોટા ભાગના લોકો કન્નડ ભાષા બોલે છે.

રાજ્યને મુખ્ય ત્રણ પ્રદેશોમાં વહેંચી શકાય : (૧) પશ્ચિમ ઘાટના વર્ષાછાયાનો દખ્ખણનો પ્રદેશ, (૨) કિનારાની સાંકડી પટ્ટી તથા ઉત્તરનો ફળદ્રૂપ પ્રદેશ અને (૩) દક્ષિણના કાનડા જિલ્લા. આ રાજ્યમાંથી વહેતી કૃષ્ણા અને કાવેરી તેની ઉપનદીઓ સહિત પૂર્વ તરફ વહીને બંગાળના ઉપસાગરને મળે છે. શારાવતી, નત્રવતી અને કાલિ નદી ઝડપથી વહેતી અરબી સાગરને મળે છે. શારાવતી નદીનો પ્રવાહ નીચેના પ્રદેશમાં વહેવાથી જોગનો ધોધ બને છે.

ઇતિહાસ : આ પ્રદેશનો ૨૦૦૦ વર્ષનો પ્રાચીન ઇતિહાસ છે. તુંગભદ્રા નદી પ્રાચીન સમયમાં પંપા નદી કહેવાતી. તેના કિનારે રામાયણમાં ઉલ્લિખિત વાલી અને સુગ્રીવનાં પાટનગર આવેલાં હતાં. અરબી સાગર અને પશ્ચિમઘાટ વચ્ચે આવેલી કોંકણની પટ્ટી પરશુરામ ક્ષેત્ર તરીકે જાણીતી છે. કર્ણાટક રાજ્યના કેટલાક પ્રદેશો ચન્દ્રગુપ્ત મૌર્યની સત્તા હેઠળ હતા. તેણે તેનાં છેલ્લાં વરસો શ્રવણબેલગોડામાં રહીને તપ કર્યું હતું. સમ્રાટ અશોકે પણ કર્ણાટકના વિશાલ પ્રદેશો પર રાજ્ય કર્યું હતું. ઈ.સ. પૂર્વે ૩૦માં દક્ષિણમાંથી સાતવાહનો અહીં આવ્યા. તેમણે દખ્ખણમાં ૩૦૦ વર્ષ રાજ્ય કર્યું. ત્યાર બાદ કદમ્બ (ઈ.સ. ૩૨૫-૫૪૦), તાલકદના ગંગ (ઈ.સ. ૩૨૫-૯૯૯), બદામીના ચાલુક્યો (ઈ.સ. ૫૦૦-૭૫૭), માલખેડના રાષ્ટ્રકૂટો (ઈ. ૭૫૭-૯૭૩), કલ્યાણીના ચાલુક્યો (ઈ. ૯૭૩-૧૧૯૮), દેવગિરિના સેઉનો (ઈ.૧૧-૯૮-૧૩૧૩), દ્વારસમુદ્રના હોયસલો (ઈ.૧૦૦૦-૧૩૪૬) અને વિજયનગર સામ્રાજ્યના રાજાઓ (ઈ.૧૩૩૬-૧૫૬૫)એ આ પ્રદેશમાં રાજ્ય કર્યું. બહમનશાહે સ્થાપેલ બહમની રાજ્ય (ઈ.સ. ૧૩૪૭-૧૫૨૭)ને વિજયનગર સામ્રાયજ્ય સાથે લડાઈઓ થતી. તેને ઉત્તરના મુસ્લિમ રાજ્યો સાથે પણ લડાઈઓ થતી. પંદરમી સદીના છેલ્લા દાયકામાં બહમની રાજ્યનું પાંચ રાજ્યોમાં વિઘટન થયું. તેમાંનાં બિજાપુર તથા બિડરનાં રાજ્યો કર્ણાટકમાં આવેલાં હતાં. બિજાપુરમાં કેટલાક પ્રતાપી સુલતાનો થયા. તેમાંના મહંમદ આદિલશાહે ગોળગુંબજ બંધાવ્યો હતો. ૧૬મી સદીમાં મુઘલોએ બિજાપુર તથા બિડરનાં રાજ્યો જીતી લીધાં. મૈસુરમાં ઈ.સ. ૧૩૯૯માં વાડિયાર વંશની સ્થાપના થઈ. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં (ઈ.૧૭૬૧-૯૯) હૈદરઅલી અને પછી ટીપુ સુલતાને ત્યાં રાજ્ય કર્યું. તેના પરાજય પછી અંગ્રેજોએ તેના રાજ્યનું વિભાજન કરી બેલારી, અનંતપુર, કુડાપા અને કર્નુલના પ્રદેશો નિઝામને સોંપ્યા. ઉત્તર કર્ણાટકનો પ્રદેશ મરાઠાઓને તથા બાકીના વિસ્તારો મુંબઈ તથા મદ્રાસ ઇલાકામાં ભેળવી દેવામાં આવ્યા. મધ્યમાં આવેલું મૈસુરનું રાજ્ય અગાઉના વાડિયાર વંશના વારસને આપ્યું. ભારત સ્વતંત્ર થયા બાદ મૈસુર રાજ્યનું વિલીનીકરણ થયું.



જોગનો ધોધ


ભાષાવાર પ્રાંતરચના થતાં ૧૯૫૬માં મૈસૂરનું અલગ રાજ્ય થયું. તેનું ૧૯૭૩માં કર્ણાટક નામાભિધાન કરવામાં આવ્યું.

લોકો : કર્ણાટકમાં પૂર્વ દ્રવિડ, દ્રવિડ તથા આર્ય પ્રજા વસે છે. સમય જતાં તેઓનું મિશ્રણ થયું છે. કોડાવાના વૉરિઅર-પ્લાન્ટર્સને ટીપુ સુલતાન કે અંગ્રેજો જીતી શક્યા નહોતા. ઉત્તરમાં લિંગાયતોની મોટી વસતી છે. ૧૨મી સદીમાં બિજાપુર જિલ્લામાં બસવેશ્વર થઈ ગયા. તેમણે સામાજિક અને ધાર્મિક સુધારા કર્યા. લિંગાયતો તેમના અનુયાયી છે. પશ્ચિમ કિનારાના પ્રદેશોમાં માછીમારો વસે છે. આ ઉપરાંત વોક્કલિગા, બ્રાહ્મણો, નિલગીરીના ટોડા જાતિના તથા દલિત લોકો ત્યાં વસે છે.

નૃત્ય : કુર્ગના કોડાવા લોકનૃત્યોમાં કુશળ ગણાય છે. જંગલના ઉચ્ચપ્રદેશોમાં વસતા વણઝારા પોતાનાં અલગ નૃત્યો કરે છે. કર્ણાટકી સંગીત નામથી જાણીતું શાસ્ત્રીય સંગીત શિષ્ટ પ્રકારનું ગણાય છે. ધારવાડ સંગીતનું મહત્ત્વનું કેન્દ્ર છે. મલ્લિકાર્જુન મનસૂર અને ગંગુબાઈ હંગલે સંગીતજ્ઞો તરીકે પ્રસિદ્ધિ મેળવી છે. ૧૨મી સદીથી યક્ષગાન નામની નૃત્યનાટિકા અહીં ભજવાય છે.

પાટનગર : બૅંગલોર યેલહંકા પ્રભુવંશના કેમ્પેગૌડાએ ઈ.સ. ૧૫૩૭માં વસાવ્યું હતું. તે ઉદ્યાનોના નગર તરીકે જાણીતું છે. કર્ણાટકમાં પ્રાચીન રાજ્યોનાં પાટનગરો આવેલાં છે. ૮મી-૯મી સદીમાં બદામી ચાલુક્યોનું પાટનગર હતું. પટ્ટાદકલ તેમની બીજી રાજધાની હતી. ૧૪માંથી ૧૬મી સદીમાં વિજયનગર સામ્રાજ્યની રાજધાની કર્ણાટકમાં હતી. તે હાલમાં હંપી નામે ઓળખાય છે. આદિલશાહીની રાજધાની બિજાપુર તથા વાડિયાર રાજાઓની રાજધાની મૈસૂર પણ આ રાજ્યમાં આવેલ છે. બૅંગલોર, બેલગામ, હુબલી તથા મૅંગલોર રાજ્યનાં હવાઈ મથકો છે.

ઉત્સવો : આસો મહિનામાં નવરાત્રિના ઉત્સવ દરમિયાન લક્ષ્મી, સરસ્વતી, શક્તિ વગેરે દેવીઓની પૂજા તથા પ્રાર્થના બાદ દસમે દિવસે દશેરાનો ઉત્સવ ધામધૂમથી ઊજવવામાં આવે છે. દેવી ચામુંડેશ્વરીએ મહિષાસુરને માર્યો અને વિજય મેળવ્યો. તેને અનુલક્ષીને મૈસૂરમાં હાથી, ઘોડા, રથ, બૅંડવાજાં તથા લશ્કર સહિતની ભવ્ય સવારી કાઢવામાં આવતી. તે જોવા માટે મૈસૂર રાજ્યનાં હજારો લોકો ભેગાં થતા અને ઉત્સવ મનાવતાં હતાં. કન્નડ નવું વર્ષ ઉગાદી-માર્ચ મહિનામાં શરૂ થાય છે. લોકો તેની ઉજવણી કરે છે. તે માટે સ્નાન અને પૂજા કર્યા બાદ લીંમડાનાં કડવાં પાન તથા ગોળ ખાવાની પ્રથા છે. એવી જ માતૃદેવી શક્તિના અવતાર તરીકે મહાભારતની દ્રૌપદીની પૂજા કરવાનો કારગ ઉત્સવ કર્ણાટકનો ભવ્ય પ્રસંગ ગણાય છે. તેની વિધિ દ્રૌપદીના કુળના ગણાતા વહનકુળના ક્ષત્રિયો કરે છે. ગુલબર્ગના મુસલમાનો ઑક્ટોબર-નવેમ્બર મહિનામાં હઝરત ખ્વાજા બંદે નવાઝ ચિશ્તીનો ઉર્સ ધામધૂમથી ઊજવે છે.


૧૮ મીટર ઊંચી ગોમટેશ્વરની પ્રતિમા

આ રાજ્યમાં ડાંગર, જુવાર, બાજરો, મકાઈ, શેરડી, મગફળી, કૉફી, નાળિયેર, તમાકુનો પાક થાય છે. ખેતી એક મહત્ત્વનો વ્યવસાય છે. દેશનું સૌથી મોટું ૩,૦૪,૦૦૦ હેક્ટરનું ચંદનનાં ઝાડનું જંગલ કર્ણાટકમાં આવેલું છે. તેની સુખડ, વાંસ, સાગ, રબર તથા શેતૂર (રેશમ માટે) પણ થાય છે. કર્ણાટકમાં સોનું અને ચાંદી જેવી કીમતી તથા લોઢું, તાંબું, ક્રોમિઅમ અને ચૂનાંના પથ્થરો જેવાં ઉપયોગી ખનિજોનું ઉત્પાદન થાય છે.

પ્રાણીસૃષ્ટિની યોગ્ય જાણકારી થઈ શકે તે માટે કર્ણાટકમાં કુલ ૧૯ અભયારણ્યો છે. બાંદીપુર નૅશનલ પાર્કમાં વાઘનું અભયારણ્ય છે. નાગરહોલે પ્રાણીસૃષ્ટિ અભયારણ્યમાં લંગુર, વાંદરા, સાબર, હરણ, ચિત્તા અને વાઘ જોવા મળે છે.

રાજ્યની કુલ ૩૧૯૨ કિ.મી.ની રેલવેમાં ૨૧૭૩ કિ.મી. બ્રોડગેજ, ૯૧૭ કિ.મી. મીટરગેજ તથા ૧૦૨ કિ.મી. નૅરોગેજ રેલવે આવેલી છે.

ઉદ્યોગો : કર્ણાટકમાં હિન્દુસ્તાન મશીન ટુલ્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિ., હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ., ઇન્ડિયન ટેલિફોન ઇન્ડસ્ટ્રિઝ, મૅંગલોર કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિ. જેવાં ભારે ઉદ્યોગો મોટા પ્રમાણમાં આવેલા છે. અહીં કાપડ, ઘડિયાળો, ખાંડ, સિમેન્ટ, કાગળ, રસાયણો, સાબુ, ઇલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ સાધનો, રેલવેના કોચ, વિમાનો વગેરેનું સારા પ્રમાણમાં ઉત્પાદન કરવામાં આવે છે. આ ઉપરાંત અહીંનું સુખડનું કોતરકામ, હાથીદાંતનું કોતરકામ, અત્તરો, રેશમ વગેરે સમગ્ર દેશમાં વખણાય છે.

જોવાલાયક સ્થળો : કર્ણાટકનું પાટનગર બૅંગલોર વેપારઉદ્યોગ ઉપરાંત તેના વિવિધ ઉદ્યાનો માટે જાણીતું છે. મૈસૂરમાં કૃષ્ણરાજસાગર બંધ પાસે બનાવેલ વૃન્દાવન ગાર્ડન્સ ભારતના શ્રેષ્ઠ ઉદ્યાનોમાંની એક છે. ત્યાં રાત્રે રંગીન ફુવારા ઊડે છે, જે દરરોજ હજારો દર્શકોને આકર્ષે છે. મૈસૂરનો રાજમહેલ, શ્રવણબેલગોડામાં આવેલ ગોમટેશ્વરની વિરાટ મૂર્તિ, બદામી, ઐહોલ અને પટ્ટાદકલનાં વિશાળ ખડકો કોરીને બનાવેલાં

૧૩૦૦ વર્ષ જૂનાં મંદિરો, હંપીમાં વિજયનગરની ઈમારતોના અવશેષો, ગુલબર્ગ બિડર અને બિજાપુરની ઐતિહાસિક ઈમારતો સમગ્ર દેશના લાખો પ્રવાસીઓને આકર્ષે છે. બિજાપુરનો ગોળગુંબજ ત્યાંના સુલતાન મોહંમદ આદિલશાહે બંધાવ્યો હતો. તે ભારતમાંનો સૌથી મોટો અને રોમમાં સેંટ પીટરના બેસિલિકાના ઘૂમટ પછી દુનિયામાં બીજા નંબરનો મોટો ઘૂમટ છે. આ ઘૂમટ ૧૭૦૪ ચોરસ મીટરનું ક્ષેત્રફળ તથા ૬.૬ મીટરની ઊંચાઈ ધરાવે છે. તેની ૩ મીટર પહોળી વ્હીસ્પરિંગ ગેલરીમાં બોલેલા શબ્દોના બાર પડઘા પડે છે.

વિશિષ્ટતા : આધુનિક લડાઈઓમાં હૈદરઅલીએ ઈ.સ. ૧૭૮૦માં સૌપ્રથમવાર અગ્નિબાણ iron cased rocketsનો અંગ્રેજો સામે ગંતુરમાં ઉપયોગ કર્યો હતો. ત્યાર બાદ તેના પુત્ર ટીપુ સુલતાનને ઈ.સ. ૧૭૯૯માં અંગ્રેજો સામે ફરી વાર અગ્નિબાણોનો ઉપયોગ કર્યો હતો. તેની રેન્જ ૩ કિ.મી.ની હતી.

કર્ણાટકમાં બૅંગલોરથી ૧૬૦ કિ.મી.ના અંતરે આવેલા ૧૪૫૩ મીટરની ઊંચાઈવાળા ઈન્દ્રગિરિ પર્વત ઉપર શ્રવણબેલગોડામાં આવેલ ગોમટેશ્વરની (જૈન મુનિ સંત બાહુબલી તરીકે જાણીતા) ૧૮ મીટર ઊંચી એક જ વિશાળ શિલામાંથી કોતરેલી છે. આ મૂર્તિવિધાનનું કાર્ય ઈ.સ. ૯૮૧માં પૂરું થયું હતું.

કર્ણાટકે પ્રખ્યાત ચિત્રકાર રાજા રવિ વર્મા, સંસ્કૃતના પ્રકાંડ પંડિત ગણપતિ શાસ્ત્રી, વિશ્વવિખ્યાત ગણિતજ્ઞ રામાનુજ, ફિલ્ડ માર્શલ કે.એમ. કરીઆપ્પા તથા જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ગિરીશ કર્નાડની દેશને ભેટ આપી છે. શૈવ સંપ્રદાયના સ્થાપક બસવેશ્વર, સાયણ અને માધવ જેવા મંત્રીશ્વરો, ઈજનેર અને દીર્ઘદર્શી મંત્રીશ્વર વિશ્વેસરૈયા તથા વેદની ટીકા લખનાર સાયણાચાર્ય કર્ણાટકમાં થઈ ગયા. તેમણે સંસ્કૃત, કન્નડ, તમિલ અને તેલુગુ સાહિત્યને તથા કલાને પ્રોત્સાહન આપ્યું હતું.

શેતૂરનાં વૃક્ષો મુખ્યત્વે જૂના મૈસૂર રાજ્યના વિસ્તારોમાં ઊગે છે અને ભારતના રેશમના ઉત્પાદનમાં તેનો ૮૫ ટકા હિસ્સો છે. જૂના મૈસૂર રાજ્યમાં દીવાન વિશ્વેસરૈયાની દીર્ઘદૃષ્ટિ, આયોજન તથા લોકકલ્યાણની ઉત્કૃષ્ટ ભાવનાને કારણે ઉદ્યોગો, સિંચાઈ, શિક્ષણ, જળવિદ્યુત વગેરે ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ થયો હતો.

સિંચાઈ : કર્ણાટક રાજ્યમાં ૧૯૫૬માં ૭,૪૦,૦૦૦ હેક્ટર જમીનમાં સિંચાઈ થતી હતી. ૧૯૮૪-૯૫માં વધીને તેણે ૨૪ લાખ હેક્ટર જમીન આવરી લીધી. કાવેરી, કૃષ્ણા, તુંગભદ્રા, વારાહી, કાલિની, વેદવતી, હેમવતી વગેરે નદીઓ ઉપર આયોજનપૂર્વક બંધ બાંધવામાં આવ્યા અને સિંચાઈની સગવડો વધારવામાં આવી.

ઊર્જા : કર્ણાટકની અનેક નદીઓનો ઉપયોગ જળવિદ્યુત માટે કરવામાં આવે છે. તેમાં કાવેરી નદી ઉપરનો શિવસમુદ્રમ્ પ્રોજેક્ટ, શરાવતી હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ મુખ્ય છે. રાજ્યમાં વીજળીનું ઉત્પાદન ૧૯૭૩માં ૯૪૭ મેગાવૉટ થતું હતું. તેમાં પુષ્કળ વધારો કરીને ૧૯૮૫-૮૬માં ૮૪.૫ કરોડ વૉટ વિદ્યુતશક્તિ ઉત્પન્ન થઈ હતી. □

અનુ.] ભારતની વસ્તી [પૃ.૩૫૦થી

જેથી વસ્તી સ્થિર થઈ જાય. આ રાજ્યોમાં પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર, પ.બંગાળ વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતમાં પ્રજનનદર ૧૯૮૨થી '૯૨ના દસકામાં ૪.૨થી ઘટીને ૩.૨ થયો છે. વસ્તીને સ્થિર કરવા માટે હજી ગુજરાતે લાંબી મજલ કાપવાની છે.

વિભાગ-૩માં 'બિમારુ' રાજ્યોનો સમાવેશ થાય છે. એ રાજ્યોમાં પ્રજનનદરમાં ગણનાપાત્ર ઘટાડો થયો નથી. આ રાજ્યોમાં ભૂતકાળમાં જે દરે પ્રજનનદર ઘટ્યો છે એ જ દર જો ૨૧મી સદીમાં ચાલુ રહે તો તેને ૨.૮ની સપાટી પર પહોંચતાં પણ પાંચેક દસકા લાગે તેમ છે. [કેરળમાં પ્રજનનદર ૧૯૮૨માં ૨.૮ પર પહોંચ્યો હતો તેના આધારે એ આંકડો પસંદ કરવામાં આવ્યો છે.]

સામાજિક પરિવર્તનોની આગાહી ત્રિરાશીનો દાખલો માંડીને કરી શકાતી નથી એ આંધ્રના અનુભવ પરથી સમજાય છે. આંધ્રમાં છેલ્લા દોઢેક દસકા દરમિયાન પ્રજનનદરને મોટા પ્રમાણમાં પ્રભાવિત કરે એવો કોઈ આર્થિક કે સામાજિક વિકાસ સધાયો નથી અને છતાં એ રાજ્યમાં એક દસકા જેટલા ટૂંકા ગાળામાં પ્રજનનદરમાં મોટો ઘટાડો નોંધાયો છે. દેશનાં અન્ય રાજ્યોમાં તેનું પુનરાવર્તન નહિ થાય એમ માનવાને કારણ નથી. ઉપર નોંધ્યું છે તેમ બિહારના નગર વિસ્તારોમાં પ્રજનનદરમાં નહિ ધારેલો ઘટાડો થવા પામ્યો છે. આગામી સદીના પ્રથમ દોઢ દસકા દરમિયાન તજજ્ઞો આગાહી કરે છે તેના કરતાં વધુ ઝડપથી દેશમાં પ્રજનનદર ઘટશે એવાં ચિહ્નો દૃષ્ટિગોચર થઈ રહ્યાં છે.

વીસમી સદીના પૂર્વાર્ધમાં ૩૦ કરોડની આસપાસની જનસંખ્યા આપણને વધારે પડતી લાગતી હતી. છેલ્લા પાંચ દસકામાં આપણે તેમાં ૬૦ કરોડથી અધિક વસ્તી ઉમેરી છે અને છતાં વસ્તીમાં થયેલા આ પ્રચંડ વધારાને થોડું ઊંચું જીવનધોરણ પૂરું પાડી શકાયું છે. સદીના મધ્ય ભાગે લોકોનું સરેરાશ આયુષ્ય ૩૨ વર્ષનું હતું તે વધીને ૬૨ વર્ષથી અધિક થવા પામ્યું છે. સાક્ષરતાનું પ્રમાણ ૧૮ ટકાથી વધીને ૧૯૯૭માં ૬૨ ટકા પર પહોંચ્યું છે. સદીના પૂર્વાર્ધમાં. વિશેષ કરીને ૧૯૩૫ પછી, અનાજની તંગી અનુભવતો અને અન્નની આયાતો પર અવલંબતો દેશ અનાજના ક્ષેત્રે સ્વાવલંબી બન્યો છે. વસ્તીમાં થયેલા મોટા વધારા છતાં માથાદીઠ અનાજની વપરાશમાં વધારો થયો છે. દુનિયાના ગરીબતમ ગણાતા દેશોના જૂથમાં રહેલું ભારત પાંચ વર્ષમાં ૬૦ કરોડની વધારાની વસ્તીને સમાવી શક્યું અને થોડું ઊંચું જીવનધોરણ આપી શક્યું તે નાની સિદ્ધિ નથી. □

——— પ્રસંગપરાગ ———

ભારતદર્શન - રામદુવારે...

——— વિનોદ અધ્વર્યુ ———

ના. વાત અયોધ્યા-ચિત્રકુટ-રામટેક વગેરેની નથી. ઠેઠ રામેશ્વરના આંગણાની છે, અને અત્યારની નહીં, વર્ષો પહેલાંની ૧૯૫૮ના મે માસની.

ત્યારે આજે છે તે નવો પાંબન પુલ નહોતો. કાંઠાને અને સમુદ્રને જોડતો જૂનો પાંબન પુલ નીચે અને આજુબાજુ કશાય કઠેરા જેવા માળખા વગરનો.

રામેશ્વર જઈ રહ્યા છીએ - પણ પહેલાં ધનુષ-કોડી જવું છે. અમારી ટ્રેન પાંબન પુલ પરથી પસાર થઈ રહી છે. સાગરમાં ભરતી છે. એટલે પાણી છેક પાટાની ઉપર છે - ગાડીના ઉપરનાં પગથિયાંને છાલકો મારે છે. ખુલ્લા બારણામાં સાગરજલમાં પગ ઝબોળી બેઠા બેઠા જાણે જલજહાજની મજા માણીએ છીએ...

ને આ ધનુષકોડી નાનકડું ગામ. રેલવેનું છેલ્લું સ્ટેશન. તેનું મહત્ત્વ? સિલોનની સ્ટીમર અહીંથી ઊપડે એટલે સિલોન આવતા-જતા ઉતારુઓ છેક જેટી સુધી ગાડીમાં બેસે. પણ બીજું મહત્ત્વ - આ રામતીર્થ. રામચંદ્રજીએ સમુદ્રને માર્ગ દેવા અહીંથી પડકાર ફેંકેલો - અહીંથી ધનુષ્ય ખેંચેલું! - કાંઠો પણ અર્ધગોળાકાર, ધનુષ્ય આકારનો અને અહીંથી શરૂ થઈ સિલોન પહોંચે. સમુદ્રના ઊંડાણમાં છે આવી સેતુ જેવી ટેકરીઓની હાર ભારત અને સમુદ્રને સાંકળતી!

પણ ભારતીયોનું તો આ તીર્થ. પછી આ જ ટાપુ પર રામચંદ્રજીને હાથે જે શિવલિંગ સ્થપાયું - કહેવાય છે કે રાવણના પુરોહિતપદે! - તે જ પેલું રામેશ્વર! એનું ઉત્તુંગ શિખર અહીંથી દેખાય છે. આ તો તીર્થ ગણાય એટલે સમુદ્રતીરે ખૂબ પ્રાચીન સમયનાં પથ્થરનાં રચેલાં મંદિરો જેવા મંડપો છે - નાનું મંદિર પણ છે. અહીં સમુદ્રસ્નાનનો મહિમા છે.

પણ... મે મહિનાનો ઉનાળો. બપોરનો સમય. સખત તાપ. અને સ્ટેશનથી સમુદ્રતટના મંડપ સુધી પહોંચવાનું છે - ખુલ્લા રેતીપટમાં ચાલીને જ !

આ ગ્રીષ્મમધ્યાહ્ને ચાલતાં અમારી ચરણરક્ષા કરવાનું, અમારી ચરણપાદુકાઓ-ચંપલોનું શું ગજું? ક્યાંય વૃક્ષ નથી - એટલે છાંયડો નથી. માત્ર તગતગતી રેતી અને સામે ચળકતો ઊછળતો બંગાળનો ઉપસાગર! પગ બળે છે, શરીર તગતગે છે. આંખો અંજાય છે. ખભે સામાન ઉપાડી ઘડીક થોભતા ઘડીક દોડતા ચાલ્યા જઈએ છીએ, પણ ખાસ સાચવીએ છીએ અમારા હાથમાંનાં પડીકાંને! સમુદ્રતટે તો કશું જ ન મળે અને સમુદ્રસ્નાન પછી ભોજન તો કરવાનું હોય જ! એટલે સ્ટેશન પરથી મળી તે આહાર-સામગ્રી પુરી-સૂકીભાજી-વડા-દહીંભાત વગેરે જે મળ્યું તે - લઈ લીધું છે. દરેકના હાથમાં એક એક ચીજનું પડીકું છે. તેને છૂટી જતાં - વેરાઈ જતાં - પડી જતાં રોકી જાળવીને અમારી પાંચેક જણની - એક દંપતી અને ત્રણ છોકરડાંઓની નાનકડી ટુકડી બળબળતી રેતીમાં લગભગ દોડતી જાય છે. ઝટ સમુદ્રતટે પહોંચી જઈને ન્હાવું છે... ખાવું છે.

પણ... કદાચ પેલી રામેશ્વરના મંદિર પર ફરફરતી ધજાનો અણસાર... કદાચ પેલા સાગરના ઘેરા ગર્જનનો આદેશ જુદો છે! અમે દોડતાં જઈએ છીએ ત્યાં, નાનાં નાનાં બાળકોનું ટોળું પાછળ પડ્યું છે. નાનાં, શ્યામ, લગભગ નિર્વસ્ત્ર, ક્યાંક જરાક ફાટ્યુંતૂટ્યું વસ્ત્ર વળગાડેલું હોય!...

પાછળ દોડતાં દોડતાં તેમની ભાષામાં માગે છે... એક પૂરી આપો! દોડતાં થાકતાં રોકાઈએ ત્યારે પાછળ જોઈએ છીએ તો આઠદસ છોકરાં... લગભગ છ વર્ષથી આઠદસ વર્ષની ઉંમરનાં હાથ લંબાવીને આજીજી કરે છે... 'એક પૂરી આપો ને!'

શરીર કંતાયલાં છે. આંખો પીળી છે. મોં પર દીનતા છે. અવાજમાં કરુણ આજીજી છે. લંબાવેલા હાથમાં લાચારી છે. સમગ્ર શરીરમાં ભૂખનાં તરફડિયાં છે.

અમે ચંપલ - એકાદ જણે બૂટ પણ પહેર્યા છે - સાથે સાથે કપડું ઢાંકીને પૂરાં વસ્ત્રોથી શરીર રક્ષીને - ને તોય તાપથી દાઝતાં પિડાતાં ચાલીએ છીએ... જ્યારે આ બાળકો... ખુલ્લે માથે, ખુલ્લે શરીરે, ખુલ્લે પગે, વૈશાખી બપોરના બળબળતા સૂરજ નીચે અને સડસડતી રેતી પર દોડી રહ્યાં છે... અમારા હાથમાંનાં પડીકાં જોઈને. એક પૂરી માટે!

થોભતાં થોભતાં નજર કરી એમના તરફ - એક વાર બે વાર... પછી ના જીરવાયું... આંતરડી કકળી ઊઠી. અમે સૌએ એકબીજાંની સામે જોયું. જાણે મૂક સંવાદ થઈ ગયો! અને બધાંએ એક સાથે પોતપોતાનાં પડીકાં પેલાં બાળકો આગળ મૂકી દીધાં!

ઘડીભર તો માન્યામાં ન આવતું હોય તે બધાં અમારી સામે ટગર ટગર જોઈ રહ્યાં. કંઈક ભય પણ લાગતો હશે. પણ અમે ચાલવા માંડ્યું. ને પછી પાછળ ફરીને જોયું તો બધાં આનંદથી પડીકાં પર તૂટી પડ્યાં હતાં અને હાથમાં આવ્યું તે ખાતાં ખાતાં નાચતાં હતાં!...

... અમે સાગરસ્નાન કર્યું! ભોજન તો કરવાનું રહ્યું નહોતું! પણ હૃદયમાં જે જોયું તેની ગ્લાનિ હતી! જે કર્યું તેનો સંતોષ હતો. આજે એ ધનુષકોડી તો સમુદ્રના પ્રચંડ તોફાનમાં ગરકાવ થઈ ગયું છે! એ એ મંડપ વગેરે નથી... જે છે તે બધું નવું છે... પંબન પુલ પણ. પરંતુ જ્યારે જ્યારે રામેશ્વરયાત્રાનું સ્મરણ થાય છે ત્યારે એ ભવ્ય શિવાલયની ભૂમિકા પર, રામસ્થાપ્યા શિવતીર્થને આંગણે એક પૂરી માટે ગરમ રેતીમાં પાછળ દોડતાં એ બાળકોનું ચિત્ર અવશ્ય દેખાય છે!

રામેશ્વરમાં ભારતીય સંસ્કૃતિના તીર્થરૂપ એક ભારતદર્શન હતું, તો તેની જ છાયામાં ધનુષકોડીમાં આ પણ હતું જીવંત ભારતદર્શન!... 'યે મેરા ઇન્ડિયા! ૧૯૫૮નું! - તો આજનું કેવું હશે? - 'ઇન્ડિયા ટુ ડે?' □

પરમાણુ-ઊર્જા કાર્યક્રમ - ૧

પ્રહ્‌લાદ છ. પટેલ

વિદ્યુતઊર્જા ભિન્ન ભિન્ન રીતે મેળવી શકાય છે. જ્યાં મોટાં જળાશય અને પાણીનો પુરવઠો સુલભ હોય ત્યાં જળવિદ્યુત સાનુકૂળ રહે છે, કારણ કે તે પરવડે તેવી અને શુદ્ધ હોય છે. જ્યાં તેલ અને કોલસો ઉપલબ્ધ હોય ત્યાં ઉષ્માઊર્જા વડે વિદ્યુત મેળવી શકાય છે, પણ તેમ કરતાં પ્રદૂષણ પેદા થાય છે. જ્યાં પાણી, પવન અને પ્રકાશ ઉપલબ્ધ હોય ત્યાં પણ વિદ્યુત પેદા કરી શકાય છે, પણ અત્યારે આ માટેની સક્ષમ અને આર્થિક રીતે પરવડે તેવી ટેકનોલૉજિ હાથ લાગી નથી. પણ આવી વિદ્યુતઊર્જા સો પ્રતિશત શુદ્ધ હોય છે.

જ્યાં વિદ્યુતઊર્જા પેદા કરવા માટે આવાં પ્રાકૃતિક સંસાધનો ઉપલબ્ધ ન થાય ત્યાં પરમાણુ-ઊર્જા વડે વિદ્યુત પેદા કરવાનો એક સારો વિકલ્પ છે. પૂરતી સલામતી સાથે પરમાણુ-રીએક્ટર તૈયાર કરવામાં આવે તો તેના વડે મળતી વિદ્યુત ઊર્જા પણ શુદ્ધ હોય છે.

ભારત જેવા વિશાળ રાષ્ટ્રના, જ્યાં વસ્તી કૂદકે અને ભૂસકે વધતી જાય છે, પારિપ્રેક્ષ્યમાં ભવિષ્યમાં વિદ્યુતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ડૉ. હોમી ભાભાએ પરમાણુ ઊર્જાના ઉત્પાદન માટે પાયો નાખ્યો. વિદ્યુતઉર્જાના ઉત્પાદનની રૂપરેખા તૈયાર કરી, પણ તેમની હયાતીમાં તેનો અમલ થાય તે પહેલાં તેમનું આકસ્મિક અવસાન થયું. આથી પરમાણુઊર્જા ઉત્પાદન કાર્યક્રમની જવાબદારી ડૉ. વિક્રમ સારાભાઈના શિરે આવી. ભાભાએ તૈયાર કરેલ પાયાને વિક્રમભાઈએ વિસ્તૃત કર્યો, મજબૂત કર્યો અને કાર્યક્ષમ બનાવ્યો. આ સાથે અવકાશ સંશોધન અને તેના ઉપયોગો પ્રત્યે પણ વિક્રમભાઈએ તેમની શક્તિ કેન્દ્રિત કરી. વિક્રમભાઈ પરમાણુઊર્જા ઉત્પાદન કાર્યક્રમ અને અવકાશ સંશોધન અને તેના ઉપયોગો એમ બે ઘોડા ઉપર સફળ સવારી કરતા રહ્યા. તેમનું પણ નાની વયે અકાળ અવસાન થતાં ભારતે બીજો આંચકો અનુભવ્યો.

ભાભા અને વિક્રમભાઈની એક ખાસ વિશિષ્ટતા દાદ માગે તેવી છે. આ મહાનુભાવોએ સક્ષમ વિજ્ઞાનીઓનું સારું એવું વૃંદ તૈયાર કર્યું છે. વિક્રમભાઈના અવસાન બાદ ડૉ. હોમી શેઠના, ડૉ. રાજા રમન્ના, ડૉ. એમ.એલ. શ્રીનિવાસન, ડૉ. પી.કે. આયંગર અને હાલ ડૉ. રાજગોપાલ ચિદમ્બરમે પરમાણુઊર્જા કાર્યક્રમને પૂરઝડપે આગળ ધપાવ્યો છે. સંશોધન અને પાવર રીએક્ટરની હારમાળા અને ૧૯૭૪ અને ૧૯૯૮ના પોકરણ પરમાણુ પરીક્ષણો પરમાણુઊર્જા કાર્યક્રમની પ્રગતિની સાક્ષી પૂરે છે. પ્રો. સતીશ ધવન, પ્રો. યુ.આર. રાવ, ડૉ. કસ્તૂરીરંગન, પ્રો. પ્રફુલ્લ ડી. ભાવસાર અને અન્ય મહાનુભાવોએ અવકાશ સંશોધનના કાર્યક્રમને આગળ ધપાવી રાષ્ટ્રના નવનિર્માણમાં સારું એવું યોગદાન કર્યું છે. દૂર સંવેદન ઉપગ્રહો અને વિવિધલક્ષી ઇન્સેટ ઉપગ્રહોની શ્રેણીઓથી અવકાશ વિજ્ઞાન-સંશોધન અને ઉપયોગોની પ્રતીતિ થાય છે.

રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં વિદ્યુતઊર્જા મહત્ત્વનો ઘટક છે. આર્થિક વિકાસ માટે ઉદ્યોગો, કૃષિ અને અન્ય પરિબળમાં તે અનિવાર્ય છે. આજે ભારતના ઉદ્યોગો, કૃષિ અને ઘરેલુ હેતુઓ માટે જે વિદ્યુતઊર્જાની જરૂર છે તે અને આજે મળતી વિદ્યુતઊર્જા વચ્ચે મોટો ગાળો છે, જે પૂરવાની તાતી જરૂરિયાત છે. વિકસિત રાષ્ટ્રોની સમૃદ્ધિનો આધાર વિદ્યુતઊર્જા છે એમ કહી શકાય. અન્ય પરિબળો પણ ખરાં.

નીચે આપેલ પરમાણુ રીએક્ટરની સંખ્યા આ બાબતની ઝાંખી કરાવે છે. આજે દુનિયાભરમાં કુલ કાર્યરત ૪૩૪ પરમાણુ રીઍક્ટર મથકો છે. અને ૩૬ રીએક્ટરનું નિર્માણ ચાલુ છે. તેમાં ૧૮ રાષ્ટ્રો તેમને જરૂરી વિદ્યુતઊર્જાનો ચોથો ભાગ પરમાણુઊર્જા વડે જ મેળવે છે. દુનિયામાં ન્યુક્લિઅર ઊર્જા વડે ઉત્પાદિત વિદ્યુત લગભગ ૨૨૯૧.૪ ટેરાવૉટ - કલાક (૧૦^{૧૨} વૉટ કલાક = ૧૦^{૯} એટલે કે એક અબજ એકમ છે. હાલ ૩૨ રાષ્ટ્રો પરમાણુ રીએક્ટર વડે વિદ્યુતઊર્જા પેદા કરે છે. તેમાં પ્રથમ ક્રમનાં ૧૧ રાષ્ટ્રોમાં રીઍક્ટરની સંખ્યા નીચે પ્રમાણે છે :

રીઍક્ટરની સંખ્યા

દેશ	કાર્યરત	નિર્માણ ચાલુ	દેશ	કાર્યરત	નિર્માણ ચાલુ
યુ.એસ.	૧૦૪	-	યુક્રેન	૧૬	૪
ફ્રાન્સ	૫૮	-	કોરિયા	૧૫	૩
જપાન	૫૩	૨	કેનેડા	૧૪	-
યુ.કે.	૩૫	-	સ્વીડન	૧૨	-
રશિયા	૨૯	૪	ભારત	૧૦	૪
જર્મની	૨૦	-			

રીએક્ટરની સંખ્યાની દૃષ્ટિએ ભારતનો ભલે અગિયારમો ક્રમ હોય પણ રીએક્ટર-ટેક્નોલૉજિની ગુણવત્તા અને પૂર્ણતાની બાબતે ભારતનું સ્થાન સાત વિકસિત રાષ્ટ્રો (G-7)ની હરોળમાં છે. પરમાણુ રીએક્ટરોમાં દાબિન-ભારે-પાણી રીએક્ટર (Pressurized Heavy Water Reactor PHWR) વ્યવહારુ વ્યાપક પ્રકાર છે. ૧૯૯૮માં દુનિયામાં ૩૬ PHWR એકમો કાર્યરત હતાં અને તેના વડે ૨૧૨૫૫ મેગાવૉટ વિદ્યુત ઉત્પાદન શક્ય બન્યું. આ પ્રકારના રીએક્ટરમાં ભારતનું નરોરા (ઉ.પ્ર.)ના ૨૨૫ મેગાવૉટના એક એવાં ૨ એકમો, મદ્રાસ (કલમક્કમ)નાં (૨x૧૭૦) અને કાકરાપાર (ગુજરાત)નાં (૨x૨૨૦)એકમોનો સમાવેશ થાય છે.


ભારતે પરમાણુઊર્જા કાર્યક્રમના પ્રારંભમાં ટ્રોમ્બે ખાતે અપ્સરા, સાયરસ, ઝર્લિન, પૂર્ણિમા, R-5 અને ધ્રુવ રીએક્ટર સંશોધન માટે તૈયાર કર્યા છે. સાયરસ અને R-5 સંશોધન માટે છે ઉપરાંત તે અનુક્રમે ૪૦ મેગાવૉટ અને ૧૦૦ મેગાવૉટ

વિદ્યુત પણ પેદા કરે છે. ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર (B.A.R.C.) સ્થિત રીએક્ટરમાં અનુસંધાન અને વિકાસ કાર્યક્રમ હેઠળ થોરિઅમને સફળતાપૂર્વક યૂરેનિઅમ - ૨૩૩માં રૂપાંતરિત કરી શકાયું. ઉપરાંત કિરણિત થોરિઅમમાંથી યૂરેનિઅમ - ૨૩૩નું પુનર્સંસાધન B.A.R.C. અને FGCARમાં (Indira Gandhi Centre for Atomic Research, કલમક્કમ, તા.ના.) કરવામાં આવ્યું.

ભારત સરકારના પરમાણુઊર્જા વિભાગના સંશોધન અને વિકાસ કાર્યક્રમને ત્રણ તબક્કામાં દીર્ઘઅવધિની નીતિ તરીકે તૈયાર કરવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં ટ્રાવિન ભારે પાણી રીએક્ટર તૈયાર કરવાં અને વર્તમાન રીએક્ટરની આ પેઢી આજે કાર્યરત છે જ. બીજા તબક્કામાં પ્લૂટોનિઅમ ઈંધણ વડે ચાલતુ ઝડપી પ્રજનક રીએક્ટર (Fast Breeder Reactor - FBR) તૈયાર કરવાનું છે. આવા એફ.બી.આર. રીએક્ટરની ખૂબી એ છે કે જેટલું ઈંધણ વપરાય તેના કરતાં વધુ પેદા થાય છે. નવમી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં ૫૦૦ મેગાવોટનું એક એફ.બી.આર. એકમ ભારતમાં તૈયાર થનાર છે. ત્રીજા તબક્કામાં યૂરેનિઅમ - ૨૩૩ - થોરિઅમ ચંદ્ર ઉપર ચાલતું રીએક્ટર તૈયાર કરવાનું છે. થોરિઅમ ચક્રમાં વપરાયેલ ઈંધણમાંથી યૂરેનિઅમ - ૨૩૨ છુટું પાડવામાં આવે છે. તેને ઈંધણ ચક્રમાં ફરીથી દાખલ કરવામાં આવે છે. આ માટે કલપક્કમ ખાતે ભાભા એટમિક રિસર્ચ કેન્દ્રના ઉપક્રમે કામિની રીએક્ટર સ્થાપિત કરવામાં આવ્યું છે. આ રીએક્ટર વડે નાના પાયે થોરિઅમ ચક્રનું નિર્દેશન કરી શકાયું છે. અત્યારે તો થોરિઅમનાં બંડલોને પાવર રીએક્ટર વડે કિરણિત કરવામાં આવે છે. અને તેમાંથી યૂરેનિઅમ ૨૩૩ને છૂટું પાડવાની પ્રક્રિયા આવશ્યક છે. આ બધું કરવામાં ભારત પરમાણુઊર્જા કાર્યક્રમ અંતર્ગત નોંધપાત્ર વિકાસકાર્ય સંભવિત થયું છે. સંશોધન રીએક્ટરમાં ઈંધણનાં બંડલોને કિરણિત કરીને થોરિઅમ, યૂરેનિઅમ અને પ્લૂટોનિઅમનું ભાગ પાડવાનું કામ પ્રાયોગિક ધોરણે શક્ય બન્યું છે. આ તબક્કો સંપન્ન થતાં લાંબા સમય સુધી ઊર્જાની જરૂરિયાતને પહોંચી વળાશે.

પી.એચ.ડબ્લ્યુ.આર. રીએક્ટર ટેકનોલૉજિ પરત્વે, વિકસિત દેશોની જેમ, ભારત સ્વનિર્ભર બન્યું છે. ઉપરાંત ભારત એફ.બી.આર. ટેકનોલૉજિનું વ્યાપારી ધોરણે નવપ્રસ્થાન કરવાની તૈયારીમાં છે.

વિદ્યુત પાવર પેદા કરવા માટે ભારતમાં પ્રથમ રીએક્ટર તારાપુર (મહારાષ્ટ્ર) ખાતે સ્થાપિત કરવામાં આવ્યું. તેના મકાનનું નિર્માણકાર્ય યુ.એસ.ની જનરલ ઇલેક્ટ્રિક કંપનીની મદદથી કરવામાં આવ્યું. તેને માટે જરૂરી ઈંધણ-યૂરેનિયઅમ પ્રારંભમાં યુ.એસ. પૂરું પાડતું હતું. દોઢેક દાયકા પહેલાં યુ.એસ.એ યૂરેનિઅમ આપવા બાબતે ભારે ધાંધિયા ચાલુ કર્યા. કાયમ માટે યુ.એસ. અથવા અન્ય રાષ્ટ્ર પર યૂરેનિઅમ આધાર રાખી શકાય નહીં. કારણ કે તે બધું બે રાષ્ટ્રો વચ્ચેના રાજકીય સંબંધો ઉપર નિર્ભર રહે છે. હવે તો ભારત ઘરઆંગણે તમામ રીએક્ટર માટે જરૂરી સમૃદ્ધ યૂરેનિઅમ પેદા કરવા સક્ષમ છે. વિદેશીઓના આવા ધાંધિયા કે પ્રતિબંધો આ રીતે છૂપા આશીર્વાદરૂપે ભારતને સ્વનિર્ભરતાની દિશામાં ચલકબળ પૂરું પાડે છે. તારાપુરનાં બે ચાલુ એકમો સાથે બીજાં વધુ બે એકમોની મંજૂરી મળી ગઈ છે.



Growth in Nuclear Power Generation (1994-1998)

રાષ્ટ્રના ન્યૂક્લિઅર પાવર રીએક્ટરની ડિઝાઈન, બાંધકામ અને ચલાવવાનું કાર્ય ન્યૂક્લિઅર પાવર કૉર્પોરેશન ઑવ્ ઇન્ડિયા લિ. (NPCIL) કરે છે. ન્યૂક્લિઅર પાવર મથકોની ઉત્તમ કામગીરીને કારણે એન.પી.સી.આઈ.એ ૧૯૯૮-'૯૯ના નાણાકીય વર્ષ દરમિયાન અંદાજે ૨૨૫ કરોડ રૂપિયાનો નફો કર્યો છે.

૧૯૯૪-૧૯૯૮ દરમિયાન ભારતે કરેલ ન્યૂક્લિઅર પાવર ઉત્પાદનની ઝાંખી ઉપરની આકૃતિ વડે સ્પષ્ટ થાય છે.

૧૯૯૮માં માસિક (૧૧૬૦ મિલ્યન એકમ) અને વાર્ષિક (૧૧૪૦ મિલ્યન એકમ) ન્યૂક્લિઅર પાવરનું ઉત્પાદન સર્વાધિક રહ્યું છે. છેલ્લાં પાંચેક વર્ષમાં ન્યૂક્લિઅર પાવરના ઉત્પાદન માટે ઉત્તરોત્તર કરેલી પ્રગતિ ઉપરની આકૃતિ સ્પષ્ટ કરે છે.

૧૯૯૮ના વર્ષ દરમિયાન રાજસ્થાન પાવર મથકના બીજા એકમમાં શીતક-ચૅનલોને સફળતાપૂર્વક પુનઃસ્થાન આપવામાં આવ્યું. આ અદ્યતન ટેકનોલૉજિની સિદ્ધિ નોંધપાત્ર છે અને કેટલાંક રાષ્ટ્ર આ ટેકનોલૉજિ ભારત પાસે માગી રહ્યાં છે. ભારત માટે આધુનિક વિશ્વમાં આ બે ગૌરવશાળી ઘટના છે. □

સંગીતશાસ્ત્ર - ૩૮

ડૉ. હસુ યાજ્ઞિક

શાસ્ત્રીય સંગીતના શેષ પ્રકારો

શાસ્ત્રીય રાગસંગીત સાથે સંકળાયેલા બીજા જે પ્રકારો છે તે મુખ્યત્વે બે છે. એમાં પહેલો પ્રકાર છે રાગ-સંગીતની શાસ્ત્રીય પરંપરા સાથે સંકળાયેલો. તેમાં સરગમ, લક્ષણગીત, રાગમાલા, તરાના, ચતરંગ વગેરેનો સમાવેશ થાય છે. બીજો પ્રકાર એ છે કે જેનો સંબંધ ઋતુગાન સાથે છે, જેમાં હોરી-ધમાર, ચૈતી, કજરી વગેરેનો સમાવેશ થાય છે.

સરગમ અથવા તો સ્વરમાલિકા એટલે કોઈ પણ રાગના સ્વરોને લઈને કરેલી રચના. દરેક રાગને પોતાંના સ્વર હોય છે અને તેના આરોહ-અવરોહનો નિશ્ચિત એવો ક્રમ હોય છે, કોમળ કે શુદ્ધ એવું સ્વરૂપ હોય છે. આવા રાગમાં કોઈ એક કે એથી વધારે એવા સ્વરજૂથ કે સ્વરએકમ હોય છે, જે રાગવાચક હોય છે. આવું સ્વરજૂથ તે રાગનું સ્વરૂપ પ્રકટ કરે છે અને તેને આધારે રાગનું સ્વરૂપ પકડાય છે. આથી આવા સ્વરએકમને તે રાગના પકડ સ્વરો કહેવામાં આવે છે. સ્વરમાલિકાની રચના રાગપ્રયુક્ત સ્વર, એનો પ્રકાર, આરોહ અને અવરોહ તથા પકડસ્વરોને દૃષ્ટિમાં રાખીને કરવામાં આવે છે. અહીં સ્વરમાલિકા પણ છોટા ખયાલની જેમ જ કોઈ તાલમાં બાંધેલી હોય છે અને તેમાં સ્થાયી અને અંતરો એવા બે મુખ્ય ભાગ હોય છે. કોઈ પણ રાગની આવી સ્વરબદ્ધ, તાલબદ્ધ સ્વરમાલિકા કે સરગમ યાદ રાખવાથી તે રાગના આરોહ-અવરોહ, એના વાદી-સંવાદી અને અનુવાદી સ્વરો તથા તે રાગના સ્વરૂપવાચક એવા સ્વરજૂથોનું જ્ઞાન થાય છે. કયા રાગમાં કયા સ્વરો કયા ક્રમે, કયા સ્વરૂપે અને કયા કયા જૂથમાં લેવામાં આવે છે, તેનું જ્ઞાન સ્વરમાલિકાને આધારે થાય છે. કોઈ પણ રાગની સ્વરમાલિકા યાદ રાખવાથી, એને ગાવા-વગાડવાનો વારંવાર રિયાઝ કરવાથી, અભ્યાસ કરવાથી, સંબંધિત રાગના સ્વરૂપની ચિત્ત પર છાપ પડે છે, તે રાગના સ્વરૂપને ચિત્ત ઝીલે છે અને તેને આધારે તે રાગ ઓળખવામાં તથા ગાવા-વગાડવામાં સફળતા મળે છે. કયા રાગના ઉત્તરાર્ધમાં કયા સ્વરો છે, ઉત્તરાર્ધમાં કયા સ્વરો લેવાય છે અને તે રાગના અંતરાનો ઉઠાવ કયા કયા સ્વરો લઈને કેવી રીતે કરી શકાય છે, એ બધી બાબતોની પણ ચિત્ત પર છાપ પડે છે. આથી જેને સંગીત ગાતાં-વગાડતાં શીખવું છે, તેના માટે સ્વરમાલિકા ઉત્તમ અને પ્રમાણમાં સહેલું સાધન છે. સ્વરમાલિકા યોગ્ય રીતે કરવાથી સ્વરની સાથે જ તાલ પર પણ કાબૂ મેળવી શકાય છે. આમ, સ્વરમાલિકા શાસ્ત્રીય સંગીતના શિક્ષણમાં ખૂબ જ ઉપયોગી બને છે.

લક્ષણગીત એટલે રાગના સ્વરૂપને, એનાં લક્ષણને પ્રકટ કરતી પદ્યરચના. છંદના બંધારણને તથા વ્યાકરણના વિવિધ નિયમો તથા અલંકારને સમજવા માટે, યાદ રાખવા માટે પદ્યરચના કરવામાં આવે છે. ગદ્યમાં લખેલાં વર્ણન-વિવરણ યાદ રહેતાં નથી, પરંતુ એ જ વીગતો જો પદ્યનો આધાર લઈને ગૂંથી લેવામાં આવે તો કંઠસ્થ થાય છે. દરેક રાગને તેના નિશ્ચિત આરોહ-અવરોહ, વાદી-સંવાદી-અનુવાદી, વર્જ્ય વગેરે સ્વરો હોય છે, કોમળ કે શુદ્ધ સ્વરૂપ હોય છે અને તે સ્વરને અન્ય સ્વર સાથે કેવી રીતે લેવા, તેના નિયમો હોય છે. કેટલાંક સ્વરો એમાં લેવાતા નથી અને બાદ કરેલા સ્વર પછી જે સંખ્યા રહે તેને આધારે રાગની જાતિ નક્કી થાય છે. દરેક રાગને પોતાની ગંભીર કે ચંચળ એવી પ્રકૃતિ હોય છે અને તે રાગ ગાવાનો નિશ્ચિત સમય હોય છે. કેટલાંક સ્વરજૂથો એ રાગનું સ્વરૂપ વ્યક્ત કરે છે. રાગના આ પ્રકારનાં જે કંઈ લક્ષણો હોય છે. વિશિષ્ટતા હોય છે લક્ષણગીતમાં પદ્યરચનાના રૂપમાં ગૂંથી લેવામાં આવે છે. આથી કોઈ પણ રાગનું લક્ષણગીત યાદ રાખવાથી તે રાગના સ્વરૂપ-લક્ષણો યાદ રહી જાય છે. સરગમ કે સ્વરમાલિકાની જેમ રાગનું લક્ષણગીત પણ તે સંબંધિત રાગમાં જ તાલબદ્ધ રીતે ગવાતું-વગાડાતું હોય છે. આથી આવું લક્ષણગીત પણ સંબંધિત રાગના છોટા ખયાલ જેવું હોય છે. કુશળ વાગ્ગેયપ્રકારોએ ભારતીય રાગોનાં સુંદર લક્ષણગીતો રચેલાં છે અને ખૂબીથી જ આવાં લક્ષણગીતમાં તે રાગની કોઈ પ્રખ્યાત પરંપરાગત ચીજની જ છાયા લીધી હોય છે. આથી આવું લક્ષણગીત યાદ રાખતાં તે રાગની કોઈ ઉત્તમ ઘરાનેદાર ચીજને પણ જાણીમાણી શકાય છે અને સંબંધિત રાગમાં અંતરાનો ઉઠાવ કેવી રીતે કરવો તેની પણ જાણ થાય છે. આમ, રાગસંગીત ગાતાંવગાડાતાં શીખવું હોય એમના માટે રાગનું લક્ષણગીત પણ ઉત્તમ સાધન છે. હિંદી, વ્રજ અને વિવિધ ભારતીય ભાષાઓમાં લક્ષણગીતની રચના થાય છે. ગુરુ કે ઘરાના પ્રમાણે વિવિધ લક્ષણગીતો પ્રચારમાં છે.

રાગમાલા એક વિશિષ્ટ આધુનિક એવો શાસ્ત્રીય ગાનના ગીતનો પ્રકાર છે, જેમાં એક જ ગીતની વિવિધ કડીઓને જુદા જુદા રાગમાં ગાવામાં આવે છે. જેમ વિવિધ રંગનાં પુષ્પોને સાંકળીને પુષ્પની માળા કરવામાં આવે છે તેમ કોઈ

એક જ ગીતની વિવિધ કડીઓને, જુદા જુદા રાગમાં ગાવામાં આવે છે. કેટલાક રાગો જોડિયા રાગ જેવા છે, દા.ત. બસંત અને બહાર. આવા રાગોની રચનામાં પૂર્વાર્ધમાં એક રાગ હોય તો ઉત્તરાર્ધમાં બીજો રાગ હોય છે. રાગમાલામાં બેથી વધારે સંખ્યામાં રાગ હોય છે. કોઈ એક રાગ ગાતા કે વગાડતા હોય ત્યારે તરત જ બીજો રાગ ગાવા-વગાડવાનું મુશ્કેલ પડે છે. ગવાતા રાગના જ સ્વરોની ચિત્ત પર એટલી પ્રબળ છાપ હોય છે કે તે ભૂલીને બીજા રાગના સ્વરો લેવાનું મુશ્કેલ હોય છે. પરંતુ પ્રયત્ન તથા રિયાઝથી ગળું તથા હાથ બરાબર કેળવાય, તે પછી એક રાગના અનુસંધાને બીજો રાગ ગાઈ કે વગાડી શકાય છે. રાગમાલાથી આ પ્રકારનો કાબૂ આવે છે. વળી, એક જ રચનામાં વિવિધ રાગની મધુરતાનો પણ લાભ મળે છે. ગીતમાં જેમ ભાવ બદલાય છે તેમ તે બદલાયેલા ભાવ પ્રમાણે રાગ પણ બદલાય છે. આમ, રાગમાલા ઋતુકાવ્ય માટે વિશેષ અનુકૂળ છે. ફિલ્મસંગીતના માધ્યમે કેટલીક ઉત્તમ જોડકા રાગની તથા રાગમાલાની ચીજો વિશેષ લોકપ્રિય બની છે. 'મન કી બીન મતવારી બાજે' રાગ બસંત અને બહારની આવી સુંદર લોકપ્રિય રચના છે. ફિલ્મ 'એક સાલ બાદ'નું લતા અને મન્ના ડેના કંઠે ગવાયેલું, લક્ષ્મીકાંત પ્યારેલાલનું 'એક ઋતુ આયે. એક ઋતુ જાયે' ઋતુકાવ્યની રાગમાલાની અદ્ભુત રચના છે, જેમાં ધન્ય ધૈવત, આભોગી, મેઘમલ્હાર અને બસંતબહાર જેવા વિવિધ રાગોની સુંદર માળા છે.

તિરવટ અને ચતરંગ પણ શાસ્ત્રીયગાનના મહત્ત્વના પ્રકારો છે. તરાનામાં સ્વર કે શબ્દને બદલે નોમ-તોમ-દેરેના વગેરે ઝડપથી છતાં લયબદ્ધ ઉચ્ચારી શકાતા અક્ષરોનો ઉપયોગ કરવામાં આવે છે. તિરવટમાં મૃદંગના બોલને ગીતમાં લયબદ્ધ રીતે સાંકળવામાં આવે છે. બધા રાગમાં તિરવટ ગાઈ શકાય છે. ચતુરંગમાં ખયાલ, તરાના, સરગમ અને ત્રિપટ એમ ચાર અંગનો ઉપયોગ થાય છે. ગીત એક જ હોય અને તેના શબ્દોને સ્વરનો ઉપયોગ કરીને ગાવામાં આવે છે તે સાથે એમાં સરગમ લેવાય છે. તરાના સંકળાય છે અને તિરકિટ-ધુમ-તિડાંગ જેવા પરનના બોલ પણ લેવાય છે. આમ, ગીત એક છે પરંતુ એમાં ચાર પ્રકારની ગાનશૈલીનાં તત્ત્વો આમેજ કરેલાં હોવાથી તેને ચતુરંગ કહેવામાં આવે છે. ફિલ્મગીતમાં રાગ હમીરનિબદ્ધ ગીત 'મધુબન મેં રાધિકા નાચી રે!'માં તેનો સુંદર પ્રયોગ જોવા મળે છે.

ભજન પણ શાસ્ત્રીય ગાન સંલગ્ન પ્રકાર છે. સંતવાણીનાં ભજન લોકપરંપરામાં એના નિશ્ચિત ઢાળ અને ઢંગથી ગાવામાં આવે છે અને તેના ગણેશવંદના, આરાધ, કટાટી, પિયાલો, આગમ, અવળવાણી, આરાધ જેવા વિવિધ પ્રકારો છે અને માંડ, કાફી, સારંગ જેવા રાગમાં કે તે તે રાગની છાયા સાથે દેશી ઢાળમાં તે ગાવામાં આવે છે. પરંતુ શાસ્ત્રીય સંગીતની બેઠકમાં મીરાં, તુલસીદાસ, કબીર, એકનાથ, બ્રહ્માનંદ વગેરેના પદભજન શાસ્ત્રીય રાગમાં ગાવામાં આવે છે. સંગીતની બેઠકના અંતે ભજન ગવાય છે. આ ભજનો શાસ્ત્રીય રાગમાં હોય છે. અને કાફી, ખમાજ, સારંગ, દેશ, તિલંગ, કેદાર વગેરે રાગમાં ગવાય છે. એમાં રાગના સ્વરૂપને જાળવવામાં આવે છે. દાદરા, કકરવા અને દીપચંદી જેવા તાલમાં આ ભજનો ગવાય છે. વૈષ્ણવ પુષ્ટીમાર્ગીય પરંપરામાં અષ્ટછાપ કવિઓની કૃષ્ણભક્તિની રચનાઓ તથા જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની રચનાઓ ગવાય છે. પખવાજ અને મૃદંગ સાથે આવાં ભજનો ગાવામાં આવતાં હતાં. વિવિધ સંગીત સમ્મેલનો અને ગાંધીઆશ્રમની ભજનગાનની પ્રવૃત્તિને કારણે આ પ્રકારનો શાસ્ત્રીય ગાનમાં પણ વિકાસ થયો. દિલીપ રૉય, જયૂથિકા રૉય, જેવાં અનેક ગાયકોની ગ્રામોફોન રેકર્ડ તથા રેડિયો દ્વારા આ પ્રકારને ૧૯-૨૦મી સદીમાં વેગ મળ્યો. હરિઓમ શરણ, જલોટા, લતા મંગેશકર, આશા ભોંસલે, મન્ના ડે જેવાં અનેક મૂર્ધન્ય કલાકારોએ શાસ્ત્રીય રાગ આધારિત ભજનો ગાયાં અને તે લોકપ્રિય બન્યાં. ફિલ્મસંગીતમાં પણ આરંભથી જ સંતવાણી અને ભજનને ખાસ સ્થાન મળ્યું અને નરસિંહ મહેતા, સંત તુકારામ, મીરાં વગેરે ભક્તકવિઓની ફિલ્મોમાં આવાં ભજનો આવ્યાં અને ભારતભરમાં લોકપ્રિય બન્યાં. હૃદયનાથ મંગેશકર જેવા ઉત્તમ સ્વરનિયોજકે મીરાંની અનેક રચનાઓ લોકપ્રિય બનાવી. આજે અનોપ જલોટા તથા અન્ય અનેક શાસ્ત્રીય ગાયકો ભજનને વિવિધ રાગોમાં રજૂ કરે છે. ગિટાર, સિતાર, વાયોલીન, શહનાઈ, સારંગી જેવાં વાદ્યોમાં પણ ભજન અને હળવી ધૂનો વાગતી સાંભળવા મળે છે. શાસ્ત્રીય સંગીતની બેઠકના સમાપનમાં ભૈરવી ગવાય-વગાડાય છે, તેમાં પણ બહુધા ભજનનો આધાર લેવામાં આવે છે. આજના પં.ભીમસેન જોશી કે પં.જશરાજ જેવા કોઈ પણ મૂર્ધન્ય ગાયક પણ ઉત્તમ ભજન આપે છે. અનેક રચનાઓ વિવિધ શાસ્ત્રીય રાગોમાં અમર બનીને વિહરે છે.

કીર્તન અને ધૂન પણ ભક્તિસંગીતનું ખાસ અંગ છે અને સ્વર અને લયથી જીવને શિવ સાથે જોડવાનું અનાયાસ અને સર્વગમ્ય સુગમ એવું સાધન છે. હવેલી સંગીતમાં કીર્તન ખાસ પ્રકાર છે અને તે કીર્તનિયા રજૂ કરે છે. બંગાળના બાઉલ, મહારાષ્ટ્રની લાવણીની જેમ ગુજરાત-રાજસ્થાન-મારવાડની કીર્તન પરંપરા છે. રાજસ્થાનની આવી ઉત્તમ કીર્તનપરંપરા પં.જશરાજજીએ કસેટમાં સુલભ બનાવી છે. સંગીત સહજ યોગ છે. એમાં અનાયાસ ધ્યાનસમાધિનો અનુભવ થાય છે અને ઉત્તમ ગાયકની ભજનવાણીમાં તેનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. પં.ભીમસેન જોશીનાં ભજન સાંભળો કે બડે ગુલામઅલીખાંની પહાડીની 'હરિૐ તત્સત જપા કર જપા કર' સાંભળો તો ભારતીય શાસ્ત્રીય સંગીતનો જે આધ્યાત્મિક

અનુભૂતિ સાથેનો અનુબંધ છે, તે પ્રકટ ને પ્રત્યક્ષ જ નહીં, પ્રતીત પણ થશે. ખયાલ એટલે સસ્તો કે હીન અને પાર્થિવ શૃંગાર - એવી અતિવ્યાપ્તિ કરીને ચાલીએ છીએ ત્યારે થોડા સાવધ અને તટસ્થ બનવાની જરૂર છે. રાગ દરબારીની અમીરખાંસાહેબની બડા ખયાલની રચના સાંભળો કે કોઈ પણ હિંદુ કે મુસ્લિમ ગાયકની મિયાંમલ્હારની 'તેરો રહીમન નામ'ની રચના સાંભળો કે રાગ ભીમપલાસીની 'બડી દેર ભઈ, હેરત હું મેરે સાંઈ!' સાંભળો તો પ્રતીત થશે કે ગાયકી ધ્રુપદની હોય, ખયાલની હોય કે ઠુમરીની હોય, ભજનવાણી જેટલો જ એમાં આધ્યાત્મિક સંસ્પર્શ છે, અનુભૂતિ છે. આ ગળાનું ગાન અને કાનની મીઠાશ માત્ર નથી, ભારતીય શાસ્ત્રીય સંગીત એટલે જીવતત્ત્વનો શિવતત્ત્વ સાથેનો અનુબંધ!


હોરી, ચૈતી અને કજરી શાસ્ત્રીય કે પછી ઉપશાસ્ત્રીય પ્રકારોનો સંબંધ ઋતુગીતની લોકપરંપરા સાથે છે. પ્રકૃતિનો નિકટતમ અનુભવ ધરાવતા આ દેશને, એના લોકજીવનને અને એની પ્રત્યેક કલાને પ્રકૃતિ સાથેનો સીધો સંબંધ છે. પ્રકૃતિ જ એના જીવનની મૂળભૂત ચેતના છે, પ્રેરણા છે અને સાહિત્યની જેમ સંગીતે પણ એ ચેતનાને પરંપરાથી આસ્વાદ્યરૂપ આપ્યું છે અને કૃષ્ણકથા તથા રામકથા સાથેના સીધા સગપણે એમાં આધ્યાત્મિકતા પ્રવેશી છે.

ફિલ્મસંગીત અને લોકસંગીત પણ ભારતીય શાસ્ત્રીય સંગીતનું આધુનિક અંગ છે. વિશ્વના કોઈ પણ પ્રદેશ કે ભાષાની ફિલ્મથી ભારતીય ફિલ્મ નૃત્ય અને સંગીતના વિપુલ ઉપયોગે જુદી પડે છે. જો કે ફિલ્મમાં આંતરિક એવી અનિવાર્યતા હોય કે ન હોય, એમાં ચાર-પાંચ નૃત્યો અને બાર-પંદર ગીતો તો આમેજ થાય જ. દેખીતો આ અતિરેક અને અવાસ્તવિકતા છે, પરંતુ ભારતીય જનજીવનનું એ સ્વાભાવિક અંગ છે. પૂર્વનું અને પશ્ચિમનું કે કેટલેક અંશે તો વિશ્વનું કેટલુંક ઉત્તમ સંગીત ફિલ્મના માધ્યમે જ જનસામાન્ય સુધી પહોંચ્યું છે. બંગાળના બાઉલનું ગીત હોય કે આફ્રિકન ડ્રમ અને અરેબિયન આંદોલિત તંતુવાદ્ય હોય કે પછી રાજસ્થાન-ગુજરાતનું કે પંજાબનું લોકસંગીત હોય, મહારાષ્ટ્રની લાવણી હોય કે કોઈ પણ ભારતીય પ્રાન્તના મરશિયા હોય કે લગ્નગીત હોય કે પછી બિથોવનની કે એવી કોઈ સિમ્ફની હોય કે ગિટારના બ્લ્યૂઝના ટ્યૂન હોય કે ફોક અને પોપના અદ્ભુત કોર્ડ્ઝ હોય કે ભારતીય શાસ્ત્રીય સંગીતના છોટા-બડા ખયાલ હોય કે કોઈ ઉત્તમ પરંપરાગત એવી ગત હોય કે ચીજ હોય - આ બધું જ ફિલ્મના માધ્યમે જ જનસામાન્યમાં સુલભ બન્યું છે. ફિલ્મસંગીતમાં પશ્ચિમના સંગીતના અતિરેકભર્યા ઉપયોગ સામે તથા ચિત્ર-વિચિત્ર એવા સંમિશ્રણો સામે અવાજ સંભળાય છે, વિરોધ પ્રકટે છે. એ સાચો અને સમયસરનો પણ છે. આમ છતાં એકસાથે આટલું બધું અને તેમાં પણ કેટલુંક તો ઉત્તમ એવું જનસામાન્ય સુધી પહોંચ્યું છે, તેમાં ફિલ્મસંગીતનું જે પ્રદાન છે તે કંઈ અલ્પ નથી. આ માધ્યમે જ તો પં. રવિશંકર, ઉ. બિસ્મિલ્લાખાં, ઉ. બડેગુલામ અલીખાંને આરંભથી જ સામાન્ય લોકો સુધી પહોંચાડ્યા. પશ્ચિમની અનેક ધૂનો, એના અદ્ભુત કોર્ડ્ઝ, શ્રવણમધુર હાર્મની, દિલહર મેલડિને અમર બનાવી છે. ક્યાંક પણ કોઈ નવો ઉન્મેશ પ્રકટ થયો કે ચોરીને કે પછી મિશ્રણે ફિલ્મસંગીતે જ લોકાભિમુખ કર્યો. ભારતીય લોકસંગીતનું પણ જે કંઈ ને જ્યાં કંઈ ઉત્તમ હતું, મધુર હતું તે ફિલ્મસંગીતે લોકો સુધી પહોંચાડ્યું છે. અનેક રાગોને અને ઉત્તમોત્તમ ઘરાનેદાર ચીજોને અને ગતોને પણ ફિલ્મસંગીતે ભારતભરમાં જ નહીં, વિશ્વમાં વિહરતી કરી છે. વિવિધ વાદ્યોના પ્રચારને પણ વેગ મળ્યો. ભારતીય સંગીત અને લોકસંગીતના તાલ ઉપરાંત આફ્રિકા અને પશ્ચિમના બસો જેટલા રીધમને આ માધ્યમે પ્રચલિત કર્યા. હજારો વાદ્યોનો પરિચય કરાવ્યો. સ્વર અને તાલને શુદ્ધરૂપમાં પકડી રાખવાની યાંત્રિક નિયમિતતા પણ એમાંથી સિદ્ધ થઈ છે. સાયગલ, ખુરશીદ, નૂરજહાં, મન્ના ડે, લતા, મોહમ્મદ રફી, તલત, કેવા-કેટલા મધુરકંઠો આ માધ્યમે આપ્યા! 'બીના મધુર મધુર કુછ બોલ'નો ભીમપલાસી, 'મન તડપત હરિદર્શન કો આજ'નો માલકૌંસ, 'ઓ દુનિયા કે રખવાલે'નો આશાવરી છાંટનો દરબારી, 'દર્શન દો ઘનશ્યામ'નો કેદાર, 'મધુબન મેં રાધિકા'નો હમીર, 'મોહે પનઘટ પે નંદલાલ'નો મિશ્ર ગારા, 'ઝૂમ ઊઠા ચલી હવા'નો સોહિણી, 'અરી મૈં તો પ્રેમ દિવાની'નો ભીમપલાસી, 'મેરા છાયા'નો નંદ, 'મોહે ભૂલ ગયે સાંવરિયા'નો કોમળ નિષાદના ઈષત્સ્પર્શવાળો કાલિંગડાઅંગી ભૈરવ, 'જ્યોતિકલશ'નો દેશકાર લગોલગનો ભૂપાલી, 'તેરે સૂર ઔર મેરે ગીત'નો બિહાગ, 'બોલ રે પપિહરા'નો મિયાંમલ્હાર, 'ગરજત બરસત સાવન આયો રે'નો છાયાનટમિશ્રિત કામોદ, 'પૂછો ના કૈસે મૈં ને રૈન બિતાઈ'નો આહિર ભૈરવ, 'મન કી બિન મતવારી બાજે'નો બસંતબહાર, 'ખબર મોરી ના લિન્હી'નો મિશ્ર શિવરંજની, 'કભી તો મિલોગે'નો કલાવતી... આવા કેટલાય રાગોને ફિલ્મસંગીતે અમર બનાવ્યા છે. ગાયન અને વાદનના પણ વિવિધ પ્રકારો તથા શાસ્ત્રીય અને લોકપરંપરાના વિવિધ તાલો અને ઠેકાઓનું લયમાધુર્ય.... આ બધાની સામે આંખ બંધ રાખી શકાય તેમ નથી. પશ્ચિમના સંગીતના પણ જે કંઈ મુખ્ય પ્રકારો છે, પ્રખ્યાત સિમ્ફની છે, નવા-નવા સંમિશ્રણો છે, યુરોપભરના પોપ મ્યૂઝિકના વિવિધ કોર્ડ્ઝ છે - એ બધું પણ ભારતીય ફિલ્મસંગીતે અંકે કર્યું છે. કોઈ સંગીતશોખીન માત્ર ફિલ્મસંગીત જ સાંભળતો હોય તો પણ એનો કાનકોષ સંગીતના જ્ઞાનકોષ જેટલો સમૃદ્ધ થાય એટલું વૈવિધ્યભર ભારતીય ફિલ્મસંગીતમાં આવ્યું છે. (ક્રમશઃ)

ઊજળી અંધકારના પ્રદેશમાં

ભારતી રાણે

બક્કરથચ પર તે દિવસે સારો એવો સ્નોફોલ થયો હતો. બપોરે હિમવર્ષા શરૂ થઈ ત્યારે શરૂઆતમાં તો અત્યંત લપસણાં કાદવ થયેલો - અને પછી ધીમેધીમે જમીન પર શ્વેતલ હિમના થર જામતા ગયા. સાંજ સુધીમાં તો પગનો પંજો આખો ખૂંપી જાય એટલો બરફ જામી ગયો, અને પછી ટેન્ટની આસપાસનો આખો વિસ્તાર બર્ફીલા મેદાનમાં ફેરવાઈ ગયો. સામે દેખાતો બિયાસકુંડ ને નંદાદેવીનું શિખર કુદરતે જાણે ફરીથી ધોળાવીને ઊજળું-ઊજળું બનાવી દીધું!



સાલંગનાલા બેઝ કમ્પ

શહેર છોડ્યાને આજે ચોથો દિવસ હતો. પહેલા બે દિવસ સોલંગનાલાના બેઝ-કૅમ્પ પર પાતળી હવાથી શરીર ટેવાય એ માટે રહેવાનું હતું : રોજ કસરતો અને થોડીક સંકટ સમયે જીવ બચાવવા કામ લાગે તેવી પર્વતારોહણની પ્રાથમિક તાલીમ. એ પત્યા પછી ત્રીજે દિવસે અમે કેડીએ કેડીએ હિમાલયની અજાણી ઊંચાઈઓને અને તેના અપ્રતિમ સૌંદર્યને માણવા નીકળી પડ્યાં.

નદીની ધારે ધારે, વૃક્ષોને સથવારે ચાલતાં-ચાલતાં, બાર-તેર કિલોમીટર કેમ કપાઈ ગયા, ખબર જ ન પડી. ઢોળાવ પર ચાલતાં શ્વાસ ચડી જાય એટલે બોલવું ફાવે નહીં - એ અનાયાસ આશીર્વાદરૂપ ઘટના જ તો વળી! મૌનની કેડી ઉપર હિમાલયદર્શન અને હિમાલયને આટલા નજીકથી મળવાની વળી આ પહેલી જ તક!

બપોર સુધીમાં અમે ધુન્ડી પહોંચ્યાં. નદીકિનારો છોડીને થોડુંક સીધું ચઢાણ આવ્યું. એ ચઢી જતાં, ઉપર હતી ઝરણાને કિનારે સમતળ જમીનની એક પટ્ટી, જેના પર હારબંધ તંબૂ તાણેલા હતા. ઝરણાની પેલે પાર એક નાનકડું મેદાન, જે પસાર કરીએ એટલે વળી ફરી એક નાનકડો તીણો ઢોળાવ આવે. જેમતેમ કરીને એ ચડી જાવ, એટલે સુંદર મજાનું નાનકડું વન આવે, અને એની પાછળ ઊંડી ખીણ. સીધાં સોટા જેવાં, નજીક-નજીક ઊગેલાં વૃક્ષો ને બાજુમાંથી પસાર થતું નાનકડું ઝરણું અને ઝરણાકિનારે ને વૃક્ષોની વચ્ચે વચ્ચે લીસા મોટા ગોળાકાર ઢોળાવવાળા પથ્થરો પણ ખરા, જેના પર બેસીને અમે હિમાલયનાં વનપંખીઓને નિહાળ્યાં. અહીંથી થોડેક દૂર સરકારી વેધશાળાનું મકાન દેખાય અને થોડાંક પહાડી ચરવાહાઓનાં ઝૂંપડાં : બસ આટલું જ ધુન્ડી ગામ - અમારી સફરનું છેલ્લું લીલું સ્થળ.

આખી રાત વનનો પર્ણમર્મર, તીવ્રતાથી ફૂંકાતા પવનનો ઝરણાના ઝીણા વહેણ પર ઝરમરતો અવાજ, વરસાદના ઝાપટાનું ટેન્ટ પર અલપ-ઝલપ ટપૂટપૂ, દૂર કોઈ પક્ષીનો રાતને વીંધતો અવાજ અને વચ્ચે-વચ્ચે કડાકા-ભડાકા પણ સંભળાતાં રહ્યાં. વહેલી પરોઢે કશુંક ભયાનક રીતે તૂટી પડ્યું હોય તેવા અવાજે હું જાગી ગઈ. ટેન્ટની બહાર જઈ જોયું તો દૂર બર્ફીલા ઢોળાવ પર હિમશિલાઓ તૂટી રહી હતી. મોટીમોટી બરફની શિલાઓ તૂટીને ખીણમાં ગબડતી હતી, જેની આસપાસ બરફની બારીક ધૂમસિયા રજ વાદળની જેમ વિખેરાઈ રહી હતી. તૂટી પડેલી હિમશિલાઓ ઢોળાવ પર પછડાઈને ચૂરચૂર થતી દેખાય, એ પછી ક્ષણેકમાં એના તૂટવાનો અવાજ સંભળાય - સ્થળ ખરેખર દૂર હશે, એથી જ પ્રકાશ પહેલો ને અવાજ પછી અમને આંબતો હતો.

હિમપ્રપાતથી આખી પહાડી જાણે ખળભળી ઊઠી. એનો અવાજ ખીણમાં વારંવાર પડઘાતો રહ્યો. વળીવળીને મોટી હિમશિલાઓ તૂટતી જ રહી. ઢોળાવ પર જામેલા બરફ પર તિરાડો પડે, ને હિમશિલાઓ તૂટી પડીને ખીણમાં ફેંકાતી જાય, એને 'એવલાન્શ' કહે છે. બરફના ઢોળાવ પર ટકવું એવું તો નાજુક બંધન હોય છે કે હિમશિલાઓનું વજન વધે, ને એ ઢોળાવ પર તોળાઈ રહી હોય, ત્યારે એને તૂટી પડવા માટે અવાજના પડઘાનો આઘાત પણ બસ થઈ પડે! અવાજ ગિરિશૃંગો સાથે ટકરાઈ ટકરાઈને પડઘાતો રહે, તેનાથી હિમશિલાઓમાં તિરાડો પડે, ને પછી એ તૂટી પડે. આ પ્રદેશમાં આવા હિમપ્રપાતથી ઝૂંપડાં-ગામ-વસ્તી-મનુષ્યો-પશુઓ દબાઈ પણ જાય, એના પ્રબળ મારને કારણે બધું જ છિન્નભિન્ન થઈ જાય, એવું ઘણી વાર બને છે. એટલે જ તો હિમાલયમાં કે બીજા કોઈ પણ બર્ફીલા પહાડી પ્રદેશોમાં મૌનનો મહિમા છે. અવાજમાત્રથી તારાજી સર્જાઈ શકે તેનું આ અદ્‌ભુત પ્રમાણ! માત્ર આ બર્ફીલી ઊંચાઈઓમાં જ શા માટે? જીવનમાં

હિમનદીનો ફાંટો



પણ એવું જ નથી બનતું? થોડાક કડવા શબ્દો, થોડોક શાબ્દિક તિરસ્કાર, થોડાક શબ્દોમાં કરાતાં અપમાનનો આઘાત - માનવમનમાં પડઘાતા રહે ને પછી તિરાડ પડીને સંબંધોની હિમશિલાઓ તૂટી પડે! જીવનમાં જ્યારે આવા 'એવલાન્શ' સર્જાય છે, ત્યારે એ જ્યાં જ્યાં ઝીંકાય છે ત્યાં ત્યાં આવી જ તારાજી સર્જે છે. ક્યાંક કુટુંબો વેરવિખેર થાય છે, ક્યાંક અરમાનો રાક્ષસી 'શિલાઓ' હેઠળ દટાઈ જાય છે, તો ક્યાંક આશાઓના ચૂરેચૂરા થઈ જાય છે. અર્થાત્ માણસના આ સંબંધો તો જાણે પર્વતોના ઢોળાવ પર નાજુકાઈથી તોળાઈ રહેલી હિમશિલાઓ!

સૂર્યોદય પહેલાં આજની સફર શરૂ કરી દેવાની હતી. અમે નવી ઊંચાઈઓ તરફ ચાલી નીકળ્યાં. જેમ જેમ ઊંચાઈ વધતી ગઈ, સજીવ સૃષ્ટિનો સાથ છૂટતો ગયો. પહેલાં માણસે હાર માની, પછી પ્રાણીઓ દેખાતાં બંધ થયાં, છેલ્લે વૃક્ષોય વિદાય થયાં ને એથીય ઊંચે પછી ઘાસ કે તરણાંએ પણ સાથ છોડી દીધો! વેરાન જમીન પર નજર પહોંચે ત્યાં સુધી, ગૌરવાન્વિત, બરફાચ્છાદિત શ્વેત ગિરિશૃંગો, ને બસ, બરફનું જ સામ્રાજ્ય!

બરફનાં સામ્રાજ્યને દ્વારે પેલી હિમનદી મળેલી. હિમનદી જાણે શીતયુગની અખંડ તપસ્વિની! સદીઓથી ચાલી રહેલી સતત હિમવૃષ્ટિને કારણે ખીણમાં ને પર્વતીય ઢોળાવ પર બરફના થર પર થર જામતા જાય. તેમાં પણ અમુક જગ્યાએ પહાડની સપાટી પરના ખાંચા કે ખાડાઓમાં એ વધુ પ્રમાણમાં જમા થાય, અને પછી પોતાના જ વજનથી એ બરફના પિંડ ઢોળાવ પર સરકવા લાગે, ને પોતાનો એક રસ્તો કોતરતા જાય. કાચા જામેલા હિમપિંડોનું આ નિયત વહેણમાં સરકવું, એટલે જ હિમનદીનું વહેવું. જેમ જેમ એ નીચે ઊતરતી જાય, તેમ તેમ તાપમાન વધતું જાય, એટલે તેની નીચેની સપાટી પરથી બરફનું ઓગળવું શરૂ થાય, ને થિજાવી દે તેવાં શીત જળનું વહેણ બરફના ઉપલા પડની ભીતર પથ્થરો ને ખડકો વચ્ચેથી ધસમસતું વહેવા લાગે. ઊંચાણ પરથી નીચાણ તરફ વહેવાને કારણે એનો વેગ અને ખુમાર ભારે! જો કોઈ એમાં પડી જાય, તો તરતાં આવડતું હોય કે ન હોય, એનું કોઈ મહત્ત્વ જ નહીં! પાણી ઠંડું એટલું કે પડતાં વેંત માણસનું લોહી અને આખું શરીર થીજીને બરફ થઈ જાય! અને વહેણનો વેગ એટલો કે મિનિટોમાં શરીર પથ્થરો પર પછડાતું ને ખડકો પર ફંગોળાતું શબરૂપે ક્યાંય નીચે ખીણમાં ધકેલાઈ જાય!

કાચા બરફના કાણામાં ગરક ન થઈ જવાય કે બરફના પોલાણ વાટે નદીમાં પડી ન જવાય, એટલા ખાતર હવે રસ્તો શેરપાના પગલે પગલે સાવચેતીપૂર્વક કાપવાનો હતો. નદી પર અમારાં પગલાં પડી રહ્યાં હતાં, એ વિચાર જ કેટલો રોમાંચક હતો! સૂર્ય ઊગી રહ્યો હતો, એનાં રક્તિમ-સ્વર્ણિમ કિરણો બરફના આયનામાં છલકાઈ રહ્યાં હતાં, સવારની સોયમાં પરોવાયેલી આછેરા ધુમ્મસની વેણી શૈલજાના કેશકલાપ પર સોહતી હતી,



બક્કરથચ

ત્યારે હિમનદી પર અમારાં પગલાં પડી રહ્યાં હતાં.

બરફ પાકો હતો. ચાલવામાં ખાસ તકલીફ નહોતી પડતી. ઉપર નજર કરો, તો છેક શિખર પરથી બરફની મજાની લસરપટ્ટી બનાવી હોય તેવું લાગે! ને નીચે જુઓ તો થોડેક દૂર ખળખળતું ને ઉતાવળે વહી જતું વહેણ દેખાય. નદીનો પટ પૂરો થયો ને જમીન શરૂ થઈ. ત્યાં બરફ કાચો હતો. સામાન્ય રીતે એના પર પગ મૂકવાનો ન હોય. પાકા બરફ પરથી કિનારે કૂદી જવાનું હોય. પણ અજાણતાં જેમણે આ કિનારાના બરફ પર પગ મૂક્યો, તેમનો પગ એકદમ ઘૂંટણ સુધી કાચા બરફમાં ખૂંચી ગયો. અને ત્યારે જ હિમનદી પાર કરવાના ખરા જોખમનો ખ્યાલ આવ્યો.

હિમનદી પાર કર્યા પછી, ચઢાણ પર અમે ઊંચે ને ઊંચે ચઢતાં રહ્યાં. હવે તો કેડી પણ નહોતી, હતાં માત્ર પથદર્શક શેરપાનાં પગલાં, ને વિરાટ હિમાલયનો અનંત વિસ્તાર! ચોમેર કણકણમાં કિલ્લોલતી પ્રકૃતિનું અભૂતપૂર્વ દર્શન હતું. ક્ષણક્ષણમાં અનુભૂતિઓનું સ્પંદન પલટાતું હતું ને ચરણ ચરણ પર દુર્ગમ માર્ગની વિષમતાઓનું ઘર્ષણ થતું હતું.

બક્કરથચનું છેલ્લું ચઢાણ જરા વધારે આકરું હતું. વરસાદને કારણે અને બરફ પીગળવાને કારણે બનેલો કાળો બરફમિશ્રિત કીચડ ચઢાણને લપસણો બનાવતો હતો. ત્રાંસાં ત્રાંસાં પગલે સલામત જમીન પર પગનો અંગૂઠો ભેરવી ભેરવીને અમે એક પછી એક ડગલું ચડતાં રહ્યાં. ઉપર કે નીચે નજર નાખીએ તો ભય અને અસલામતીનો અહેસાસ જગાવી મૂકે, એટલે લક્ષ માત્ર એક ડગલું આગળના ચઢાણ પર જ રાખવાનું, અને એમ ડગલે-ડગલે કેટલું ચઢી ગયાં તેનો વાસ્તવિક ખ્યાલ, અને ખરી થ્રિલ તો છેક ઉપર પહોંચીને જ અનુભવવાની! જીવનના ઢોળાવ પર પણ આવું જ કાંઈક બને છે, ખરું ને!

ઉપર થોડીક સમથળ જમીન હતી, જેના પર પુરુષો માટે કતારબંધ સાત-આઠ નાના ટેન્ટ હતા. તેમાં ત્રણ-ચાર વ્યક્તિ સૂઈ શકે અને એક જરાક મોટો તંબૂ હતો, જેમાં અમારે દસ મહિલાઓએ રહેવાનું હતું. આ ઉપરાંત એક રસોડાનો તંબૂ પણ હતો. બસ, આ હતી અમારી નાનકડી વસાહત. અને આસપાસ અસીમ પર્વતમાળાઓને આચ્છાદીને સર્વત્ર વિસ્તરેલા

(અનુસંધાન પૃ. ૩૯૫)

એક સંત શિક્ષક

કમલા રત્નમ્ - અનુ. મોહન દાંડીકર

ત્રીજી મે ૧૯૬૯ની સવારે સાત સાડાસાત વાગે હું મારા અધ્યયનખંડમાં બેઠી હતી. ત્યાં ફોનની ઘંટડી વાગી. સચિવ સુધાકરે રાજદૂત શ્રી પેંરાલા રત્નમ્‌ને કહ્યું કે આજના સવારના પ્રથમ બુલેટિનમાં સમાચાર આવ્યા છે કે રાષ્ટ્રપતિ ઝાકિરહુસેનનું અવસાન થયું છે, હાર્ટઅટેકને કારણે.

પ્રથમ બે રાષ્ટ્રપતિઓને હું ઓળખતી હતી. પણ ડૉ. ઝાકિરહુસેનની સાથે તો મારે અંગત પરિચય હતો. ડૉ. રાધાકૃષ્ણન્‌ની પ્રખર બુદ્ધિમત્તાથી હું ખૂબ પ્રભાવિત થઈ હતી. તે જમાનામાં ભારતના સાહિત્યિક જગતમાં એમની બોલબાલા હતી. લોકો કહેતાં કે તમે એમને પડદા પાછળ બેસાડીને બોલવા દો તો તમને ખબર જ નહિ પડે કે આ ઑક્સફર્ડનો કોઈ પ્રોફેસર બોલે છે કે એક હિંદુસ્તાની બોલી રહ્યો છે! આમ તો ડૉ. રાજેન્દ્રપ્રસાદને પણ હું અનેક વાર મળી છું. એક વાર તો મારું પુસ્તક 'અક્ષરગીત' તેમને ભેટ આપવા માટે ગઈ હતી. પણ તેમની નિકટ જવાનો મોકો કદી મળ્યો નથી. ઝાકિરહુસેન સાહેબ જ એવા હતા જેમની સાથેની પ્રથમ મુલાકાતમાં જ તેઓ જ્યારે ઉપરાષ્ટ્રપતિ હતા ત્યારે, મારા મનમાં તેમના પ્રત્યે અપાર લાગણી જન્મી હતી. અલબત્ત, તેમાં તેમના અજાતશત્રુ વ્યક્તિત્વનું કારણ જ મુખ્ય હતું.



આમ તો જ્યારથી તેઓ બિહારના રાજ્યપાલપદેથી નિવૃત્ત થઈને ભારતના ઉપરાષ્ટ્રપતિપદે નિયુક્ત થયા ત્યારથી હું તેમને ઓળખતી હતી. અવારનવાર કોઈ ને કોઈ કામ પ્રસંગે તેમને મળવાનું પણ બન્યા કરતું હતું. ઝાકિરહુસેન સાહેબની જન્મભૂમિ ઈટાવા હતી - ઉત્તરપ્રદેશની ભૂમિ, ગંગાનદીની એ ભૂમિ. એમને મળતી વખતે મારા મનમાં જે પ્રેમ ઊભરાતો હતો તેમાં કદાચ આ એક જ પ્રદેશની માટી બોલતી હતી. એમને વિશેની કેટલીક વાતો એવી છે જે કદી ભૂલી શકું તેમ નથી. ગાંધીજી વિશે એમનો એક લેખ છપાયેલો હતો. કાં તો કદાચ કોઈ વ્યાખ્યાન હતું, જે એમણે ઉપરાષ્ટ્રપતિ બન્યા પછી દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભાના ૩૦મા દીક્ષાંત સંમેલન પ્રસંગે મદ્રાસમાં આપ્યું હતું. પણ વ્યાખ્યાન એટલે વ્યાખ્યાન. જાણે રંગબેરંગી મૂલ્યવાન ટુકડાઓ જોડીને કલાકારીગરીથી શણગારેલું કોઈ દુર્લભ કલાચિત્ર, જેમાં ભારતની ભાતીગળ વિવિધતાના ચમત્કારી અંશોને જોડીને ભારતમાતાના મુગટને સુશોભિત કરવામાં આવ્યો હતો. રાજેન્દ્રબાબુ દેવતા સ્વરૂપ હતા. તેમની પાસે બેસતાં જ એવો અનુભવ થતો કે આપણે એમની નજીક ભલે બેસીએ પણ તેમનું આસન આપણાથી મૂઠી એક ઊંચું જ રહેવાનું છે. રાજનીતિના પાંડવોમાં તેમનું સ્થાન ધર્મરાજા જેવું હતું. બાપુની અહિંસા અને અજાતશત્રુતા તેમણે બરાબર પચાવી હતી. રાધાકૃષ્ણન્ નકશીદાર હીરા જેવા હતા, જે બાજુથી જોઈએ ત્યાંથી તેઓ આપણને ચકિત કરી દેતા. ડૉ. ઝાકિરહુસેનની પાસે બેસીએ ત્યારે એક જાતની આત્મીયતાનો અનુભવ થતો હતો. એવું લાગતું કે આપણે જાણે આપણા જ કોઈ સ્વજન જોડે ન બેઠાં હોઈએ! આવી આત્મીયતા અને વિશ્વાસનું એક કારણ તેમની ભાષા પણ હતી. અમને એમની અને અમારી ભાષા વચ્ચે કોઈ ફરક નહોતો લાગતો. એમની સાથે અમે એ જ ભાષા બોલતાં જે અમે અમારા વડીલો પાસેથી સાંભળતાં હતાં. ઝાકિરહુસેન સાહેબ હંમેશાં સુશોભિત બેઠકખંડમાં જ બેસાડતા. રોસિલ્ક જેવી દીવાલો પર ઘાટા લીલા અને જાંબલી રંગોનાં તૈલચિત્રો લટકાવેલાં રહેતાં. ખરબચડા રેશમથી મઢેલી ખુરશીઓનું વ્યક્તિત્વ પણ એ ચિત્રોની સાથે બરાબર મેળ ખાતું હતું. દીવાલની લગોલગ ગોઠવેલાં ટેબલો પર ભાતભાતના પથ્થરો સજાવેલા રહેતા. ઝાકિરહુસેન સાહેબ રંગોના પારખુ હતા. ગુણોને પકડતા હતા. પથ્થરોમાં પણ મૂલ્યવાન પથ્થરોના અભ્યાસનો એમને ગજબનો શોખ હતો. એવા પથ્થોરોનો સંગ્રહ પણ કર્યો હતો. એક વાર હું ઇન્ડોનેશિયાથી એમને માટે લાકડાં પર કોતરેલી દેવી શ્રીની મૂર્તિ લાવી હતી. કેટલા ભાવપૂર્વક તેનો એમણે સ્વીકાર કર્યો હતો! એક વાર ચા પીતાંપીતાં હું એમને પૂછી બેઠી : 'આપ અમૂર્ત ચિત્રોને પણ સમજી શકો છો ખરા કે?' અને તેઓ હસી પડ્યા. તેમના મોતી જેવા દાંત ચમકવા લાગ્યા. પછી કહે : 'પ્રયત્ન કરું છું.' એ વખતના એમના ચહેરા પરથી એવું લાગતું હતું કે જાણે તેમનું કોઈ રહસ્ય ખુલ્લું પડી ગયું. મેક્સિકો જતાં પહેલાં અમે એમને મળવા ગયાં હતાં. ત્યારે મેં એમને પૂછેલું : 'આપને માટે શું લાવીએ?' એમણે ઊમળકાથી કહ્યું હતું : 'એક ચિત્ર લાવજો.'

પણ જ્યારે હું મેક્સિકોથી પાછી આવી ત્યારે એમને પૂછી ન શકી કે આપે કોનું ચિત્ર મંગાવ્યું હતું અને મંગાવ્યું જ હતું તો પછી તે લેવા માટે રોકાયા કેમ નહિ? હવે તેઓ મારે માટે એક એવું ચિત્ર મૂકતા ગયા છે, જેને હું કદી ભૂલી શકું તેમ નથી.

ઝાકિરહુસેન સાહેબનો બીજો શોખ બાગબાનીનો હતો. જે શોખ ગુલાબોની ઓળખમાં એની ચરમ સીમાએ પહોંચી

ગયો હતો. ગુલાબ સાથેનો સંબંધ નેહરુજીને પણ હતો. પણ એમનું ગુલાબ એમને કોઈ બીજા જ લાવીને આપતા હતા. કોઈ કોઈ વળી એમને જ ગુલાબ જેવા માનતા હતા. પણ ઝાકિરહુસેન સાહેબ તો જાતે જ ગુલાબ ઉગાડતા હતા. અને એ ગુલાબ જ્યારે બરાબર ખીલે ત્યારે દૂર બેસીને એના વૈભવને માણ્યા કરતા હતા. ફૂલોની ક્યારીઓમાં, એની સુગંધથી તરબોળ થયેલા, ઝાકિરહુસેન સાહેબ સવારે ફરવા નીકળતા ત્યારે ઝાકળના પ્રત્યેક બિંદુમાં એમનો ચહેરો ચમકતો દેખાતો. પ્રત્યેક હવાની લહેરખીમાં એમનો આત્મા પાંખડીઓની સાથે વાતો કરતો હોય એવું લાગતું. તેઓ જ્યારે વિદેશોમાં જતાં ત્યારે તેમને જે અંગત ભથ્થું મળતું તેમાંથી તેઓ નવાં નવાં ફૂલછોડનાં બી અને અતિ સુંદર પથ્થરો ખરીદી લાવતા. બગીચામાંનાં એકેએક ગુલાબને, ગુલાબની પાંખડીઓને, તેઓ બરાબર ઓળખતા અને બાળકોની જેમ તેની માવજત કરતા. એમનાં ગુલાબોની દેખરેખ રાખવાવાળો એક માળી જ્યારે ગુજરી ગયો ત્યારે તેમનાં બેગમની સાથે વાત કરતાં કરતાં તેઓ રડી પડ્યા હતા.

હિંદી તેમની માતૃભાષા નહોતી. ખૂબ જ મહેનત કરી કરીને એકેક શબ્દ અલગ અલગ કરીને હિંદી શીખ્યા હતા. અને છેવટ સુધી ઉર્દૂ લિપિના માધ્યમથી તેઓ પોતાનાં હિંદી ભાષણો વાંચતા હતા. વાંચતાં પહેલાં તેઓ કલાકો સુધી પોતાના સચિવની સાથે બેસીને દરેક શબ્દના શુદ્ધ ઉચ્ચારનો અભ્યાસ કરી લેતા હતા. અને એ પણ ત્યારે કે જ્યારે શરૂઆતના દિવસોમાં તેમને એક આંખ ગુમાવવી પડી હતી. તેમની પાસે પૂરતા પૈસા નહોતા એટલે તેઓ આંખની સારવાર નહોતા કરાવી શક્યા.

ઝાકિરહુસેન સાહેબ જ્યારે ઉપરાષ્ટ્રપતિ હતા ત્યારે દરરોજ સાંજે એક કલાક તેઓ ફારસી શીખતા હતા. કાબુલ વિશ્વવિદ્યાલયમાં તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ લગભગ એક કલાક ફારસીમાં વ્યાખ્યાન આપ્યું હતુ. હિંદી શીખવા માટે તેમણે પોતાની સામે ગાંધીજીનો આદર્શ રાખ્યો હતો. પોતાના એક વ્યાખ્યાનમાં તેમણે કહ્યું હતું કે, એ મહાત્માએ પોતાની દીર્ઘદૃષ્ટિથી આ દેશને માટે જે કેટલાંક સુંદર કામો કર્યાં છે તેમાંનું એક હિંદીપ્રચારનુ કામ પણ હતું. હિંદી કંઈ ગાંધીજીની માતૃભાષા નહોતી, તેમ છતાં તેઓ તેનો પ્રચાર એટલા માટે કરવા માગતા હતા કે તેમની દૃષ્ટિએ બે વાતો સાફ હતી : એક તો એ કે દેશમાં જે એકતા અંગ્રેજી ભાષા દ્વારા દેખાઈ રહી છે તે ત્યાં સુધી જ ટકી શકવાની છે જ્યાં સુધી થોડાં લોકો લખતાંવાંચતાં શીખે છે અને તે દ્વારા પોતાને બીજાઓથી ઊંચા માનીને એમનાથી અલગ એક વિદેશીની જેમ જીવન જીવે છે. પણ દેશ જ્યારે આઝાદ થશે ત્યારે એકેએક બાળક લખતાંવાંચતાં શીખશે. તે લખવા-વાંચવાનું કંઈ વિદેશી ભાષામાં નહીં બની શકે. તે તો દેશની જુદી જુદી ભાષાઓમાં જ થશે. થવું પણ જોઈએ... ગાંધીજીએ અલગ અલગ ભાષા બોલનારાઓને એક કરવા માટે હિંદીની પસંદગી કરી. અને તેનો પ્રચાર કરવાનો વિચાર કર્યો. તેઓ હિંદી સારી નહોતા બોલતા. પણ હિંદીમાં જ બોલ્યા અને તેના માધ્યમથી લોકોનાં દિલ જીતી લીધાં.

ઝાકિરહુસેન સાહેબ વિશેની કેટલીક વાતો અવિસ્મરણીય છે. ૧૩મી મે ૧૯૬૭ને દિવસે તેઓ ભારતના રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમણે કહ્યું હતું : 'સમગ્ર ભારત મારું ઘર છે. આ ઘરને હું સાચા દિલથી સુંદર અને મજબૂત બનાવવા પ્રયત્ન કરીશ. જેથી એ મારા મહાન દેશબાંધવો માટેનું ઉપયોગી ઘર બને, જેમાં ઈન્સાફ અને ખુશાલીને પોતાનું આગવું સ્થાન હોય.' એમની વિનમ્રતા એવી હતી કે એમણે કહ્યું હતું : 'હું સ્વીકારું કરું છું કે આવા ઉચ્ચતમ પદને માટે મારા દેશનાં લોકોએ મારા જેવાની પસંદગી કરીને મારામાં જે વિશ્વાસ મૂક્યો છે તેનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. આ ભાવના આ કારણે પણ વધુ પ્રબળ બની જાય છે કે ભારતના મહાન સપૂત ડૉ. રાધાકૃષ્ણન્ પછી મારા જેવાને આ પદને માટે કહેવામાં આવ્યું. હું એમના પગલે ચાલવાનો યત્કિંચિત્ પ્રયત્ન કરીશ, એમની બરોબરી તો કેવી રીતે કરી શકું?'

ભારતના તેઓ સાચા સપૂત હતા. તેની સાબિતી તો તેમણે સત્તા ગ્રહણના આગલા દિવસે જ આપી દીધી હતી. જ્યારે તેઓ દિલ્હીમાં શૃંગેરીના જગદ્‌ગુરુ સ્વામી શંકરાચાર્યના દર્શને ગયા હતા. જગદ્‌ગુરુની સામે પુષ્પો અને ફળો ધરી તેમણે કહ્યું હતું - આપના આશીર્વાદ આપો. અને શંકરાચાર્યજીએ રાષ્ટ્રપતિજીને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા હતા.

આવો જ એક બીજો પ્રસંગ પણ યાદ આવે છે.

ઉપરાષ્ટ્રપતિનિવાસના ચોગાનમાં એક દિવસે સવારે તેઓ લટાર મારવા નીકળ્યા. જોયું તો માળીના ઘરે ભજનકીર્તનનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. તેઓ ફરતા ફરતા ત્યાં પહોંચી ગયા. અને સૌની સાથે એક ખૂણામાં નીચે પાથરેલી શેતરંજી પર બેસી ગયા. જ્યારે તેમને ખુરશી પર બેસવા માટે કહ્યું ત્યારે તેમણે કહ્યું કે ભગવાનના ધામમાં તો બધાં સરખાં જ હોય છે. તેઓ ઠેઠ સુધી શેતરંજી પર જ બેઠા.

પતિયાલામાં પંજાબી વિશ્વવિદ્યાલયમાં ગુરુ ગોવિંદસિંહ સંસ્થાનના શિલારોપણ માટે તેમને કહેવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે આપે મને આ પવિત્ર સંસ્થાનના શિલારોપણ માટે કહ્યું ત્યારે મને યાદ આવે છે કે અમૃતસરમાં દરબારસાહેબના શિલારોપણ માટે પણ એક મુસલમાનને જ બોલાવવામાં આવ્યા હતા. આ વાત યાદ કરતાં તેઓ ગળગળા થઈ ગયા હતા. આંખમાંથી આંસુ નીકળી આવ્યાં હતાં. શ્રોતાગણમાં મોટા મોટા યોદ્ધા શીખ સરદારો બેઠા હતા. તેમની આંખો પણ

ભીની થઈ ગઈ હતી.

પોતાના સ્વચ્છ સુરુચિપૂર્ણ ખાદીના પોશાકમાં અને સરસ સુશોભિત સફેદ દાઢીની વચ્ચે શોભતા ગુલાબી મુખમંડળથી ઝાકિરહુસેન સાહેબ પ્રેમ અને આત્મીયતામાં ગાંધીજીના અંતિમ ઉત્તરાધિકારી લાગતા હતા. દેશમાં આવનારાં બાળકો બાપુને ભૂલી ન જાય તે માટે એક વાર તેમણે કહ્યું હતું : 'આપ આજ્ઞા કરો તો આ પ્રસંગનો લાભ લઈને ગાંધીજી વિશે થોડીક વાતો કહું. એમને જાણવાથી અને સમજવાથી એમનાં કામને સમજવાનું અને એમાં જીવ પરોવીને લાગી જવાનું વધુ સરળ બની જાય છે. આ એટલા માટે પણ કહેવા માગું છું કે હવે દિવસે દિવસે એવાં લોકોની સંખ્યા ઘટતી જવાની છે જેમણે ગાંધીજીને જોયા હતા. તેમની સાથે કામ કર્યું હતું. તેમના ચીંધેલા માર્ગે ચાલ્યા હતા. તેમની દેખરેખમાં અને તેમના સાન્નિધ્યમાં તેમની કડક શિસ્ત અને મા-બાપ જેવી મમતાથી પોતાના જીવનનું ઘડતર કર્યું હતું. તેઓ આ દુનિયામાંથી વિદાય થયા ત્યારે આ લોકો તો બાળકો હતાં. કેટલાંકનો તો જન્મ પણ નહોતો થયો. એવાં લોકોની સંખ્યા હવે દિવસે-દિવસે વધતી જવાની છે. નવો જમાનો હશે. નવો સમય અને સંદર્ભ હશે. ક્યાંક એવું ન બને કે આ નવી પેઢી ગાંધીજીને અને એમનાં કાર્યોનાં મૂળમાં જે વિચારો પડેલા છે તેને જ ભૂલી જાય! એવું બન્યું તો તો આપણું સૌથી મૂલ્યવાન જે ધન છે તે જ આપણે ખોઈ બેસશું.'

ઝાકિરહુસેન સાહેબને મળવા માટે બહુ પ્રતીક્ષા કરવાની જરૂર ન પડતી. એક વાર મારી એક બહેનપણી ઓસ્ટ્રેલિયાથી આવી હતી. પોતાના દેશમાં એ ભારતીયોના શિક્ષણ માટે પૈસા ભેગા કરતી હતી. એક ભારતીય બાળકને એણે દત્તક પણ લીધું હતું. ઝાકિરહુસેન સાહેબે એને મળવા માટે તરત સંમતિ આપી, અને ઘણે મોડે સુધી એની સાથે બેસીને એનાં કામ વિશે અને એની ભારતયાત્રા વિશે સાંભળ્યા કર્યું. બીજાઓનાં સુખસગવડ વિશે તેઓ એટલી બધી કાળજી રાખતા કે હિંદી શીખવા માટે જ્યારે તેમને એક વાર પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે, મારા કુટુંબના એક બાળકે જ્યારે ગાંધીજી પાસે તેમના હસ્તાક્ષર માગ્યા ત્યારે તેમણે ઉર્દૂમાં પોતાના હસ્તાક્ષર આપ્યા હતા. ત્યારથી મેં પણ નક્કી કર્યું કે મારે પણ હિંદીભાષીઓને મારા હસ્તાક્ષર હિંદીમાં જ આપવા.

એક વાર રામલીલામાં લોકોએ પોતાના પ્રિય રાષ્ટ્રપતિને ભગવાન રામચંદ્રજીને તિલક કરવા કહ્યું. ઝાકિરહુસેન સાહેબ પણ ખુશ થતા આવ્યા અને તિલક કર્યું. કેટલાંક ઉર્દૂ છાપાંઓએ એમની ટીકા કરી ત્યારે એમણે કહેલું કે આ નાદાનોને ખબર નથી કે હું સમગ્ર ભારતનો રાષ્ટ્રપતિ છું. કોઈ અમુક ધર્મનો જ નહિ.

ઝાકિરહુસેન સાહેબ રાષ્ટ્રપતિભવનમાં સાદાઈ અને વિનમ્રતાની સાથોસાથ કલાપ્રિયતાને પણ લઈ આવ્યા હતા. તેમની આંખોમાં બ્રિટનના અભિમાનના અવશેષો કાચની કણીની જેમ ખૂંચતા હતા. તેમણે મોગલ ઉદ્યાનને માત્ર સુરક્ષિત જ ન રાખ્યો, પણ પોતાના વ્યક્તિત્વના વૈભવથી તેમાં વૃદ્ધિ પણ કરી. તેમના વખતમાં રાષ્ટ્રપતિભવનના બગીચાઓમાં ૪૦૦ જાતનાં નવાં નવાં ગુલાબો રોપવામાં આવ્યાં હતાં. અનેક રંગબેરંગી પક્ષીઓ, હરણ, મોર, સારસ, કબૂતર, રાજહંસ વગેરે ભારતને ખૂણે ખૂણેથી મંગાવીને તેમાં રાખવામાં આવ્યાં હતાં. જાનવરો પ્રત્યેનો તેમનો પ્રેમ એટલો બધો ઘનિષ્ઠ હતો કે તેઓ રાષ્ટ્રપતિભવનમાં પોતાની સાથે પોતાનાં પ્રિય તોતા, મેના અને ગાયને પણ લાવ્યા હતા.

ગાંધીજીની શિક્ષણપદ્ધતિનું અનુસરણ કરતાં તેમણે બુનિયાદી તાલીમ માટે દિલ્હીમાં 'જામિયામિલિયા'ની સ્થાપના કરી હતી. ઘણા લાંબા વખત સુધી ઓછા વેતને તેમાં સેવા પણ આપી હતી. તે વખતે જામિયામિલાયની આર્થિક સ્થિતિ સારી નહોતી. તેથી તેઓ દર મહિને પગાર ઘટાડતા ઘટાડતા છેવટે ૭૫ રૂપિયા પર આવીને અટક્યા હતા. કામ તેઓ એટલું બધું ખેંચતા કે એક વાર ઘરનાંઓએ તેમને થોડો આરામ કરવા કહ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો કે 'આરામ કેવી રીતે કરું? પગાર તો કામ કરવા માટે લઉં છું.' આપણા દેશમાં વધુ પડતું બોલબોલ કરવાની અને ભાષણો આપવાની જે બીમારી છે તેના પ્રત્યે તેમને સખત નફરત હતી. કહેતા કે ઈશ્વરે બોલવા માટે મોઢું એક અને સાંભળવા માટે કાન બે આપ્યા છે. એટલે આપણે વધુ સાંભળવું જોઈએ અને ઓછું બોલવું જોઈએ.

એમણે ક્યારેય કોઈ બિનજરૂરી ભાષણ નથી આપ્યું. જ્યારે જ્યારે એમને કોઈ ભાષણ માટે કહેવામાં આવ્યું ત્યારે અતિ ટૂંકમાં અને મુદ્દાસર પોતાની વાત રજૂ કરતા એક વાર શિક્ષણમંત્રીઓના એક સંમેલનમાં તેમણે કહ્યું હતું : 'એવું લાગ્યા કરે છે કે સ્વતંત્રતા મળ્યા પછી આપણે ઉદ્‌ઘાટનો જ કર્યાં કર્યાં છે. અથવા ભાષણો જ કર્યાં કર્યાં છે. મેં નક્કી કર્યું છે કે જો મારું ચાલશે તો હું ભવિષ્યમાં કોઈ ઉદ્‌ઘાટનો નહિ કરું. પણ હું જાણું છું કે તમે મને છોડશો નહિ. મને બીક તો એ છે કે તમે લોકો ક્યાંક ઉદ્‌ઘાટનકલા પર જ કોઈ સંમેલન ન કરી બેસો. અને તેનું ઉદ્‌ઘાટન કરવા પાછા મને જ બોલાવશો.'

બુદ્ધજયંતી ઉદ્યાનમાં એક વાર વનમહોત્સવ વખતે તેમણે કહ્યું હતું, 'આ વૃક્ષોની મોટામાં મોટી વિશેષતા આ જ છે. એ ચૂપચાપ ઊભાં રહે છે. સૌને ફળો અને છાંયડો આપે છે. ભારતને આજે આવા નેતાઓની જરૂર છે.'

એમણે ખૂબ લખ્યું છે. જર્મની જઈને વરસો સુધી શિક્ષણ અને અર્થશાસ્ત્રની ઝીણી ઝીણી વિગતોનો અભ્યાસ કર્યો છે.

એમની 'કાચબો અને સસલું' વાર્તા સૌ માટે પ્રેરણાત્મક છે. એમનું સસલું સૂતું નથી. મંજિલે પહોંચવા પહેલાં જ તેની ઉપર એક શિકારી કૂતરો આક્રમણ કરે છે. અંતે બન્નેમાંથી કોઈ જીતતું નથી. જિંદગીમાં હારજીતનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ સાથે ચાલવામાં પણ છે. ઝાકિરહુસેન સાહેબે આપણને એ સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ આપણે સમજ્યા જ નહિ. આ જ વાર્તામાં એક વ્યક્તિ અટપટું સંસ્કૃત બોલે છે. બીજો તેનાથી વધુ અટપટી, પેટ ઊંચુંનીચું થઈ જાય તેવી, અરબીમિશ્રિત ઉર્દૂ બોલે છે. બન્ને લોકોથી અલગ પડી ગયા છે. આકાશમાં સૌને માટે સ્થાન છે. પંડિત, ઉલેમા અને એને માટે પણ જે આ બંનેથી અલગ કેવળ પોતાના સ્વાર્થની વાત કહેવા માગે છે. સંસ્કૃતની સીમાઓને સ્પર્શતી હિંદી અને અરબ સાગરને પેલે પાર જતી ઉર્દૂ બન્ને પરસ્પરની હરીફાઈમાં જીતવાની નથી. બન્ને રહેવાની છે. અને પોતપોતાના ક્ષેત્રની શોભામાં અભિવૃદ્ધિ કરવાની છે. સાથોસાથ કેટલીક જગ્યા એવી ભાષાને પણ આપવી પડશે જેમાં અરબી, ફારસી, અંગ્રેજી, તામિલ, રશિયન વગેરે ભાષાઓના શબ્દો છે. અને જે લોકોની જરૂરિયાતોને પૂરી કરે છે, એમના દિલના ભારને હળવો કરે છે, દુઃખનાં આંસુ લૂછે છે, ખુશાલીમાં હાસ્યનો ફુવારો છોડે છે. ઝાકિરહુસેનસાહેબના સંપૂર્ણ વ્યક્તિત્વમાં, એમનાં પ્રત્યેક કામમાં, આપણને એવી ભારતીય ભાષાનાં દર્શન થતાં હતાં.

ભારતીય સંસ્કૃતિના આ અનોખા તાજમહેલની આ ધરતી પરની અંતિમ વિદાયથી તેમને સેંકડો શ્રદ્ધાંજલિઓ આપવામાં આવી. તેમાં આકાશવાણીના ભાઈ જસદેવસિંહની આંખો દેખી શ્રદ્ધાંજલિ મને અતિ મર્મસ્પર્શી લાગી. ઝાકિરસાહેબનો જનાજો જ્યારે અંતિમ વિશ્રામસ્થળ જામિયા જવા માટે કવિ રહીમની કબરની નજીક પહોંચ્યો ત્યારે ઉદ્‌ઘોષકને અબ્દુલ રહીમ ખાનખાનાનની આ પંક્તિઓ સાંભરી આવી :

જો રહીમ મન હાથ હૈં, મનવા કહું કિત જાહિ,
જલ મેં જ્યો છાયા પરી, કાયા ભીંજત નાહિ.

ધરતીમાતાએ એક દિવસે સીતામાતાને પોતાના ખોળામાં લઈને સાંત્વના આપી હતી. એ જ પૃથ્વી માતાએ ઝાકિરહુસેન સાહેબ માટે પણ પોતાનો ખોળો પાથરી દીધો. તેઓ પેલા તમામ ફૂલછોડના ખાતર બની ગયા, જેને રોપવામાં, ઉછેરવામાં, શણગારવામાં જેમણે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું.

આરંભથી અંત સુધીનું તેમનું જીવન એક અહિંસકનું જીવન હતું. જિંદગીભર તેઓ અહિંસા માટે જીવ્યા. પોતાના કામ માટે તેમણે કોઈને કશી તકલીફ નથી આપી. એવા હતા તેઓ એક સંત શિક્ષક. જેઓ આ દેશના રાષ્ટ્રપતિ બન્યા હતા. ◻

અનુ.] **જાંબલી અંધકારના પ્રદેશમાં** [પૃ. ૩૬૧થી
વિરાટ હિમાદ્રિનાં અગણિત શિખરોનું નિકટતર સાન્નિધ્ય. ન વસ્તી, ન વૃક્ષો, ન કોલાહલ, ન રોજિંદી ઘટમાળ, ન ઘર, ન દીવાલો, કશું જ નહોતું અહીં! અરે! સ્વયં પોતાની હયાતીનો અહેસાસ પણ ક્યાં થતો'તો અહીં? હતો માત્ર અજાણ્યા, દુર્ગમ, અનન્ય મુકામે બરફની ધરતી પર આકાશ ઓઢીને કરેલો રાતવાસો.

ઠંડી ધારદાર હતી. સ્લીપિંગબેગમાં પણ એનો ચમકારો અનુભવાતો હતો. દિવસ આખાનો થાક અડધી રાતને તો ગળી ગયો, પણ પાછલી રાતે આંખ ખૂલી જ ગઈ. આ રાત, આ સ્થળ, આ ક્ષણો ફરી ક્યારેય ક્યાં જીવવા મળવાનાં હતાં? કેટલી કીમતી હતી એ ક્ષણો! ટેન્ટના પ્રવેશદ્વારના પડદાની ફાટમાંથી બહાર જોઉં તો ઘડીભર આંખો પર વિશ્વાસ ન આવ્યો.

આવો જાંબુડી રંગનો અંધકાર જીવનમાં ક્યારેય જોયો જ નહોતો. અનિવાર્ય સંજોગો સિવાય ટેન્ટની બહાર નીકળવાની મનાઈ હોવા છતાં, ચાંદનીનું ઈજન અવગણી શકાય તેવું ક્યાં હતું? આસપાસ જોયું તો જ્યોતિબહેન જાગતાં હતાં, એમની ને મારી મનોદશા લગભગ સરખી જ હતી. નાનકડી ટૉર્ચ લઈને અમે તંબૂની બહાર સરક્યાં.

બહાર બરફ વધ્યો હતો, રાત્રે ફરી એ વરસ્યો હશે. પર્વતમાળા પર સર્વત્ર ચમકતા બરફ ઉપર ચાંદની છવાઈ ગઈ હતી. કૃષ્ણપક્ષની શરૂઆતના દિવસોનો જરાક જ ખંડિત થયેલો ચંદ્ર, અને હિમાલયના ઢોળાવ પર ઊતરી આવેલું તારામંડળ, બરફે રસાયેલી ચાંદનીનો આલોક અંધકારને ને ગિરિમાળાને જાંબલી રંગથી રંગી રહ્યો હતો. ચાંદનીના જાંબુડિયા આલિંગનમાં હિમાલય જાણે મદહોશ હતો. નીરવતામાં હળુહળુ વરસતી આ ચાંદની રાત - દૂરદૂર સુધી કોઈ નહોતું. આ દુર્ગમ પહાડીના પ્રતિકૂળ વાતાવરણમાં કોણ ટકી શકે? ભીષણ હિમપ્રપાત અને અવિરત હિમવર્ષા, તોફાની આબોહવામાં બરફની કેટકેટલી આંધીઓ અહીં એકાકી ઊઠતી હશે ને શમતી હશે! હિમમાનવનાં પગલાં સૂંઘતો-સૂંઘતો માટીનો માનવ કેટલે પહોંચી શકે? સાપેક્ષ રીતે સાનુકૂળ મોસમમાં પર્વતારોહકો આવે ને જાય, બાકી માણસનાં પગલાંનાં શાપથી અભડાયા વિનાનું વિરાટ હિમાલયનું આ હિમસામ્રાજ્ય પરીકથાઓનો દેશ જાણે! જ્યાં અંધારાં કાળાં નહીં, જાંબુડી હતાં, દિવસ શ્વેત નહીં સ્વર્ણિમ હતો, ને વાદળાં દૂર ઊંચે નહીં, નીચે આસપાસ હતાં!

અદ્‌ભુત રસનું નરી આંખે કરેલું આ આકંઠ પાન અવિસ્મરણીય છે. ક્ષણક્ષણમાં ટપકતી ચાંદની ને કણકણમાં રેલાતો જાંબલી આલોક, આવતી કાલે તો જીવનનો એક વીતી ગયેલો મુકામ જ બની જશે. મનના ઊંડાણમાં રચાતો જાય છે એક હિમાલય, જેને જાંબુડિયા નેહથી રંગી રહી છે ચાંદની. મનમાં એક ખૂબસૂરત છબી અંકાઈ જાય છે. ને જાંબલી અંધકારનું નમણું શમણું આંખોમાં આંજીને હું હિમાલય પરથી નીચે ઊતરી આવું છું. ◻

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૨૦

પ્રા. પ્રવીણ ન. શેઠ

હાઈટેકમાં અદ્ભુત 'ટેક-ઑફ'ની ઊર્ધ્વ દિશામાં

કેલિફોર્નીઆની સિલીકોન વેલિ એ વિશ્વનો સૌથી વિકાસ પામેલા પ્રદેશ તરીકે જાણીતી છે. ઈલેક્ટ્રોનિક્સ ક્રાન્તિ (ચિપ રેવલ્યૂશન) અને કમ્પ્યૂટર-કેન્દ્રી ઈન્ફર્મેશન ટેકનોલૉજિ-આઈટી ક્રાન્તિ અહીંથી શરૂ થઈ. વિશ્વમાં સૉફ્ટવેર ક્ષેત્રમાં નિતનવીન ટેકનોલૉજિ વિકસાવનાર કંપનીઓ અહીં કેન્દ્રિત થયેલી છે. ઉચ્ચ જીવનધોરણ, હાઈટેક સાધનોનો વ્યાપક અપનાવ, ટેકનોમેનેજરીઅલ અભિગમના કુશળ ઉપયોગથી થયેલ અદ્ભુત આર્થિક વિકાસ - આ બધું સિલીકોન વેલિમાં સૌથી વધુ દેખાય છે. સાથોસાથ અમેરિકામાં ભારતીય ક્લાસિકલ સંગીતનાં સૌથી જાણીતાં કેન્દ્રો પણ બર્કલે - સાન ફ્રાન્સિસ્કોના પાસિફિક કિનારાના 'બે એરિઆ'માં આવેલાં છે. વિશ્વના ઈતિહાસમાં ૨૫ થી ૪૦ વર્ષથી યુવાન વયે અબજોપતિ શ્રીમંતો સૌથી મોટી સંખ્યામાં ૧૯૯૦ના દશકામાં થયા છે. તેમાં ઠીક પ્રમાણમાં યુવાન ભારતીયો પણ છે.

આવી સિલીકોન વેલિમાં હાઈટેક ઉદ્યોગને વિકસાવવામાં ભારતીયોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. અહીંની વિશ્વની અગ્રિમ સૉફ્ટવેર કંપનીઓના વિકાસમાં એક વંશીય સમુદાય તરીકે ભારતીય અમેરિકનો પહેલા ક્રમે આવે છે. માઈક્રોસૉફ્ટમાં કુલ ટેક્નિકલ સ્ટાફનફ઼ઘણા ભારતીયો છે ઈન્ટેલમાં.

છેલ્લા દશકામાં તો કમ્પ્યૂટર સૉફ્ટવેર - મુખ્યત્વે ઈન્ફોટેક ક્ષેત્રમાં જે નવી કંપનીઓ (સ્ટાર્ટ અપ) થઈ છે, તેના ખુદ સ્થાપકો, મુખ્ય તંત્રવાહકો કે ચેરમેન તરીકે પણ હવે ભારતીયો છે. એટલે કે માત્ર ટેક્નિકલ અધિકારી નહિ, પણ ઉદ્યોગપતિ તરીકે તેઓ ઊભરી આવ્યા છે. અમેરિકાના ઈન્ફોટેક ઉદ્યોગમાં ૨૫ ટકા જેટલા પ્રોફેશનલ ભારતીયો પૂરા પાડે છે. ખુદ વેલિમાં ૪,૦૦,૦૦૦ જેટલા ટેક્નિકલ કર્મચારીઓ ભારતીયો છે. અહીં નાની સિલીકોન વેલિ તરીકે વિકસેલ મેરિલૅન્ડ-વૉશિંગ્ટન-ડી.સી. પટ્ટામાં ૭૦,૦૦૦ ભારતીય ટેક્નિકલ કર્મચારીઓ છે. ૧૯૯૮-૨૦૦૦ દરમિયાન સિલીકોન વેલિમાં સ્થપાયેલી ઈન્ફોટેક સ્ટાર્ટઅપમાં ૪૦ ટકા જેટલી તો ભારતીયોએ શરૂ કરેલી છે. તેઓ ચીનાઓ અને ગોરાઓથી પણ આગળ છે. કમ્પ્યૂટર હાર્ડવેરમાં તેઓ ચીના ઉદ્યોગસાહસિકો પછીના, એટલે કે બીજે ક્રમે આવે છે.

અને માત્ર સંખ્યાની દૃષ્ટિએ નહિ, પણ નવી ઈન્ફો-ટેક્નોલૉજિ વિકસાવવામાં પણ તેઓએ નવી હવા સંચારી છે. આ મુદ્દા પર આવીએ તે પહેલાં અમેરિકાના બીજા પ્રદેશોમાં અને ટેક્નોલૉજિનાં બીજાં મહત્ત્વનાં ક્ષેત્રોમાં ભારતીયોએ જે પ્રદાન કર્યું છે, તેની ટૂંકમાં સમીક્ષા કરી લઈએ.

શ્રેષ્ઠ પ્રકારના ધ્વનિ અને સંગીતને સુલભ કરી આપવાની સિસ્ટમ પેન્સિલવેનિઆમાં બોઝ બાપ-દીકરાએ વિકસાવી. બોઝ ઑડિઓ સિસ્ટમ્સના સ્પીકર્સ અમેરિકામાં આ ક્ષેત્રમાં સૌથી વધારે વપરાતી (મોંઘા હોવા છતાં) સાઉન્ડ સિસ્ટમ્સ છે, 'ડિજિટલ ડી-કોડિંગ ટેક્નોલૉજિ' દ્વારા વિકસાવેલ આવી સિસ્ટમ્સ સંગીતરસિકો માટે સ્ટેસ સિમ્બલ બની ગઈ છે. 'ફોર્બ્સ'થી માંડીને 'ધી ઈકોનોમિસ્ટ' (લંડન) જેવા પ્રતિષ્ઠિત સામયિકોએ તેમના પ્રદાનની પ્રશંસા કરી છે. સામ (સત્યેન) પિત્રોડાએ ટેલિકમ્યુનિકેશન્સ ક્ષેત્રમાં પચાસેક પેટન્ટ મેળવીને નામ કાઢ્યું છે. (તેમની વિશ્વવિખ્યાત વર્ટિલ કંપની ગુજરાતમાં જંગી રોકાણ સાથે ઉદ્યોગ સ્થાપવાની હતી. પણ અહીં જરૂરી સુવિધાની ખાતરી ન થતાં દક્ષિણ ભારતમાં જાય, તેવા સંકેતો સાંપડે છે.) સમગ્ર ભારતને પીસીઓ-એસટીડી વગેરેથી સાંકળી આપવાનો (ઢીલા વહીવટી તંત્રના કૌશલ-અભાવ છતાં) 'જાદુ' કરી બતાવનાર પિત્રોડાની ટેલિકોમ ટેકનોક્ષમતાનો આવો ખ્યાલ આ પરથી આવશે.

એંશીના દશકાના અંત ભાગમાં સિલીકોન વેલિમાં 'સન માઈક્રોસિસ્ટમ' સ્થાપીને વિનોદ ખોસલાએ હાઈટેક ક્ષેત્રમાં સફળ ઉદ્યોગ સાહસિક તરીકે જે ભૂમિકા ભજવી, તે પછી તો યુવાન, સાહસિક અને બુદ્ધિશાળી ભારતીયો માટે તે 'રોલ મોડેલ' બની ગયા. તે પછી તો ખોસલાએ બીજી કંપની કાઢી, અગ્રિમ અમેરિકન કંપનીમાં ભાગીદાર બન્યા અને બીજી સ્ટાર્ટ અપમાં લાખો ડૉલરનું રોકાણ કરે છે. પિત્રોડા અને ગુપ્તા અહીંના ભારતીય ઉદ્યોગ સાહસિકો માટે 'ફાધર ફીગર' બની ગાયા છે.

નવી સ્ટાર્ટ અપ કંપનીઓ માટે સહાયક અને માર્ગદર્શક તરીકે પ્રતિષ્ઠા પામનાર બીજા એક ઉદ્યોગપતિ તે કંવલ રેખી. સિલીકોન વેલિમાં દક્ષિણ એશિયાના અહીં વસતા હાઈટેક એન્જિનીઅર વગેરે વ્યવસાયીઓ તેમની સ્ટાર્ટ અપ શરૂ કરવા માટે 'ધી ઈન્ડસ એન્ટરપ્રાઈઝ' (TIE - ટાઈ) સંસ્થા આઠ વર્ષ પહેલાં ઊભી થઈ. તેના ચાલકોમાં રેખી, સુહાસ પાટિલ, જે.એન. પટેલ, નરપત ભંડારી જેવા સાત ભારતીયો મુખ્ય હતા. રેખી તો નવા ઉદ્યોગસાહસિકોમાં 'ઋષિ' તરીકે માન પામે છે. 'ટાઈ'ની પ્રગતિ એટલી ઝડપી છે કે તેણે પાંચ વર્ષમાં તો સમગ્ર અમેરિકામાં તેના ચૅપ્ટરો જે તે પ્રદેશના સ્થાનિક ટેક્નોક્રેટ-ધિરાણકારો દ્વારા કામ કરતાં થયાં છે. ૧૯૯૯થી

ભારતમાં પણ મુંબઈ, બૅંગલોર, નવી દિલ્હી વગેરેમાં ટાઇના ચેપ્ટરની સ્થાપનામાં રેખીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

છેલ્લાં ત્રણ-ચાર વર્ષમાં તો લબરમુછિયા કહી શકાય તેવા ભારતીયોએ અદ્‌ભુત સિદ્ધિ હાંસલ કરી છે. સબીર ભાટિયાએ ૨૭ વર્ષની વયે ઇન્ટરનેટ દ્વારા ઇ-મેઇલ કરવા 'હૉટ મેલ'નો વિચાર વ્યવહારક્ષમ બનાવ્યો. તેણે સારા અમેરિકા અને પછી તો વિશ્વમાં એકમેકને સાથે ટેલિફોનને દરે, પરવડી શકે તેવી પદ્ધતિ શરૂ કરીને સંચારસંવહનના ક્ષેત્રમાં મોજાંઓ જન્માવ્યાં. માઇક્રોસૉફ્ટના બિલ ગેટ્સે તે ખરીદી લેવા માટે ૧૫૦ મિલ્યન ડૉલર આપવાની ઑફર કરી. ભાટિયાએ તેને કોઈ ખાસ પ્રતિભાવ નહીં આપ્યો. તે પછી તે ઑફર વધારીને ૨૦૦, પછી ૩૦૦ કરી. ભાટિયાના મિત્રોએ તેને સમજાવ્યો કે 'હજુ તો તારી કંપની (હૉટમેલ) એક સેન્ટનો નફો પણ રળતી થઈ નથી. તો આવી જંગી ઑફર સ્વીકારી લે.' પણ ૨૭ વર્ષનો યુવાન દૃઢ રહ્યો અને માઇક્રોસૉફ્ટ જેવા વિશ્વની શક્તિશાળી કંપની સાથેના 'જ્ઞાનતંતુના યુદ્ધ'માં ૪૦૦ મિલ્યન ડૉલર લઈને જ હૉટમેલનું 'ડીલ' કર્યું! (ઐશ્વર્યા રાય સાથે એના વિવાહની વાત ચાલે છે, તેવા હેવાલો વાંચ્યા હશે) ઇન્ટરનેટ આધારિત વિનાશુલ્ક (ફ્રી) ઇ-મેલ સર્વિસની જેમ જ બીજી હાઇટેક વિકસાવીને ભારતીયો નામ કાઢવા માંડ્યા છે. નવિનમેલ ભારતમાં કે અન્યત્ર રહેતા સાથે આ જ રીતે ઇ-મેલ દ્વારા ટેલિફોનની જેમ વાત કરી શકે એવી વૉઇસમેલની સુવિધા આપે છે. સ્માર્ટ મોડ્યુલર ટેક્નોલૉજિના અજય શાહ અને લતા કૃષ્ણન બે અબજ (બિલ્યન) ડૉલરમાં એક મોટી અમેરિકન કંપનીને પોતાની આ કંપની વેચી. તો વિરાટ સિસ્કો સિસ્ટમ્સ (માઇક્રોસૉફ્ટ)ને બીજી એક ભારતીય કંપની 'સેરેન્ટ' ૬.૯ અબજ ડૉલરમાં વેચાઈ! નીરવ ટોળીઆ અને ભારતીય યુવા ભાગીદારો ઇ-કૉમર્સ વિકસાવનાર ઇપિન્યન્સ કૉમ (Epinions. Com.) વીજળી કરતાં વધુ ગતિથી ડૉટ.કૉમ સાઇટ્સને જોડી આપે છે. માત્ર ૧૨ જ અઠવાડિયામાં ૮ મિલ્યન ડૉલરનું ધિરાણ મેળવી શકે, અને કામ કરતી થઈ જાય તેવો ઇતિહાસ નીરવની કંપનીએ રચ્યો છે.

માત્ર થોડાં વર્ષો પહેલાં ભારતીયો જિંદગીમાં મિલિઓનેર (લાખોપતિ) બની શકે, તો તે બાબતને વ્યવસાયી-ધંધાકીય જીવનની મોટી સફળતા માનતા. હવે ભારતીય વસાહતીઓના ઉદ્યોગપતિઓ માટે 'મિલેનિઅમ મિલિઓનેર' લેબલ પૂરતું નથી. હવે તો તેઓને 'ઇ-બિલિયોનેર્સ' (કરોડપતિ અને અબજોપતિ) કહેવા પડે, તેવી ઘટના બની ચૂકી છે.

અહીં મોટી કે સારી કંપનીઓ પોતાના અધિકારીઓ સારા પગાર ઉપરાંત પોતાની કંપનીના 'સ્ટૉક્સ' (શેર) પણ આપે છે અને ઇન્ફોટેક કંપનીના સ્ટૉકના ભાવ 'નસડેક' અને 'ડાઉ જોન્સ' (અમેરિકન સેન્સેક્ષ જેવા) પર માર્ચ સુધી ખૂબ ઊંચકાયા, ત્યારે આવા ભારતીયો જોતજોતામાં લાખોપતિ બની ગયા છે.

ગુરુરાજ દેશપાંડે જેવો ટેલિકૉમ 'ટૅકનો-દાદુ'ની સાયકામોર કંપની ૧૯૯૮માં સ્થપાઈ હતી. ૧૯૯૯ના ઑક્ટોબરમાં તે 'પબ્લિક' બની. એના સ્ટૉક ન્યૂ યૉર્કના સ્ટોક એક્ષચેન્જ (નસડેક) પર નોંધાયા. એ જ દિવસે એના સ્ટૉકની કીમત સાત ગણી વધી ગઈ. વિશ્વના સૌથી મોટા સ્ટોક એક્ષચેન્જના ઇતિહાસમાં આ રેકોર્ડ બુકનો બનાવ હતો. ફૉર્ચ્યૂન મેગેઝિને તેને એક 'લિજેન્ડ' ગણાવીને ૧૯૯૯ની ૧૨ સૌથી મજબૂત કંપનીઓમાં સ્થાન આપ્યું. સાયકામોરની કીમત ૨૧ બિલ્યન ડૉલર મુકાઈ. અને ચાર બિલ્યનની અંગત અસ્ક્યામત સાથે ગુરુ વિશ્વનો (અઝિમ પ્રેમજી પછી) બીજા ક્રમે આવનાર સૌથી શ્રીમંત ભારતીય બની ગયો. અદ્‌ભુત સફળતાની કારકિર્દીની ઘટના માટે 'દેશ વુ' (Desh Vu) એવો શબ્દપ્રયોગ થયો.

અને આવી સિદ્ધિઓ છૂટીછવાઈ કે થોડી વ્યક્તિકેન્દ્રી રહી નથી. દરેક પખવાડિયે નવો સફળ ઉદ્યોગસાહસિક ભારતીય કે અબજોનું મૂલ્ય ધરાવવા લાગતી સ્ટાર્ટઅપની વાત આવ્યા કરે છે. સપ્ટેમ્બર ૧૯૯૯ સુધીમાં એકલી વેલિની ૩,૦૦,૦૦૦ ભારતીય ટેકીઓની વસતી હસ્તકની કંપનીઓનું મૂલ્ય ૪૦ બિલ્યન ડૉલર જેટલું અંકાયું હતું. સાઈબર સ્પેસને ભારતીયો ભરી દેવા માંડ્યા છે. સૉફ્ટવેર વ્હિકિડની સર્વસામાન્ય છાપ ધરાવતો ભારતીય હવે અમેરિકન પૉપ્યુલર કલ્ચરનો ભાગ બની ગયો છે. આ ઘટનાનો ખ્યાલ અમેરિકન યુપ્પી (Yuppies) - યુવાન, શહેરી સંપન્ન ગતિશીલ વર્ગને ખ્યાલમાં રાખીને પ્રસિદ્ધ થયેલ 'શિવા ડાન્સિંગ' જેવી રોમેન્ટિક નવલકથાઓ ખૂબ સફળ નીવડે છે (તેમાં આવા સફળ, ગતિશીલ ભારતીય યુવાનોનાં પાત્રોને વણી લેવામાં આવ્યાં છે) તે હકીકત પરથી પણ આવશે. સબીર ભાટિયા, અજય શાહ - લતા કૃષ્ણન, સંજય સિદ્દુ, ગુરુરાજ, નીરવ ટોળિયા, જગદીશ, નિમિષ મહેતા, વાણી કોલા, રાજ સીંઘ, રાજ પારેખ તો એક મોટા થતા પ્રવાહનાં દેખી શકાય તેવાં મોજાંઓ છે.

અને ઇન્ફોટેક ક્રાન્તિમાં ભારતીય મહિલાઓ પણ ઊભરી આવી છે. અજય શાહનાં પત્ની લતા કૃષ્ણનને આ વર્ષે 'વીમેન ઑવ્ વીઝન'નો એવૉર્ડ બે ગોરી મહિલા ઉદ્યોગચાલકોની હરોળમાં મળ્યો છે. હૈદરાબાદની વાણી કોલાએ એક 'માઇનોરિટી'ની અને વળી મહિલા તે શું આવો હાઇટેક બિઝનેસ કરી શકશે, એવા વ્યાપક માનસિકતા અને તેના પરિણામ સ્વરૂપ એવા અવરોધો સામે સંઘર્ષ કરીને પોતાની 'રાઇટ વર્ક્સ' કંપની સ્થાપી શકી છે. તે માટે ૧૧ મિલ્યન ડૉલરનું ધીરાણ પણ મેળવી શકી છે. હવે તો બીજી મહિલાઓ સિલીકોન વેલિમાં આવા ઉદ્યોગ સ્થાપવા માટે વાણીનું માર્ગદર્શન મેળવી રહી છે. 'વૉલ સ્ટ્રીટ જર્નલ'થી માંડીને 'સિલીકોનીન્ડિયા' જેવાં પ્રતિષ્ઠિત માધ્યમોમાં તેમની સફળતાની વાર્તા કે 'પ્રોફાઇલ'

(અનુસંધાન પૃ.૩૯૯)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

દિલ્હીની કૉલેજો વિષે

તા.૨૯-૮-૮૧. ગઈ કાલે દિલ્હી યુનિવર્સિટીના સ્ટુડન્ટ યૂનિયનની ચૂંટણી થઈ એટલે રસ્તા ઉપર ચાલતાં ઠેરઠેર આ ચૂંટણીનાં પોસ્ટરો જોવા મળ્યાં. દેશની સામાન્ય ચૂંટણીમાં પોસ્ટરોમાં ઉમેદવારોનાં મોઢાં ચીતરવાનો રિવાજ ઇન્દિરા ગાંધીએ બે ચૂંટણીઓથી શરૂ કર્યો છે. અહીં યુનિવર્સિટીની ચૂંટણીનાં પોસ્ટરોમાં પણ સુનીલ દંડ, આરતી મહેરા વગેરેના ચહેરા જોવા મળ્યા. પોસ્ટરોમાં મોઢાં ચીતરવાં જરૂરી છે એ તો તરત જ ખબર પડી. આરતી મહેરા તો કોઈ બહેન હશે એવું આપણને લાગે. એ તો પોસ્ટર જોઈએ તો ખબર પડે કે આ આરતી તો મર્દ છે. (ઉત્તર ભારતમાં વિદ્યાચરણ શુક્લને વિદ્યા શુક્લ કહી શકાય છે!) અને ધારો કે આરતી મહેરા ખરેખર સ્ત્રી જ છે (હોય પણ ખરી, હું ક્યાં આ કોઈને ઓળખું છું?) તો પણ પોસ્ટર ઉપરથી ખબર પડે કે આ સ્ત્રી-આરતી મરદ છાપ છે અને દિલ્હીના સ્ટુડન્ટ યૂનિયનમાં કાચી-પોચી સ્ત્રીનું કામ નહિ ત્યાં તો મરદ છાપ સ્ત્રી જ જોઈએ. એટલે પોસ્ટરોમાં મોઢાં ચીતરવાના પણ ઘણા લાભ છે!

હા, ભઈ દિલ્હીનાં વિદ્યાર્થી યૂનિયનોથી કૉલેજના પ્રિન્સિપાલો પણ ચેતતા ચાલે. તેવો એક કિસ્સો હમણાં છાપાંમાં વાંચ્યો. ગુજરાત યુનિવર્સિટીની જેમ દિલ્હી યુનિવર્સિટી સાથે શહેરમાં આવેલી ૧૦૦ જેટલી કૉલેજો જોડાયેલી છે. લેડી શ્રીરામ કૉલેજ આવી એક બહેનોની કૉલેજ છે. અહીંની કૉલેજોમાં આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, લૉ... જેટલું ભણાવવું હોય તેટલું ભણાવાય એટલે કૉલેજો પણ ખાસ્સી મોટી. સ્ટાફ અને વિદ્યાર્થી-સંખ્યા પણ ઘણી મોટી. લેડી શ્રીરામ કૉલેજમાં પ્રોફેસરો પણ લગભગ બધી જ બહેનો છે. કૉલેજમાં ૨૨ તો સ્ટાફક્વાર્ટર છે. પણ સ્ટાફ ઉપર ૬૦ પ્રોફેસરો છે એટલે ક્વાર્ટર ઉપર ભીંસ ઘણી રહે છે. વળી, આ બહેન-પ્રોફેસરના પતિઓ વળી પાછા સરકારી નોકરીમાં કે બીજી કૉલેજમાં પ્રોફેસર હોય તેમને પણ ક્વાર્ટર્સ મળતાં હોય તો પણ લગભગ બધા જ LSR કૉલેજમાં નોકરી કરતી તેમની પત્નીનાં કૉલેજ-ક્વાર્ટરમાં રહે છે. આથી ૬૦માંથી જે ૩૮ પ્રોફેસર બહેનોને ક્વાર્ટર નથી મળ્યાં તેમનામાં કચવાટ રહ્યા કરે છે.

આવાં ક્વાર્ટરમાં રહેતાં પ્રોફેસરબહેનના પતિ શહેરની બીજી કૉલેજ - દયાળસિંગ કૉલેજના પ્રિન્સિપાલ છે. પ્રિન્સિપાલને તો કૉલેજના કોમ્પાઉન્ડમાં મફત ક્વાર્ટર મળે. પણ આ પ્રિન્સિપાલ તેમને મળતા ભાડા વગર પોતાની કૉલેજના બંગલામાં નથી રહેતા પણ લેડી શ્રીરામ કૉલેજના પત્નીના ક્વાર્ટરમાં રહે છે. કેમ ભઈ? દયાળસિંગ કૉલેજના છોકરા તોફાન કરે, ઘેરાવ કરે તે બધાંથી બચવા પ્રિન્સિપાલ પત્નીના LSR કૉલેજના ક્વાર્ટરમાં રહે છે. હવે એવું થયું કે દયાળસિંગ કૉલેજના વિદ્યાર્થીઓ આંદોલને ચડ્યા. પ્રિન્સિપાલ તો કૉલેજમાં નહોતા રહેતા એટલે ટોળું આવ્યું લેડી શ્રીરામ કૉલેજ ઉપર અને ત્યાં પ્રિન્સિપાલ જે ક્વાર્ટરમાં રહેતા હતા ત્યાં તોફાનો કર્યાં! એટલે છાપામાં આખી વાત આવી 'છોકરીઓની કૉલેજમાં છોકરાઓએ મચાવેલું તોફાન.' લેડી શ્રીરામ કૉલેજની સ્ટાફની બહેનોએ પણ હવે આંદોલન ઉપાડ્યું છે કે જેના પતિને અન્ય ક્વાર્ટર મળતું હોય તેવી પ્રોફેસરબહેનોને કૉલેજના ક્વાર્ટરની પસંદગીમાં બીજો ક્રમ આપવો.

દયાળસિંગ કૉલેજના પ્રિન્સિપાલને કદાચ પોતાની કૉલેજમાં રહેવા જવું પડશે અને કૉલેજના છોકરાઓને પ્રિન્સિપાલને ઘેરાવ કરવા બે માઇલની દડમજલ નહિ કરવી પડે!

ઉદેપુરની એ સાંજ

તા.૨૭-૫-૮૩. ઉત્તરભારતની યુનિવર્સિટીઓમાં ભૌતિકવિજ્ઞાનમાં અનુસ્નાતક શિક્ષણ કરતા શિક્ષકોના ઓપવર્ગોનું સંચાલન કરવા હું ઉદેપુર આવ્યો. આજે સવારે અહીંની સૌર વેધશાળા જોવા ગયા હતા. એક વાગે પાછા આવી, લંચ લઈ, આરામ કરી, અઠવાડિયાનાં કપડાં ધોઈને કાગળ લખવા બેઠો છું. અહીં બે દિવસથી વીજળીનાં ધાંધીઆં છે. ગઈ કાલે બપોરના વીજળી ગાયબ હતી. આજે પણ બપોરના બે વાગ્યાથી વીજળી ગાયબ છે. અત્યારે ચાર થવા આવ્યા છે. હજુ કાંઈ ઠેકાણું નથી.

આવતી કાલ આમ તો આખો દિવસ રજા છે. પણ અમે બધા કાલે નજીક રાણકપુરનાં દેરાં જોવા આખો દિવસ જવાના છીએ એટલે આજે જ આ કાગળ લખીને નાખી દેવો છે. બાકી અહીંથી પત્ર લખીને ટપાલમાં નાખવો એ 'કર્મણ્યેવાધિકારસ્તે' જેવું છે. ગયે અઠવાડિયે કાગળ લખીને પોસ્ટ કરવા નીકળ્યો. સૂરજપોલ અહીંનું મોટું શૉપિંગ સેન્ટર છે. સૂરજપોલ પોલિસ ચોકી પાસે જ મોટો ટપાલ નાખવાનો ગોળ ડબ્બો હતો. તેમાં ટપાલ નાખવા જતો હતો ત્યાં નજર પડી કે પેટીને તાળું મારેલું નથી. મેં તો ઢાંકણું ઉઘાડ્યું. તો અંદર પોસ્ટ કરેલા ચાર પાંચ પત્રો પણ પડ્યા હતા. વાહ ભઈ વાહ, ઉઘાડી ટપાલ-પેટી! એમાં ટપાલ નાખવાની મારી તો હિંમત ન ચાલી. દૂર જઈ તાળું દીધેલી બીજી ટપાલ પેટી જોઈ તેમાં કાગળ નાખ્યો. તમને મળ્યો કે નહિ તે તો રામ જાણે!

હે... વીજળી આવી. પંખા ચાલુ થઈ ગયા. હવે કાગળ જલદી પૂરો થઈ શકશે!

આજ કાલ ઉદેપુરમાં લગ્નગાળો પૂર જોશમાં ચાલુ છે. બાર વરસથી માંડીને વીસ વરસ સુધીની ઉંમરના વરરાજા ઘોડે ચડેલા ઠેરઠેર જોવા મળે છે. યુનિવર્સિટી ગેસ્ટહાઉસના બધા જ રસોઈઆ રજા ઉપર છે - લગ્નગાળો ચાલે છે ને! ગઈ કાલે સાંજે અહીંની એગ્રિકલ્ચર કૉલેજના વિશાળ કૅમ્પસ ઉપર ફરવા નીકળ્યો હતો. ફરતાં ફરતાં આકાશમાં પૂર્ણ ચંદ્ર ઉપર નજર પડી. કાલે વૈશાખ સુદ પૂનમ હતી. આજથી ૬૧

વર્ષ પહેલાં વૈશાખ સુદ પૂનમે મારી માતાનું (મનનું - અમે તેને 'મન' કહેતા) અવસાન થયું હતું. મારી ઉંમર ત્યારે ૪ વર્ષની, મારી બહેનની ઉંમર ૬ વર્ષની અને મારા મોટા ભાઈની ઉંમર ૧૨ વર્ષની. મને તો તે વખતનું કશું યાદ નથી. હા, એટલું યાદ આવે છે કે હું મારાં ફોઈબાના ખોળામાં બેઠો હતો અને પુરુષો ઓરડામાંથી ઠાઠડી લઈને નીકળ્યા. એવું યે યાદ આવે છે કે મેં પાછળથી મારી બેનને પૂછેલું કે 'મન' ક્યાં ગઈ? ત્યારે બહેને કહેલું કે 'મન' મરી ગઈ.

ફરતાં ફરતાં આકાશમાં ઊગેલા પૂર્ણ ચંદ્રને જોઈ માની યાદ વાગોળવા મારી પાસે આટલું જ માત્ર ભાથું હતું!!

કોના બાપની દિવાળી

તા.૧૯-૧૦-૮૪. હા, તો અહીંઆં દિવાળીનું વાતાવરણ જામતું આવે છે. પહેલાં તો એકલા મિલ-મજૂરોને બોનસ મળતું એટલે કે જેમાંથી સીધું ઉત્પાદન થાય તેવા ઉદ્યોગોમાં કામ કરતા સર્વને બોનસ મળતું. એટલે મોટાં કારખાનાંમાં કામ કરતા એન્જિનીઅરોને બોનસ મળે. પણ આ વર્ષે તો નોકરી કરતા દાક્તરોને પણ બોનસ મળશે - કૉલેજના પ્રોફેસરને પણ બોનસ મળશે.

પ્રોફેસરોને બોનસ ઉપરથી એક જૂની વાત યાદ આવી. ૧૯૮૦માં અમે જપાન ગયા હતા ત્યારે ત્યાંની યુનિવર્સિટીના શિક્ષકો સાથે વાત કરતાં ખબર પડી કે ત્યાં પ્રોફેસરોને પણ બોનસ મળે છે અને આપણે ત્યાં કેટલું બોનસ આપવું તેની વાટાઘાટો જેમ મજૂર-મહાજન અને મિલ-માલિક મંડળ વચ્ચે થાય અને પછી જે પ્રમાણે કરાર થાય તે પ્રમાણે બોનસ મળે તેમ જપાનમાં શિક્ષક-મંડળ અને સરકાર વચ્ચે વાટાઘાટને અન્તે થયેલા કરાર પ્રમાણે શિક્ષકોને બોનસ મળે.

પણ આ દિવાળીએ ભારતમાં બોનસની વહેંચણી આવા કોઈ કરાર પ્રમાણે થતી નથી. આ વર્ષ ચૂંટણીનું વર્ષ છે. એટલે અમારાં વડાંપ્રધાને નંક્કી કર્યું કે કોના બાપની દિવાળી છે. ચાલો બધા સરકારી નોકરોને ૧૮ દિવસનો પગાર બોનસ તરીકે આપવો. પણ કોઈને રૂ.૪૨૦/-થી વધુ બોનસ ન આપવું! હાઉં, થયું. પછી તો રાજ્ય સરકારોએ પણ તેવો નિર્ણય લીધો, મ્યુનિસિપલ કૉર્પોરેશને પણ તેવો જ નિર્ણય લીધો, કારણ કે મુખ્ય દલીલ 'કોના બાપની દિવાળી' તો આ બધાંયને લાગુ પડે ને! પરિણામે રાજ્ય સરકારની તિજોરીમાંથી જેને જેને પગાર ચૂકવાતો હોય તે બધાંય ને દિવાળીની બોણી સરકાર આપશે! મને તો થાય છે કે 'કોના બાપની દિવાળી' એ દલીલ આગળ ચલાવીને સરકારે પેન્શનરોને પણ બોનસ આપવું જોઈએ. તેમને પણ ૧૮ દિવસનું પેન્શન બોનસ તરીકે આપવું! પણ સરકારે એવું કાંઈ કર્યું નથી. એનું કારણ કદાચ એ હોય કે આ પેન્શનરોના વોટ ઝાઝા ન હોય તેથી ત્યાં 'કોના બાપની દિવાળી'વાળી દલીલને બદલે 'ચૂંટણીમાં કેટલું વળતર મળે'વાળી દલીલ વધુ ચાલી હશે!

આમ, અમારે ત્યાં દિવાળીનું વાતાવરણ જામતું જાય છે. પણ પૂછતાં જ નહિ કે કોના બાપની દિવાળી?

ઊછીનું જ્ઞાન અને જાજરૂનાં ફ્લશ

તા.૨૮-૧૨-૮૪. ભારતમાં જે વિજ્ઞાન અને ટેક્નૉલૉજિ વિકસ્યાં છે તેને હું Borrowed Technology ઊછીનું લીધેલું જ્ઞાન કહું છું. સમાજની જરૂરત સંતોષવા જરૂરી જ્ઞાન સમાજ વિકસાવે એ નૈસર્ગિક વિકાસપ્રક્રિયા છે અને આ રીતે જે જ્ઞાન ઊભું થાય છે તે સમાજ સરળતાથી પચાવી શકે છે. પરંતુ ઊછીનું લીધેલું જ્ઞાન સમાજ ઉપર ઉપરથી લાદવામાં આવે છે અને પછી ભોપાલ જેવી દુર્ઘટના થવાનો સંભવ રહે છે.

આ 'ઊછીના જ્ઞાન'ની મારી થિઅરીને એક જુદી જ દિશામાંથી પુષ્ટિ મળી. છેલ્લા ત્રણ દિવસ અમે અમદાવાદમાં ગુજરાત સાયન્સ કૉન્ગ્રેસ ગોઠવી હતી. અને ગુજરાતના વડીલ વિજ્ઞાની તરીકે હું તેનો પ્રમુખ હતો. મારી આ વિચારધારાને કારણે, અમે, સાબરમતી આશ્રમમાં એક સફાઈ વિદ્યાલય ચાલે છે તેના આચાર્યને વ્યાખ્યાન માટે બોલાવ્યા હતા. તેણે સરસ વાત કહી.

આપણે ત્યાં જાહેર જાજરૂ ગંદાં હોય છે. પણ આપણા જાજરૂ વિલાયતી ડિઝાઈન પ્રમાણે બનેલાં હોય છે. એક વાર ફ્લશ કરવા માટે પાંચ લિટર પાણી જોઈએ! ભારતનાં ૭૦ ટકા ગામોને પીવાના પાણીની પણ સગવડ નથી ત્યારે ફ્લશના એક ઝાટકે પાંચ લિટર પાણી વાપરે તેવાં જાજરૂ સાફ રાખવા માટે પાણી ક્યાંથી લાવવું? જાહેર જાજરૂ ગંદાં જ રહે ને! ઊછીની લીધેલી ડિઝાઈનને બદલે સમાજને અનુકૂળ ડિઝાઈન આપણે તૈયાર કરીએ તો જ આપણા પ્રશ્નો ઉકેલી શકીએ. અને પછી તેમના વિદ્યાલયમાં જે જુદી જુદી ફ્લશ-જાજરૂની ડિઝાઈનો તૈયાર કરી છે તે તેમણે વર્ણવી. (ક્રમશઃ)

અનુ.। **અમેરિકામાં ભારતીયો** ।પૃ. ૩૬૭થી

પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે.

'ફોર્બ્સ' અને 'ફૉર્ચ્યૂન ૫૦૦' જેવામાં દર વર્ષે વિશ્વના ટોચના સૌથી વધુ અસ્કયામત, મૂડી, નફો કે ઉત્પાદન કરતી કંપનીઓમાં ભારતીય અમેરિકનોએ સ્થાપેલી કે તેમના દ્વારા સંચાલિત થતી હોય તેવી કંપનીઓનાં નામ અને વિગતો મુકાઈ છે. ૨૦૦૦ના 'ફોર્બ્સ ૫૦૦'માં અમેરિકન, જપાનીઝ, જર્મન કંપનીઓ સાથે ૧૦ કંપનીઓ ભારતીય અમેરિકનોની છે અને હોટેલ-મોટેલ ઉદ્યોગમાં તો અગાઉ આપણે જોયું તેમ ભારતીયો-ગુજરાતીઓ ટોચ પર તો છે જ. હવે તેમનામાં સરોજ પટેલ, પન્ના પટેલ જેવી મહિલાઓ હોટેલ બિઝનેસમાં આગળ પડતી થઈ છે.

આવો ઉદ્યોગ-વ્યાપારી ભારતીય વર્ગ કેવા વિચારો, કાર્ય એજન્ડા ધરાવે છે? ભારત પ્રતિ તેમનો કેવો લગાવ છે? તેના યોગક્ષેમ વિકાસ માટે તેઓ શું કરી રહ્યા છે - કે કરવા તાકે છે? ભૌતિક-વ્યવસાયી સિદ્ધિ સાથે તેમને તનાવયુક્ત જીવનનો સામનો કરવો પડ્યો છે? તેથી મુક્ત થવા તેઓ કેવો અભિગમ અપનાવે છે? આખરે અન્યાયજનક 'ગ્લાસ સીલિંગ'ની ગોરા વર્ગે થોપેલી મર્યાદાને ભારતીયો ભેદી રહ્યા છે? ભારતીય સંસ્કૃતિનો આવી સિદ્ધિમાં શો ફાળો ઘટાવી શકાય? આ બધું આ વિષયના બીજા ભાગમાં આપણે જોઈશું. (ક્રમશઃ)

ઍન ફ્રેન્કની રોજનીશી




અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર ૧૦મી જુલાઈ, ૧૯૪૨

પ્રિય કિટી,

મને લાગે છે કે અમારા રહેઠાણના આ લાંબા લચક વર્ણનથી મેં તને ખાસ્સો કંટાળો આપ્યો હશે. તો પણ મારું માનવું છે કે અમે ક્યાં આવી પહોંચ્યાં છીએ એની તને પણ ખબર હોવી જોઈએ.

વાત હવે આગળ ચલાવું - હા, હજી બાકી છે - અમે પ્રિન્સેન્ગ્રાફ્ત પહોંચ્યાં કે તરત મીપ અમને ઉપર 'ગુપ્ત નિવાસ'માં મૂકી ગઈ. એણે બહાર જઈ દરવાજો બંધ કર્યો અને અમે એકલાં પડ્યાં. માર્ગટ સાઇકલ પર આવી હોવાથી વહેલી પહોંચી ગઈ હતી અને અમારી રાહ જોતી હતી. અમારી બેઠકનો ઓરડો અને બાકીના ઓરડાઓ અનેક પ્રકારની કચરાપટ્ટીથી ખીચોખીચ ભરેલા હતા. છેલ્લા કેટલાક મહિનાથી



(ઍન ફ્રેન્કના રહેઠાણનો નકશો)

૧. અંગત કાર્યાલય	૭.
૨. રસોડું	૮. } કોઠાર
૩. લૉજ	૯.
૪. પાછળનું કાર્યાલય	૧૦. માળિયું, ૧૧. છાપરું
૫. નાનો કોઠાર	૧૨. શયનકક્ષ/બેઠક ખંડ
૬. આગળનું કાર્યાલય	૧૩. શયનકક્ષ

મોકલાવેલ સામાન ભરેલાં ખોખાં જમીન પર અને ખાટલા ઉપર અસ્તવ્યસ્ત પડ્યાં હતાં. નાનો ઓરડો તો છેક છત સુધી ઓઢવા-પાથરવાની ચાદરોથી ભરેલો હતો. તે રાત્રે ચોખ્ખી પથારીમાં સૂવાની અમારી ઇચ્છા હોય તો તત્કાળ સફાઈ શરૂ કર્યા વિના બીજો ઉપાય નહોતો. પણ મમ્મી અને માર્ગટ પાસે તો હાથની આંગળી હલાવવાની પણ તાકાત રહી નહોતી. ભગ્નાવસ્થામાં થાક્યાં- પાક્યાં એમણે તો એ જ ચોળાયેલા અસ્વચ્છ ખાટલા પર પડતું મૂક્યું. પણ કુટુંબના બે 'સફાઈ કામદારો' - પપ્પા ને હું - તત્ક્ષણ કામે વળગ્યાં.

થાકીને સાવ લોથ થઈ ગયાં ત્યાં સુધી આખો દિવસ અમે ખોખાં ખોલવાનું, કબાટ ગોઠવવાનું, ખીલા ઠોકવાનું અને સફાઈ કરવાનું કામ કર્યે રાખ્યું. દિવસભર અમે નહોતું કાંઈ ગરમ ખાધું કે પીધું. પણ એનું અમને ભાન પણ નહોતું. મમ્મી અને માર્ગટ તો ખાવા પૂરતી પણ સુધ નહોતી, અને અમે ઘણાં જ વ્યસ્ત હતાં.

મંગળવારે વળી પાછું આગલે દિવસે જ્યાં છોડી દીધું હતું ત્યાંથી શરૂ કર્યું. બેપ અને મીપ અમારે માટે સીધુંસામાન લઈ આવ્યાં. પપ્પાએ અંધારપટ દૂર કર્યો, રસોડાની ફર્શ ઘસીને ધોઈ નાખી અને એમ ને એમ વળી પાછો આખો દિવસ નીકળી ગયો.

અત્યાર સુધી મને મારી જિંદગીએ લીધેલા આ વળાંક વિશે વિચાર કરવાનોય વખત નહોતો. છેવટે અહીં આવ્યા પછી પહેલીવાર, બુધવારે, તને બધી વાત માંડીને લખવાનો મોકો મળ્યો અને સાથે સાથે આ શું થઈ ગયું અને ભવિષ્યમાં શું થશે એ સમજવાનો પણ મોકો મળ્યો. લિ. ઍન.

શનિવાર ૧૧મી જુલાઈ, ૧૯૪૨

પ્રિય કિટી,

વેસ્ટરટોરેન ઘડિયાળથી પપ્પા, મમ્મી અને માર્ગટ હજી પણ ટેવાયાં નથી. આ ઘડિયાળ દર પા કલાકે ડંકા વગાડે છે. હું ટેવાઈ ગઈ છું. પહેલેથી જ મને એ ખૂબ ગમી ગઈ, રાત્રે તો ખાસ એ એક વફાદાર મિત્ર સમાન છે. મને લાગે છે કે આ 'લુપ્ત' થઈ જવાની અનુભૂતિ જાણવામાં તને રસ હશે. ખેર, પણ હાલ તો હું એટલું જ કહી શકું કે મને પોતાને પણ ખબર નથી. આ જગ્યા મારું ઘર બની શકે એવું મને જરાય

લાગતું નથી. એવું લાગે છે કે જાણે કોઈ વૅકેશનમાં ખાસ પ્રકારની ધરમશાળામાં રહેતાં હોઈએ. કલ્પના જરા વિચિત્ર છે, હશે, પણ મને તો એવું જ લાગે છે. સંતાવા માટે 'ગુપ્ત નિવાસ' એક આદર્શ જગ્યા છે. આમ તો એક બાજુએ ઢળેલી, ભેજવાળી જગ્યા છે તો પણ સંતાવા માટે આના જેવી સગવડ-ભરી કોઈ જગ્યા આખા આમસ્ટારડામમાં મળે એવું મને નથી લાગતું. અરે કદાચ આખા હૉલેન્ડમાં પણ ન મળે. શરૂ શરૂમાં તો ખાલીખમ્મ દીવાલોને લીધે અમારો નાનકડો ઓરડો પણ સાવ ખાલી ખાલી લાગતો હતો. પણ આભાર માનો પપ્પાનો કે એમણે પહેલેથી જ અહીં મારો સિને-તારકોના પોસ્ટરનો અને ચિત્ર-પોસ્ટકાર્ડનો સંગ્રહ લાવી રાખ્યો હતો. એટલે પછી ગુંદરની શીશી અને પીંછીની મદદથી મેં આખી દીવાલનું એક મોટા ચિત્રમાં જ રૂપાંતર કરી નાખ્યું. આથી ઓરડો એકદમ પ્રફુલ્લિત બની ગયો. અને એક વાર વૅનડાન લોકો પણ અહીં રહેવા આવી જાય પછી તો માળિયાનાં લાકડાં વાપરીને પુસ્તકોના નાના નાના ભીંતે લટકાડવાના ઘોડા અને એવી બીજી વસ્તુઓ બનાવશું પછી ઓરડા વધારે રહેવાલાયક બનશે.

માર્ગટ અને મમ્મીની હાલત જરાક સુધરી છે. અહીં આવ્યા પછી પહેલી વાર કાલે મમ્મીને સૂપ બનાવવાનો ઉત્સાહ આવ્યો. પણ નીચે વાતો કરતાં કરતાં સૂપ વિસરાઈ ગયો અને વટાણા બળીને બાવટો થઈ ગયા. તપેલીમાંથી ઊખડવાનુંય નામ લેતા નહોતા. શ્રી ક્લાઈમન મારે માટે 'યંગ પીપલ્સ ઍન્યુઅલ' નામની ચોપડી લઈ આવ્યા છે. ગઈ કાલે અમે ચારેય જણ નીચેની 'ખાનગી ઑફિસ'માં ગયાં હતાં. ત્યાં રેડિયો સાંભળ્યો. કોઈ સાંભળશે એ વિચારે મને એટલો ફફડાટ થઈ ગયો કે મેં પપ્પાને મારી સાથે ઉપર જતા રહેવા કાકલૂદી કરી. મારી લાગણી સમજીને મમ્મી પણ ઉપર આવી ગઈ. રખે ને કોઈ અમને સાંભળી કે જોઈ જાય એનો પણ અમને સતત ભય રહે છે. પહેલે દિવસે પહેલું કામ અમે પડદા બનાવવાનું કર્યું. સાચે તો એને ભાગ્યે જ પડદા કહેવાય. મેં અને પપ્પાએ, કોઈ જાતની સફાઈ વિના સીવેલા ઊભા, આડા, વિવિધ આકારના કપડાના કટકા જ છે. એની અમારી આ કલાકૃતિઓને નાની ખીલીઓથી એની જગ્યાએ એવી ઠોકી દીધી છે કે અમે અહીંથી વિદાય થઈએ ત્યાં સુધી નીકળે જ નહિ.

અમારી જમણી બાજુએ વેપારી પેઢીનાં મકાનો છે અને ડાબી બાજુએ ફર્નિચરની વર્કશોપ છે. કામના સમય પછી ત્યાં કોઈ જ હોતું નથી તો પણ દીવાલને પણ કાન હોય છે. માર્ગટને સખત શરદી થઈ છે, પણ રાત્રે એને ઉધરસ ખાવાની મનાઈ છે. એટલા માટે રાત્રે એને ખાસ્સી માત્રામાં કોડીન આપી દેવાય છે. હું તો મંગળવારની રાહ જોઉં છું, જ્યારે વૅનડાન લોકો અહીં રહેવા આવશે. પછી કાંક મજા આવશે ને બધું આવું શાંત શાંત નહિ રહે. અમને અહીં સંરક્ષણ આપતાં લોકોમાંથી કોક અમારી સાથે અહીં સૂવા આવે એમ મને બહુ મન થાય છે. બહાર જવાનું જ નહિ એની ગૂંગળામણ તો વર્ણવવી જ શક્ય નથી. મને તો અમને કોઈ જોઈ જશે અને પછી મારી નાખશે એ વાતનો ખૂબ ડર લાગે છે. એને સુખદ ભવિષ્ય તો કેમ કહેવાય? દિવસે નીચે વખારમાં કામ કરતાં લોકોને સંભળાય નહિ એમ ધીમે સાદે બોલવાનું અને ધીમે પગલે ચાલવાનું. મને કોઈ બોલાવે છે. લિ. એન.

લઘુકથા

સુકાળનો આંબો

મનસુખ સલ્લા

નેતાજીનો અવાજ ગળગળો થઈ ગયો. તેઓ બોલતા અટકી ગયા. ખિસ્સામાંથી નેપ્કિન કાઢી તેમણે આંખો લૂછી. બંને અધિકારીઓએ એકબીજાની સામે જોયું.

પ્રધાનશ્રી બોલ્યા, 'મારાં વહાલાં ભાઈઓ-બહેનો, દુષ્કાળ કુદરતી આફત છે. પરંતુ આપણે સાથે મળીને તેનો સામનો કરશું.... સરકાર તમારી પડખે છે.... તમારી તકલીફો જોઈને હું બેચેન બની ગયો છું... બે દિવસમાં રાહતનાં કામો શરૂ થઈ જશે, પાણીનાં ટૅંકર આવશે...' તાળીઓના ગડગડાટમાં આગળના શબ્દો ડૂબી ગયા. બંને અધિકારીઓની તાળીઓ પણ ચાલુ હતી.

'જયહિન્દ' બોલી પ્રધાનશ્રીએ ભાષણ પૂરું કર્યું. ટોળું તેમની પાછળ પાછળ દોડતું રહ્યું. આગેવાન જેવા બે-ત્રણ જણ સાથે પ્રધાનશ્રીએ હાથ મેળવ્યા. તેઓ ધન્ય બની ગયા. પગે લાગ્યા. પ્રધાનશ્રીની ગાડી ધૂળ ઉડાડતી અલોપ થઈ ગઈ.

બંને અધિકારીઓ ગાડીમાં ગોઠવાયા. ગાડી ઊપડી એટલે મિ. રાવળે કહ્યું, 'સાહેબ ઉપર લોકોની મુશ્કેલીની ખૂબ ઘેરી અસર થઈ. રડી પડ્યા!'

દેસાઈ : 'લોકોને મોટી સંખ્યામાં અમથાં ભેગાં નહોતાં કર્યાં.

રાવળ : 'આ વખતનો દુષ્કાળ ભીષણ નીવડવાનો.'

દેસાઈ : 'દરેક આફત ભીષણ જ હોય. તેને અવસર બનાવવો તે કામ આપણું છે.'

રાવળ : 'દુષ્કાળ કાંઈ અવસર થોડો ગણાય?'

દેસાઈ : 'યાર, તમે નવા છો, તેથી મર્મ નથી પકડતા. પ્રધાનસાહેબને આઠ મહિના પછી ચૂંટણીનો ખર્ચ છે. મારે દીકરીના લગ્નનો ૪-૫ લાખનો ખર્ચ છે. એટલે બધાં કામોમાં કોટા નક્કી થયો છે.' રાવળ : 'કોટા! શાનો કોટા?'

દેસાઈ : 'આ રાહતનાં કામો ચાલે તેનો કોટા. લોકો માટે દુષ્કાળ છે એ ખરું. આપણું કામ છે દુષ્કાળના છોડને થોડાં આંસુ રેડીને સુકાળનો આંબો બનાવવાનું. પછી વેડ્યા જ કરો.'

દેસાઈએ આંખ મિચકારી. રાવળની આંખો મટકું ન મારી શકી. ☐

આવો, શીખીએ અંગ્રેજી (૩૪)

ધનુભાઈ મહેતા

વિરામચિહ્ન : Punctuation - પંકટ્યુએશન

વિરામચિહ્નને અંગ્રેજીમાં punctuation - પંકટ્યુએશન કહેવાય. લેટિન ભાષાના 'punctum' - શબ્દ પરથી punctuation શબ્દ બન્યો છે. Punctumનો અર્થ થાય છે બિંદુ અથવા વિરામ. વાણીવ્યવહારના એકમ વાક્યના જુદાં જુદાં પદો આપણે એક સામટા એકીશ્વાસે બોલી નાખતા નથી, પણ યોગ્ય સ્થળે યોગ્ય વિરામ લઈને અથવા તો યોગ્ય પ્રમાણમાં અટકી અટકીને બોલીએ છીએ. વિચાર કે ભાવના ખંડો પ્રમાણે આ પ્રકારનો વિરામ અનિવાર્ય છે. વાણી અને લેખનવ્યવહારમાં ફેર છે. બોલતી વખતે સાંભળનાર વ્યક્તિ કે વ્યક્તિઓ આપણી સમક્ષ હોય છે એટલે યોગ્ય વિરામ, આરોહ-અવરોહ કે હાથ, આંખ, મોંની ઈંગિત ભાવભંગિઓ દ્વારા કથનને વેધક, સચોટ અને અસરકારક બનાવી શકાય છે. લેખનમાં વાચક આપણી સમક્ષ નથી એ એક મર્યાદા સ્વીકારીને વાંચનાર લખાણનો ભાવ અને અર્થ સરળ અને સ્પષ્ટ સમજી શકે તે માટે વિરામચિહ્નો આવશ્યક અને અનિવાર્ય બની રહે છે. વિરામચિહ્નોનો અભાવ એ સંસ્કૃત લેખનશૈલીની મર્યાદા છે. તેમાં પંક્તિને અંતે વિરામ તરીકે ઊભી લીટી (।) મૂકવામાં આવે છે અને કાવ્યપંક્તિનો ભાવ પૂરો થતો હોય ત્યાં બે કે ચાર પંક્તિને અંતે બે ઊભી લીટી (।।) વપરાય છે. પરિણામે સંસ્કૃત ભાષાના કેટલાક ગ્રન્થો દુબોર્ધ બની રહ્યા છે એટલું જ નહિ, પણ કહેવાતા પંડિતો, પુરાણીઓ અને પેટભરુ કર્મકાંડીઓએ મત-મતાંતરોનું ખંડન-મંડન કરવા માટે અર્થનો અનર્થ કરી ભારે ગડબડો ઊભી કરી છે - ખાસ કરીને તો વેદ કે વેદાંતનું વિવરણ, સમીક્ષા કે અર્થઘટન કરવામાં. સંસ્કૃતમાં વિરામચિહ્નોનો પ્રયોગ હોત તો આવા વિતંડાવાદો કદાચ નિવારી શકાયા હોત. અંગ્રેજી ભાષા પાસેથી આપણે ગુજરાતીમાં વિરામચિહ્ન અપનાવ્યાં અને તેને કારણે ભાષાની દુર્બોધતા અને અર્થની અસ્પષ્ટતાની મર્યાદા નિવારી શક્યા.

વિરામચિહ્નોનો અશુદ્ધ પ્રયોગ કરવાથી અર્થનો અનર્થ થવાનો સંભવ છે. દા.ત. 'અહીં ધૂમ્રપાન કરવું, નહિ કરનાર સજા પાત્ર થશે.' જુઓ, અલ્પવિરામને અયોગ્ય જગ્યાએ મૂકવાથી કેવો હાસ્યાસ્પદ અર્થ નિષ્પન્ન થયો! 'કરવું' પાસે મૂકવામાં આવેલું અલ્પવિરામ 'નહિ' પછી મૂકવામાં આવે તો જ અર્થ - અભિવ્યક્તિ શુદ્ધ બને. વિરામચિહ્ન વાક્ય-વિભાજનની એક ઉત્તમ કલા છે. વિરામચિહ્નો નીચે પ્રમાણે છે :

(૧) અલ્પવિરામ - comma - કોમા (,)
(૨) અર્ધવિરામ - semicolon - સેમિકોલન (;)
(૩) મહાવિરામ - colon - કોલન (:)
(૪) પૂર્ણવિરામ - full point - ફુલ પોઈન્ટ (.)
(૫) પ્રશ્નાર્થચિહ્ન - mark of interrogation - માર્ક ઑવ્ ઇન્ટ્રોગેશન (?)
(૬) ઉદ્‌ગારચિહ્ન - mark of exclamation (!) માર્ક ઑવ્ એક્સ્ક્લેમેશન
(૭) મહારેખા - dash - ડૅશ (—)
(૮) લઘુરેખા - hiphen - હાઇફન - (-)

આ વિરામચિહ્નોને અનુક્રમે સદૃષ્ટાંત સમજીએ :

(૧) Comma - કોમા - અલ્પવિરામ ઓછામાં ઓછા વિરામ દર્શક ચિહ્ન છે અને તેનો પ્રયોગ નીચે દર્શાવ્યા પ્રમાણે કરવો.

(૧)એક જ વાક્યમાં શ્રેણીબદ્ધ સહકાર કે સાયુજ્યથી વપરાયાં હોય તેવા પ્રત્યેક પદને અંતે અલ્પવિરામ મૂકવું અને છેલ્લા બે પદો વચ્ચે and વાપરવું; પણ 'and' પહેલા અલ્પવિરામ મૂકવું નહિ. દા.ત. Write your notes neatly, quickly and correctly.

He lost lands, money, reputation and friends.

(૨) એક જ વિગતદર્શક 'and'થી જોડાયેલાં પદયુગ્મ વચ્ચે અલ્પવિરામ મૂકવું નહિ, પણ છેલ્લા યુગ્મ પછી મૂકવું. જેમકે, We should be devout and humble, cheerful and serene, high and low, rich and poor, wise and foolish, must all die.

(૩) દીર્ઘ સાદા વાક્યનો કર્તા સાહચર્યને કારણે કદમાં મોટો થયો હોય ત્યારે સામાન્ય રીતે અલ્પવિરામ ક્રિયાપદની પૂર્વે મૂકવું. નીચેના ઉદાહરણ પરથી આ મુદ્દો સ્પષ્ટ થશે.

Hard working nature, without thinking of self - interest and happiness, brings successful result.

(૪) સમાનાધિકરણ તરીકે આવેલ નામ કે પદસમૂહ પછી અલ્પવિરામ આવે. જેમ કે : Milton, the great English poet, was I blind. Hereward, the last of the English, was a mighty man.

(૫) સંબોધન તરીકે કર્તા વાક્યના પ્રારંભે વપરાયેલ હોય તો તેના પછી અને વાક્યને અંતે વપરાયેલ હોય તો તેના પૂર્વે અલ્પવિરામ આવે. દા.ત. Ramesh, do as I say. Follow me, my boy. પણ સંબોધનાર્થે વપરાયેલ કર્તા ભારસૂચક હોય તો અલ્પવિરામને બદલે ઉદ્‌ગારચિહ્ન વપરાય છે. જેમ કે, Monste! By thee my child is devoured.

(૬) બે કે બે કરતાં વધારે ક્રિયાવિશેષણો કે ક્રિયાવિશેષણ પદસમૂહો સાથે આવ્યાં હોય ત્યારે તે પ્રત્યેક પછી અલ્પવિરામ

વાપરવું. દા.ત. Then, at length, tardy (ટાર્ડિ - મંદ) justice was done to the memory of Oliver.

(૭) વાક્યના મુખ્ય ભાગની સ્પષ્ટતા રૂપે વાક્યાંશ કે ઉપવાક્ય પછી અલ્પવિરામ મૂકવું :

The field was rectangular, 50 yds. in length, 40 yds. in breadth.

(૮) વાક્યમાં વપરાયેલ કૃદંત પદસમૂહ પૂર્વે અને પછી અલ્પવિરામ મૂકવું જોઈએ. પણ તે શબ્દસમૂહ વાક્ય તરીકે વિસ્તાર પામેલ હોય અને માત્ર વિશેષણના ભાવરૂપે આવેલું ન હોય તે મુદ્દો ખાસ લક્ષમાં રાખવો. દા.ત.

Caesar, having conquered his enemies, returned to Rome.

Believing the story to be true, she is guilty.

He has read, say, Kalidas.

Hamlet was, to tell the truth, not at all mad.

(૯) વાક્યના અંગ તરીકે વપરાયેલ પદો, પદસમૂહ કે ઉપવાક્ય પૂર્વે અને પછી અલ્પવિરામે આવે.

It is mind, after all, which does the work of the word.

Let there be no strife, I pray thee, between thee and me.

(૧૦) ખાસ કરીને તો ક્રિયાપદ જ્યારે અધ્યાહાર હોય ત્યારે અલ્પવિરામ મૂકવું. દા.ત.

He was a Brahmin, She, a Bania.

He will succeed, you never. Reading makes a man perfect, writing, an exact man.

(૧૧) ટૂંકા સંયુક્ત વાક્યના 'and' કે 'but'થી જોડાયેલાં ઉપવાક્યોને એકબીજાંથી છૂટાં પાડવાં માટે અલ્પવિરામ આવે. જેમ કે, Men may come and men may go, but I go on for ever.

Education adds culture to our thinking and breed to our bodies.

(૧૨) કર્તા કે કર્મ તરીકે આવેલ નામ ઉપવાક્ય (noun clause) પછી કે પૂર્વે અલ્પવિરામ મૂકવું. દા.ત.

Whatever is, is right.

That he would succeed in his mission, no one ever doubtedt.

(૧૩) 'that' સંયોજક તરીકે વપરાયું હોય ત્યારે તેની પૂર્વે અલ્પ-વિરામ આવે. આ પ્રમાણે We eat, that we may live.

(૧૪) વાક્યને છૂટાં પાડવાં માટે આવેલ સંયોજક પૂર્વે અલ્પવિરામ મૂકવામાં આવે છે. દા.ત. Be slow to promise, but quick to perform.

(૧૫) એક જ કર્મ માટે બે કે બેથી વધારે નામયોગી અવ્યય વપરાયાં હોય ત્યો દરેકને અંતે અલ્પવિરામ વપરાય. દા.ત. Mrs. Mehta is of the same grade with, but is junior to Mrs. Desai in service.

(૧૬) પ્રત્યક્ષ રચના - direct speech - માં અવતરણ ચિહ્નની પૂર્વે કે પછી અલ્પવિરામ મૂકવું. - Mina said, 'I will do it.' અથવા 'I will do it', said Mina.

યોગ્ય જગ્યાએ અલ્પવિરામ ન મૂકવાથી અને અયોગ્ય જગ્યાએ મૂકવાથી અર્થનો અનર્થ થાય છે.

(૨) **Semi Colon** - સેમિ કોલન (;) - અર્ધવિરામ. અલ્પવિરામ કરતાં સહેજ વધારે અટકવાનું હોય ત્યારે અર્ધવિરામ વાપરવું.

(૧) અસ્પષ્ટ રીતે સંકળાયેલ - loosely related - ઉપવાક્યોની શ્રેણીને સાંકળવા માટે અર્ધવિરામ વપરાય છે: આ પ્રમાણે -

Her court was pure; her life serene.

God gave her peace; her land reposed.

To day we love, what tomorrow we hate; to-day we seek, what tomorrow we shun; to day we desire, what tomorrow we fear.

(૨) અલ્પવિરામ વપરાયું હોય તેવાં સંયુક્ત વાક્યના ઉપવાક્યને છૂટા પાડવા માટે આ પ્રમાણે અર્ધવિરામ વાપરવું - He was a brave, large hearted man; and we all honoured him. વળી નીચેના વાક્યમાં વપરાયેલ છે તે રીતે પણ અર્ધવિરામ વપરાય Time is money; money is nothing.

(૩) **Colon** - કોલન - મહાવિરામ (:). અર્ધવિરામ કરતાં પણ વિશેષ વિરામ આવશ્યક હોય ત્યાં મહાવિરામ આવે. દા.ત. To live peacefully is a virtue : no pomp is more important. આ ઉપરાંત કોઈના શબ્દો કે લખાણ ટાંકવા માટે, ગણતરી કે દાખલાઓ અને વ્યાકરણની દૃષ્ટિએ સ્વતંત્ર પણ ઘનિષ્ઠ રીતે સંકળાયેલ વાક્યોની વચ્ચે મહાવિરામનો પ્રયોગ કરવો. નીચેનાં વાક્યો અનુસાર અનુક્રમે - Bacon says : 'Reading makes a full man, writing an exact man, speaking a ready man.'

The principal parts of a verb in English are : the present tense, the past tense and the past participle.

The limitation of armaments, the acceptance of arbitration as the natural solvent of international disputes, the relegation of war of ambition and aggression to the catagories of obsolete follies : there will be milestones which mark the stages of the road.

Study to acquire a habit of thinking : no study is more important.

(૪) **Full - stop or Full point** - ફૂલ સ્ટૉપ કે ફૂલ પૉઈન્ટ- પૂર્ણવિરામ. (૧) વિધાન અને આજ્ઞાર્થ વાક્યને અંતે પૂર્ણવિરામ આવે. જેમ કે, Orpheus loved Euridice

Please help him. (૨) શબ્દના પ્રથમાક્ષરોથી સંજ્ઞાવાચક નામ કે ઉપાધિ - degree દર્શાવવા માટે પૂર્ણવિરામ વપરાય છે. દા.ત. Mr. C.C. Gandhi. (૩) M.B.B.S. - Bachelor of medicine and bechelor surgery.

(૫) **Mark of interrogation** - માર્ક ઑવ્ ઈન્ટેરોગેશન.(?)

(અનુસંધાન પૃ.૩૭૫)

કલાસ્મૃતિ

નિકોલસ રૉરિક

આપણા દેશની સંસ્કૃતિ હજારો વર્ષ જૂની છે. તેનો ફેલાવો દેશદેશાંતર સુધી



થયેલો છે. સરહદોની પેલે પારથી ઘણા અભ્યાસુઓ ભારતની પ્રાચીન સભ્યતા, કલા, સાહિત્ય અને ધર્મના જ્ઞાન અને અભ્યાસ માટે આવતા અને કેટલાક ઘણાં વર્ષો માટે અથવા કાયમ માટે અહીં રહી જતા.

આવા જ એક કલાકાર નિકોલસ રૉરિક આજથી સવાસો વર્ષ પૂર્વે રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં ૧૮૭૪માં જન્મેલા અને ઘણા બધા દેશોમાં ફરીને ભારતમાં હિમાલયની ગોદમાં, કુલ્લુ મનાલીના રમણીય પહાડોમાં કાયમ માટે પોતાનું નિવાસ અને કાર્યસ્થળ સ્થાપિત કરે છે. આજે પણ મનાલીથી શ્રીનગર જતાં રસ્તામાં તેમની આર્ટ ગૅલરી અને સમાધી હયાત છે એવા શ્રી રૉરિક એક પ્રચંડ માનવતાવાદી આધ્યાત્મિક ચિત્રોના કલાકાર તરીકે જગપ્રસિદ્ધ છે.

શ્રી નિકોલસ રૉરિક ખૂબ જ પ્રતિભાશાળી અને ભાવવાહી વ્યક્તિ તરીકે સમગ્ર વિશ્વમાં લગભગ ૫૦ વર્ષ સુધી લોકહૃદયોમાં છવાએલા રહ્યા. એમનો દેખાવ, કામ, સ્પર્શ અને સમગ્ર વ્યક્તિત્વ મુલાકાતીઓને આંજી નાખે તેવું હતું. તેમનો આ પ્રભાવ ચિત્રકલા અને ભૂસ્તરશાસ્ત્ર તેમજ માનવતાવાદી વ્યવહારમાં એકસૂરખો રહેતો.

તેમણે તાલીમ તો વકીલ થવા માટે લીધી પણ આત્માની શાંતિ તેમને માનવતાવાદી અભ્યાસમાં જ મળી અને તેમાં પણ ચિત્રકલાએ તેમને મનની અપાર શાંતિનો અનુભવ કરાવ્યો છે, જે તેમનાં ચિત્રો જોનાર દર્શક આજે પણ અનુભવી શકે છે.

તેમનો પરિચય લખવા બેસીએ તો ઘણો જ લાંબો થાય તેમ છે. સંક્ષેપમાં એટલું કે તેઓ પોતાના અભ્યાસકાળમાં ખૂબ જ ચમકતા રહેલા, યુરોપ અને અમેરિકાની ઘણી બધી કલાસંસ્થાઓમાં સેક્રેટરી તરીકે, ચેરમેન તરીકે, માનદ્ સભ્ય તરીકે સક્રિય રહેલા. ૩૧ વર્ષની ઉંમરે તો રશિયાની કલાસંસ્થાના ડિરેક્ટર તરીકે નિયુક્તિ પામેલા. પોતાના કલા ઉપરાંત પુરાતત્ત્વ વિદ્યા તેમજ પ્રાચીન કાળના અવશેષોના ઉત્ખનન અને અભ્યાસના એકસરખા રસના કારણે રશિયા તેમજ ઘણા બધા દેશોમાં લોકપ્રિય થયા હતા. તેમની નાટકના સેટ તેમજ સ્ટેજની ડિઝાઇનો જગમશહૂર થયેલી છે. ૧૯૨૦ની આસપાસ તેમણે ઘણાં બધાં વૈયક્તિક પ્રદર્શનો દુનિયાભરમાં યોજ્યાં. તેઓ એક સારા વ્યવસ્થાપક અને શિક્ષણવિદ્ તરીકે પણ ખ્યાતિ પામ્યા. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન જગતને લગભગ ૭૦૦૦ જેટલાં ચિત્રો, ઘણાં બધાં દેવળોનાં ભીંતચિત્રો અને શહેરોની અન્ય ઇમારતો માટે ચિત્રોનું સર્જન કરેલું છે.

ભારતની મુલાકાત બાદ તેમણે જ્ઞાનના હેતુસર 'રૉરિક સંશોધન પ્રવાસ' શરૂ કર્યો. જેમાં તેમણે મધ્ય એશિયાના મોંગોલીઆ, રશિયા અને તિબેટમાં લગભગ પાંચ વર્ષ સુધી કાર્યરત રહ્યા અને ૧૯૨૮માં તેમણે હિમાલયના પહાડોમાં પોતાનું કાયમી અભ્યાસકેન્દ્ર સ્થાપ્યું.

રૉરિકનું ભારત સાથેનું ઋણાનુબંધ બચપણથી શરૂ થાય છે, જેમાં તેમના પિતાની જમીન અને ફાર્મનું નામ 'ઈશ્વર' હતું તે અને આ સ્થળથી થોડે દૂર ભારતના એક રાજાનો બગીચો હતો તે અન્ય ફૂલઝાડથી જુદો પડતો હતો. તેઓ આ બગીચો જોઈને નિત્ય આનંદિત થતા હતા. સાથે તેમના ઘરમાં એક કુદરતી પુષ્પનું ચિત્ર હતું તે તેઓ કાયમ જોયા કરતા. તેઓને બહુ મોડા એક પ્રવાસ-પોથીના અભ્યાસથી ખબર પડી કે જે દૃશ્ય તેઓ બચપણમાં જોતા હતા તે હિમાલયાના કંચનજંગાનું હતું. ૧૯૦૫ દરમિયાન તેમણે સર્જેલાં ઘણાં ચિત્રો તેમણે ભારતને અર્પણ કર્યાં છે, જેવાં કે દેવાસરી, લક્ષ્મી, શ્રીકૃષ્ણ, દમયંતી, ભારતીય દિવાસ્વપ્ન.

૧૯૨૩માં શ્રી રોરિક તેમનાં પત્ની હેલના અને બે દીકરા સ્વેતોસ્લાવ અને જ્યોર્જ સાથે ભારત આવ્યા. પ્રથમ દાર્જીલિંગ અને પછી કુલુમાં ઉરૂસ્વાતી સંશોધન કેન્દ્ર સ્થાપ્યું. અહીં શ્રી રોરિક ઘણાં બધાં મોટાં ચિત્રોનું સર્જન કર્યું, જેમાં હિમાલયની પર્વતમાળાની સુંદરતા ઉપરાંત માનવતાવાળી ધાર્મિક લાગણીઓનું દર્શન થાય છે.

તેમના ઉપર શ્રી રવીન્દ્રનાથ ટાગોરની મુલાકાતની અસર ઉપરાંત શ્રી રામકૃષ્ણ અને વિવેકાનંદનાં લખાણોનો પ્રભાવ પણ અદ્ભુત રહેલો. ભગવત્‌ગીતા



ઉપરાંત ટાગોરની ગીતાંજલી, તેઓ જ્યાં પણ જતા ત્યાં સાથે રાખતા. પોતાના ભુસ્તર શાસ્ત્રના શોખને કારણે ચિત્રકલામાં પણ તેઓ પ્રથમ માનવયુગની પરિકલ્પનાઓ જેવાં પાત્રોનાં દર્શન કરતા, જેમ કે પ્રથમ માનવ શિકારી હતો, માછીમાર કે મકાનો બાંધનાર હતો, અથવા વિરાટ યોદ્ધો હતો, મજૂરી કરવામાં કે લડવામાં તૈયાર રહેનાર મજબૂત બાંધાનો હતો - તેમનાં ચિત્રોમાં ધ્યાનથી જોતાં આ બધું દેખાયાં કરે છે. ભારતમાં તેમણે હજારો સુંદર ચિત્રોનું સર્જન કર્યું.

૧૯૨૧ના એક સામયિકમાં જોસેફ ફિન્ગાર લખે છે કે, જીવનના દરેક રંગથી મહેકતું અને સર્વાંગ સુંદર ચિત્રકલાથી સભર જો કોઈ વ્યક્તિત્વ હોય તો તે શ્રી નિકોલસ રૉરિકનું છે. તે જમાનાના 'હિંદુ અઠવાડિક'માં શ્રી બીરેશ્વર સેન લખે છે, યુરોપ અને અમેરિકાની ઝાકઝમાળ દુનિયાના અતિક્રમણ સામે નિકોલસ રોરિક એક પહાડ સમું પ્રચંડ વ્યક્તિત્વ ધરાવતા માનવતાવાદી કલાકાર છે.'

શ્રી રૉરિકની કૃતિઓ બનારસ, અલ્હાબાદ, કલકત્તા, મદ્રાસ, શાંતિનિકેતન, ત્રાવણકોર, મૈસુર, દિલ્હી, હૈદરાબાદ, વડોદરા અને ઇન્દોર જેવાં સ્થળોએ સંગ્રહાલયો, ગૅલરીઓ તેમજ મ્યૂઝીઅમોમાં સંગ્રહાએલી; સચવાએલી છે. સમગ્ર જગતનાં લોકોએ તેમને સદીની મહાન વ્યક્તિ તરીકે નવાજ્યા છે. શ્રી રૉરિક કહેતા કે, કલા સુંદરતાના સર્જન માટે છે, સુંદર સર્જનથી આપણે હૃદયો ઉપર વિજય મેળવી શકીએ છીએ, આવા વિજયોથી આપણે ભેગા થઈ શકીએ છીએ, અને સાથે મળીને સુંદર પ્રાર્થના કરી શકીએ છીએ.

રૉરિક જેવા કલાકારો પોતાનાં ગામ કે ઘર કે દેશના નથી હોતા. તેમનાં કાર્ય વિશ્વનાં સર્વ લોકો માટે હોય છે. તેઓ તેમના કાર્યથી આત્માનો આનંદ - જગતને વહેંચવા નીકળેલા દેવ પુરુષો જેવા હોય છે.

જગતના પ્રથમ વિશ્વયાત્રી યુરી ગોગારીનને જ્યારે પૂછવામાં આવ્યું કે બ્રહ્માંડમાંથી વિશ્વ કેવું દેખાતું હતું ત્યારે તેમણે જવાબ આપ્યો કે, 'શ્રી નિકોલસ રોરિકનાં ચિત્રોમાં દેખાય છે તેવું.' આવા મહાન સંત સમા કલાકાર વિષે આથી વધારે શું લખી શકાય ? માત્ર વાચકવર્ગને નમ્રતાપૂર્વક જણાવવાનું કે મોડું થાય તે પહેલાં આવા કલાકારની કૃતિઓ જોઈ માણીને ધન્ય થવું.

ભારતની આઝાદીનું આગમન અને શ્રી રૉરિકનું પ્રયાણ બન્ને ૧૯૪૭માં થયાં. કલાકારની સમાધી ઉપર કુલ્લુમાં આજે પણ ફૂલો ચડે છે. તર્પણ સમા મનનાં ફૂલો આપણે પણ અર્પણ કરી ધન્ય થઈએ.

- ગજેન્દ્ર શાહ (ચિત્રકાર)

અનુ.] આવો, શીખીએ અંગ્રેજી [પૃ. ૩૭૩થી પ્રશ્નાર્થચિહ્ન, પ્રશ્નવાક્યને અંતે પ્રશ્નાર્થચિહ્ન આવે.

What makes you laugh ? Are you ready now ?
Do you know English ? Have you to say anything ?
May I know your name ?
Would you lend me your camera ?

(૬) **The mark of exclamation** - ધ માર્ક ઑવ્ એક્સ્લેમેશન - ઉદ્‌ગારચિહ્ન (!) ઉદ્‌ગારવાચક વાક્યને છેડે વાપરવું.

What a pleasant morning !
How kind of you !

(૭) **Dash** - ડૅશ - મહારેખા (—) વાક્યને અધવચ્ચે તોડી નાખવા કે વિચાર બદલવા માટે અલગ અલગ કર્તાની સર્વસામાન્ય ક્રિયા મહારેખા મૂકીને દર્શાવી શકાય. જેમ કે, What you say is alright — but we don't believe in it. If my husband were alive — but why lament the past ! Friends, companions, relatives — all deserted him.

(૮) **Hyphen** - હાઈફન - લઘુરેખા (-) મહારેખા કરતાં લઘુરેખા વધારે ટૂંકી હોય છે. સામાસિક શબ્દની વચ્ચેનું સાયુજ્ય દર્શાવવા માટે કે આખા શબ્દને તેનાં પદોમાં દર્શાવવા માટે લઘુરેખા વપરાય. Father-in-law, a hotel-boy. Mis-con-duct = Misconduct. (સંપૂર્ણ)

વ્યાનકૃપા

જાનૈયા

બહાદુરભાઈ જ. વાંક

એક સભામાં કેટલાક માણસોએ ગુરુ બજુવાને બુદ્ધ, મહાવીર, રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ અને અરવિંદ વિશે પૃચ્છા કરી; તો કેટલાકે રવીન્દ્રનાથ ટાગોર અને ખલિલ જિબ્રાન વિશે જાણવાની ઉત્કંઠા વ્યક્ત કરી.

બજુવા બોલ્યા : 'સાચું કહું તો તમારા આ પ્રશ્નો તમારી સમ્યગ્ જિજ્ઞાસામાંથી નહીં, માત્ર તમારા કુતૂહલમાંથી જ આવ્યા છે. સાચો જિજ્ઞાસુ તો ત્યારે જ પ્રશ્ન પૂછે છે, જ્યારે એનો પ્રશ્ન નિજી રૂપાંતરણની પ્રક્રિયામાંથી બહાર આવતો હોય. અન્યથા એને પ્રશ્નો પૂછવામાં કોઈ રસ હોતો નથી.'

'પણ સમ્યગ્ જિજ્ઞાસા કેવી રીતે જાગ્રત થાય?'

બજુવાએ પૂછ્યું : 'તરસ કેવી રીતે લાગે એવો પ્રશ્ન પૂછી શકાય ખરો?' ને જરા રહી તેમણે ઉમેર્યું : 'મને તમારા માટે મુંઝવે તેવો પ્રશ્ન તો આ છે - બીજાની જાનમાં જોડાઈને આમ તમે ક્યાં સુધી ભટક્યા કરશો?'

'આપ જ કંઈ માર્ગદર્શન ન આપી શકો?' જરા ક્ષોભ અનુભવતા કેટલા માણસોએ પોતાની લાચારી વ્યક્ત કરી.

બજુવાએ પાછું પૂછ્યું : 'આખરે તમને રસ જાનૈયા બનવામાં છે કે વરરાજા બનવામાં?'

બધાએ એકીસાથે જવાબ આપ્યો : 'રસ તો વરરાજા જ બનવામાં હોય ને?!' ને બધા હસી પડ્યા.

'વરરાજા બનવા માટે તો તમારે તમારી જાત સાથે જ લગ્ન કરવાં પડે!' હસતાં હસતાં બજુવાએ કહ્યું.

ત્યાં વળી સભામાંથી પ્રશ્ન આવ્યો : 'પણ જાત સાથે લગ્ન કેવી રીતે કરવાં?'

ને બજુવા ઉવાચ : 'કુતૂહલવશ પુછાયેલા પ્રશ્નનો શું જવાબ હોય? છતાં જવાબ આપું છું - જાત સાથે જ છૂટા છેડા લઈને!!' □


કલાવાર્તા

શરદ પટેલનાં સ્ટિલ લાઈફ ચિત્રો

વર્ષો સુધી શેઠ સી.એન. કૉલેજ ઑવ્ ફાઇન આર્ટ્સમાં કલાશિક્ષક તરીકે જેમણે




સેવા આપી અને આ જ સંસ્થામાં કલા-વિદ્યાર્થીઓની ચાહના પ્રાપ્ત કરી તથા સંસ્થાની શરૂઆતમાં જાણીતા સદ્ગત કલાકાર અને આચાર્ય શ્રી રસિકલાલ પરીખ પાસે કલાશિક્ષણ લીધું એવા શરદભાઈ પટેલ એક અનુભવી અચ્છા કલાકાર 'તરીકે પણ ગુજરાતના કલાજગતમાં જાણીતા થયા છે. એમણે આર્ટ માસ્ટરની પરીક્ષા, ૧૯૫૮માં પસાર કરી. ૧૯૭૩માં ગવર્નમેન્ટ ડિપ્લોમા ઑવ્ અપ્લાઈડ આર્ટ, ગુજરાત રાજ્ય તરફથી મેળવ્યો તથા વનસ્થળી વિદ્યાપીઠ, જયપુર તરફથી ૧૯૫૯માં ફ્રેસ્કો ચિત્રકલાનું સર્ટિફિકેટ મેળવ્યું. તેમને ૧૯૬૫, ૧૯૭૯માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનાં ઈનામો પણ પ્રાપ્ત થયાં. ૧૯૬૭માં માયસોર દશેરા કલાપ્રદર્શનનું ઈનામ તથા ૧૯૮૦માં બૉમ્બે આર્ટ સોસાયટીના વાર્ષિક પ્રદર્શનમાં ઈનામ પ્રાપ્ત થયું. તેમણે મુંબઈ તથા અમદાવાદમાં ગ્રૂપ પ્રદર્શનોમાં ભાગ લીધો. ઑલ ઈન્ડિયા કલાપ્રદર્શનોમાં પણ ભાગ લીધો. તેમણે અનેક કલાશિબિરોમાં સક્રિય ભાગ લીધો છે. વળી, તેમણે બાળકો માટેનાં પુસ્તકોમાં પ્રસંગચિત્રો તથા ઉચ્ચ શ્રેણીના વિદ્યાર્થીઓ માટે ગુજરાત ઍટલસ - 'નકશાદર્શન' પણ તૈયાર કર્યો. ભારતની જાણીતી સંસ્થાઓ જેવી કે એર ઇન્ડિયામાં અમેરિકા તથા જપાનની તેમજ ભારતની વ્યક્તિઓના નિજી સંગ્રહોમાં તેમનાં ચિત્રો સંઘરાયાં છે. તેમણે ભીંતચિત્રો પણ તૈયાર કર્યાં છે તથા પાંચ-છ સ્થળોની ભીંતોને તે શોભાવે છે.



વિવિધ વસ્તુઓના સંયોજનથી રચાયેલી કલાકૃતિ

આવા અનુભવી કલાકાર શરદભાઈ પટેલને કલાવિદ્યાર્થીઓ તથા કલાચાહકો 'શકરાભાઈ'ના હુલામણા નામથી પણ બોલાવે છે અને એ રીતે તેમને માન આપે છે. તેમણે વર્તમાન સર્જનાત્મક સ્ટિલ લાઇફ ચિત્રોની જે શ્રેણી પ્રદર્શિત કરી તે પૂર્વે ભૂખરા રંગોમાં સર્જેલી એક ચિત્રશ્રેણી અમદાવાદમાં તથા મુંબઈમાં પ્રદર્શિત કરી હતી. આ ચિત્રોમાં તેમણે ઊંચી દેહયષ્ટિ ધરાવતી સુંદર રમણીઓને મહેલોના વાતાવરણમાં દર્શાવી એક રંગદર્શી વિશ્વ સર્જ્યું છે. એવું સ્પષ્ટ દેખાય છે કે આ ચિત્રોમાં જે ઘટકતત્ત્વો તેમણે પ્રયોજ્યાં છે તે જ સ્ટિલ લાઇફની નવીન



સર્જનાત્મક સ્ટિલ લાઇફ

સર્જનાત્મક શ્રેણીમાં આત્મસાત્ કર્યાં છે અને સવિશેષ તો ભૌમિતિક આકારોને એકબીજા પર મૂકીને કલાત્મક રીતે રજૂ કર્યા છે.

આ સ્ટિલ લાઇફ ચિત્રોમાં કુદરત અને સ્થાપત્યનાં તત્ત્વોને કલાત્મક રીતે શરદભાઈ પટેલે સંમિલિત કર્યાં છે. આપણે તેમાં ઊભી બાટલીઓ, કપ-રકાબીઓ, વાઝીઝ, કીટલીઓ, ફળોને વાસ્તવિક શૈલીમાં નહિ, પરંતુ ભૌમિતિક આકારોમાં રજૂ થયેલી જોઈએ છીએ. અહીં આપણે આકારોને એકબીજા પર પડેલા તથા બિલકુલ ભિન્ન આકારોમાં પરિવર્તિત થયેલા જોઈએ છીએ. વળી, તેમણે સફળતાપૂર્વક આ આકારોને કુદરતનાં તત્ત્વો જેવાં કે વૃક્ષો, ટેકરીઓ, છોડાં, પક્ષીઓ, પુષ્પો, સૂર્ય, ચંદ્ર, કમળો તથા માછલીઓથી સુશોભિત પાણીનાં નાનાં કુંડો તથા સ્થાપત્યનાં તત્ત્વો જેવાં કે અગાસીઓ, સ્તંભો, દરવાજાઓ, બારણાં ઝરુખાઓ, ઘુમ્મટો, પગથિયાં, પાળીઓ, ટાઈલ્સ, ટેપેસ્ટ્રીઓ વગેરેથી શણગાર્યાં છે. તે બધાં ખુશ કરે એવી શોભનાત્મક ભાતો સીધી તથા વાંકી રેખાઓના કલાત્મક વિનિયોગ દ્વારા સર્જે છે. આ બધાં તત્ત્વોની રજૂઆતમાં ઇન્દ્રિયગ્રાહિતા છે અને જુદા જુદા કાગળોની સપાટીઓના કલાત્મક ઉપયોગ દ્વારા વિવિધ, રસપ્રદ પોતો સર્જ્યાં છે. કઠિન કિનારીઓની ગેરહાજરીને કારણે તેમનાં ચિત્રોના આકારો સુકુમાર તથા હળવા (પોચા) બન્યા છે અને યાંત્રિક બનતા અટક્યા છે.

તેમણે લીલા, લાલ, પીળા, ભૂરા, ગુલાબી તથા જાંબુડી રંગોના કલાત્મક ઉપયોગ દ્વારા રંગ-વૈવિધ્ય તથા રંગ-સંવાદિતા સિદ્ધ કરી છે. કેટલીક વાર તેમનાં આ ચિત્રો આપણને જાણીતા બ્રિટિશ ચિત્રકાર બેન નિકોલસનનાં ભૌમિતિક અમૂર્ત ચિત્રોની યાદ આપે છે, છતાં શરદભાઈ કેવળ ભૌમિતિક અમૂર્ત આકારોને વળગી રહેવાને બદલે તેમનાં ચિત્રોમાં કુદરતના સ્થાપત્યના


રસપ્રદ તત્ત્વોને દાખલ કરે છે. આ ચિત્રોમાં ખાસ સર્વસામાન્ય તત્ત્વ છે તેમણે વારંવાર કરેલો ટાવર જેવા ઊંચા આકારોનો કલાત્મક ઉપયોગ. તેમની દશ્યકલ્પનોની સૃષ્ટિનો તે એક અંતર્ગત ભાગ બની જાય છે. નિઃશંકપણે શરદભાઈ ડિઝાઈનની, ડ્રોઇંગની, રંગોની તથા રૂપપ્રદતાની પ્રગલ્ભ દષ્ટિના દર્શન તેમનાં આ ચિત્રોમાં કરાવે છે. - બંસીલાલ દલાલ

કલાવૃત્ત

અકબર પદમસીનાં 'કમ્પ્યૂગ્રાફિક ચિત્રો'

ભારતના અગ્રગણ્ય અને એક સમયે મુંબઈની પ્રોગ્રેસિવ ગ્રૂપના કલાકારોમાંના એક સક્રિય સર્જક કલાકાર શ્રી અકબર પદમસીનું નામ સાંપ્રત ભારતીય ચિત્રકલા ક્ષેત્રમાં આજે પણ આદરણીય રહ્યું છે.

એક વેળા તેમના 'મેટાસ્કેપ'થી સુખ્યાત બનેલા પદમસી સ્વભાવે ફિલસૂફ છે અને આપણને આશ્ચર્ય પમાડે એવું સંસ્કૃત ગ્રંથોનું જ્ઞાન ધરાવે છે. યુરોપીય ચિત્રશૈલીઓ અને ટેક્નિકની તેમના પર અસર હોવા છતાં તેમણે તેમનાં ચિત્રોમાં ભારતીય ભૂમિની સુગંધ બહાર આવવા દીધી છે. વર્ષોથી સર્જનાત્મક વ્યક્તિચિત્રો કે માનવીય ચહેરાઓ સર્જતા અને આ ચહેરાઓમાં સાંપ્રત યુગની વેદનાને કલાત્મક રીતે અભિવ્યક્ત કરતા પદમસી હાલમાં કમ્પ્યૂટરયુગની અસર હેઠળ કમ્પ્યૂટર જેવા ઇલેક્ટ્રોનિક સાધન દ્વારા દશ્ય કલાક્ષેત્રમાં આ માધ્યમમાં કેટકેટલી શક્યતાઓ અને ગુંજાયશો પ્રકટ કરી શકાય તે માટે પ્રયત્નશીલ છે.



કમ્પ્યૂગ્રાફિક - ભૌમિતિક ચિત્ર

મોટા ભાગનાં તેમનાં 'કમ્પ્યૂગ્રાફિક્સ' તરીકે નામાભિધાન પામેલાં આ ચિત્રોની શ્રેણીને આપણે ભૌમિતિક અમૂર્તતાની કૃતિઓ તરીકે લેખી શકીએ. તેમાં ચોરસ, લંબચોરસ, પાઈપ આકારો, પિરામિડ આકારોનું અવકાશમાં મુક્ત સંયોજન છે.

- બંસીલાલ દલાલ

હુસેનની ગ્રાફિક કૃતિઓનું પ્રદર્શન

ગણેશ, ગાંધી અને માધુરી દીક્ષિતને મુખ્ય વિષય બનાવતું પ્રદર્શન હાલમાં યોજાઈ ગયું. સાંપ્રત ભારતીય કલાના અગ્રગણ્ય ચિત્રકાર અને ખૂબ જ વિવાદાસ્પદ વ્યક્તિ એમ.એફ. હુસેને પોતાની આગવી, અનન્ય કલાદષ્ટિ તથા કલાશૈલી પચાસ વર્ષની સતત કલાસાધના અને યાત્રાને કારણે ભારતમાં તથા ભારત બહાર ખૂબ નામના મેળવી છે. ચિત્રકાર તરીકે તે તેમની જાત, વિચારો તથા નિજી અભિવ્યક્તિનાં માધ્યમો પરત્વે હંમેશાં વફાદાર અને પ્રામાણિક રહ્યા છે. તેમના તૈલરંગો, જળરંગો, ગ્રાફિકકલા વિશાળ ભીંતચિત્રો તથા નાનાંમોટાં સ્વતંત્ર ચિત્ર-સંયોજનો, બાળકો માટે બનાવેલાં રસપ્રદ સર્જનાત્મક રમકડાં, વિશાળ કટઆઉટ્સ, રૈખિક ડ્રોઇંગ્સ વગેરે વિવિધ માધ્યમોના ઉપયોગ-માવજતમાં તેમની હથોટીની ઊંડી સમજ, સતત રિયાઝ, કર્મદક્ષતા અને ખાસ તો તેમનું જોમવંતુ, ઝડપી, નૈસર્ગિક, સહજ બ્રશવર્ક તથા રંગવિન્યાસ અને અવકાશયોજના તરત જ ધ્યાન ખેંચે છે. રંગોના તેઓ સ્વામી છે. પેઇન્ટરલી ક્વૉલિટીને કારણે તેમનાં ચિત્રો તથા ગ્રાફિક ચિત્રો પણ રંગપૂર્ણ લાગે છે. એમની પ્રતિભામાં મહદ્અંશે રંગદર્શિત્વનાં દર્શન થાય છે. વર્ષો પૂર્વે તેમણે કરેલાં ફિલ્મ પોસ્ટરોનું કાર્ય તેમના ચિત્રસર્જનમાં ફળ્યું છે. રંગો તથા આકારો અને વસ્તુઓની ગોઠવણીમાં એક પ્રકારનો તનાવ સર્જાતો દેખાય છે. પ્રદર્શનમાંનાં ગાંધીજીનાં; ગણેશનાં, માધુરીનાં ચિત્રોના આલેખનમાં પાત્રોની ભાવભંગિમા, અંગભંગિઓ, હાથ-પગની મુદ્રાઓ ખાસ ધ્યાનાકર્ષક છે.



ભારતનું વર્તમાન ચિત્ર

આ પ્રદર્શનમાં તેમની બે રૈખિક ડ્રોઇંગ કૃતિઓ પણ તેમાંની લયયુક્ત, જોમવંતી, લાઘવયુક્ત રેખાઓથી અપીલ કરે છે અને ફરીથી તેમનું સર્જનાત્મક, આકૃતિ-પ્રધાન ડ્રોઇંગ પરનું પ્રભુત્વ પુરવાર કરે છે. તેમણે માધુરી દીક્ષિતની અભીનિત અને સ્વયં દિગ્દર્શિત ફિલ્મ 'ગજગામિની'-ના પોસ્ટરમાં પોતાની સર્જનાત્મક દષ્ટિના દર્શન કરાવ્યાં છે. - બંસીલાલ દલાલ

યુવાન વયે 'કાકી'ની ભૂમિકા સ્વીકારનારાં

ભાવિની જાની

મોરબી શહેરની બે આઇટમ બહુ જ લોકપ્રિય છે : એક ઘડિયાળો અને બીજી ટાઇલ્સો. મોરબીનું જોવા લાયક સ્થળ છે મણિમંદિર. સૌરાષ્ટ્રનું પૅરિસ એટલે મોરબી. પૅરિસ જોયું નથી, ખૂબ છેટે છે. મોરબીનો બંધ તૂટ્યો ત્યારે મોરબી વિશ્વના નકશા પર ચમકેલું. આવા આ મોરબી નગરની ત્રીજી આઇટમ છે ભાવિની જાની. ના ઓળખ્યા? લ્યો એક જ ઓળખાણ આપું - 'કાકા ચાલે વાંકા' સિરીઅલનાં કાકી.



- આ પણ નવાઈની વાત છે હાં. ભાવિનીની ઉંમર 'કાકી' જેવડી નહોતી, છતાં વગર લગ્ન કર્યે ભર જુવાનીમાં કાકી બનવું પડેલું. પણ પેલો અભિનયનો ચસકો ખરો ને? એ એને નાટકમાંથી ટી.વી.ના પરદા પર લઈ આવ્યો.

ભાવિનીને 'નો હાર્ટ પ્રોબ્લેમ', કારણ દયા, માંયા, મમતા બધું હોવા છતાં દિલ લેવા-દેવાની ગડમથલમાં પડ્યાં નથી. માતા પુષ્પાબહેન અને પિતા ભોગીલાલ-ભાઈ જાનીએ સંસાર વસાવ્યા પછી જે સૌપ્રથમ સંતાનનો જન્મ થયો તે આ ભાવિની. એ પછી એક બહેન અને બે ભાઈ. મોટો પાંચ વર્ષનો અને નાનો માત્ર અગિયાર મહિનાનો. એક બહેનને મૂકી માતા સ્વર્ગે સિધાવી ગયાં. આ ત્રણે ભાઈ-બહેનને ઉછેરવાની જવાબદારી ભાવિનીના માથે આવી પડી.

ભણતરમાં પણ ભાવિનીબહેન ૧થી ૪ ધોરણ અમદાવાદમાં ભણ્યાં. ધો.૫ થી ૮ મોરબીમાં ભણ્યાં. ફરી ૯મા ધોરણમાં અમદાવાદમાં ભણ્યાં. ગ્રેજ્યુએટ થયાં. પિતા ભોગીલાલભાઈ જૂની બોરડી મિલમાં નોકરી કરતા હતા.

અભિનયનો શોખ કોણ જાણે ક્યાંથી વળગ્યો છે એનાથી તેઓ અજાણ છે. સ્વામિનારાયણ કૉલેજમાં હતાં ત્યારે 'અવાજને તાંતણે'માં અભિનય આપેલો. ત્યાર બાદ 'વન અગેઈન્સ્ટ થર્ટી' નામના અંગ્રેજી નાટકમાં ચેલેજિંગ ભૂમિકા કરી. 'યશોધરા' ઉપરાંત 'એકપાત્રી અભિનયમાં નામ કમાયાં. શિવકુમાર જોશીની નવલકથા પરથી પણ નાટક ભજવેલું - 'ન કૌંસમાં, ન કૌંસની બહાર'માં પણ પાંચ-પાંચ મિનિટની ભૂમિકા કરી ખંગ વાળી દીધો હતો.

સળંગ ત્રણ વર્ષ 'વિઝ્યુઅલ આર્ટ સેન્ટર' સંસ્થા સાથે કામ કર્યું. નિમેષ દેસાઈનાં નાટકોમાં અભિનય આપ્યો. રમેશ પારેખ લિખિત 'સગપણ એક ઉખાણું', 'વળામણાં', 'જાલકા' અને 'પૃથ્વી-વલ્લભ' તથા 'રાફડો'માં લક્ષ્મીબાઈ તથા માનસીની મુખ્ય ભૂમિકા રજૂ કરી હતી.

એ સમયે વિષ્ણુકુમાર વ્યાસે ભાવિનીને દીકરી તરીકે 'વિસામો'માં લીધી. રમેશ અમીને 'સગાં સૌ સ્વાર્થનાં'માં પસંદ કરી. જિતેન્દ્ર ઠક્કર અને ભરત દવે સાથે પણ નાટકો કર્યાં. એમાં એક નાટક હતું - 'બરીડ ધ ડેથ'.

૧૯૮૭માં દૂરદર્શનના આરંભ સાથે સિરીઅલોનો યુગ શરૂ થયો. 'કોને હતી એવી ખબર', 'હૂતો હૂતી', 'જસુબેન જાસૂસ', 'ચિનગારી' અને 'કાકા ચાલે વાંકા' જેમાં ભાવિનીની 'કાકી' તરીકે કાકા સાથે ગાતી-નાચતી-હસાવતીની ઇમેજ ઊભી થઈ. બસ, આ કાકીના નામે પંદરેક જેટલી સિરીઅલો નોંધાઈ છે.

વર્ષો પહેલાં ફિલ્મ 'લવકુશ' અને 'શેઠ શગાળશા'માં પણ અભિનય આપેલો. રાજીવની ફિલ્મ - 'પ્રેમલગ્ન'માં નાની ભૂમિકા કરી. મોટા ભાગે ચરિત્ર ભૂમિકા કરવાની આવે છે, પરંતુ એના કારણે ભાવિની જરા પણ નાખુશ નથી.

ફિલ્મની લાંબી યાદી છે. 'દેશરે જોયા દાદા પરદેશ જોયા'માં એ હતાં. 'આંગણે વાગે રૂડા ઢોલ', 'ઢોલો મારા મલકનો', 'મોક્ષ', 'હું, તું ને રમતુડી', 'મા બાપને ભૂલશો નહીં', 'સાજણ વીણ સૂનો સંસાર', 'સેંથીનું સિંદૂર', 'દલડાં લીધાં ચોરી રાજ', 'આપણા મલકના માયાળુ માનવી', 'ઘર એક પંખીનો માળો', 'દેરાણીજેઠાણી', 'મહિયરની માયા', 'પાંદડું લીલું ને રંગ રાતો' એમ અસંખ્ય ફિલ્મોમાં તેઓએ ભૂમિકા કરી છે.

ભાવિની નિખાલસ રીતે કહે છે, 'મારી સૌથી આકરી ટીકા કરનારી મારી બહેન ઈલા છે. એની ટીકાથી મને આગળ હવે શું કરવું, તેની સૂઝ પડે છે.'

ભાવિનીબહેનનાં જીવન પર ન ભૂંસી શકાય તેવી અમીટ છાપ તેમનાં નાનીમા વિજયાબહેનની રહી છે. ભાવિનીની માતાનાં મૃત્યુ પછી આ ચારેય ભાઈ-બહેનોને નાનીએ માતાની જરા પણ ઓછપ આવવા દીધી નહોતી.

૧૯૯૪માં ભાવિની જાનીને સરકાર તરફથી બ્રેવરી એવૉર્ડ પણ મળ્યો છે. ખોડિયાર માનાં પરમ ભક્ત છે. કોઈ કામ ન હોય, નવરાશ હોય ત્યારે તેઓ સમાજસેવા કરવા નીકળી પડે છે. 'ઘરડા ઘર'ની મુલાકાત લે છે. કેન્સર હૉસ્પિટલમાં પહોંચી જાય છે. શિયાળામાં ધ્રુજાવી દેતી ઠંડીમાં થથરતાં લોકોને ધાબળા ઓઢાડવા પહોંચી જાય છે. ભાવિની જાની મોંઢા પર તરફડ કરી દે છે, પરંતુ મનથી ભોળાં છે. સત્યવક્તા થવું એમને ગમે છે. જૂઠું બોલનારને પાસે પણ ફરકવા દેતાં નથી.

('સ્ત્રી'માંથી) - નરહરિ વ્યાસ

સાહિત્યસંપર્ક

પુલિત્ઝર પારિતોષિકવિજેત્રી

ઝુમ્પા લાહિરી

ચાલીસ વર્ષથી ઓછી વયની અમેરિકાની વીસ સર્વશ્રેષ્ઠ લેખિકાઓમાં લાહિરીની ગણના કરવામાં આવી છે. ન્યૂ યૉર્કના મૅનહટન વિસ્તારમાં તાજેતરમાં તે ખૂબ પ્રસિદ્ધિ પામી છે. 'ધી ઈન્ટરપ્રિટર ઑવ્ મૅલડિઝ : સ્ટૉરીઝ ફ્રૉમ બૉસ્ટન, બેંગાલ એન્ડ બિયૉન્ડ' (પ્રકાશક 'મૅરિનર બુક્સ') માત્ર ૧૯૮ પાનાંમાં સમાવાયેલ નવ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે. આ શીર્ષક તો તેમાંની એક વાર્તા લખાઈ તે પહેલાંનું છે. તે સમયે લાહિરી બૉસ્ટન યુનિવર્સિટીમાં અનુસ્નાતક વર્ગમાં અભ્યાસ કરતી હતી. ઓચિંતી પોતાના મિત્રના મિત્રને ઘેર જઈ પહોંચેલી. ત્યાં એની મુલાકાત એક એવા માણસ સાથે થઈ કે જે ડૉક્ટર માટે દુભાષિયાનું કામ કરતો હતો. રશિયન દર્દીઓ અમેરિકન ડૉક્ટરને પોતાની વાત સમજાવી નહોતા શકતા તેથી આ માણસ ઈન્ટરપ્રિટરનું કામ કરતો હતો. તે પળથી જ 'ઈન્ટરપ્રિટર ઑવ્ મૅલડિઝ' શબ્દો ઝુમ્પાના મનમાં બરોબર ઠસાઈ ગયા'તા. આ શીર્ષકથી એક વાર્તા લખી કાઢવાનો નિર્ધાર તેણે કરી નાખ્યો'તો. એ વાર્તાને ઓ. હેન્રી તથા શ્રેષ્ઠ અમેરિકન વાર્તાનાં પારિતોષિકો મળ્યાં છે અને આ પ્રથમ વાર્તાસંગ્રહને પુલિત્ઝર પારિતોષિક મળ્યું. માત્ર ભારતીય કુળની જ નહિ, દક્ષિણ એશિયાની પણ તે પ્રથમ પુલિત્ઝર પારિતોષિકવિજેત્રી છે.



મૂળ બંગાળી માતા-પિતાની આ પુત્રી લાહિરીનો જન્મ ૧૯૬૭માં લંડનમાં થયો હતો. ઉછેર રૂહોડ આર્લૅન્ડમાં. પિતા ગ્રંથપાલ અને માતા શિક્ષિકા. બૉસ્ટન યુનિવર્સિટીમાંથી એમ.એ. (અંગ્રેજી), એમ.એ. (સર્જનાત્મક લખાણ), એમ.એ. (કમ્પેરેટિવ લિટરેચર એન્ડ ધી આર્ટ્સ)ની ઉપાધિઓ મેળવી એને 'રેનેસાં' (પુનરુજ્જીવન) વિષયમાં પીએચ.ડી.ની પદવી મેળવી.

બંગાળી કુટુંબમાં જન્મેલી લાહિરીની વાર્તાઓમાં લગ્ન મુખ્ય વિષય છે. કેટલાંક લગ્નો વડીલો દ્વારા ગોઠવાય છે. કેટલાંકમાં ન કલ્પેલી ઉતાવળ થઈ જાય છે. કેટલાંકમાં એકમેક છેતરાય છે અને કેટલાંકથી ઊબકી જવાય છે.

'ધિસ બ્લેસેડ હાઉસ' વાર્તામાં તાજું પરણેલું યુગલ ભાડાના ઘરમાં રહેવા આવે છે. તે ઘરમાં જૂના વખતના વસ્તુ-ફર્નિચરમાં ત્રીસ પાઉંડ વજનનું પિત્તળનું ક્રાઈસ્ટનું ઊર્ધ્વાર્ધ (બસ્ટ) અને 'સેંટ ફ્રાન્સિસ ઑવ્ એસ્સિસી'નું three dimensional postcard છે. કનેક્ટિકટના આ ઘરમાં એકમેકના વ્યક્તિત્વની વાંકીચૂંકી લકીરોમાં દોરાયેલાં ભીંતચિત્રો પણ છે. આ બધું જોઈને યુગલ હાશ અનુભવે છે. 'ધ થર્ડ ઍન્ડ ફાઈનલ કૉન્ટિનેન્ટ'માં એક ભારતીય ઈમિગ્રન્ટ કામચલાઉ રીતે ૧૦૩ વર્ષની વયની એક અમેરિકન વૃદ્ધા સાથે રહેવા આવે છે. આ માજી અસલ વિક્ટોરિયન સંસ્કૃતિની નીપજ છે. કેટલાક મહિનાં પછી ઈમિગ્રન્ટની પત્ની કલકત્તાથી અમેરિકા આવે છે. આ સંજોગોમાં પેલી અમેરિકન વૃદ્ધ સ્ત્રી ભારતમાં ગોઠવાયેલા લગ્નનો ખાલીપો પૂરી દે છે. 'અ રીઅલ દરવાન ધ ટ્રીટમેન્ટ ઑવ્ બિબી હલ્દાર'માં ઉચ્ચ મધ્યમ કુટુંબનાં પાત્રો નથી, પરંતુ સામાન્ય કક્ષાના નોકરચાકરો છે. સમાજના છેવાડેના ઘરની એ વ્યક્તિઓ છે. લાહિરીને મન તો આ પાત્રો તેમના અવલોકનમાંથી જન્મ્યાં છે. જ્યારે જ્યારે પોતે ભારતમાં જાય છે ત્યારે તેવાં લોકોને તેણે નજીકથી જોયાં છે. જોકે આ પાત્રોના ઘડતરમાં પોતાની લાગણીઓનું કંઈક અંશે પ્રતિબિંબ પડતું હોય છે. ભારતીય સંસ્કૃતિનું પોતે અવિભાજ્ય અંગ નથી. તેમને ત્યાં પરદેશ જેવું લાગે છે. બીજી બાજુ ત્રીસ વર્ષથી અમેરિકામાં વસવાટ કરતાં લેખિકાનાં માતાપિતા તો કલકત્તા-ભારતને પોતાનું ઘર કહે છે. મનની અંદર આછાંપાતળાં પાત્રોનું ચિત્રણ કરવાનું કારણ એ છે કે લેખિકા તે બધાને સહેલાઈથી કલ્પી શકે છે. 'વ્હેન મિસ્ટર પિરઝાદા કેમ ટુ ડાઈન' વાર્તા લેખિકાના સ્વાનુભવને કારણે લખાઈ છે, પણ તે આત્મકથનાત્મક નથી. આ પ્રમાણે 'ધ થર્ડ ઍન્ડ ફાઈનલ કૉન્ટિનેન્ટ' એક વ્યક્તિના દૃષ્ટિબિંદુને ધ્યાનમાં લઈને પ્રથમ પુરુષ એકવચનમાં લખવાની હતી. પોતાના પિતાના ભૂતકાળની એ વાત હતી અને વાસ્તવિક જીવન પર આધારિત આ પ્રમાણે લખવું અને સાથે સાથે સત્યને જરા પણ આંચ ન આવે તે જોવાનું અઘરું હતું. પણ લેખિકા એ બધાંયને નવલિકાના આવરણ નીચે સહેલાઈથી છુપાવી દે છે તે તેમની સર્જક તરીકેની બેનમૂન ઉપલબ્ધિ છે.

લાહિરી પોતે બીજી પેઢીનું અમેરિકામાં ઊછરેલું અને સંવર્ધન પામેલું સંતાન છે. પોતાને લખવાની અદમ્ય ઇચ્છા કંઈ અંદરથી જ પ્રકટ થઈ છે. કાગળને એક એવી જગ્યા તરીકે તે ગણે છે કે જેમાં લેખિકા પોતાની જાતને જ જવાબો આપે છે. ભારતીયો લાહિરીને ભારતીય ગણે છે અને અમેરિકનો અમેરિકન.

૩૦ વર્ષ પછી પણ લાહિરીનાં માતા-પિતા અમેરિકાને ઘર નથી કહેતાં. તેમનું ઘર તો કલકત્તા છે. આ પરિવાર ભારતની યાત્રા અવારનવાર કરે છે. તે અતીતમાં જ જુએ છે એટલે અહીં ઘર જેવું લાગતું નથી. લેખિકાનું કુટુંબ તેના સગાં-સંબંધીઓને લીધે ભારતમાં ખૂબ મોટું લાગે છે. ભારતમાં એવી દુનિયાને -

એ એનું ઘર નથી તેને - પકડવા-લટકવા માગે છે. ભારતની ગંદકી અને ગરીબાઈ તેને જરા પણ નડતી નથી. તેને મન ભારત તો હરહંમેશ જીવતુંજાગતું પ્રેરણાદાયી જીવન છે.

ઝુમ્પાએ અમેરિકા જઈ વસેલાં ભારતીય મા-બાપોને ત્યાં જન્મેલાં સંતાનોની બીજી પેઢીની મૂંઝવણોને પોતાની વાર્તાઓમાં વાચા આપવા પ્રયાસ કર્યો છે. તે અમુક અંશે પોતાને, એટલે કે લેખકને, લોકોની સંવેદનાને વાચા આપનાર ઈન્ટરપ્રિટર ગણે છે.

('વિશ્વવિહાર'માંથી)

— અવલોકન —

ગુજરાતી સાહિત્યના સ્વાતંત્ર્યોત્તર કાળની પ્રથમ પેઢીના પ્રથિતયશ કવિ પ્રિયકાન્ત મણિયારના કુલ સાત કાવ્યસંગ્રહોને સમાવતો 'આ નભ ઝૂક્યું'




શીર્ષકથી તેમની સમગ્ર કવિતાનો સંગ્રહ તાજેતરમાં પ્રકટ થયો છે તે કવિના ચાહકો અને અભ્યાસીઓ માટે આવકાર્ય ઘટના છે. ૧૯૫૩માં એમનો પ્રથમ નાનો પણ નમૂનેદાર કાવ્યસંગ્રહ 'પ્રતીત' પ્રકટ થતાં જ તે કાવ્યભાવકોનાં દિલ જીતી ગયા હતા. આ સંગ્રહમાં કવિના બધા જ અનુગામી કાવ્યસંગ્રહોના કવનવિશેષોનો સરવાળો છે. એમનો આ સંગ્રહ જોતાં મનુષ્યને આકર્ષી રહેલાં ત્રણ સનાતન તત્ત્વો પ્રણય, પ્રકૃતિ અને પ્રભુનું કવિનું સહજ આકર્ષણ અછતું રહેતું નથી. પણ કવિનો વિશેષ આ વિષયો કરતાં તેના તરફના અભિગમમાં અને તેની અભિવ્યક્તિમાં માણવા મળે છે. 'ઓ સોળ વરસની છોરી' કે 'કંચુકીબંધ છૂટ્યા ને' જેવી રચનાઓમાં માંસલ પ્રણયની બળકટ અનુભૂતિ અને એવી જ છોછ વગરની પ્રબળ અભિવ્યક્તિ જોવા મળે છે. 'હરણ', 'કબૂતરો' જેવી રચનામાં પ્રાણી-પંખીસૃષ્ટિનું કવિનું આકર્ષણ અને એમાં કંઈક વેધક જોવાની દૃષ્ટિ પ્રકટ થાય છે. 'એક ગાય' જેવી રચનામાં પશુ પ્રત્યેની કવિની સમસંવેદના ધારદાર રીતે પ્રકટ થઈ છે. 'સાંઈ' જેવી કૃતિમાં કવિની અગમ્યની અનુભૂતિ પણ કોળવા પામી છે. આમ, એમના પ્રથમ કાવ્યસંગ્રહથી જ એમણે આ ત્રણ સનાતન તત્ત્વોની નૂતન અભિવ્યક્તિ તરફ પ્રયાણ કરી સંગ્રહનું 'પ્રતીક' નામ સાર્થક કરેલું છે.

બીજા સંગ્રહ 'અશબ્દ રાત્રિ'માં કવિ વધુ વાસ્તવિક જગત તરફ ફરે છે અને એ વાસ્તવને આધુનિકતાની રાહે - તરાહે અભિવ્યક્ત કરવા સફળ થાય છે. એમની કાવ્યબાની અહીં નૂતન રૂપ ધારણ કરે છે. 'અશ્વ', 'હાથી' જેવી પશુસૃષ્ટિને કવિ અહીં નવા આધુનિક સંદર્ભમાં પ્રતીકાત્મક રીતે સ્પર્શે છે. પછી તો એમની આ રચનાઓનો સિલસિલો પછીના સંગ્રહમાં આગળ વધતો રહ્યો છે. એમાં પણ જોઈ શકાય છે કે કવિનું ગીતો પ્રત્યેનું આકર્ષણ અદ્ભુત છે. કવિની નજરે જે કંઈ ચઢે તેને ઊંડળમાં લેતા આગળ વધે છે. એમના મરણોત્તર કાવ્યસંગ્રહોમાં 'પ્રબલ ગતિ' તેના વિષયવસ્તુ અને તેની માવજતને કારણે નોખો તરી આવે છે. કવિ થોડા માસ માટે અમેરિકા ગયા હતા. ત્યાંની ગતિવિધિમાં એમને જે પ્રબલતા દેખાઈ તે તેમના અહીંના અનુભવ કરતાં જુદી હતી. આ પ્રત્યક્ષાનુભવમાંથી અને ત્યાંથી પાછા ફર્યા પછી તે અનુભવના સ્મરણલોકમાંથી જે રચનાઓએ જન્મ લીધો તે આ સંગ્રહમાં મુકાઈ છે. એમાં કવિનું અસ્સલ વિસ્મય નક્કર વાસ્તવિકતાના પ્રત્યક્ષ અનુભવે ડહોળાય છે અને જે નવો અભિગમ ઊઘડે છે તેને અહીં સર્જનાત્મક અભિવ્યક્તિ સાંપડે છે.

તેમના અંતિમ બે સંગ્રહો 'વ્યોમલિપિ' અને 'લીલેરો ઢાળ'માં એમની સિદ્ધ હથોટીનાં કેટલાંક સુફળ આસ્વાદવા મળે છે. અલબત્ત, એમાં કોઈ નવોન્મેષ ખાસ જોવા મળતો નથી.

કવિએ એમનાં ગીતોથી, એની લયસમૃદ્ધિથી અને કલ્પનારિદ્ધિથી અનેક કાવ્યચાહકોને ડોલાવ્યા છે. એમની કલ્પનાશક્તિ પ્રબલ છે, અને નિરીક્ષણ-શક્તિ સૂક્ષ્મ છે. એમનાં કેટલાંક કાવ્યોમાં એમની ચિંતનસેર પણ ગૂંથાયેલી છે. એમની ઘણીખરી રચનાઓમાં એમના ચિત્તનો આવેગ આકર્ષક બને છે. કેટલીક રચનાઓમાં અદ્ભુત ઉપાડના આનંદ પછી નિર્વહણમાં નિરાશા સાંપડે છે. પણ પ્રિયકાન્ત આવેગને રોકનારા કવિ નહોતા. જે ઊર્મિ-આવેગ જ્યારે ઉદ્ભવ્યો ત્યારે તરત જ તેને શબ્દબદ્ધ કરવાની તત્પરતા રહેતી. આમ છતાંય, એમની પાસેથી જેટલી સિદ્ધ રચનાઓ મળી છે તે અનવદ્ય છે અને તે જ પ્રિયકાન્તને ગુજરાતી કવિતાના ઇતિહાસમાં ચિરકાલ સ્થાપિત કરવા માટે સમર્થ અને પર્યાપ્ત છે. આ સમગ્ર કવિતાના આરંભે કવિમિત્ર અને કવિવિવેચક નલિન રાવળનો સુદીર્ઘ અને સમતોલ અભ્યાસલેખ મુકાયો છે તે પણ પ્રિયકાનતની કવિતાનો અભ્યાસ કરનારને કે એને માણવા મથનારને ઉપયોગી થાય તેવો છે. [આ નભ ઝૂક્યું (સમગ્ર કવિતા) પાકું પૂંઠું, નેચરલ શેડનો ભારે કાગળ, ડિમાઇ પૃષ્ઠ ૩૩૨, રૂ.૨૨૫, પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧] - ધીરુ પરીખ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



કોઈ જીવનની અવસ્થા નથી કાયમ અહીંયાં
સુખ અને દુ:ખની ભલા કોણ એ પંચાત કરે?
જેને વૈભવનું અભિમાન હો મિથ્યા જગમાં,
એને કહેજો કે એ 'રુસ્વા'થી મુલાકાત કરે!

- રુસ્વા મઝલૂમી



કસમથી રાતના જેવી મજા આવી નહિ 'કિસ્મત',
અમે અજમાવી જોયા સર્વ રંગોને સમી સાંજે

- કિસ્મત કુરેશી

સ્વ. સરોજ પાઠક સ્મૃતિ પારિતોષિક

જાણીતા સાહિત્યકાર અને ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના ઉપપ્રમુખ ડૉ. કેશુભાઈ દેસાઈને સુરતની સુપ્રસિદ્ધ કલાસંસ્થા રાષ્ટ્રિય કલા કેન્દ્ર દ્વારા વર્ષના શ્રેષ્ઠ વાર્તાસંગ્રહ માટેનું સ્વ. સરોજ પાઠક સ્મૃતિ પારિતોષિક એનાયત કરાયું છે. ડૉ. કેશુભાઈએ એમની સર્જક તરીકેની કેફિયત રજૂ કરી સુરતના દિવંગત સાક્ષરો પ્રત્યે ઊંડો અહોભાવ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કલામર્મજ્ઞ તરીકેનો વિશિષ્ટ એવોર્ડ શ્રી ભગવતીકુમાર શર્માને એનાયત કરાયો હતો અને નાટ્ય-નૃત્યસંગીત ક્ષેત્રની તેજસ્વી પ્રતિભાઓનું પણ સન્માન યોજાયું હતું. - દક્ષા ખમાર

અમેરિકન પ્રજાનું સૌથી પ્રિય કાવ્ય કયું ?

રૉબર્ટ ફ્રૉસ્ટનું વિખ્યાત કાવ્ય 'ધ રોડ નૉટ ટેકન' (કાવ્ય જુઓ પૃ.૩૮૨) પ્રથમ પ્રકટ થયેલું ૧૯૫૧માં. આજના એક પ્રમુખ અમેરિકન કવિ રોબર્ટ પ્રિન્સકીએ બે વરસ પહેલાં આરંભેલી એક મોજણીનું આ તારણ છે. અમેરિકનોને કયાં કાવ્યો બહુ પ્રિય છે, તે જાણવા માટે થયેલી એ મોજણીમાં ભાગ લેવા લગભગ ૧૮,૦૦૦ લોકો આગળ આવેલાં, ને પોતાનું પ્રિય કાવ્ય એમણે મોટેથી વાંચી સંભળાવેલું અને પોતાને મન તેનું શું મહત્ત્વ છે તેની સમજણ આપેલી. એ બધાંનાં પઠનની કૅસેટ ઉતારી લેવામાં આવી છે અને તે એક સંગ્રહાલયમાં રહેશે. મોજણીમાં ભાગ લેનારાઓ પૈકી જે એક કાવ્ય પર વધુમાં વધુ લોકોની પસંદગી ઊતરી, ૯૧૨ કાવ્યપ્રેમીઓની, તે ફ્રૉસ્ટનું આ કાવ્ય. કસેટમાં ઊતરેલાં કાવ્યો પૈકી ૨૦૦નો એક સંચય પણ છપાયો છે. ભાગ લેનારાં પૈકી રાષ્ટ્રપતિ ક્લીન્ટને એમરસનના 'કૉન્કોર્ડ હીમ'ને પોતાનું સૌથી પ્રિય કાવ્ય ગણાવેલ. પણ મોટા ભાગનાં તો સામાન્ય નાગરિકોએ જ મોજણીમાં ભાગ લીધેલો. - મહેન્દ્ર મેઘાણી

THE ROAD NOT TAKEN

Two roads diverged in a yellow wood,
And sorry I could not travel both
And be one traveler, long I stood
And looked down one as far as I could
To where it bent in the undergrowth;

Then took the other, as just as fair,
And having perhaps the better claim,
Because it was grassy and wanted wear;
Though as for that the passing there
Had worn them really about the same,

And both that morning equally lay
In leaves no step had trodden black.
Oh, I kept the first for another day!
Yet knowing how way leads on to way,
I doubted if I should ever come back.

I shall be telling this with a sigh
Somewhere ages and ages hence :
Two roads diverged in a wood, and I -
I took the one less traveled by,
And that has made all the difference.

પ્રાપ્ત પ્રકાશનો

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ. (૧-૨, અપરલેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૬)નાં પ્રકાશનો : **ત્રણ કથા** : લે.શ્ટે ફાન ત્સ્વાઈક અનુ.શરીફા વીજળીવાળા, ડિમાઇ સાઇઝ, પૃ.૧૬૮, રૂ.૧૦૦. **મધર ટેરેસા** (જીવનપરિચય) લે.જયા મહેતા, ડિમાઈ સાઈઝ, પૃ.૮૮, રૂ.૫૫. **રામભક્ત હનુમાન** : સં.: જયા મહેતા, ડિમાઇ સાઇઝ, પૃ.૬૪, રૂ.૪૦. **નમું તે હાસ્ય-બ્રહ્મને** (વિનોદવિશેષ) સં.રતિલાલ બોરીસાગર, ડિમાઇ સાઇઝ, પૃ.૨૮૮, રૂ.૧૭૫. **પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ** : (પ્રેમવિષયક અવતરણોનું સંકલન) સં.: રમેશ પુરોહિત, ડિમાઇ સાઇઝ, પૃ.૬૪, રૂ.૧૦૦. **પગની હોડી, હાથ હલેસાં** (બાળકાવ્યો) લે.સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, પૃ.૩૨, રૂ.૨૦. **ખત્તરગલીથી અત્તરગલી** : મારી બારીએથી-૧૯ (નિબંધ- સંગ્રહ) લે.સુરેશ દલાલ ડિમાઇ સાઇઝ, પૃ.૧૧૨, રૂ.૭૦. **રાજેન્દ્ર શાહ** (રાજેન્દ્ર શાહનાં ચૂંટેલાં કાવ્યોનો સંગ્રહ) સં.સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, પૃ.૮૪, રૂ.૬૦. **વૈદિક પ્રાર્થના પરિમલ** (પ્રાર્થનાનો ગુજરાતી અનુવાદ) અનુ. શાન્તિકુમાર જ. ભટ્ટ, ક્રાઉન સાઇઝ, પૃ.૪૮, રૂ.૨૦.

સ્વામી શ્રી અધ્યાત્માનંદજી લિખિત પુસ્તક **'યોગ અને આરોગ્ય'**નું વિમોચન કરતાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે 'આજે ઠેર ઠેર અનેક રોગોથી અનેક લોકો પીડાઈ રહ્યા છે ત્યારે રોગમુક્તિ માટે આવાં પુસ્તકો ઉપયોગી નીવડે તેમ છે.' પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧, ડિમાઇ સાઇઝ, પૃ.૨૮૮, રૂા.૧૦૦. **વિશ્વસાહિત્યમાં વાર્તા-ટૂંકીવાર્તા** : (એક બહુપરિમાણીય અભ્યાસ) લે. હસુ યાજ્ઞિક, પ્ર. પોતે, ૩, શીતલ પ્લાઝા, લાડ સોસાયટી પાસે, વસ્ત્રાપુર-બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪ પાકું પૂંઠું, ડિમાઇ સાઇઝ, પૃ.૨૦૦, રૂા. ૮૫.**ચાલ, પલળીએ !** (કાવ્યસંગ્રહ) લે. વિજય રાજ્યગુરુ, પ્ર. રવિ-મંગળ પ્રકાશન, ૪૦, શિવનિકેતન ગૌતમેશ્વર નગર, સિહોર - ૩૬૪ ૨૪૦, ક્રાઉન સાઇઝ, પૃ.૫૨, કિં. જણાવી નથી. **કોન-ટિકિ** (સત્યકથા) લે. થોર હાયરડાલ, અનુ.મહેન્દ્ર મેઘાણી, પ્ર. લોકમિલાપ ટ્રસ્ટ, સરદારનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧, ક્રાઉન સાઇઝ, પૃ.૧૪૪, રૂ.૩૦. **મયૂરાક્ષી** (કાવ્યસંગ્રહ) લે.પિયૂષ પંડ્યા 'જ્યોતિ', પ્ર.પ્રવીણ પુસ્તક ભંડાર, લાભ ચેમ્બર્સ, મ્યુ.કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ - ૧, ડિમાઇ સાઇઝ, પૃ.૭૨, રૂ.૪૦. **ગાંધીજીની ફૂલવાડી** શ્રી ચંદુભાઈ ભગુભાઈ દલાલ ગ્રંથમાળા-ગ્રંથ-૧ સં.મનુ પંડિત, પ્ર.જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર, ૧૭, વસંતનગર, ભૈરવનાથ માર્ગ, મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮, ડિમાઇ સાઇઝ, પૃ.૧૩૬, કિં. જણાવી નથી. **Golden Hour** લે.શારદા દેશમુખ, પ્ર.ભારતીય વિદ્યાભવન, કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ - ૪૦૦૦૦૭ ડિમાઇ સાઇઝ, પૃ.૧૪૦, રૂ.૧૩૦. **આવું કે દક્ષિણના પવનમાં?** (રસાત્મક નિબંધો) લે. ડૉ. યશવંત ત્રિવેદી, પ્ર.એન.એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૨ ડિમાઇ સાઇઝ, પૃ.૨૪૮, રૂ.૧૩૫. **અવળવાણી** (પ્રતિકાવ્યો) લે.મોહનભાઈ ભાવસાર, 'દીનબંધુ', પ્ર.પોતે, શિવાલા, ૬૩, અવનીશ સોસાયટી, ખોખરા, સી.ટી.એમ. રોડ, અમદાવાદ-૨૬, ડિમાઇ સાઇઝ, પૃ.૮૮, રૂ.૪૦. **રિમોટ સેન્સિંગ** (લઘુગ્રંથ) લે.પ્ર.સુરેશ ર. શાહ, પ્ર.યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, પાટનગર યોજનાભવન, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬, સંશોધિત દ્વિતીય આવૃત્તિ, ડિમાઇ સાઇઝ, પૃ.૮૬, રૂ.૨૭. **અરસપરસના મેળમાં** (કાવ્યસંગ્રહ) લે.યાકૂબ પરમાર, પ્ર. ગુજરાત કેથલિક પ્રેસ અંસોસિએશન, ૩ અમિબેલા, ગુજરાત હાઈકોર્ટ સામે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ડિમાઇ સાઇઝ, પૃ.૮૦, રૂ.૨૦. **મેવાડના સંત ભૂરીબાઈની વાણી** : લે.માવજી કે. સાવલા, પ્ર.માનવ વિકાસ કેન્દ્ર, જૂનું ટેલિફોન એક્સચેન્જ બિલ્ડિંગ, વલ્લભ-વિદ્યાનગર - ૩૮૮૧૨૦, ડિમાઇ સાઇઝ, પૃ. ૬૪, રૂ.૩૦. **દુખિયારાં ભાગ - ૧-૨**, (પ્રખ્યાત ફ્રેન્ચ સાહિત્યકાર વિકાટર હ્યૂગો લિખિત લે મિઝરાબલનું સ્વ. મૂળશંકર મો. ભટ્ટે કરેલું સંક્ષિપ્ત ભાષાંતર પ્ર.સંસ્કાર સાહિત્ય મંદિર, ૧૯૨૫, રૂપાણી દીવડી પાસે, ભાવનગર - ૩૬૪ ૦૦૧, ક્રાઉન સાઇઝ, પૃ.૬૨૫, રૂ.૨૨૫. **ફરફરિયું** (બાળગીતો) લે.પ્રભુલાલ દોશી, પ્ર.પોતે, ૬, અનુપમ સોસાયટી, મેઘાણીબાગ સામે, સુરેન્દ્ર- નગર, ક્રાઉન સાઇઝ, પૃ.૫૬, રૂ.૧૫. **શોકેસનાં રમકડાં** (લઘુકથાસંગ્રહ) લે.પ્ર.ઉપરમુજબ, ક્રાઉન સાઇઝ, ૫.૩૨, રૂ.૧૨. **ચોમેર** (કાવ્ય-સંગ્રહ) લે.પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઇઝ, પૃ.૩૨, રૂ.૭. **જિંદગી** (કાવ્યસંગ્રહ) લે. પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઇઝ, પૃ.૩૨, રૂ.૮. **સુવાસ** (કાવ્યસંગ્રહ) લે.પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઇઝ, પૃ.૩૨, રૂ.૫.

બાંદીપુર/નાગરહોલે રાષ્ટ્રિય બાગ (દેશાટન-૧૭)

કર્ણાટક રાજ્ય ઘણાં આકર્ષક વન્ય જીવોથી સમૃદ્ધ છે. પશ્ચિમ ઘાટનાં



ગાઢ જંગલો અનેક જીવજંતુઓ તથા પશુ-પક્ષીઓનું નિવાસસ્થળ છે. રાજ્યમાં લગભગ ૨૩ સુરક્ષિત સ્થળો છે, જ્યાં સરળતાથી પહોંચી શકાય છે. એમાંનાં સુપ્રસિદ્ધ સ્થાન બાંદીપુર રાષ્ટ્રિય બાગ અને નાગરહોલે (રાજીવ ગાંધી) રાષ્ટ્રિય બાગ.

બાંદીપુર બાગ તથા વાઘ-સંરક્ષણ વિસ્તાર મૈસૂરથી દક્ષિણે લગભંગ ૮૦ કિ.મી. દૂર આવેલો છે. તેનો વિસ્તાર ૮૭૦.૨૦ ચો.કિ.મી. છે. અહીં ૧૯૭૩થી વાઘ-સંરક્ષણ યોજના શરૂ થઈ અને ત્યારથી આ રાષ્ટ્રિય બાગ હાથી-વાઘ જેવાં બધાં વન્ય પ્રાણીઓનું આશ્રયસ્થાન છે.

નાગરહોલે બાગનું નામ 'નાગરહોલે' નદીના નામ પરથી પડ્યું છે. વન્ય-સંપત્તિથી ભરપૂર આ બાગનો વિસ્તાર ૫૭૧.૫૫ ચો.કી.મિ. છે અને મૈસૂરથી ૯૫ કી.મિ. તથા ભડકેરીથી ૯૦ કી.મિ. દૂર છે. અહીંનાં મુખ્ય પ્રાણીઓ જંગલી ભેંસ, વાઘ, હાથી, સારંગ તથા અનેક જાતનાં પક્ષીઓ છે.

એપ્રિલ અને સપ્ટેમ્બર મહિનો આ બંને સ્થળોએ જવા માટે ઉત્તમ છે. ત્યાં રહેવા માટે વન્યવિભાગના ડાક બંગલા, રેસ્ટહાઉસ તથા રૂમો મળી રહે છે.

('યોગક્ષેમ'ને આધારે)



અર્ઘ્યકણી

આવ્યા બાવા શા ધૂળિયા-ખાખી
કે વાયરા વૈશાખી;
એણે ધમરોળી સીમ નાખી આખી
કે વાયરા વૈશાખી.

('પરબ'માંથી) - ઉશનસ્

ચશ્માંળી મા, નામે બૂચદાદા

ઘરના ખૂણામાં પડેલા પાટી ભરેલા ખાટલા પર નેવું વર્ષના વૃદ્ધ સૂતા છે. એવામાં બહારથી કોઈ ટહુકો કરે છે. 'દાદા, આવું? એકલા જ છો કે?' દાદાજી પ્રશ્નરૂપે જ જવાબ વાળે છે : 'છે કોઈ નેવું વર્ષનાં ડોશીમા ધ્યાનમાં?'


એ વૃદ્ધ હતા અમારા સહુના નટખટ એવા દાદાજી શ્રી નટવરલાલ પ્રભુલાલ બૂચ, જેઓ તા.૯-૧-૨૦૦૦ના રોજ મૃત્યુ સુધી કૂચ કરી ગયા.

ભાવનગર જિલ્લામાં આવેલી ગ્રામવિદ્યાપીઠ લોકભારતી, સણોસરાના મુખ્ય સ્થાપક શ્રી નાનાભાઈ ભટ્ટ હતા. પરંતુ, શ્રી મૂળશંકર ભટ્ટ, શ્રી મનુભાઈ પંચોળી અને શ્રી નટવરલાલ બૂચનું યોગદાન પાયામાં રહ્યું. આ વિદ્વાન ઋષિપુત્રોએ ગુરુ દ્રોણે કરેલી ભૂલને સુધારવા મથતા હોય તેમ ખેતમજૂરો, પશુપાલકો તેમજ ખેડૂતોનાં બાળકોને પૈસા કે પ્રતિષ્ઠાની પરવા કર્યા વિના ભણાવ્યા.

પૂજ્ય બૂચદાદાને આમ તો ત્રાણું વર્ષની આવરદા પ્રાપ્ત થઈ. છતાં કેટલાંક માણસો એવા હોય છે કે જેઓ જીવતાજીવ અનેકોને જીવાડે અને જીવતા શીખવાડે. આવા માણસો પૂરી ઉંમરે જાય તો પણ અધૂરી ઉંમરે ગયા જેવો અહેસાસ થાય. બહુ પ્રકાશમાં આવ્યા વગર જ તેઓ આજીવન ચળકતા રહ્યા.

મધ્યમ કદનો દૂબળો દેહ, કરચલીવાળું શરીર, બોખું મોઢું અને એક આંખની ગેરહાજરી નોંધાવતો ચશ્માંધારી ચહેરો, સફેદ ટોપી, ખાદીની ધોતી અને પહેરણ, ખભા પર ખાદીનો થેલો લટકાવી હાથમાં લાકડી લઈ નીકળતા બૂચદાદા વાસ્તવમાં અનેક લોકોનો સહારો હતા. એક પણ સંતાનના પિતા ન બન્યા હોવા છતાં લોકભારતીમાં ભણેલા, આવેલા અને ઊછરેલા તમામનું પિતૃત્વ તેમણે પ્રાપ્ત કરેલું.

કેટલાક સાહિત્યરસિકો પૂજ્ય બચુદાદાને હાસ્યલેખક તરીકે પણ ઓળખે છે. ગુજરાતી



ભાષાના જાણીતા લેખક સ્વ.શ્રી જ્યોતીન્દ્ર દવેએ એક વાર કહ્યું હતું કે 'મારા સદ્દભાગ્યે બૂચભાઈએ હળવું લેખન બહુ કર્યું નથી. નહીં તો ગુજરાતી સાહિત્ય જગતમાં જ્યોતીન્દ્ર દવેને કોઈ ઓળખતું ન હોત.' આમ છતાં, 'રામ રોટી ભાગ-૧', 'રામ રોટી ભાગ-૨', 'હળવે હૈયે' જેવા હળવા નિબંધો દ્વારા તેમજ 'નૃસિંહ- પ્રસાદ', 'ઉક્તિસંગ્રહ' જેવા હાસ્યકાવ્ય સંગ્રહો થકી તેમની રમૂજવૃત્તિ ગુજરાતીઓ સુધી વિસ્તરી છે. જીવનના અત્યંત ગંભીર પ્રસંગોએ પણ હાસ્ય અને હળવાશનો સાથ તેમણે નહોતો છોડ્યો. આ રહ્યા કેટલાક પુરાવારૂપ પ્રસંગો.

થોડાં વર્ષો પૂર્વે શ્રી મૂળશંકરદાદા અને શ્રી બૂચદાદાનું તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સાલ ઓઢાડી સન્માન કરેલું. આ બંનેની મિત્રતા કૃષ્ણ અને સુદામાની યાદ અપાવે તેવી રહેલી. મૂળશંકરદાદાના અવસાન નિમિત્તે બૂચદાદા તેમના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા ગયેલા. રાત્રે મુ. બૂચદાદાએ મૂળશંકરદાદાના મૃતદેહ નજીક સૂવાનું પસંદ કર્યું. સૂતા પહેલાં મૂળશંકરદાદાના પુત્ર બકુલ ભટ્ટને બૂચદાદાએ કહ્યું : 'જોજે ભાઈ બકુલ, સરખી શાલ માથે ઓઢીને સૂતા છીએ એટલે મૂળશંકરભાઈને બદલે મને સ્મશાને પહોંચાડી ન દેતો!'

થોડાં વર્ષો પહેલાં બૂચદાદા બીમાર પડેલા, જેથી તેમને ગ્લુકોઝનો બાટલો ચડાવવો પડેલો. ભાણેજ ગજુ મામાની સેવામાં હતો એટલે ગજુભાઈએ પૂછ્યું, 'મામા, કેમ છે?' પથારીમાં સૂતાં-સૂતાં બૂચદાદા બોલ્યા, 'બાકી તો બધું બરાબર છે, પરંતુ સામાન્ય રીતે બાટલાની ઉપર બૂચ હોય - આજે બૂચની ઉપર બાટલો છે.'

વીસેક વર્ષ પહેલાં બૂચદાદાનાં ધર્મપત્ની પુષ્પામાસી ગુજરી ગયાં. પુષ્પામાસી હૃદયરોગના હુમલામાં એકાએક ગયાં એટલે સંસ્થાના વૈદ્યરાજ તેમને મૃત્યુ પામેલાં જાહેર કરવામાં ખચકાટ અનુભવતા હતા. એવામાં પશુચિકિત્સક તરીકે જાણીતા રતિભાઈ પંડ્યા ત્યાં જઈ ચડ્યા. બૂચદાદાએ સંપૂર્ણ હળવાશથી કહ્યું, 'પંડ્યાભાઈ, તમે ઢોરની જાડી ચામડી પર સ્ટેથોસ્કોપ મૂક્યું હોય એટલે ધબકારા ચાલુ છે કે બંધ તે તમને આ પાતળી ચામડી પર સ્ટેથોસ્કોપ મૂકશો તો ઝડપથી ખ્યાલ આવી જશે!!'

આજથી ત્રણ વર્ષ પહેલાં બૂચદાદા ચાલતા ચાલતા એક ખાડામાં લપસી પડેલા. વહાલા દાદાને પછડાટ લાગેલી તે જોઈને પડોશીઓ હળદરનો લેપ લઈને આવ્યા. પથારીમાં સૂતેલા બૂચદાદા બોલ્યા, 'મને તો બહુ નથી વાગ્યું, પણ પેલા ખાડાને ઈજા થઈ હશે. ત્યાં થોડીક હળદર છાંટી આવો!!'

આ લખનારના ઘેર બૂચદાદા જમવા આવેલા. થાળીમાં શાક પીરસ્યું તે દેખાયું નહીં; કારણ કે તેમની જમણી આંખ કામ કરતી બંધ થઈ એટલે કઢાવી નાખેલી. બૂચદાદા કહે, 'સોનાલી, હવે મને પૂછીને જ શાક પીરસજે, કારણ કે મારી, રાઈટ સાઈડ એ વાસ્તવમાં રોંગ સાઈડ છે.'

આવા અનેક પ્રસંગો દ્વારા તેમની રમૂજવૃત્તિ ઉપરાંત સહજવૃત્તિનો પણ અનુભવ થાય. બૂચદાદાનો જન્મ ગોંડલ રાજ્યના પોલીસ અમલદારના સુખી પરિવારમાં થયેલો. વર્ષો પહેલાં પુણેની ફર્ગ્યુસન કૉલેજમાંથી એમ.એ.ની ઉપાધિ મેળવેલી.

અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત અને હિન્દી આ ચારેય ભાષાઓ પર તેમની મજબૂત પકડ હતી. એંશી વર્ષે માત્ર એક જ આંખ કામ કરતી હોવા છતાં તેમણે ફ્રેન્ચ શીખવાનું શરૂ કરેલું. વિદ્વત્તા અને નમ્રતાનું આવું સંયોજન મળવું મુશ્કેલ છે. વિજયાબહેન મનુભાઈ પંચોળી કહેતાં કે 'ખુદાના ફરિસ્તાને જોવાની ઇચ્છા થાય તો ક્યાંય બહાર ન જશો. બૂચભાઈનાં દર્શન કરી લેજો.' તેઓ બૂચદાદાને મળતાં ત્યારે એમને અત્યંત આદર સાથે પ્રણામ કરતાં વર્ષો સુધી જોયા હોવાનું યાદ છે.

બૂચદાદા અનેક યુવાનો અને યુવતીઓ માટે મન ઠાલવવાનું ઠેકાણું હતા. લોકભારતીમાં ભણતાં અને રહેતાં અનેક યુવક-યુવતીઓ પોતાની અંગતમાં અંગત વાત નિર્ભય બનીને બૂચદાદાને કહેતાં. અનેક લોકોની જીવનકથાઓ તેમણે તેમના મનમાં અકબંધ રાખેલી. દાદા બધાંની વાત સાંભળે. પોતાના તરફથી તેમને મદદ, માર્ગદર્શન અને મમત્વ તો આપે જ પરંતુ, કોઈની વાત ક્યારેય કોઈ બીજાને ન કરે. મૂંઝાયેલી, ક્યારેક કોઈ ભૂલ કરી બેઠેલી યુવતીઓ તો બૂચદાદાને મળ્યા પછીથી આત્મહત્યાના માર્ગેથી પણ પાછી વળ્યાના દાખલા છે. આ દૃષ્ટિએ તેઓ ઘણા મોટા સમાજશાસ્ત્રી અને મનોવિજ્ઞાની પણ ખરા એટલું જ નહીં, નારીગૌરવ પ્રત્યે પણ એટલા જ જાગ્રત.

અમે વર્ષો સુધી તેમને એકસરખી મનઃસ્થિતિમાં જોયા છે. ક્યારેય કોઈની નિંદા તેમના મુખે સાંભળી નથી કે ગુસ્સો અથવા દ્વેષની એકાદ રેખા પણ તેમના ચહેરા પર અંકિત થયેલી જોઈ નથી. આટલું ઓછું હોય તેમ 'હું કશું નથી' એ જાણે કે તેમનો જીવનમંત્ર હતો. આખાય ઘરમાં કશું પણ ખાસ રાચરચીલું ન હોવા છતાં તે ઘરમાં બૂચદાદા અત્યંત સમૃદ્ધ જીવન જીવ્યા. ૮૫ વર્ષ સુધી તેમણે પંખો નહોતો ખરીદ્યો. એક વાર કોઈએ પૂછ્યું : 'દાદા, આ જમાનામાં પંખો તો જોઈએ, વસાવી લો ને.' બૂચદાદાએ જવાબ વાળ્યો, 'આમ ને આમ આઠ દસકા જતા રહ્યા. હવે છેલ્લા દસકા માટે શું ખર્ચ કરવું?' તેમના ઘરમાં માત્ર એક વાક્ય નજરે પડતું, 'Not a stone shall tell where I lie.'

બૂચદાદાનો દેહ વિલીન થયો; પરંતુ બૂચદાદા જીવશે. અમારાં સહુનાં મનમાં અને મૂલ્યોમાં. બાળકો સ્વ. ગિજુભાઈ બધેકાને મૂછાળી મા કહેતા. આજે થાય છે કે મારા જેવાં કેટલાંયની ચશ્માંળી મા (બૂચદાદા) હવે તે પ્રભુને પ્યારી થઈ છે.

('નિરીક્ષક'માંથી) - સોનલ ર. પંડ્યા

નવી સામંતશાહી

આ માર્ચ માસમાં બે જાહેરાતો સાંભળી. એક રાષ્ટ્રિય બૅન્કોના કર્મચારીઓના પગારમાં ૧૨ ટકાનો વધારો કરી રૂ.૮૮૦ કરોડ આસપાસ ખર્ચ વધાર્યો. થોડા સમય પછી સરકારી કર્મચારીઓના પગારમાં એક ટકાની વધારાની જાહેરાત થઈ. તેના વધેલા ખર્ચની માહિતી ઉપલબ્ધ થઈ નહીં. તપાસ કરતાં જાણવા મળ્યું કે ભૂતકાળમાં કરાર થયેલો તેનો અમલ કરવા પાંચ વર્ષે બૅન્કના કર્મચારીઓનો પગાર વધ્યો. આ કરારો કરવામાં મજૂર સંગઠનો માત્ર કર્મચારીઓનો જ વિચાર કરે છે, દેશનાં નાગરિકો તેમની નજરમાં હોતાં જ નથી.

કદાચ આપણે સ્વીકારીએ કે મોંઘવારીના લીધે આ પગારો વધતા આવે છે. પરંતુ તેમાંના મોટા ભાગના કર્મચારીઓ પાસે

કોઈ કામ જ હોતું નથી. ઓછામાં ઓછા આઠ કલાકના બદલે એક-બે કલાકનું જ કામ હોય છે.

બૅન્કોનું રાષ્ટ્રિયકરણ થયું તે પહેલાં કોઈ બૅન્ક ખોટમાં હોવાનું જાણવામાં આવ્યું નથી. ૧૯૭૧થી ઇંદિરાજીએ સરમુખત્યારનું મહોરું ધારણ કરેલું તેનું આ પહેલું પગલું હતું. આજે આ બૅન્કો કરોડો રૂપિયાની ખોટમાં છે અને તે ભાર દેશનાં બધાં નાગરિકોને ઉપાડવો પડે છે. બૅન્કના ખાતેદારને એક ચેક દીઠ રૂ.૨થી ૩ આપવા પડે છે. બીજી બૅન્કોના ચેક સ્વીકારવા ચાર્જ આપવો પડે છે. એક ગામથી બીજા ગામ રકમ મોકલવી હોય તો એક હજાર રૂપિયે રૂ. ત્રણ આપવા પડે છે. રાષ્ટ્રિયકરણ પહેલાં આવા ચાર્જીઝ હતા નહીં. આ બધી ખર્ચાળ પદ્ધતિ ઊંચા પગારો અને જરૂર કરતાં વધારે કર્મચારીઓની ભરતીના કારણે છે. ખોટ કરતી યુનો બૅન્ક સરકાર બંધ કરી શકતી નથી, વેચી શકતી નથી. પરિણામે નવા સામંતો ઊભા થયા છે અને એક વાર સામંતગીરી મળી એટલે જવાબદારી ગઈ અને ગ્રાહકો સાથે વિવેકહીન વ્યવહાર શરૂ થાય છે.

સરકાર પાસે આ એક જ રાષ્ટ્રિયકરણનો માહોલ નથી. બીજા ઘણા છે તેમાં નફો કરનારા અને ખોટ કરનારા છે. પણ આ બધી સંસ્થાઓએ નવા સામંતો ઊભા કર્યા છે. તેઓ પ્રજાના સેવકો છે તેવું તેમને લાગતું નથી. પોતે પ્રજાથી ઉપર હોવાનો વ્યવહાર રાખે છે. સરકારી તંત્રમાં ભરતી વધારે, કામ ઓછું અને નાગરિકોના માલિક હોવાનો વ્યવહાર કરે છે. તેમનો પગાર, ભથ્થાં વગેરે ઘણાં ઊંચાં છે, પરંતુ નિવૃત્તિ બાદ મળતા પગારો કરતાં પણ નિવૃત્તિ વેતન વધુ મેળવે છે. આ વધારાએ શું દેશનું ભક્ષણ કર્યું છે કે તેમના લીધે આ સમૃદ્ધિ વધી છે? તેમનું કામ તો નક્કી કરાયેલ વિવેકથી અમલ કરવાનો છે, પરંતુ તેમની વર્તણૂકથી પ્રજા ત્રાસી ગઈ છે અને કલ્પના બહારનું લઘુગ્રંથિપણું ભોગવે છે.

જ્યારથી માનવસમાજ ઊભો થતો આવ્યો ત્યારથી સમાજના મોભી તરીકે રાજાઓ, સરમુખત્યારો અને ચૂંટાયેલા મંત્રીઓને ફરજ બજાવવાનું સોંપવામાં આવ્યું છે. આ બધા વ્યવહારમાં સરકારી તંત્ર સાથે સંપર્કમાં રહેતાં નાગરિકો મોટા જમીનદારો, જાગીરદારો, શરાફો જોવામાં આવ્યા છે. જમીનદારોએ ખેતમજૂરી કરનારાઓનું શોષણ કર્યું છે. શરાફોએ મૂડીના વ્યાજમાં લોકોને પાયમાલ કર્યા છે. જાગીરદારોએ પરિવારમાં અને આસપાસ જમીનો, મિલકતો અને કીમતી ધાતુઓમાં ગોલમાલ કરી છે. પરંતુ ભારતના સરકારી કર્મચારીઓએ આ ત્રણેને ઝાંખા પાડ્યા છે. પેલા ત્રણ વધુ ખોટું કરતાં પણ સરકારના શાસનથી ડરતા અને મરજિયાત કે ફરજિયાત આમન્યા ધરાવતા. આપણો સરકારી કર્મચારી સામંતશાહીના અમલીકરણમાં મોખરે આવી ગયો છે. કોઈ કામ માટે નાગરિકને સરકારી તંત્ર સાથે કામ તો પડે જ. સરકારી અધિકારી પાસે નાગરિકને જવાનું થાય તો તે પહેલેથી જ નિરાશ થઈ જાય છે. તેને થાય છે કે આ બલા ક્યાંથી આવી? આ સરકારી અધિકારીઓમાં મોટા ભાગના બિન્ધાસ્ત રુશ્વતખોર અને ભ્રષ્ટાચારી છે. પોતાની ઑફિસમાં તે નાગરિકને ધમકાવી કે ધ્રુજાવી શકે અને પોલીસ સ્ટેશન હોય તો શારીરિક શિક્ષા પણ ભોગવતો આવે. બધાં એક બાબતમાં સંમત છે કે પાર વિનાનો ભ્રષ્ટાચાર ચાલે છે તો પછી તે દેખાતો કેમ નથી? બધું દેખાય છે, પણ કાયદામાં કોઈ સખત સજા નથી કે જેથી જે તે ડરતો રહે. વળી, તેને અદાલતનું રક્ષણ મળી શકે છે અને લાંબો સમય તપાસ ચાલુ રહે તેમાં બધું કાયદેસર કરી નાખવાની તક મળે છે. આજ સુધીમાં કોઈ કર્મચારીને એવી સજા થઈ હોય કે જેથી બીજા ફફડતા રહે તેવો કિસ્સો જાણવામાં આવ્યો નથી!

એટલે ભૂતકાળમાં સામંતશાહી તો હતી જ, પણ ભારતની આઝાદીની સામંતશાહી અનન્ય છે! તેઓ ઉપભોગો તો કરે જ છે, તે કરે ત્યાં સુધી શાસકોની જવાબદારી છે, પરંતુ તેઓ નાગરિકોની ઉપરવટ વર્તે છે તે અસહ્ય છે.

('સદાચારનિર્માણ'માંથી) - બિ. પો. શાહ

ધર્મગુરુની દુષ્કાળસહાય

અમદાવાદના મણિનગર સ્વામિનારાયણ મંદિરના ગાદીપતિ સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજીએ કચ્છમાં દુષ્કાળપીડિતો માટે જાતે જ મદદગાર થવાની કામગીરી ઉપાડી છે. સરકારશ્રી દ્વારા કરાતા આવા પ્રયાસો પ્રત્યે ખાઈકીની દહેશત સેવાતી હોય છે ત્યારે આ રીતે એક ધાર્મિક સંપ્રદાયના સ્વામી પોતીકી રીતે લોકસહાય કરે તે સરાહનીય પ્રવૃત્તિ બની રહે છે.

તેઓ કચ્છમાં ફરીને ગ્રામીણ જનોને ઘાસચારો ઉગાડવાની તથા વરસાદી જળસંપત્તિનો સંચય કરવાની તાલીમ આપી રહ્યા છે. ગુજરાતના આ સીમાવર્તી પ્રદેશમાં સ્વામીજી સ્વયં ગામડાંઓની મુલાકાત લે છે અને લોકોને દુષ્કાળના સામના માટે તૈયાર કરે છે. તેઓ પોતાની માણકી ઘોડી પર સવાર થઈને બધે વિચરે છે. આ રીતે એમણે ૫૦૦થી પણ વધારે કિલોમીટરનો પ્રવાસ ખેડ્યો છે. હજુ એ પ્રવાસ ચાલુ જ છે. સામ્પ્રદાયિક ધાર્મિક વિધિવિધાનોથી ઊફરો એવો સાચો માનવધર્મ અત્યારે જાણે એ પ્રસારી રહ્યા છે. અન્ય સહુ ધર્મજનોને માટે આ ધડો લેવા જેવી હકીકત છે. (મળેલું)

જાંબુ

વૈશાખથી અષાઢ માસ સુધી મધુર રસથી છલકાતાં સુંદર જાંબુફળ આવે છે. જાંબુની બે જાત છે. એકને રાય - મોટાં જાંબુ અને બીજાંને ક્ષુદ્ર - નાનાં જાંબુ કહે છે. આયુર્વેદના મુનિઓને ઔષધોપચારના પ્રયોગો કરતાં કરતાં મોટાં જાંબુમાં દેવોના રાજા ઇંદ્ર જેવા ગુણો તથા શક્તિનાં દર્શન થયેલાં તેથી તેને ફલેંદ્ર - ફળોના ઇંદ્રની પદવી આપેલી છે.

જાંબુની છાલ, પાન, ફળો, ઠળિયા વગેરેનો ઔષધરૂપે ઉપયોગ થાય છે. કદાચ વધારે જાંબુ ખવાઈ ગયાં હોય તો પણ કશું નુકસાન નથી થતું અને શરીરને લાભ જ કરે છે.

જાંબુફળ મીઠાં, તૂરાં અને ગરમ હોઈ મધુપ્રમેહ-ડાયાબીટિસના રોગને મટાડે છે. જાંબુના ઠળિયાનું ચૂર્ણ દર વખતે ૧ ગ્રામ ૧ ઘૂંટડાથી ૩ ઘૂંટડા પાણી સાથે દર ચાર ચાર કલાકે લેવાથી ૩ દિવસમાં જ ગુણ કરે છે. પેશાબનું પ્રમાણ ઓછું થાય છે. બે મહિના સુધી લેવાથી, મધુપ્રમેહ મટે છે.'

જાંબુ ગ્રાહી તથા મળસ્તંભક હોવાથી લોહીના, પિત્તના તથા સાદા ઝાડા મટાડે છે. આ ફળમાં ઉષ્ણતા એટલે તેમાં એક એવા પ્રકારની અગ્નિશક્તિ છે કે તેના વડે તે પેટમાં લોઢાની કણી કે વાળ ગયો હોય તો તેને ઓગાળીને બહાર કાઢી નાખે છે. જાંબુની ટચલી આંગળી જેવી ડાળનું દાંતણ કરવાથી મુખપાક, પાયોરિયા તથા ચાંદીઓ મટે છે, પેઢાં સારાં થાય છે અને દાંત મજબૂત બને છે. ઉનાળામાં ગરમીને લીધે અળાઈઓ થાય છે તેના પર જાંબુના ઠળિયાનો લોટ લગાવવાથી અને જાંબુ ખાવાથી અળાઈઓ મટે છે.

જાંબુનો ઉપલો ગર તથા ઠળિયા મધુર હોય છે, મધુર રસવાળાં ફળોમાં જંતુઓ જલદી થતાં હોય છે. જાંબુફળ ઝાડ પરથી ઉતારીને તરત જ ખાઈ જવાં જોઈએ. જો રાતવાસો પડ્યાં રહે તો તેમાં જંતુઓ થઈ જાય છે. તે જંતુઓ ઇયળ જેવાં હોય છે. જાંબુ પર વરસાદ પડે કે તરત જ તેમાં જંતુઆ થઈ જાય છે. જંતુઓવાળાં ફળો નુકસાનકારક હોઈ ખાવાં નહિ. ઘણા લોકો જાંબુ પાણીમાં ડુબાવી રાખે છે, જેથી કલાક વારમાં તેમાંથી જંતુઓ નીકળી જાય પછી ખાય છે. આ ફળોમાં ઉષ્ણતા એટલે એક એવા પ્રકારની અગ્નિશક્તિ હોય છે જેના વડે ઉપર વર્ણવેલા રોગોનો નાશ કરે છે. - વૈદ્ય રમણીકલાલ ધી. ઠાકર (જામનગર)

> ન ધન રહે ન જોબન રહે, ન ગામ ઔર ઠામ,
> તુલસી જગ મેં જશ રહે, કર દે કિસી કો કામ.

અમેરિકાના પ્રમુખ શ્રી હૂવરનો પુત્ર કોલેજના સમય સિવાયના સમયમાં કડિયાકામ કરતો. એ શ્રમનો ચાહક યુવાન એક ઊંચા મકાન પર કામ કરતો હતો, ત્યાં પાલખ તૂટતાં ઉપરથી પડ્યો અને મૃત્યુ પામ્યો. આ કરુણ ઘટના બનતાં હૂવરને આઘાત લાગ્યો. હૂવરના પ્રશંસકોએ એમને આશ્વાસનના અનેક પત્રો લખ્યા અને તારો કર્યા. એ બધાનો જાહેર ઉત્તર આપતાં હૂવરે ઉચ્ચારેલા શબ્દો : 'મારો પુત્ર મજૂરીનો મહિમા શીખવતો મૃત્યુ પામ્યો તેથી રાષ્ટ્રને તો એકંદરે લાભ જ થયો છે. અમેરિકાનો દરેક યુવાન એના અકાળ મૃત્યુમાંથી સ્વમાન અને સ્વાવલંબનનો પાઠ ભણશે.'

*

ગયા ઑગસ્ટમાં ૧૧ વર્ષ અને ૧૦ માસની વયે પટણાના તુલસીએ ફિઝિક્સ સાથે એમ. એસસી.ની ઉપાધિ પ્રથમ વર્ગમાં મેળવી અને તેને 'સુલભ ઈન્ટરનેશનલ સોશ્યલ સર્વિસ' નામક સંસ્થાએ વૈજ્ઞાનિક સલાહકાર તરીકેની તેની નિમણૂક કરતો પત્ર પાઠવ્યો !

*

ગરમાળાનો ગુલકંદ બનાવી રાત્રે એક ચમચી ગરમ દૂધ સાથે લેવાથી દસ્ત સરળતાથી આવશે અને કબજિયાત મટશે.

*

૪૦૦ કીલો વજન ધરાવતો બિહારના હાજીપુરનો હરિહર તિવારી લારીમાં હરેફરે છે. તેને ૭ પત્નીઓ ને ૩૪ બાળકો છે.



ગણિતગમ્મત

૩૭ એવી રકમ છે જેને -
૩થી ગુણતાં ૧૧૧ આવશે.
૬થી ગુણતાં ૨૨૨ આવશે.
૯થી ગુણતાં ૩૩૩ આવશે.
૧૨થી ગુણતાં ૪૪૪ આવશે.
૧૫થી ગુણતાં ૫૫૫ આવશે.
૧૮થી ગુણતાં ૬૬૬ આવશે.
૨૧થી ગુણતાં ૭૭૭ આવશે.
૨૪થી ગુણતાં ૮૮૮ આવશે.
૨૭થી ગુણતાં ૯૯૯ આવશે.

- સંજય ભટ્ટ

*

'ફાધર્સ ડે'નો વિધિવત્ આરમ્ભ ઈ.૧૯૨૪માં અમેરિકાના પ્રમુખ કાલ્વિન કૂલિજે જૂન મહિનાના ત્રીજા રવિવારે તે ઉત્સવ ઊજવવાની જાહેરાત કરી ત્યારથી થયો. હયાત પિતાને સંતાનો લાલ ગુલાબ મોકલે છે અને જો તે મૃત્યુ પામ્યા હોય તો તેમની કબર પર તેમનો ફોટો અને શ્વેત ગુલાબ અંજલિરૂપે મૂકે છે.

*

જાણો છો કે ૫મી જૂને વિશ્વ પર્યાવરણ દિન ઊજવવાની જાહેરાત યુનોએ ૧૯૭૨માં કરી હતી.

*



'બેન, તમારી વાત સાચી, હમણાંથી દૂધ સારું આવે છે, પાણીની તંગી છે ને...' ('સ્ત્રી'માંથી - મિત્રેશ વર્મા)

જાણો છો કે આજની સુખ્યાત શેઈટર નામની સમાચાર એજન્સીએ તેના કામકાજનો આરંભ કબૂતરને સંદેશવાહક બનાવીને કર્યો હતો?

*

હળદરની રાખ અને ચૂનો ભેગો કરી તેનો લેપ કરવાથી ગૂમડું ફાટી જશે:

*

પત્ની : 'સાંભળો છો ?'

પતિ : 'શું છે ? હમણાં હું શેરના ભાવ વાંચું છું.'

પત્ની : 'પણ ખાંડના ભાવ કેટલાં વધી ગયા છે તે જાણો છો ?'

પતિ : 'ભાવ વધ્યા હોય તો વેચી નાખ, હમણાં તેજી છે.'

કલાકણિકા : ૧૩મી કે ૧૪મી સદીમાં બનાવાયેલી લાકડાની ગીટાર, જેના પર અદ્ભુત કોતરણી છે અને તે પાઉણ્ડ ૪૦,૦૦૦માં પ્રાપ્ત કરવામાં આવી હતી. હાલ તે બ્રિટિશ મ્યૂઝીઅમમાં છે.

